# પદાર્થ પ્રકાશ

(ભાગ ૧૦)

• કર્મપ્રકૃતિ • બંધનકરણ

(પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રીભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી
(વિ.સં. ૧૯૬૭-૨૦૬૭, ચૈત્ર વદ-૬) અને
પન્ન્યાસ શ્રીપદ્મવિજયજી સ્વર્ગવાસઅર્ધશતાબ્દી
(વિ.સં. ૨૦૧૭-૨૦૬૭, શ્રાવણ વદ-૧૧) નિમિત્તે નવલું નજરાણું

# પદાર્થ પ્રકાશ

## ભાગ-૧૦

# કર્મપ્રકૃતિ
# બંધનકરણ

પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ


: સંકલન-સંપાદન :
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ



વિ.સં. ૨૦૬૭ વીર સં. ૨૫૩૭

: પ્રકાશક :
સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ
સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ

## પ્રાપ્તિસ્થાન

- **પી. એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭ ફોન : ૨૬૬૩૯૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫
  (મો.) ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫, (ઉ.ગુ.) ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩
- **ડો. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી/૬, સર્વોદય સોસાયટી, સાંઈનાથ નગર, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૦૫૮૩૭, મો. ૯૮૨૦૫૯૫૦૪૯
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૨, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે,
  સર્વોદયનગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો. ૯૫૯૪૫૫૫૫૦૫

**પ્રથમ આવૃત્તિ • નકલ : ૧૦૦૦**

**મૂલ્ય રૂ. ૯૦-૦૦**

**મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, ૪થે માળે, રતનપોળ, અમદાવાદ-૧
(મો.) ૯૮૯૮૪૯૦૦૯૧

# દિવ્યવંદના

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ
શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ
આચાર્યદેવ
શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય સમતાસાગર પન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

# શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ
શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની
અમીદષ્ટિ સદા અમારી
ઉપર વરસતી રહો.

# પ્રકાશકીય...

આઠ કરણ અને ઉદય-સત્તાના વિવરણરૂપ કર્મપ્રકૃતિ ગ્રંથમાંના પ્રથમ કરણ બંધનકરણના સંગ્રહીત પદાર્થોનું સહર્ષ પ્રકાશન કરીએ છીએ.

આ પૂર્વે જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી, ભાષ્યત્રયમ્, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી વગેરે ગ્રંથોના અભ્યાસીઓને અનુકુળ પડે તે માટે પદાર્થોને સંક્ષેપમાં સંગ્રહીત કરી પ્રકાશિત કરેલ છે. એજ રીતે કર્મપ્રકૃતિરૂપ ગહન ગ્રંથના આઠ કરણ અને ઉદય-સત્તા પ્રકરણના પણ પદાર્થોનો સંક્ષિપ્ત સંગ્રહ કરી પ્રકાશિત કરવાના કાર્યમાં આગળ વધીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી તરફથી આના પ્રકાશનનો લાભ અમને મળ્યો છે. તે માટે અમે પૂજ્યશ્રીના અત્યંત ઋણી છીએ.

તેઓશ્રીના જ્ઞાનનો આ રીતે વિનિયોગ કરવાના કાર્યમાં અમને નિમિત્ત બનવાનુ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. એ અમારા માટે અત્યંત આનંદનો વિષય છે. હજી વિશેષ વિશેષ શ્રુતભક્તિનો લાભ મળતો રહે તેવી શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતીદેવીને પ્રાર્થના.

પંડિતવર્ય પારસભાઈ ચંપકલાલ શાહે આ પુસ્તકના સંપૂર્ણ મેટરનું સંશોધન કરી આપેલ છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આ પુસ્તકનું મુદ્રણ કરનાર કિરીટ ગ્રાફિક્સવાળા શ્રેણિકભાઈનો અને આકર્ષક ટાઈટલ બનાવનાર મલ્ટી ગ્રાફિક્સવાળા મુકેશભાઈનો પણ આભાર માનીએ છીએ.

પ્રાન્તે...આ ગહન શાસ્ત્રનો પણ આ માધ્યમ દ્વારા ચતુર્વિધ સંઘમાં સુંદર અભ્યાસ વધે, તે દ્વારા કર્મનિર્જરા કરી સૌ કોઈ ભવ-દુઃખોમાંથી છુટી નિર્વાણ પામે એ જ એક માત્ર શુભેચ્છા.

**લી.**

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

ટ્રસ્ટીગણ

(૧) તારાચંદ અંબાલાલ શાહ (૨) ધરણેન્દ્ર અંબાલાલ શાહ

(૩) પુંડરીક અંબાલાલ શાહ (૪) મુકેશ બંસીલાલ શાહ

(૫) ઉપેન્દ્ર તારાચંદ શાહ

# પ્રસ્તાવના.....

— આ. હેમચન્દ્રસૂરિ.

## नमोऽस्तु श्रीजिनशासनाय

સંસાર સમુદ્રમાંથી તારનાર તીર્થસ્વરૂપ એવા જિનશાસનને ભાવભર્યા નમસ્કાર થાવ....

આ અવસર્પિણીમાં આ ભરતક્ષેત્રમાં આદિનાથ પ્રભુથી શ્રી જિનશાસનની સ્થાપના થઈ. ક્રમશઃ ચોવીશ તીર્થંકરો થયા. ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામીએ આજથી સાડા પચ્ચીસસો વર્ષ પૂર્વે (૨૫૬૭ વર્ષ પૂર્વે) શાસનની સ્થાપના કરી. ગૌતમસ્વામી આદી ૧૧ મુનિઓને ગણધર પદ પર સ્થાપ્યા. તેઓને ત્રિપદી આપી. આના આધારે તેઓએ દ્વાદશાંગીની રચના કરી. વળી અનેક પુણ્યાત્માઓ સંયમ ગ્રહણ કરી સાધુ-સાધ્વી બન્યા. વળી અનેક પુણ્યાત્માઓ સમ્યક્ત્વ સહિત શ્રાવકના વ્રતને અંગીકાર કરી શ્રાવક-શ્રાવિકા બન્યા. અનેકોએ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. આમ પ્રભુએ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

દ્વાદશાંગીને માનનારો સ્વીકારનારો એવો ચતુર્વિધ સંઘ એ જ શાસન છે. એ જ તીર્થ છે. કહ્યું છે કે -

**'तित्थं पुण चाउवण्णो संघो पढमगणहरो वा ।'**

આ દ્વાદશાંગી અને ચતુર્વિધ સંઘની પરંપરા આજ સુધી ચાલી આવી છે અને બીજા સાડા અઢાર હજાર વર્ષ ચાલશે. આ રીતે વીરપ્રભુનું શાસન ૨૧ હજાર વર્ષ સુધી અવિચ્છિન્નપણે ચાલશે.

દ્વાદશાંગી અતિ વિસ્તૃત હતી. કાળક્રમે મેધા ઓછી થતા બારમા અંગ દૃષ્ટિવાદનો વિચ્છેદ થયો. અગિયાર અંગમાંથી પણ ઘણું ખરું ચાલ્યું ગયું. સ્વયંભૂરમણસમુદ્ર જેવી વિશાળ દ્વાદશાંગીમાંથી હાલ માત્ર એક લોટા પાણી જેટલા અગિયાર અંગો રહ્યા છે, પણ મહત્ત્વની વાત એ છે કે હાલ થોડા રહેલા એવા પણ આ અગિયાર અંગો એ નિર્મળ છે, વિશુદ્ધ છે. આમાં કોઈપણ ઘાલમેલ થઇ નથી. જો કે આમાં ક્યાંક થોડી અર્થમાં ફેરફારની સૂત્રમાં ફેરફારની હીલચાલો દેખાય છે. આ બધાને અમારી લાલબત્તી છે કે.....

***"પ્રભુના વચનમાં એક અક્ષરનો પણ ફેરફાર કરનાર***

***અનંત સંસાર વધારનાર બનશે....."***

સાથે સુવિહિત આચાર્યો અને મુનિઓને પણ વિનંતી છે કે આપણા સુધી બીલકુલ શુદ્ધ જરાપણ ભેળસેળ વિના આવેલા અગિયાર અંગોને તથા તેના આધારે નિર્માણ થયેલા શાસ્ત્રોને શુદ્ધ રાખવાની આપણી પણ અત્યંત ફરજ છે. આપણે કોઈ પણ હિસાબે આ અગિયાર અંગોની તથા બારમા અંગ દૃષ્ટિવાદના અંગભૂત ચૌદપૂર્વો વગેરેના આધારે રચાયેલા શાસ્ત્રો જે આજે ઉપલબ્ધ છે તેની સંપૂર્ણ રક્ષા કરવાની છે.

રક્ષા બે રીતે કરવાની છે.

(૧) આમાં કંઇપણ ફેરફાર ન થાય.

(૨) આનો વિનાશ ન થઇ જાય.

હવે મૂળ વાત વિચારીએ.

ગણધર ભગવંતોએ રચેલ દ્વાદશાંગીમાંથી અગિયાર અંગ અલબત્ત નાના પ્રમાણમાં આજે આપણા સુભાગ્યે પ્રાપ્ત થાય છે. એવી રીતે આપણા સદ્‌ભાગ્યે પૂર્વોનો ભાવિ વિચ્છેદ જાણી તેમાંથી અનેક ગ્રંથોને પૂર્વપુરુષોએ ઉદ્ધૃત કર્યા છે.

આપણે જાણીએ છીએ પ્રભુવીરની પાંચમી પાટે થયેલા શય્યંભવસૂરિ મહારાજાએ પૂર્વશ્રુતમાંથી દશવૈકાલિક સૂત્રને ઉદ્ધૃત કર્યુ છે. આજ રીતે અનેક ગ્રંથો પૂર્વોમાંથી ઉદ્ધૃત થયેલા આપણી પાસે હાલ ઉપલબ્ધ છે.

ચૌદપૂર્વમાં બીજા અગ્રાયણી પૂર્વમાં રહેલા પ્રાભૃતમાંથી શિવશર્મસૂરિ મહારાજાએ ૪૭૫ ગાથામાં કર્મપ્રકૃતિ ગ્રંથને ઉદ્ધૃત કર્યો. અત્યંત ગહન એવા આ ગ્રંથને સમજવા કોઈ મહાન આચાર્યે (જેઓએ પોતાનું નામ જણાવેલ નથી) ચૂર્ણીની રચના કરી.

આ ચૂર્ણિના આધારે પૂજ્ય મલયગિરિ મહારાજાએ સંસ્કૃતમાં વિશદ ટીકા રચી. વળી આ બન્નેના આધારે પૂજ્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ પણ વિસ્તૃત ટીકા રચી. પરંતુ આ ગહન ગ્રંથનું અધ્યયન વચ્ચે ઘણા વર્ષોથી બંધ પડેલું.

પરમારાધ્યપાદ સચ્ચારિત્રચૂડામણિ સુવિશાળ મુનિગણના સર્જક સ્વ. પ્રેમસૂરીશ્વરજી મહારાજને કર્મગ્રંથના પ્રાથમિક અભ્યાસ પછી કર્મપ્રકૃતિ ગ્રંથના અભ્યાસ માટે તીવ્ર ઈચ્છા થઇ. જોકે કર્મપ્રકૃતિના અભ્યાસની પરંપરા નષ્ટ થઈ ગયેલ, છતાં પૂજ્યશ્રીએ હિંમત કરી ચૂર્ણિ અને ટીકાઓ સાથેની કર્મપ્રકૃતિની પ્રત જ્ઞાનભંડારમાંથી કાઢી એનો સ્વયં અભ્યાસ શરૂ કર્યો.

એક-બે વાર નહીં પણ અનેકવાર વાંચન અને ચિંતન કર્યા પછી પૂજ્યપાદશ્રીને કંઈક રહસ્યો હાથમાં આવ્યા. પૂજ્યપાદશ્રીએ અનેક મુનિઓને આ ગહન શાસ્ત્રનો અભ્યાસ શરૂ કરાવ્યો. એટલું જ નહીં પણ અનેક ગૃહસ્થો અને પંડિતોને પણ એનો અભ્યાસ કરાવ્યો. પંડિતો દ્વારા અનેક સાધુ-સાધ્વી ભગવંતોને પણ આનો બોધ થયો. પરિણામે આ ગ્રંથનો અભ્યાસ આપણા સંઘમાં મુખ્યત્વે સાધુ-સાધ્વી ભગવંતોમાં વિશાળ પ્રમાણમાં ચાલી રહ્યો છે.

કર્મપ્રકૃતિ ગ્રંથના અભ્યાસની આ પરંપરાને ચાલુ કરનાર પૂજ્યશ્રીના ચરણોમાં ખૂબ સાદર સબહુમાન વંદના કરીએ. પૂજ્યશ્રીએ આ ગ્રંથ પરિવારમાં પોતાના શિષ્યો-પ્રશિષ્યોને ભણાવ્યો. પણ પૂજ્યશ્રી આટલાથી ન અટક્યા. દિગંબર પંથમાં રહેલા કાર્મગ્રંથિક સાહિત્યનો પણ પૂજ્યશ્રીએ શિષ્યો પાસે અભ્યાસ કરાવ્યો. એ બધાના આધારે વિશાળ કર્મસાહિત્યની રચના પૂજ્યશ્રીએ સ્વશિષ્યો પાસે કરાવી. વળી પોતે તથા બીજા અનેક ગીતાર્થો પાસે શુદ્ધિકરણ કરી-કરાવી એને પ્રકાશિત કરાવ્યું.

આજે ખવગસેઢિ, ઉપશમનાકરણ અને બંધવિહાણ પરના આવા વિશાળકાય ગ્રંથો હાજર છે.

વળી પૂજ્યશ્રીએ કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ વગેરે પ્રાચીન ગ્રંથોનું સંપાદન કર્યું અને શુદ્ધિકરણ પૂર્વક અનેક યંત્રો સાથે પ્રકાશિત કર્યું. વળી સંક્રમકરણ ભાગ-૧, સંક્રમકરણ ભાગ-૨, માર્ગણાદ્વારવિવરણ, કર્મસિદ્ધિ વિગેરે અનેક ગ્રંથોની પણ પૂજ્યશ્રીએ રચના કરી.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી ભાનુવિજયજી મ.સા. (આ. ભુવનભાનુસૂરિજી મ.)ને પૂજ્યશ્રીએ સંવત ૨૦૦૫માં મુંબઈ મોકલ્યા. ત્યાં તેઓએ વૈરાગ્યવાણીનો વરસાદ વરસાવ્યો. અનેક

આત્માઓ આ વાણીથી પ્રભાવિત થયા. વળી ગુરુદેવશ્રી ચાતુર્માસ પૂર્ણ કરી ત્રણ મુમુક્ષુઓને દિક્ષાપ્રદાન કરી પોતાના ગુરુદેવ પૂજ્ય આ. પ્રેમસૂરિ મ.ને પાલિતાણા ભેગા થયા. સંવત ૨૦૦૬નું પાલિતાણા ચાતુર્માસ પૂર્ણ થયુ. ગુરુદેવશ્રીનું પોતાના ગુરુદેવ આ. પ્રેમસૂરિ મ. વિગેરે વિશાળ પરિવાર સાથે મુંબઈમાં ૨૦૦૭નું ચાતુર્માસ નિર્ણીત થયું. પૂજ્યશ્રીઓ મુંબઈ પધાર્યા. પાછો વૈરાગ્યવાણીનો ધોધ વહેવા માંડ્યો અને વ્યવહારિક શ્રેષ્ઠ જ્ઞાન મેળવેલ અનેક યુવાનો સંસાર છોડી દીક્ષિત થયા. આ યુવાન મુનિઓને સંસ્કૃત, વ્યાકરણ, કાવ્યો વિગેરે ભાષાકીય જ્ઞાન આપી પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજાએ કર્મગ્રંથના મુખ્ય સિદ્ધાંતોને સંક્ષેપમાં સમજાવી ભૂમિકા તૈયાર કરી પરમારાધ્યપાદ પ્રેમસૂરિ મ. પાસે કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ વગેરેનો સુંદર અભ્યાસ કરાવ્યો. એકાદ વર્ષના અંતે અનેક મુનિઓ તૈયાર થઈ ગયા. વળી બીજા મુનિઓ પણ પાછળ તૈયાર કરાયા, અને વિશાળ મુનિગણ પાસે પૂજ્યપાદશ્રીએ વિશાળ એવા પૂર્વકિય કર્મસાહિત્યનું સર્જન કરાવ્યું.

પૂજ્યપાદશ્રી પાસે કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિનો અભ્યાસ અમે કર્યો. પૂજ્યપાદશ્રીને તો બધા જ પદાર્થો મોઢે રમે. એટલે પુસ્તકના આધાર વિના જ પદાર્થો સમજાવતા. પૂજ્યપાદશ્રી પાસે પાઠ લીધા પછી અમે પુસ્તકમાં વાંચી એની ટૂંકી નોંધ કરતા અને એની ધારણા કરી રાત્રે નિરવશાંતિમાં એનો પાઠ કરતા. રોજ પુનરાવર્તન કરતા. આ રીતે કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિનો અમારો અભ્યાસ પૂર્ણ થયો. સતત પરાવર્તનાના કારણે બધા પદાર્થોનું જ્ઞાન દૃઢ થયું. આ રીતે કરાતી નોંધને વ્યવસ્થિત કરી પછી પાછળ મૂળગાથા-શબ્દાર્થ જોડી આજ

સુધીમાં ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી વગેરેના પદાર્થોને અમે પદાર્થ પ્રકાશના ભાગોરૂપે સંકલિત કરી પ્રકાશિત કર્યા છે.

હવે ક્રમશઃ કર્મપ્રકૃતિના બંધનકરણ વિગેરેના પદાર્થો પ્રકાશિત કરીએ છીએ. હકીકતમાં તો આ બધા પદાર્થોના વાચનાદાતા સિદ્ધાન્તમહોદધિ સુવિશાળગચ્છના સર્જક સ્વ. પૂજ્યપાદ **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** જ છે. આ પ્રકાશનનો યશ તે પૂજ્યપાદશ્રીને જ પહોંચે છે.

પ્રાન્તે... કર્મપ્રકૃતિના આ ગહન પદાર્થોને સરળતાથી સમજાવવાનો આ અમારો પ્રયત્ન સફળ થાય, અનેક પુણ્યાત્માઓ આના અભ્યાસમાં ખૂબ આગળ વધે, આનો અભ્યાસ કર્યા પછી કર્મપ્રકૃતિની ચૂર્ણી-ટીકાઓ વિગેરેનું પણ વાંચન કરી, આ રીતે આગળ વધી કર્મનિર્જરા કરી સૌ કોઈ શીઘ્ર મુક્તિને પામે, એ જ એકમાત્ર શુભકામના પ્રગટ કરવા સાથે પ્રસ્તાવનાને પૂર્ણ કરુ છું.

પ્રસ્તાવનામાં તથા પદાર્થપ્રકાશમાં કંઈ પણ અજુગતુ જિનાજ્ઞા વિરુદ્ધ છદ્મસ્થતાના કારણે લખાઈ ગયુ હોય તો તે માટે ક્ષમાપના જાહેર કરવા સાથે સજ્જનોને એ સુધારવા હાર્દિક વિનંતી છે.

વિ.સં. ૨૦૬૭
અષાઢ વદ-૧૧,
ગોડીજી ઉપાશ્રય,
ગુરુવાર પેઠ, પૂના
મહારાષ્ટ્ર.

લી.
પ્રેમ-ભુવનભાનુસૂરિ-
પં.પદ્મવિજયજી મ.ના વિનેય-
**આ. હેમચન્દ્રસૂરિ.**

• • •

# સિદ્ધાંતમહોદધિની જીવનઝલક

**— આ. હેમચંદ્રસૂરિ**

સૂર્ય પોતાના દૈનિક ક્રમ મુજબ દરરોજ સવારે ઉગે છે અને સાંજે અસ્ત થાય છે. પણ પોતાના આ દૈનિક ભ્રમણ દ્વારા એ જગતના જીવો ઉપર નિઃસ્વાર્થ ઉપકાર કરે છે.

નદી અવિરતપણે ખળખળ વહ્યાં કરે છે. એ સમુદ્રમાં ભળી જતી હોવા છતાં પણ પોતાના આ પ્રવાહ દ્વારા એ દુનિયાના જીવો પર ઘણો ઉપકાર કરે છે.

પૃથ્વી પર વૃક્ષો ઉગે છે, પણ પોતાના અસ્તિત્વ દ્વારા બીજાને ફળ અને છાંયડો આપે છે.

બસ, એ જ રીતે સાધક મહાપુરુષો પોતાની સાધના કરવા આ પૃથ્વી પર અવતાર લે છે, પણ એમના સાધનામય જીવન દ્વારા ઘણા જીવો પર ઉપકાર કરતા જાય છે.

વિક્રમની ૨૦મી સદીના ઉત્તરાર્ધ અને ૨૧મી સદીના પ્રારંભમાં આવા જ એક સાધક મહાપુરુષ થઈ ગયા જેમનું નામ હતું સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ **શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.** ચાલો... એમના જીવનની એક ઉડતી મુલાકાત લઈ લઈએ.

રાજસ્થાનની શૌર્યભૂમિના પિંડવાડાનગરમાં શ્રેષ્ઠિવર્ય ભગવાનદાસભાઈ રહે. એમના શીલસંપન્ન ધર્મપત્ની કંકુબાઈએ પીયર નાંદિયામાં વિ.સં. ૧૯૪૦, ફાગણ સુદ-૧૫ના પવિત્ર દિવસે એક પુત્રરત્નને જન્મ આપ્યો. એનું નામ પ્રેમચંદ રાખ્યું.

પ્રેમચંદજી ગામઠી શાળામાં છ-સાત ચોપડીનું શિક્ષણ લઈ વ્યવસાય માટે સુરત જિલ્લાના વ્યારા ગામમાં મામાને ત્યાં આવ્યા. ગામમાં વિહારમાં આવતા-જતા મુનિઓની ભક્તિ કરતા પ્રેમચંદજીને સ્વયં દીક્ષા લેવાના ભાવ થયા. એકવાર ઘરે કહ્યા વિના સુરત જતા રહ્યા, પણ મોહાધીન સંબંધીઓ પાછા લઈ આવ્યા. થોડા દિવસોમાં તક મળતા ફરીથી વ્યારાથી સવારે ચાલવા માંડ્યું. ૩૬ માઈલ

(લગભગ ૫૭ કિ.મી.) પગપાળા ચાલીને સાંજે સુરત પહોંચ્યા. થાક ઉતારવા ઝાડ નીચે જ સુઈ ગયા. સવારે ગામમાં ઉપાશ્રયે પહોંચ્યા. ત્યાં બિરાજમાન મુનિના સૂચનથી પાલીતાણા પહોંચ્યા. ત્યાં પૂ.ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી દાનવિજયજીનો પરિચય થયો. સંયમયોગ્ય તાલીમ લીધી. ચાતુર્માસ પૂર્ણ થયે વિ.સં. ૧૯૫૭ના કા.વદ ૬ના શુભદિવસે ગિરિરાજની તળેટીમાં અન્ય ચાર મુમુક્ષુઓની સાથે પ્રવ્રજ્યા સ્વીકારી મુનિશ્રી દાનવિજયજીના શિષ્ય મુનિશ્રી પ્રેમવિજયજી બન્યા.

સાધનાનો યજ્ઞ માંડ્યો. પ્રથમ વિનય ગુણની સાધનામાં ગુરુની ઈચ્છાને પોતાની ઈચ્છા બનાવી. ગુરુ મહારાજની ગોચરી, પાણી, પડિલેહણ, વિહારમાં ઉપધિ ઉચકવી વગેરે સર્વે પ્રકારની ભક્તિ તેઓ અત્યંત આનંદપૂર્વક કરતા હતા. અન્ય મુનિઓની ભક્તિ પણ તેઓ ચૂકતા નહીં. દરરોજ બે વાર ગોચરી જતા. બિમાર મુનિઓની સેવામાં તેઓ સદા તત્પર રહેતા. લઘુપર્યાયમાં પોતે જાતે જ તેમની સેવા કરતા. વૃદ્ધપર્યાયમાં શિષ્ય-પ્રશિષ્ય વગેરે દ્વારા તેમની સેવા કરાવતા.

શ્રુતઆરાધનામાં પણ તેઓ પાછળ ન હતા. ગુરુનિશ્રામાં રહીને તેઓશ્રીએ વ્યાકરણ, ન્યાય, ષડ્દર્શન, પ્રકરણ, કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ, આગમો અને વિશેષ કરીને છેદસૂત્રોનું અદ્ભુત જ્ઞાન મેળવ્યું. કર્મસાહિત્યના તેઓ નિષ્ણાત હતા. કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિ તેઓ પુસ્તક વિના મોઢે જ ભણાવતા. કર્મસિદ્ધિ, માર્ગણાદ્વારવિવરણ તથા સંક્રમકરણનું નિર્માણ તેઓએ કર્યું. કર્મપ્રકૃતિ-પંચસંગ્રહ વગેરે અનેક ગ્રંથોનું સંપાદન પણ પૂજ્યશ્રીએ કર્યું, અનેક સાધુઓ-શ્રાવકોને ભણાવ્યા. સાધુઓ પાસે વિશાળકાય કર્મસાહિત્યની રચના કરાવી.

પૂજ્યશ્રી શુદ્ધ સંયમના અત્યંત ખપી હતી. તેથી શાસ્ત્રોમાં જે જે વાતો સંયમને લગતી વાંચતા તે બધી વાતોને તુરત જ અમલમાં મૂકતા.

સંપૂર્ણ ચારિત્રપર્યાય દરમ્યાન પૂજ્યશ્રીએ પ્રાયઃ એકાસણા કર્યા હતા. લગભગ પાંચ-સાત મિનીટમાં એમનું એકાસણુ પૂર્ણ થઈ જતું. મિષ્ટાન્ન, મેવો અને ફળાદિનો પૂજ્યશ્રીએ યાવજ્જીવ ત્યાગ કરેલો. સંપૂર્ણ સંયમજીવનમાં એક જ વાર કેરી વાપરી હતી બાકી જીવનભર કેરીનો ત્યાગ કર્યો હતો. તેઓ શિષ્યાદિના સ્વાધ્યાયાદિને પ્રોત્સાહિત કરવા પણ ત્યાગ કરતા. પાટણમાં અને પુનામાં ચોમાસામાં પૂજ્યશ્રીએ માત્ર બે દ્રવ્યના એકાસણા કરેલા. અવારનવાર આયંબિલ પણ કરતા. નવપદજીની ઓળી છેલ્લે સુધી ચાલુ હતી. જ્ઞાનપંચમી, સંવત્સરી અને મૌન એકાદશીના ઉપવાસમાં ક્યારેય ખાડો પડ્યો ન હતો.

ફરતા વા નો દુઃખાવો તેમને લગભગ ૫૦ વર્ષ રહ્યો. દુઃખાવા વખતે તીવ્ર વેદના થતી. માત્ર ગરમ પાણીની કોથળીના શેકથી થોડી રાહત થતી. પણ, તેના માટે પણ હોટલમાંથી નિર્દોષ પાણી મંગાવીને તેનો જ ઉપયોગ કરતા, દોષિત પાણી ન કરાવતા. વેદનાને સમભાવે સહન કરતા. માનસિક સહનશીલતા પણ અદ્‌ભુત હતી. અપમાનોના ઘૂંટડા પણ પૂજ્યશ્રીએ હસતા હસતા પીધા. કોઈની ઉપર ક્યારેય અસદ્‌ભાવ કર્યો ન હતો.

વિશ્વના પ્રથમ પંક્તિના આ વિદ્વાન પાસે પોતાની માલિકીનું એક પણ પુસ્તક કે નોટ કે પેન કે પેન્સિલ ન હતા. તેઓ પહેરેલા વસ્ત્રોથી વધુ એક જોડી પણ કપડા રાખતા નહીં. વ્યાખ્યાનની પણ તેમને સ્પૃહા ન હતી. એટલું જ નહીં વ્યાખ્યાન પોતાના શિષ્યોને સોંપી દીધું હતું. શિષ્યોની સ્પૃહા પણ તેમને ન હતી. પોતે પ્રતિબોધ કરી તૈયાર કરેલ અનેક મુમુક્ષુઓને પણ દીક્ષા વખતે બીજાના શિષ્ય બનાવતા. ન છૂટકે જ પોતાના શિષ્ય બનાવતા. તેથી જ ૩૦૦ પ્રશિષ્યાદિનો મોટો સમૂહ હોવા છતાં તેમના પોતાના માત્ર ૧૭ જ શિષ્ય હતા. પદવીથી તો તેઓ હંમેશ દૂર રહેતા. વડિલોના ભારે દબાણથી ન છૂટકે જ તેમણે પદવી ગ્રહણ કરેલી. એમના હાથે ઘણા અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો થયા છતા ક્યાંય પોતાના નામની તકતી મરાવી નથી. યશ, કીર્તિ અને નામનાથી તેઓ દૂર હતા. તેમના સ્વર્ગવાસ પછી તેમના માત્ર બે-ત્રણ આસનો, એક-બે જોડી કપડા, ઓઘો અને જાપ માટેનો સૂરિમંત્રનો પટ-આના સિવાય વારસદારોને બીજી કોઈ વસ્તુ મળી ન હતી.

આઠ પ્રવચનમાતાનું સુંદર પાલન તેમના જીવનમાં હતું. રસ્તે ચાલતા સદા નીચી દૃષ્ટિ રાખી જોઈને ચાલતા. બોલતી વખતે સદા મુહપત્તિનો ઉપયોગ રાખતા. નિર્દોષ આહાર-પાણીથી જ નિર્વાહ કરવો એવો એમનો સિદ્ધાંત હતો. પૂંજવા-પ્રમાર્જવાનો ઉપયોગ પણ સતત રહેતો. એકાસણુ કર્યા પછી ભર બપોરે દૂર દૂર સુધી સ્થંડિલભૂમિએ જતા.

ઇન્દ્રિયદમન અને કષાયનિગ્રહ પણ તેમના અપૂર્વ કોટીના હતા. વાપરતા આહારનો સ્વાદ ન આવે માટે સીધો જ ઉતારી જતા. કોળીયો મોઢામાં એકબાજુથી બીજીબાજુ ફેરવતા ન હતા. એકવાર બાળમુનિએ આગ્રહ કરી પીપરમીંટ વાપરવા કહ્યું તો દવાની જેમ ઉતારી ગયા. સંથારામાં પણ બે આસનોથી વધુ નહી પાથરવાની પ્રતિજ્ઞા હતી. અહમદનગરમાં પૂજ્યશ્રીની દીક્ષાતિથિ પ્રસંગે સાધુઓએ તેઓના ગુણાનુવાદ કરતાં તેઓની આંખમાં આંસુ આવી ગયા.

પગથી મસ્તક સુધી સર્વથા પવિત્ર આ પરબ્રહ્મના સ્વામી મહાપુરુષ કલિકાલનું એક મહાન આશ્ચર્ય હતા. શરીરના એક રુંવાડામાં પણ એમણે ક્યારેય વિકારનો ક્ષણિક ઝબકારો પણ અનુભવ્યો ન હતો. બ્રહ્મચર્યના પ્રભાવથી તેમના મનમાં ઉઠતા શાસનના કાર્યોના બધા જ મનોરથો સફળ થતા. પૂજ્યશ્રીના અતિ ઉગ્ર બ્રહ્મચર્યનો પ્રભાવ એવો હતો કે તેમની પાસે બેસવા માત્રથી જ નહી પરંતુ તેમના નામસ્મરણમાત્રથી વિકારો અને વાસનાઓ શાંત પડી જવાનું અનેક સાધુઓ અને શ્રાવકોએ અનુભવ્યું હતું. એંશી વર્ષની પાકટ વયે પણ આ બ્રહ્મનિધિએ સ્ત્રી કે સાધ્વી સામે દૃષ્ટિ કરીને વાત કરી ન હતી. એમની જન્મકુંડલી જોઈને એક જ્યોતિષીએ કહેલું કે આ કોઈ સંપૂર્ણ બ્રહ્મચારીની કુંડલી છે.

'નિશ્રાવર્તી સાધુઓ જે દોષ સેવે તે માટે આચાર્ય જો બેદરકાર હોય તો આચાર્યને આઠ ગુણો કર્મબંધ થાય' આવું શાસ્ત્રમાં વાંચ્યું એટલે તેઓ પોતાના સાધુઓની સંયમની રક્ષા માટે સતત કાળજી રાખતા. આ બતાવે છે કે તેઓ અત્યંત ભવભીરુ હતા.

સાગર જેવા વિશાળ વાત્સલ્યભાવથી અનેક આત્માઓને આકર્ષી સેંકડો શ્રેષ્ઠ સાધુઓના પૂજ્યશ્રીએ સર્જન કર્યા. ગમે તેવા દોષિતને પણ વાત્સલ્યપૂર્વક હિતશિક્ષા આપીને દોષની શુદ્ધિ કરાવવાની અજબની કળાને પૂજ્યશ્રી વર્યા હતા. એમના વાત્સલ્યના કારણે મુનિઓ તેમનાથી ક્યારેય છૂટા પડવાની ઈચ્છા ન કરતા. હંમેશા લગભગ ૪૦-૫૦ સાધુઓ તેમની સાથે જ રહેતા. ચાતુર્માસમાં ક્ષેત્રો સાચવવા મોકલવા પડતા ત્યારે સાધુઓ ન છૂટકે આંખમાં આંસુ સાથે છૂટા પડતા અને ચાતુર્માસ પૂર્ણ થયે તુરત જ પાછા આવી જતા.

સામાન્યતઃ ગચ્છાધિપતિ આચાર્યને સાધુ-સાધ્વી ઉભય સમુદાય હોવાનું શાસ્ત્રમાં વિહિત છે. પણ આ જ તેમનું ગીતાર્થપણું હતું કે પોતાના યુવાન સાધુઓના બ્રહ્મચર્યની રક્ષા માટે તેઓએ સાધ્વી સમુદાય રાખ્યો ન હતો.

તેઓ સંઘની ઉન્નતિ, આબાદી, શાંતિ, સંગઠન, રક્ષા માટે હંમેશા માત્ર ચિંતિત નહિ પણ પ્રયત્નશીલ રહેતા. સંવત ૧૯૯૨થી તપાગચ્છમાં તિથિ આરાધના નિમિત્તે થયેલ સંઘભેદ નિવારવા માટે ખૂબ જ પ્રયત્ન તેઓ કરતા. તેઓ હંમેશા કહેતા, "અપવાદમાર્ગનું આલંબન લઈને પણ સંઘભેદ મિટાવવો જોઈએ. શાસ્ત્રો એકાંતે ઉત્સર્ગ જ નથી બતાવતા, એકાંતે અપવાદ પણ નથી બતાવતા, જે કાળે ઉત્સર્ગ કે અપવાદ જેનાથી સંઘને લાભ થતો હોય તે અપનાવવું જોઈએ.

સંઘભેદથી થતી ભયંકર શાસન-અપભ્રાજનાનું અપવાદમાર્ગનો આશ્રય લઈને પણ નિવારણ કરવું જોઈએ. આવા સમયે અપવાદમાર્ગ ન સ્વીકારીએ તો આજ્ઞાના વિરાધક બનીએ." પ્રાંતે તેઓએ અપવાદમાર્ગનું આલંબન લઈ સંવત ૨૦૨૦માં પિંડવાડા મુકામે પટ્ટક કરી મહદંશે સંઘભેદનું નિવારણ કર્યું.

મુંબઈમાં ઘણાં સંઘો સ્વપ્નદ્રવ્ય અમુક પ્રમાણમાં સાધારણમાં લઈ જતા હતા. તેથી દેવદ્રવ્યના ઉપભોગનો દોષ લાગતો હોવાથી તેનું નિવારણ કરવા પૂજ્યશ્રીએ મુંબઈના જૈન ટ્રસ્ટોનું "મધ્યસ્થ સંઘ"ના નામે સંગઠન કરાવી તેઓને શાસ્ત્રથી અબાધિત માર્ગ બતાવ્યો, 'દેરાસરનિભાવના ખર્ચમાં પહોંચી ન વળાય તો પૂજાદિની ઉછામણીઓની રકમ, આરતી-મંગળદીવાની ઉછામણીની રકમ, સ્વપ્નની ઉછામણીની રકમ વગેરે ખર્ચ દ્વારા તે પૂરો કરવો, કેમકે એ કલ્પિતદ્રવ્ય છે અને કલ્પિતદ્રવ્યનો દેરાસરના સર્વ કાર્યમાં ઉપયોગ કરી શકવાનું શાસ્ત્રસંમત છે. પરંતુ સ્વપ્નદ્રવ્યને સંપૂર્ણપણે દેવદ્રવ્યમાં લઈ જવું. જરાપણ સાધારણમાં લઈ જઈ શકાય નહિ.'

યુવાનોના સંસ્કરણ માટે પૂજ્યશ્રીએ વેકેશનમાં ધાર્મિક શિબિરો શરૂ કરાવી.

વિ.સં. ૨૦૨૩નું છેલ્લું ચાતુર્માસ પૂજ્યશ્રીએ ખંભાતમાં કર્યું. તેઓની વય ૮૪ વર્ષની હતી. ધીમે ધીમે તેઓનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું. શ્વાસ વગેરે વધવા માંડ્યા. વૈશાખ વદ ૧૧ના દિવસે એમનું આસન ઉપાશ્રયના બહારના હોલમાંથી પાછળ જ્ઞાનમંદિરના હોલમાં લેવામાં આવ્યું. સંધ્યા સમય થયો. પ્રતિક્રમણ કર્યું. ઉપમિતિના પદાર્થોનો પાઠ કર્યો. સાધુઓના મુખેથી સ્તવન-સજ્ઝાય સાંભળવાં લાગ્યાં. મુનિ ગુણરત્નવિજયજીએ અવંતિસુકુમાલની સજ્ઝાય સંભળાવી. સૂરિમંત્રનો જાપ કરવા વસ્ત્રપરિવર્તન કર્યું. સ્થંડિલની શંકા થતા પુનઃ વસ્ત્રપરિવર્તન કરી સ્થંડિલ ગયા. જેવા પાટ પર આવ્યાં ત્યાં ભારે શ્વાસ તથા છાતીમાં દર્દ શરૂ થયું. એકબાજુ અસહ્ય દર્દ છે. બીજી બાજુ મોઢામાંથી સર્વ સાધુઓ પ્રત્યે 'ખમાવું છું' શબ્દો નિકળ્યા. પછી 'વીર, વીર' ઉદ્ગાર ચાલુ થયા. અંતે પૂજ્યશ્રી ઢળી પડ્યા. આત્મહંસલો ઉડી ગયો. દેહપિંજર પડી રહ્યું. ૬૮ વર્ષનો સંયમપૂત આત્મા મુક્તિમાર્ગની મુસાફરીએ ઉપડી ગયો.

સેંકડો સાધુઓના સુકાની, હજારો-લાખો જીવોના આધારભૂત, જિનશાસનના સ્તંભરૂપ, મહાસંયમી મહાપુરુષને કોટિ કોટિ વંદના...

●●●

## પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

### ગુજરાતી સાહિત્ય

(૧) પદાર્થ પ્રકાશ ભાગ-૧
(જીવવિચાર-નવતત્ત્વનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થ પ્રકાશ ભાગ-૨
(દંડક-લઘુસંગ્રહણીનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થ પ્રકાશ ભાગ-૩
(૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થ પ્રકાશ ભાગ-૪
(૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) પદાર્થ પ્રકાશ ભાગ-૫
(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૬) પદાર્થ પ્રકાશ ભાગ-૬
(પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૭) પદાર્થ પ્રકાશ ભાગ-૭
(છટ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૮) પદાર્થ પ્રકાશ ભાગ-૮
(બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૯) પદાર્થ પ્રકાશ ભાગ-૯
(બૃહત્ક્ષેત્રસમાસ અને લઘુક્ષેત્રસમાસનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૧૦) મુક્તિનું મંગલદ્વાર
(ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)

(૧૧) શ્રીસીમંધરસ્વામીની આરાધના
(મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)
(૧૨) ચાતુર્માસિક અને જીવનના નિયમો
(૧૩) વીશ વિહરમાન જિન સચિત્ર
(૧૪) વીશ વિહરમાન જિન પૂજા
(૧૫) બંધનથી મુક્તિ તરફ
(બારવ્રત તથા ભવ-આલોચના વિષયક સમજણ)
(૧૬) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ
(૧૭) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ
(૧૮) તત્ત્વાર્થ ઉષા (લે.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)
(૧૯) સાત્ત્વિકતાનોતેજસિતારો (પૂ.પં.પદ્મવિજયજી મ.નુંજીવન ચરિત્ર)
(૨૦) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)
(૨૧) પ્રેમપ્રભા ભાગ-૨
(વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૨૨) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)
(૨૩) સાધુતાનો ઉજાસ
(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)
(૨૪) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.)
(પ્રેમપ્રભા ભાગ-૫)
(૨૫) ગુરુ દીવો, ગુરુ દેવતા (પ્રેમપ્રભા ભાગ-૬)
(૨૬) પ્રભુ ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)
(૨૭) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)
(૨૮) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)

(૨૯) કામ સુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)

(૩૦-૩૧) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧, ૨
(પ્રેમપ્રભા ભાગ-૧૧, ૧૨)

(૩૨) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)

(૩૩) ભક્તિમાં ભીંજાણા (પં. પદ્મવિજયજી ગણિવર્ય)
(વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)

(૩૪) આદીશ્વર અલબેલો રે (પૂ. ગણિ કલ્યાણબોધિવિજયજી)
(શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)

(૩૫) ઉપધાન તપવિધિ

(૩૬) રત્નકુક્ષી માતા પાહિણી

(૩૭) સતી-સોનલ

(૩૮) નેમિદેશના

(૩૯) નરક દુઃખ વેદના ભારી

(૪૦) પંચસૂત્રનું પરિશીલન

(૪૧) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)

(૪૨) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)

(૪૩) અધ્યાત્મયોગી (આ.કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)

(૪૪) ચિત્કાર

(૪૫) મનોનુશાસન

(૪૬) ભાવે ભજો અરિહંતને

(૪૭) લક્ષ્મી સરસ્વતી સંવાદ

(૪૮-૫૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩

(૫૧-૫૪) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪

(૫૫) સમતાસાગર (પૂ.પં. પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)
(૫૬) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૫૭) શુદ્ધિ (ભવ આલોચના)
(૫૮) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો
(૫૯) જયવીયરાય

## અંગ્રેજી સાહિત્ય

(૧) A Shining Star of Spirituality
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
(૨) Padartha Prakash Part-I (જીવવિચાર-નવતત્ત્વ)
(૩) Pahini-A Gem-womb Mother
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

• • •

# વિષયાનુક્રમ


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| **A.** | **કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ** | **૧-૧૮૮** |
| ૧. | ૩૧ દ્વાર | ૨ |
| ૨. | સ્વાનુદયબન્ધી પ્રકૃતિઓ | ૩ |
| ૩. | સ્વોદયબન્ધી પ્રકૃતિઓ, ઉભયબન્ધી પ્રકૃતિઓ | ૪ |
| ૪. | સમકવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ | ૫ |
| ૫. | ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ | ૬-૭ |
| ૬. | ઉત્ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ | ૮ |
| ૭. | સાન્તરબન્ધ પ્રકૃતિઓ, સાન્તરનિરન્તરબન્ધ પ્રકૃતિઓ | ૯ |
| ૮. | નિરન્તરબન્ધ પ્રકૃતિઓ | ૧૦ |
| ૯. | ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ | ૧૧ |
| ૧૦. | અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ, ઉદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ | ૧૨ |
| ૧૧. | અનુદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ | ૧૩ |
| ૧૨. | ઉદયવતી પ્રકૃતિઓ | ૧૪ |
| ૧૩. | અનુદયવતી પ્રકૃતિઓ | ૧૫ |
| ૧૪. | આઠ કરણોની વ્યાખ્યા | ૧૬ |
| ૧૫. | ઉદય-સત્તાની વ્યાખ્યા | ૧૭ |
| ૧૬. | બન્ધનકરણ, વીર્યપ્રરૂપણા | ૧૮ |
| ૧૭. | વીર્યના પ્રકારો | ૧૯ |
| ૧૮. | યોગને વિષે ૧૦ દ્વારો, દ્વાર ૧લુ અવિભાગ | ૨૦ |
| ૧૯. | દ્વાર-૨જું, ૩જું, ૪થુ-વર્ગણા, સ્પર્ધક, અંતર | ૨૧ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૦. | દ્વાર ૫મુ-યોગસ્થાનક | ૨૨ |
| ૨૧. | દ્વાર ૬ઠ્ઠુ, ૭મુ - અનન્તરોપનિધા-પરંપરોપનિધા | ૨૩ |
| ૨૨. | યોગસ્પર્ધકોની સ્થાપના | ૨૪ |
| ૨૩. | દ્વાર ૮મુ-વૃદ્ધિ-હાનિ | ૨૫ |
| ૨૪. | યોગસ્થાનકોમાં સ્પર્ધકો | ૨૬ |
| ૨૫. | દ્વાર ૯મુ-સમય | ૨૭ |
| ૨૬. | યોગસ્થાનકોનું અલ્પબહુત્વ | ૨૮ |
| ૨૭. | યવની આકૃતિ | ૨૯ |
| ૨૮. | વજ્રની આકૃતિ | ૩૦ |
| ૨૯. | દ્વાર ૧૦મુ-જીવોના જઘન્ય-ઉત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ | ૩૧-૩૩ |
| ૩૦. | ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓ | ૩૪ |
| ૩૧. | અગ્રહણયોગ્ય વર્ગણા | ૩૫ |
| ૩૨. | વૈક્રિયની અને આહારકની ગ્રહણયોગ્ય વર્ગણા | ૩૬ |
| ૩૩. | તૈજસની ગ્રહણયોગ્ય વર્ગણા | ૩૭ |
| ૩૪. | ભાષાની ગ્રહણયોગ્ય વર્ગણા | ૩૮ |
| ૩૫. | શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય વર્ગણા | ૩૯ |
| ૩૬. | મનની ગ્રહણયોગ્ય વર્ગણા | ૪૦ |
| ૩૭. | કર્મની ગ્રહણયોગ્ય વર્ગણા | ૪૧ |
| ૩૮. | વર્ગણાઓના પરમાણુઓનું તથા ક્ષેત્રાવગાહનાનું અલ્પબહુત્વ | ૪૨ |
| ૩૯. | ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા, અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા | ૪૩ |
| ૪૦. | પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા, પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા | ૪૪ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૧. | દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા | ૪૫ |
| ૪૨. | બાદરનિગોદ વર્ગણા | ૪૬ |
| ૪૩. | તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણા, સૂક્ષ્મનિગોદ વર્ગણા | ૪૭ |
| ૪૪. | ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણા, અચિત્તમહાસ્કંધ વર્ગણા | ૪૮ |
| ૪૫. | પુદ્ગલવર્ગણાઓનો કોઠો | ૪૯-૫૨ |
| ૪૬. | સ્નેહપ્રરૂપણા | ૫૩ |
| ૪૭. | સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા | ૫૪-૫૫ |
| ૪૮. | સ્નેહપ્રત્યયસ્પર્ધકની સ્થાપના | ૫૬ |
| ૪૯. | સ્નેહપ્રત્યયસ્પર્ધકની વર્ગણાઓનું અલ્પબહુત્વ | ૫૭ |
| ૫૦. | નામપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા, દ્વાર ૧લુ, ૨જુ, ૩જુ | ૫૮ |
| ૫૧. | દ્વાર ૪થુ-અંતર | ૫૯ |
| ૫૨. | શરીરસ્થાનની સ્થાપના | ૬૦ |
| ૫૩. | અનંતરવૃદ્ધિ-પરંપરવૃદ્ધિ | ૬૧ |
| ૫૪. | દ્વાર ૫મુ-શરીરસ્થાન | ૬૨-૬૪ |
| ૫૫. | શરીરસ્થાનોના ષટ્સ્થાનકની સ્થાપના | ૬૫-૬૬ |
| ૫૬. | દ્વાર ૬ઠ્ઠુ-વર્ગણાગતપુદ્ગલસ્નેહાવિભાગ-સકલસમુદાયપ્રરૂપણા | ૬૭ |
| ૫૭. | પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા | ૬૮ |
| ૫૮. | સ્નેહના અવિભાગોનું અલ્પબહુત્વ | ૬૯ |
| ૫૯. | બંધના ચાર પ્રકાર | ૭૦ |
| ૬૦. | પ્રકૃતિબંધ | ૭૧ |
| ૬૧. | પ્રકૃતિબંધના સાદ્યાદિ ભાંગા | ૭૨-૭૪ |
| ૬૨. | પ્રકૃતિબંધના સ્વામી | ૭૫ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬૩. | પ્રદેશબંધ | ૭૬ |
| ૬૪. | કર્મપ્રદેશોની વહેંચણી | ૭૭ |
| ૬૫. | મૂળપ્રકૃતિમાં કર્મપ્રદેશોની વહેંચણીનું અલ્પબહુત્વ | ૭૮ |
| ૬૬. | ઉત્તરપ્રકૃતિમાં કર્મપ્રદેશોની વહેંચણીનું ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ | ૭૯ |
| ૬૭. | વેદનીયકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ | ૮૦ |
| ૬૮. | મોહનીયકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ | ૮૧ |
| ૬૯. | નામકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ | ૮૨-૮૮ |
| ૭૦. | ઉત્તરપ્રકૃતિમાં કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ | ૮૯ |
| ૭૧. | મોહનીયકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ | ૯૦ |
| ૭૨. | આયુષ્યકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ | ૯૧ |
| ૭૩. | નામકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ | ૯૨-૯૪ |
| ૭૪. | અંતરાયકર્મમાં કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ | ૯૫ |
| ૭૫. | રસબંધ | ૯૬ |
| ૭૬. | દ્વાર ૨જુ, ૩જુ, ૪થુ, ૫મુ | ૯૭ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૭૭. | દ્વાર ૬ઠ્ઠું - કંડક | ૯૮ |
| ૭૮. | રસબંધસ્થાનની સ્થાપના | ૯૯ |
| ૭૯. | દ્વાર ૭મુ-ષટ્સ્થાનક | ૧૦૦ |
| ૮૦. | દ્વાર ૮મુ-અધસ્તનપ્રરૂપણા | ૧૦૧-૧૦૨ |
| ૮૧. | દ્વાર ૯મુ-વૃદ્ધિ-હાનિ | ૧૦૩ |
| ૮૨. | દ્વાર ૧૦મુ-સમય | ૧૦૪ |
| ૮૩. | દ્વાર ૧૧મુ-યવમધ્ય | ૧૦૫-૧૦૬ |
| ૮૪. | દ્વાર ૧૨મુ ઓજો-યુગ્મ, દ્વાર ૧૩મુ-પર્યવસાન | ૧૦૭ |
| ૮૫. | દ્વાર ૧૪મુ-અલ્પબહુત્વ | ૧૦૮-૧૧૨ |
| ૮૬. | રસબંધસ્થાનોને બાંધનારા જીવોની પ્રરૂપણા | ૧૧૩ |
| ૮૭. | દ્વાર ૫મુ-વૃદ્ધિ | ૧૧૪-૧૧૫ |
| ૮૮. | દ્વાર ૬ઠ્ઠું-યવમધ્ય | ૧૧૬ |
| ૮૯. | દ્વાર ૭મુ-સ્પર્શના | ૧૧૭ |
| ૯૦. | દ્વાર ૮મુ-અલ્પબહુત્વ | ૧૧૮ |
| ૯૧. | રસબંધના અધ્યવસાયસ્થાનો | ૧૧૯ |
| ૯૨. | કષાયોદયસ્થાનોમાં રસબંધાધ્યવસાય-સ્થાનોની વૃદ્ધિ | ૧૨૦-૧૨૨ |
| ૯૩. | સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાય-સ્થાનોની વૃદ્ધિ | ૧૨૩-૧૨૫ |
| ૯૪. | રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ | ૧૨૬-૧૨૭ |
| ૯૫. | ૫૫ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં અનુકૃષ્ટિ | ૧૨૮-૧૨૯ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૬. | ૪૬ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં અનુકૃષ્ટિ | ૧૩૦-૧૩૧ |
| ૯૭. | ૧૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં અનુકૃષ્ટિ | ૧૩૨-૧૩૪ |
| ૯૮. | ૨૮ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં અનુકૃષ્ટિ | ૧૩૫-૧૩૬ |
| ૯૯. | તિર્યંચ ૨, નીચગોત્રમાં અનુકૃષ્ટિ | ૧૩૭-૧૩૮ |
| ૧૦૦. | ત્રસ ૪માં અનુકૃષ્ટિ | ૧૩૯-૧૪૦ |
| ૧૦૧. | રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા | ૧૪૧ |
| ૧૦૨. | ૫૫ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં તીવ્રતા-મંદતા | ૧૪૨ |
| ૧૦૩. | ૪૬ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં તીવ્રતા-મંદતા | ૧૪૩-૧૪૪ |
| ૧૦૪. | ૧૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં તીવ્રતા-મંદતા | ૧૪૫-૧૪૬ |
| ૧૦૫. | ૨૮ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં તીવ્રતા-મંદતા | ૧૪૭-૧૪૯ |
| ૧૦૬. | તિર્યંચ ૨ અને નીચગોત્રમાં તીવ્રતા-મંદતા | ૧૫૦-૧૫૨ |
| ૧૦૭. | ત્રસ ૪માં તીવ્રતા-મંદતા | ૧૫૩-૧૫૬ |
| ૧૦૮. | સ્થિતિબંધ | ૧૫૭ |
| ૧૦૯. | દ્વાર ૧લુ - સ્થિતિસ્થાન | ૧૫૮ |
| ૧૧૦. | કર્મપ્રકૃતિઓની સામાન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૫૯-૧૬૧ |
| ૧૧૧. | કર્મપ્રકૃતિઓની સામાન્યથી જઘન્ય સ્થિતિ | ૧૬૨ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૧૨. | કર્મપ્રકૃતિમતે શેષ પ્રકૃતિઓની સામાન્યથી જઘન્ય સ્થિતિ | ૧૬૩ |
| ૧૧૩. | પંચસંગ્રહમતે શેષ પ્રકૃતિઓની સામાન્યથી જઘન્ય સ્થિતિ | ૧૬૪ |
| ૧૧૪. | એકેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની સ્થિતિ | ૧૬૫ |
| ૧૧૫. | વિકલેન્દ્રિય-અસંજ્ઞી પંચેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની સ્થિતિ | ૧૬૬-૧૬૭ |
| ૧૧૬. | સંજ્ઞી પંચેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની સ્થિતિ | ૧૬૮ |
| ૧૧૭. | સ્થિતિબંધનું અલ્પબહુત્વ | ૧૬૯-૧૭૦ |
| ૧૧૮. | દ્વાર ૨જુ-નિષેક | ૧૭૧ |
| ૧૧૯. | દ્વાર ૩જુ-અબાધાકંડક | ૧૭૨ |
| ૧૨૦. | દ્વાર ૪થુ-અલ્પબહુત્વ | ૧૭૩-૧૭૫ |
| ૧૨૧. | સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો | ૧૭૬ |
| ૧૨૨. | સ્થિતિસમુદાહાર | ૧૭૭ |
| ૧૨૩. | પ્રકૃતિસમુદાહાર | ૧૭૮-૧૭૯ |
| ૧૨૪. | જીવસમુદાહાર | ૧૮૦-૧૮૪ |
| ૧૨૫. | સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ | ૧૮૫-૧૮૬ |
| ૧૨૫. | ૨, ૩, ૪ ઠાણિયા રસ બાંધનારા જીવોનું અલ્પબહુત્વ | ૧૮૭-૧૮૮ |
| ૧૨૭. | પરિશિષ્ટ-૧ | ૧૮૯-૧૯૦ |
| **B.** | **કર્મપ્રકૃતિ બંધનકરણના મૂળગાથા અને શબ્દાર્થ** | **૧૯૧-૨૨૧** |


• • •

॥ શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે ॥

શ્રીશિવશર્મસૂરીશ્વરજી વિરચિત

# કર્મપ્રકૃતિ બંધનકરણ

## પદાર્થસંગ્રહ

દ્વાદશાંગીનું બારમું અંગ દૃષ્ટિવાદ છે. તેના પાંચ ભેદ છે. તેમાં પૂર્વગત નામના ત્રીજા ભેદમાં ચૌદ પૂર્વોનો સમાવેશ થાય છે. તેમાંના બીજા અગ્રાયણીય પૂર્વમાં અનેક વસ્તુઓ છે. તેમાંની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃતો છે. તેમાં ચોથું કર્મપ્રકૃતિ નામનું પ્રાભૃત છે. તે ૨૪ અનુયોગદ્વારવાળું છે. તેમાંથી શિવશર્મસૂરીશ્વરજી મહારાજે કર્મપ્રકૃતિ ગ્રંથનો ઉદ્ધાર કર્યો છે. તેની ઉપર અજ્ઞાતકર્તૃક ચૂર્ણિ છે. કર્મપ્રકૃતિ મૂળ ગ્રંથ ઉપર શ્રીમલયગિરિસૂરિ મહારાજે અને મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે ટીકાઓ રચી છે. કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિ ઉપર શ્રીમુનિચન્દ્રસૂરિ મહારાજે ટીપ્પણ રચેલ છે. શ્રીચન્દ્રર્ષિમહત્તરાચાર્યજીએ પંચસંગ્રહ નામનો ગ્રન્થ રચેલ છે. તેની ઉપર તેમણે ટીકા પણ રચી છે. શ્રીમલયગિરિસૂરિ મહારાજે પણ પંચસંગ્રહ ગ્રન્થ ઉપર ટીકા રચી છે. આ બધા ગ્રન્થોના આધારે આ પદાર્થોનું નિરૂપણ કરાય છે.

કર્મની મૂળપ્રકૃતિઓ ૮ છે અને ઉત્તર પ્રકૃતિઓ ૧૫૮ છે. તે ભેદો અને તેમનું વર્ણન પહેલા કર્મગ્રંથમાંથી જાણી લેવું.

કર્મની ઉત્તરપ્રકૃતિઓને વિષે નીચેના ૩૧ દ્વાર કહેવાના છે.

| ક્રમ | દ્વાર |
|---|---|
| ૧ | ધ્રુવબન્ધી પ્રકૃતિઓ |
| ૨ | અધ્રુવબન્ધી પ્રકૃતિઓ |
| ૩ | ધ્રુવોદયી પ્રકૃતિઓ |
| ૪ | અધ્રુવોદયી પ્રકૃતિઓ |
| ૫ | ધ્રુવસત્તાક પ્રકૃતિઓ |
| ૬ | અધ્રુવસત્તાક પ્રકૃતિઓ |
| ૭ | ઘાતી પ્રકૃતિઓ |
| ૮ | અઘાતી પ્રકૃતિઓ |
| ૯ | પરાવર્તમાન પ્રકૃતિઓ |
| ૧૦ | અપરાવર્તમાન પ્રકૃતિઓ |
| ૧૧ | શુભ (પુણ્ય) પ્રકૃતિઓ |
| ૧૨ | અશુભ (પાપ) પ્રકૃતિઓ |
| ૧૩ | પુદ્ગલવિપાકી પ્રકૃતિઓ |
| ૧૪ | ભવવિપાકી પ્રકૃતિઓ |
| ૧૫ | ક્ષેત્રવિપાકી પ્રકૃતિઓ |
| ૧૬ | જીવવિપાકી પ્રકૃતિઓ |
| ૧૭ | સ્વાનુદયબન્ધી પ્રકૃતિઓ |
| ૧૮ | સ્વોદયબન્ધી પ્રકૃતિઓ |
| ૧૯ | ઉભયબન્ધી પ્રકૃતિઓ |
| ૨૦ | સમકવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ |
| ૨૧ | ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ |

| ક્રમ | દ્વાર |
|---|---|
| ૨૨ | ઉત્ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ |
| ૨૩ | સાન્તરબન્ધ પ્રકૃતિઓ |
| ૨૪ | સાન્તરનિરન્તરબન્ધ પ્રકૃતિઓ |
| ૨૫ | નિરન્તરબન્ધ પ્રકૃતિઓ |
| ૨૬ | ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ |
| ૨૭ | અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ |
| ૨૮ | ઉદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ |
| ૨૯ | અનુદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ |
| ૩૦ | ઉદયવતી પ્રકૃતિઓ |
| ૩૧ | અનુદયવતી પ્રકૃતિઓ |

આમાંથી ૧ થી ૧૬ દ્વારો પાંચમા કર્મગ્રન્થમાંથી જાણી લેવા. શેષ દ્વારો આ પ્રમાણે છે -

## (૧૭) સ્વાનુદયબન્ધી પ્રકૃતિઓ :

પોતાનો ઉદય ન હોય ત્યારે જ જે પ્રકૃતિઓ બંધાય તે સ્વાનુદયબન્ધી પ્રકૃતિઓ છે. તે ૧૧ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| આયુષ્ય | ૨ | દેવાયુષ્ય, નરકાયુષ્ય |
| નામ | ૯ | □દેવ ૨, નરક ૨, વૈક્રિય ૨, આહારક ૨, જિન |
| કુલ | ૧૧ | |

□ આ સંજ્ઞાઓના વિવરણ માટે જુઓ પરિશિષ્ટ-૧.

## (૧૮) સ્વોદયબન્ધી પ્રકૃતિઓ :

પોતાનો ઉદય હોય ત્યારે જ જે પ્રકૃતિઓ બંધાય તે સ્વોદયબન્ધી પ્રકૃતિઓ છે. તે ૨૭ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૪ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ |
| મોહનીય | ૧ | મિથ્યાત્વ મોહનીય |
| નામ | ૧૨ | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ. |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| **કુલ** | **૨૭** | |

## (૧૯) ઉભયબન્ધી પ્રકૃતિઓ :

પોતાનો ઉદય હોય ત્યારે અને અનુદય હોય ત્યારે પણ જે પ્રકૃતિઓ બંધાય તે ઉભયબન્ધી પ્રકૃતિઓ છે. તે ૮૨ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| દર્શનાવરણ | ૫ | નિદ્રા ૫ |
| વેદનીય | ૨ | સાતા, અસાતા |
| મોહનીય | ૨૫ | કષાય ૧૬, નોકષાય ૯ |

| | | |
|---|---|---|
| આયુષ્ય | ૨ | તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય |
| નામ | ૪૬ | મનુષ્ય ૨, તિર્યંચ ૨, જાતિ ૫, સંઘયણ ૬, સંસ્થાન ૬, ઔદારિક ૨, ખગતિ ૨, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સુભગ ૪, સ્થાવર ૪, દુર્ભગ ૪ |
| ગોત્ર | ૨ | ઉચ્ચગોત્ર, નીચગોત્ર |
| **કુલ** | **૮૨** | |

## (૨૦) સમકવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ એકસાથે થાય તે સમકવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ છે. તે ૨૬ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | બંધવિચ્છેદ-ઉદયવિચ્છેદ ગુણસ્થાનક |
|---|---|---|---|
| મોહનીય | ૨૧ | મિથ્યાત્વ મોહનીય | ૧ લુ |
| | | અનંતાનુબંધી ૪ | ૨ જુ |
| | | અપ્રત્યાખ્યાનાવરણીય ૪ | ૪ થુ |
| | | પ્રત્યાખ્યાનાવરણીય ૪ | ૫ મુ |
| | | હાસ્ય ૪ | ૮ મુ |
| | | સંજ્વલન ૩, પુરુષવેદ | ૯ મુ |
| નામ | ૫ | મનુષ્યાનુપૂર્વી | ૪થુ |
| | | સૂક્ષ્મ ૩, આતપ | ૧ લુ |
| **કુલ** | **૨૬** | | |

## (૨૧) ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓનો બન્ધવિચ્છેદ પહેલા થાય અને ઉદયવિચ્છેદ પછી થાય તે ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ છે. તે ૮૬ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | બન્ધવિચ્છેદ ગુણસ્થાનક | ઉદયવિચ્છેદ ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ. | ૧૦ મુ | ૧૨ મુ |
| દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ. | ૧૦મુ | ૧૨મુ |
| | | નિદ્રા ૨ | ૮/૧ □ | ૧૨મા ગુણઠાણાનો દ્વિચરમસમય |
| | | થિણદ્ધિ ૩ | ૨ જુ | ૬ ઠ્ઠુ |
| વેદનીય | ૨ | સાતા | ૧૩ મુ | ૧૪ મુ |
| | | અસાતા | ૬ ઠ્ઠુ | ૧૪ મુ |
| મોહનીય | ૫ | સંજ્વલન લોભ | ૯ મુ | ૧૦ મુ |
| | | શોક, અરતિ | ૬ ઠ્ઠુ | ૮ મુ |
| | | નપુંસકવેદ | ૧ લુ | ૯ મુ |
| | | સ્ત્રીવેદ | ૨ જુ | ૯ મુ |

□ ૮/૧ = આઠમા ગુણઠાણાના સાત સંખ્યાતમા ભાગ કરી તેમાંથી પહેલો સંખ્યાતમો ભાગ.

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | બન્ધવિચ્છેદ ગુણસ્થાનક | ઉદયવિચ્છેદ ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| આયુષ્ય | ૩ | નરકાયુષ્ય | ૧ લુ | ૪ થુ |
| | | તિર્યંચાયુષ્ય | ૨ જુ | ૫ મુ |
| | | મનુષ્યાયુષ્ય | ૪ થુ | ૧૪ મુ |
| નામ | ૫૫ | નરક ૨ | ૧ લુ | ૪ થુ |
| | | તિર્યંચ ૨ | ૨ જુ | ૫ મુ |
| | | મનુષ્યગતિ | ૪ થુ | ૧૪ મુ |
| | | જાતિ ૪ | ૧ લુ | ૨ જુ |
| | | પંચેન્દ્રિયજાતિ | ૮/૬ □ | ૧૪ મુ |
| | | ઔદારિક ૨ | ૪ થુ | ૧૩ મુ |
| | | તૈજસ શરીર, કાર્મણશરીર | ૮/૬ | ૧૩ મુ |
| | | ૧લુ સંઘયણ | ૪ થુ | ૧૩ મુ |
| | | ૨જુ-૩જુ સંઘયણ | ૨ જુ | ૧૧ મુ |
| | | ૪થુ-૫મુ સંઘયણ | ૨ જુ | ૭ મુ |
| | | સેવાર્ત સંઘયણ | ૧ લુ | ૭ મુ |
| | | ૧લુ સંસ્થાન | ૮/૬ | ૧૩ મુ |
| | | મધ્યમ ૪ સંસ્થાન | ૨ જુ | ૧૩ મુ |
| | | હુંડક સંસ્થાન | ૧ લુ | ૧૩ મુ |
| | | વર્ણાદિ ૪ | ૮/૬ | ૧૩ મુ |
| | | સુખગતિ | ૮/૬ | ૧૩ મુ |
| | | કુખગતિ | ૨ જુ | ૧૩ મુ |
| | | અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ | ૮/૬ | ૧૩ મુ |

□ ૮/૬ = આઠમા ગુણઠાણાનો છઠ્ઠો સંખ્યાતમો ભાગ

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | બન્ધવિચ્છેદ ગુણસ્થાનક | ઉદયવિચ્છેદ ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| | | જિન | ૮/૬ | ૧૪ મુ |
| | | ઉદ્યોત | ૨ જુ | ૫ મુ |
| | | ત્રસ ૩ | ૮/૬ | ૧૪ મુ |
| | | સુભગ, આદેય | ૮/૬ | ૧૪ મુ |
| | | પ્રત્યેક, સ્થિર, શુભ, સુસ્વર | ૮/૬ | ૧૩ મુ |
| | | યશ | ૧૦ મુ | ૧૩ મુ |
| | | સ્થાવર | ૧ લુ | ૨ જુ |
| | | અસ્થિર, અશુભ | ૬ ઠુ | ૧૩ મુ |
| | | દુર્ભગ, અનાદેય | ૨ જુ | ૪ થુ |
| | | દુ:સ્વર | ૨ જુ | ૧૩ મુ |
| ગોત્ર | ૨ | નીચગોત્ર | ૨ જુ | ૫ મુ |
| | | ઉચ્ચગોત્ર | ૧૦ મુ | ૧૪ મુ |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય | ૧૦ મુ | ૧૨ મુ |
| કુલ | ૮૬ | | | |

## (૨૨) ઉત્ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ પહેલા થાય અને બંધવિચ્છેદ પછી થાય તે ઉત્ક્રમવ્યવચ્છિદ્યમાનબન્ધોદય પ્રકૃતિઓ છે. તે ૮ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ | ઉદયવિચ્છેદ ગુણસ્થાનક | બંધવિચ્છેદ ગુણસ્થાનક |
|---|---|---|---|---|
| આયુષ્ય | ૧ | દેવાયુષ્ય | ૪ થુ | ૭ મુ |
| નામ | ૭ | દેવ ૨, વૈક્રિય ૨ | ૪ થુ | ૮/૬ |
| | | આહારક ૨ | ૭ મુ | ૮/૬ |
| | | અયશ | ૪ થુ | ૬ ઠ્ઠુ |
| કુલ | ૮ | | | |

**(૨૩) સાન્તરબન્ધ પ્રકૃતિઓ :**

જે પ્રકૃતિઓનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી બંધ થાય, પછી ન થાય તે સાન્તરબન્ધ પ્રકૃતિઓ છે. તે ૪૧ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| વેદનીય | ૧ | અસાતા |
| મોહનીય | ૬ | હાસ્ય, રતિ, શોક, અરતિ, નપુંસકવેદ, સ્ત્રીવેદ |
| નામ | ૩૪ | નરક ૨, જાતિ ૪, આહારક ૨, પહેલા સિવાયના ૫ સંઘયણ, પહેલા સિવાયના ૫ સંસ્થાન, કુખગતિ, આતપ, ઉદ્યોત, સ્થિર, શુભ, યશ, સ્થાવર ૧૦ |
| કુલ | ૪૧ | |

**(૨૪) સાન્તરનિરન્તરબન્ધ પ્રકૃતિઓ :**

જે પ્રકૃતિઓ જઘન્યથી ૧ સમય બંધાય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત

પછી પણ અસંખ્યકાળ સુધી નિરન્તર બંધાય તે સાન્તરનિરન્તરબન્ધ પ્રકૃતિઓ છે. તે ૨૭ છે. તે આ પ્રમાણે છે -

| **મૂળપ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતા |
| મોહનીય | ૧ | પુરુષવેદ |
| નામ | ૨૩ | દેવ ૨, મનુષ્ય ૨, તિર્યંચ ૨, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, ઔદારિક ૨, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ૪, સુભગ ૩ |
| ગોત્ર | ૨ | ઉચ્ચગોત્ર, નીચગોત્ર |
| **કુલ** | **૨૭** | |

## (૨૫) નિરન્તરબન્ધ પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત સુધી નિરંતર બંધાય તે નિરન્તરબન્ધ પ્રકૃતિઓ છે. તે ૫૨ છે. તે આ પ્રમાણે છે -

| **મૂળપ્રકૃતિ** | **ભેદ** | **ઉત્તરપ્રકૃતિ** |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિ-જ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૯ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિ-દર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા ૫ |
| મોહનીય | ૧૯ | મિથ્યાત્વ મોહનીય, કષાય ૧૬, ભય, જુગુપ્સા |
| આયુષ્ય | ૪ | નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય |

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| નામ | ૧૦ | તૈજસ શરીર, કાર્મણ શરીર, વર્ણાદિ ૪, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, જિન |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| **કુલ** | **૫૨** | |

**(૨૬) ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ :**

જે પ્રકૃતિઓના વિપાકોદયમાં સંક્રમથી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા મળે, બન્ધથી નહીં, તે ઉદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે. આ પ્રકૃતિઓના ઉદયકાળમાં તેમની પ્રતિપક્ષી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને પછી આ પ્રકૃતિ બાંધે ત્યારે તે પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધાયેલ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દલિકો આ પ્રકૃતિઓમાં સંક્રમાવે. આ પ્રકૃતિઓની બન્ધથી ઓછી સ્થિતિ મળે છે. તેથી સંક્રમથી જ ઉત્કૃષ્ટ સ્થિતિ મળે. આ પ્રકૃતિઓ ૩૦ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| વેદનીય | ૧ | સાતા |
| મોહનીય | ૧૦ | સમ્યક્ત્વ મોહનીય, નોકષાય ૯ |
| નામ | ૧૮ | મનુષ્યગતિ, પહેલા ૫ સંઘયણ, પહેલા ૫ સંસ્થાન, સુખગતિ, સ્થિર ૬ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| **કુલ** | **૩૦** | |

## (૨૭) અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓના અનુદયમાં સંક્રમથી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા મળે તે અનુદયસંક્રમોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે. તે ૧૩ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| મોહનીય | ૧ | મિશ્ર મોહનીય |
| નામ | ૧૨ | દેવ ૨, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, આહારક ૨, મનુષ્યાનુપૂર્વી, જિન, સૂક્ષ્મ ૩ |
| **કુલ** | **૧૩** | |

## (૨૮) ઉદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓના ઉદયમાં બંધથી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા મળે તે ઉદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે. તે ૬૦ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૪ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ |
| વેદનીય | ૧ | અસાતા |
| મોહનીય | ૧૭ | મિથ્યાત્વ મોહનીય, કષાય ૧૬ |
| નામ | ૨૭ | પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, હુંડક સંસ્થાન, વર્ણાદિ ૪, કુખગતિ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, ઉદ્યોત, ત્રસ ૪, અસ્થિર ૬ |

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| ગોત્ર | ૧ | નીચગોત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| **કુલ** | **૬૦** | |

## (૨૯) અનુદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓના અનુદયમાં બન્ધથી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા મળે તે અનુદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે. તે ૧૫ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| દર્શનાવરણ | ૫ | નિદ્રા ૫ |
| નામ | ૧૦ | નરક ૨, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, સેવાર્ત સંઘયણ, આતપ, સ્થાવર |
| **કુલ** | **૧૫** | |

આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી. વળી બધ્યમાન એવું આયુષ્યનું દલિક પૂર્વબદ્ધ આયુષ્યને પુષ્ટ કરી શકતું નથી. તેથી તિર્યંચાયુષ્ય-મનુષ્યાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ (૩૩ સાગરોપમ) કોઈ રીતે મળતી નથી. તેથી તેમનો ઉદયસંક્રમોત્કૃષ્ટ વગેરે ચારેમાંથી એક પણ પ્રકારમાં સમાવેશ થતો નથી. દેવાયુષ્ય-નરકાયુષ્ય જો કે અનુદયબન્ધોત્કૃષ્ટ પ્રકૃતિઓ છે, છતાં પ્રયોજન ન હોવાથી પૂર્વાચાર્યોએ તેમનો પણ ચારેમાંથી એક પણ પ્રકારમાં સમાવેશ કર્યો નથી.

## (૩૦) ઉદયવતી પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓનું દલિક ચરમસમયે પોતાના ઉદયથી ભોગવાય તે ઉદયવતી પ્રકૃતિઓ છે. તે ૩૪ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ |
| દર્શનાવરણ | ૪ | ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિ-દર્શનાવરણ, કેવળદર્શનાવરણ |
| વેદનીય | ૨ | સાતા, અસાતા□ |
| મોહનીય | ૪ | સમ્યક્ત્વ મોહનીય, સંજ્વલન લોભ, સ્ત્રીવેદ, નપુંસકવેદ□ |
| આયુષ્ય | ૪ | નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય |
| નામ | ૯ | મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, જિન, ત્રસ ૩, ∆સુભગ, આદેય, યશ |
| ગોત્ર | ૧ | ઉચ્ચગોત્ર |
| અંતરાય | ૫ | દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય |
| **કુલ** | ૩૪ | |

□ સાતા, અસાતા, સ્ત્રીવેદ, નપુંસકવેદ - આ પ્રકૃતિઓ અનુદયવતી પણ છે. છતાં પ્રધાનતાથી તેમને ઉદયવતી કહી છે.

∆ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧ની ઉપા. યશોવિજયજી મ.**કૃત ટીકામાં અહીં સુભગ અને આદેયની બદલે શુભ અને સુસ્વર કહી છે. તે અશુદ્ધ લાગે છે.

## (૩૧) અનુદયવતી પ્રકૃતિઓ :

જે પ્રકૃતિઓનું દલિક ચરમસમયે અન્યપ્રકૃતિમાં સંક્રમાવીને ભોગવાય, પોતાના ઉદયથી ન ભોગવાય તે અનુદયવતી પ્રકૃતિઓ છે. તે ૧૧૪ છે. તે આ પ્રમાણે છે -

| મૂળપ્રકૃતિ | ભેદ | ઉત્તરપ્રકૃતિ |
|---|---|---|
| દર્શનાવરણ | ૫ | નિદ્રા ૫ |
| મોહનીય | ૨૪ | મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, અનંતાનુબન્ધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪, સંજ્વલન ૩, હાસ્ય ૬, પુરુષવેદ |
| નામ | ૮૪ | દેવ ૨, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, શરીર ૫, અંગોપાંગ ૩, બંધન ૫, સંઘાતન ૫, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણાદિ ૨૦, ખગતિ ૨, મનુષ્યાનુપૂર્વી, જિન વિના પ્રત્યેકની ૭, પ્રત્યેક, સ્થિર, શુભ, સુસ્વર, સ્થાવર ૧૦ |
| ગોત્ર | ૧ | નીચગોત્ર |
| **કુલ** | **૧૧૪** | |

# આઠ કરણો અને ઉદય-સત્તા

હવે આઠ કર્મોને વિષે આઠ કરણ અને ઉદય-સત્તા કહેવાના છે. કરણ એટલે કર્મોના બંધ-સંક્રમ વગેરેમાં કારણભૂત જીવનું સલેશ્ય વીર્યવિશેષ.

આઠ કરણો અને ઉદય-સત્તાની વ્યાખ્યા આ પ્રમાણે છે -

(૧) **બન્ધનકરણ :** જે વીર્યવિશેષથી કર્મપુદ્ગલોનો જીવપ્રદેશોની સાથે લોહ-અગ્નિવત્ એકમેક સંબંધ થાય તે બન્ધનકરણ.

(૨) **સંક્રમકરણ :** જે વીર્યવિશેષથી અન્યકર્મરૂપે રહેલા પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ અન્યકર્મરૂપે થાય તે સંક્રમકરણ.

(૩) **ઉદ્વર્તનાકરણ :** જે વીર્યવિશેષથી બધ્યમાન પ્રકૃતિના સત્તામાં રહેલ કર્મોના સ્થિતિ અને રસ વધે તે ઉદ્વર્તનાકરણ.

(૪) **અપવર્તનાકરણ :** જે વીર્યવિશેષથી સત્તામાં રહેલ કર્મોના સ્થિતિ અને રસ ઘટે તે અપવર્તનાકરણ.

(૫) **ઉદીરણાકરણ :** જે વીર્યવિશેષથી ઉદયવતી પ્રકૃતિના ઉદયમાં નહીં આવેલ સત્તામાં રહેલ કર્મદલિકોને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવાય તે ઉદીરણાકરણ.

(૬) **ઉપશમનાકરણ :** જે વીર્યવિશેષથી કર્મોને ઉદય, ઉદીરણાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણને માટે અયોગ્ય બનાવાય તે ઉપશમનાકરણ.

(૭) **નિધત્તિકરણ :** જે વીર્યવિશેષથી કર્મોને ઉદ્વર્તનાકરણ-અપવર્તનાકરણ સિવાયના છ કરણોને માટે અયોગ્ય બનાવાય તે નિધત્તિકરણ.

(૮) **નિકાચનાકરણ :** જે વીર્યવિશેષથી કર્મોને બધા કરણોને માટે અયોગ્ય બનાવાય તે નિકાચનાકરણ.

(૯) **ઉદય**□ : અબાધાકાળ પૂર્ણ થયે છતે કે અપવર્તના વગેરે કરણોથી ઉદયસમયમાં આવેલા બંધાયેલા કર્મદલિકોને ભોગવવા તે ઉદય.


(૧૦) **સત્તા**□ : બંધ કે સંક્રમથી સ્વસ્વરૂપને પામેલા કર્મદલિકોનું નિર્જરાથી કે સંક્રમથી જ્યાં સુધી સ્વરૂપ ન બદલાય ત્યાં સુધી સ્વસ્વરૂપે રહેવું તે સત્તા.

□ ઉદય અને સત્તા ૧૪મા ગુણઠાણે પણ પ્રવર્તે છે. તેથી તેમાં સલેશ્ય વીર્ય કારણભૂત નથી. તેથી ઉદયકરણ અને સત્તાકરણ ન કહેવાય.

# બન્ધનકરણ

## વીર્યપ્રરૂપણા

કરણ એ જીવના વીર્યવિશેષરૂપ છે. તેથી પહેલા વીર્યની પ્રરૂપણા કરાય છે. વીર્યાન્તરાયકર્મના ક્ષયથી કે ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી વીર્યલબ્ધિથી વીર્ય ઉત્પન્ન થાય છે.



આ વીર્ય સલેશ્ય પણ હોય અને અલેશ્ય પણ હોય. અહીં સલેશ્યવીર્યનો અધિકાર છે.

વીર્ય બે પ્રકારે છે -

(૧) **ક્ષાયિકવીર્ય :** વીર્યાંતરાયકર્મના ક્ષયથી પ્રાપ્ત થયેલી વીર્યલબ્ધિથી ઉત્પન્ન થયેલું વીર્ય તે ક્ષાયિકવીર્ય. તે કેવળજ્ઞાની ભગવંતોને હોય છે. તે ૧૩મા ગુણઠાણે સલેશ્ય હોય છે અને ૧૪મા ગુણઠાણે તથા સિદ્ધભગવંતોને અલેશ્ય હોય છે.

(૨) **ક્ષાયોપશમિકવીર્ય :** વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી વીર્યલબ્ધિથી ઉત્પન્ન થયેલું વીર્ય તે ક્ષાયોપશમિકવીર્ય. તે છદ્‍મસ્થોને હોય છે. તે ૧લા ગુણઠાણાથી ૧૦મા ગુણઠાણા સુધી સકષાયી હોય છે અને ૧૧મા-૧૨મા ગુણઠાણે અકષાયી હોય છે.

ક્ષાયિકવીર્ય અને ક્ષાયોપશમિકવીર્ય બંને બે પ્રકારના છે -

(૧) **અભિસંધિજવીર્ય :** દોડવા, કૂદવા વગેરેની પ્રવૃત્તિમાં બુદ્ધિપૂર્વક યોજાતું વીર્ય તે અભિસંધિજવીર્ય.

(૨) **અનભિસંધિજવીર્ય :** વિચાર્યા વિના યોજાતુ વીર્ય તે અનભિસંધિજવીર્ય. દા.ત., ગ્રહણ કરેલા આહારને ધાતુ અને મલરૂપે પરિણમાવવામાં કારણભૂત વીર્ય, એકેન્દ્રિય વગેરે જીવોને તે તે ક્રિયાઓમાં કારણભૂત વીર્ય.

આ અભિસંધિજવીર્ય કે અનભિસંધિજવીર્ય સૂક્ષ્મ-બાદર પરિસ્પન્દરૂપ ક્રિયાથી યુક્ત હોય છે. તેને યોગ પણ કહેવાય છે.

યોગના પર્યાયવાચી શબ્દો - વીર્ય, સ્થામ, ઉત્સાહ, પરાક્રમ, ચેષ્ટા, શક્તિ, સામર્થ્ય.

જીવ યોગરૂપ વીર્ય વડે ઔદારિક વગેરે પાંચ શરીર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને ઔદારિક વગેરે શરીરરૂપે પરિણમાવે છે. જીવ યોગરૂપ વીર્ય વડે શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મન યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, શ્વાસોચ્છ્‌વાસ વગેરે રૂપે પરિણમાવે છે અને તેનું અવલંબન કરે છે. આમ વીર્ય એ ગ્રહણ, પરિણમન અને અવલંબનમાં કારણભૂત છે.

વીર્યના ત્રણ પ્રકાર છે -

(૧) મનના આલંબનથી પ્રવર્તતું વીર્ય તે મનોયોગ.

(૨) વચનના આલંબનથી પ્રવર્તતુ વીર્ય તે વચનયોગ.

(૩) કાયાના આલંબનથી પ્રવર્તતું વીર્ય તે કાયયોગ.

**પ્રશ્ન :** બધા જીવપ્રદેશો ઉપર ક્ષાયોપશમિક વગેરે વીર્યલબ્ધિ એકસરખી હોય છે. તો પછી ક્યાંક વધુ વીર્ય હોય, ક્યાંક ઓછું વીર્ય હોય, આવી વીર્યની વિષમતા કેમ હોય છે ?

**જવાબ :** (૧) જે જીવપ્રદેશો કાર્યપ્રદેશની નજીક હોય તેમાં વધુ વીર્ય હોય છે અને જે જીવપ્રદેશો કાર્યપ્રદેશથી દૂર દૂર હોય તેમાં ઓછું ઓછું વીર્ય હોય છે.

(૨) જીવપ્રદેશો સાંકળના અવયવોની જેમ પરસ્પર સંકળાયેલા છે.


આ બે કારણથી જીવપ્રદેશો ઉપર વીર્યની વિષમતા જોવા મળે છે.

**યોગને વિષે ૧૦ દ્વારોની પ્રરૂપણા :**


**(૧) અવિભાગ :** વીર્યના જે સૂક્ષ્મ અંશને કેવળીની બુદ્ધિથી છેદતા તેના બે વિભાગ ન થાય તેને અવિભાગ કહેવાય છે. તેને વીર્યાણુ કે ભાવાણુ પણ કહેવાય છે. દરેક આત્મપ્રદેશ ઉપર જઘન્યથી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ વીર્યના અવિભાગ હોય છે

અને ઉત્કૃષ્ટથી પણ અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ વીર્યના અવિભાગ હોય છે. જઘન્ય કરતા ઉત્કૃષ્ટ અસંખ્યગુણ જાણવું.

**એક જીવના અસંખ્ય જીવપ્રદેશો**



**એક જીવપ્રદેશ ઉપર રહેલા અસંખ્ય વીર્યાણુ**



(૨) **વર્ગણા :** જે આત્મપ્રદેશો ઉપર સૌથી થોડા વીર્યના અવિભાગ હોય તે બધા આત્મપ્રદેશોનો સમુદાય તે જઘન્ય વર્ગણા છે. જઘન્ય વર્ગણાના બધા આત્મપ્રદેશો ઉપર વીર્યના અવિભાગ સરખા હોય છે. જઘન્ય વર્ગણામાં ઘનીકૃતલોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રતરના આકાશપ્રદેશ જેટલા આત્મપ્રદેશો હોય છે.

જઘન્ય વર્ગણા કરતા ૧ વધુ વીર્યના અવિભાગવાળા ઘનીકૃતલોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય પ્રતરના આકાશપ્રદેશ જેટલા આત્મપ્રદેશોનો સમુદાય તે બીજી વર્ગણા છે. એમ ૧-૧ વધુ વીર્યના અવિભાગવાળા તેટલા તેટલા આત્મપ્રદેશોના સમુદાયરૂપ અસંખ્ય વર્ગણાઓ થાય.

(૩) **સ્પર્ધક :** ઘનીકૃતલોકની એક સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશો જેટલી વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક છે.

(૪) **અંતર :** પહેલા સ્પર્ધકની ચરમવર્ગણા પછી એકોત્તર વૃદ્ધિવાળા વીર્યના અવિભાગવાળા આત્મપ્રદેશો મળતા નથી, પણ

અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ અધિક વીર્યના અવિભાગવાળા આત્મપ્રદેશો મળે છે. તેમનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા છે. આમ પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણા અને બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા વચ્ચે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ વીર્યના અવિભાગોનું અંતર છે. બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા પછી એકોત્તર વૃદ્ધિવાળા વીર્યના અવિભાગવાળા આત્મપ્રદેશોની શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશો જેટલી વર્ગણાઓ છે. તે વર્ગણાઓનો સમુદાય તે બીજુ સ્પર્ધક છે. બીજા સ્પર્ધકની છેલ્લી વર્ગણા પછી ફરી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ વીર્યના અવિભાગોનું અંતર છે. ત્યાર પછી ત્રીજું સ્પર્ધક છે. આવા અસંખ્ય સ્પર્ધકો છે. બે સ્પર્ધકો વચ્ચે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ વીર્યના અવિભાગોનું અંતર હોય છે.

**(૫) સ્થાન :** શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશો પ્રમાણ ઉપર કહેલા સ્પર્ધકોનો સમુદાય તે જઘન્ય યોગસ્થાનક છે. તે સર્વથી અલ્પ વીર્યવાળા સૂક્ષ્મ નિગોદના જીવને ભવના પ્રથમસમયે હોય છે. તેનાથી અધિક વીર્યવાળા બીજા જીવને એ જ રીતે બીજુ યોગસ્થાનક હોય છે. તેનાથી અધિક વીર્યવાળા અન્ય જીવને એ જ રીતે ત્રીજુ યોગસ્થાનક હોય છે. આમ અન્ય અન્ય જીવોની અપેક્ષાએ ઉત્કૃષ્ટ યોગસ્થાનક સુધી શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશો જેટલા યોગસ્થાનકો હોય છે.□

---

□ **પંચસંગ્રહ બંધનકરણની ગાથા ૮ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૧૧** ઉપર કહ્યું છે કે, 'પ્રથમ યોગસ્થાનક અલ્પ વીર્યઅવિભાગવાળા ઘણા જીવપ્રદેશો વડે થાય છે. ત્યારપછી વધુ વીર્યઅવિભાગવાળા અલ્પ જીવપ્રદેશો વડે બીજુ યોગસ્થાનક થાય છે. માટે તેમાં વધુ સ્પર્ધકો હોય છે.' એટલે કે એક જ જીવને એક જ સમયે ભિન્ન-ભિન્ન યોગસ્થાનકો હોઈ શકે. પછી બીજાના મત તરીકે ત્યાં ઉપરની વાત જણાવી છે. ઉપરના મત પ્રમાણે તો એક જીવને એક સમયે એક જ યોગસ્થાનક હોઈ શકે.

જીવો અનંતા હોવા છતાં સમાન યોગસ્થાનકો ઉપર અનંતા સ્થાવર જીવો મળે છે. તેથી યોગસ્થાનકો શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશો જેટલા જ હોય છે.

(૬) **અનન્તરોપનિધા :** પછી પછીના યોગસ્થાનકોમાં સ્પર્ધકોની વિચારણા તે અનન્તરોપનિધા.

પછી પછીના યોગસ્થાનકોમાં પૂર્વે પૂર્વેના યોગસ્થાનકો કરતા અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશો જેટલા સ્પર્ધકો વધુ હોય છે.


વધુ વીર્યવાળા આત્મપ્રદેશો ઓછા હોય છે. પછી પછીના યોગસ્થાનકોની વર્ગણાઓમાં વીર્યના અવિભાગ વધુ હોય છે. તેથી તે વર્ગણાઓમાં આત્મપ્રદેશો ઓછા હોય છે. તેથી તે યોગસ્થાનકોમાં વર્ગણાઓ વધુ હોય છે. તેથી તે યોગસ્થાનકોમાં સ્પર્ધકો વધુ હોય છે.

પછી પછીના યોગસ્થાનકના પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં પૂર્વ પૂર્વના યોગસ્થાનકના છેલ્લા સ્પર્ધકની છેલ્લી વર્ગણા કરતા અસંખ્ય વીર્યના અવિભાગ અધિક હોય છે.

(૭) **પરંપરોપનિધા :** પરંપરાએ યોગસ્થાનકોમાં સ્પર્ધકોની વિચારણા તે પરંપરોપનિધા.

પહેલા યોગસ્થાનકમાં જેટલા સ્પર્ધકો છે તેની અપેક્ષાએ શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકો પછીના યોગસ્થાનકમાં બમણા સ્પર્ધકો છે. ત્યાંથી ફરી તેટલા યોગસ્થાનકો પછીના યોગસ્થાનકમાં બમણા સ્પર્ધકો છે. એમ અંતિમ યોગસ્થાનક સુધી જાણવું. બમણા-બમણા સ્પર્ધકોવાળા યોગસ્થાનકો (દ્વિગુણવૃદ્ધિ યોગસ્થાનકો) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય જેટલા છે.

## યોગસ્પર્ધકોની સ્થાપના




એક સ્પર્ધક = સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશો પ્રમાણ વર્ગણાઓનો સમુદાય

અંતર = અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ

ઉત્કૃષ્ટ યોગસ્થાનકમાં જેટલા સ્પર્ધકો છે તેની અપેક્ષાએ શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકો પૂર્વેના યોગસ્થાનકમાં અડધા સ્પર્ધકો છે. ત્યાંથી ફરી તેટલા યોગસ્થાનકો પૂર્વેના યોગસ્થાનકમાં અડધા સ્પર્ધકો છે. એમ પ્રથમ યોગસ્થાનક સુધી જાણવું. અડધા અડધા સ્પર્ધકોવાળા યોગસ્થાનકો (દ્વિગુણહાનિ યોગસ્થાનકો) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો જેટલા છે.

દ્વિગુણવૃદ્ધિ યોગસ્થાનકો કે દ્વિગુણહાનિ યોગસ્થાનકો સૌથી થોડા છે. તેના કરતા બે દ્વિગુણવૃદ્ધિ યોગસ્થાનકોના કે બે દ્વિગુણહાનિ યોગસ્થાનકોના અંતરમાં રહેલા યોગસ્થાનકો અસંખ્યગુણ છે. (તે શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ છે.)

(૮) **વૃદ્ધિ-હાનિ :** વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ વિવિધ પ્રકારનો હોવાથી તેનાથી થતા યોગસ્થાનકો ક્યારેક વર્ધમાન (વધુ) સ્પર્ધકવાળા હોય, ક્યારેક હીયમાન (ઓછા) સ્પર્ધકવાળા હોય. વૃદ્ધિ ૪ પ્રકારની છે - અસંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ. હાનિ પણ ૪ પ્રકારની છે. અસંખ્યાતભાગહાનિ, સંખ્યાતભાગહાનિ, સંખ્યાતગુણહાનિ, અસંખ્યાતગુણહાનિ.

અપર્યાપ્તાવસ્થામાં પ્રતિસમય અસંખ્યગુણ યોગવૃદ્ધિ હોય છે. અપર્યાપ્તાવસ્થામાંથી પર્યાપ્તાવસ્થામાં જતા અસંખ્યગુણ યોગવૃદ્ધિ હોય છે. પર્યાપ્તાવસ્થામાં ચારે પ્રકારની યોગવૃદ્ધિ અને ચારે પ્રકારની યોગહાનિ હોય છે.

## યોગસ્થાનકોમાં સ્પર્ધકો

| | યોગસ્થાનકો | સ્પર્ધકો |
|---|---|---|
| | ૧ | સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશ જેટલા |
| સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ યોગસ્થાનકો | ૨ | વિશેષાધિક |
| | ૩ | વિશેષાધિક |
| | ૪ | વિશેષાધિક |
| | ૫ | વિશેષાધિક |
| | ૬ | વિશેષાધિક |
| | ૭ | દ્વિગુણ |
| સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ યોગસ્થાનકો | ૮ | વિશેષાધિક |
| | ૯ | વિશેષાધિક |
| | ૧૦ | વિશેષાધિક |
| | ૧૧ | વિશેષાધિક |
| | ૧૨ | વિશેષાધિક |
| | ૧૩ | દ્વિગુણ |
| સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ યોગસ્થાનકો | ૧૪ | વિશેષાધિક |
| | ૧૫ | વિશેષાધિક |
| | ૧૬ | વિશેષાધિક |
| | ૧૭ | વિશેષાધિક |
| | ૧૮ | વિશેષાધિક |
| | ૧૯ | દ્વિગુણ |
| સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ યોગસ્થાનકો | ૨૦ | વિશેષાધિક |
| | ૨૧ | વિશેષાધિક |
| | ૨૨ | વિશેષાધિક |
| | ૨૩ | વિશેષાધિક |
| | ૨૪ | વિશેષાધિક |
| | ૨૫ | દ્વિગુણ |

વિશેષાધિક = અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશ પ્રમાણ અધિક

અસંખ્યગુણવૃદ્ધિ અને અસંખ્યગુણહાનિ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી થાય છે. શેષ ૩ વૃદ્ધિ અને ૩ હાનિ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી થાય છે.

## યોગસ્થાનકોની વૃદ્ધિ-હાનિનો જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ

| ક્રમ | યોગસ્થાનકોની વૃદ્ધિ-હાનિ | જઘન્યકાળ | ઉત્કૃષ્ટકાળ |
|---|---|---|---|
| ૧ | અસંખ્યાતભાગવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૨ | સંખ્યાતભાગવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૩ | સંખ્યાતગુણવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૪ | અસંખ્યાતગુણવૃદ્ધિ | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૫ | અસંખ્યાતભાગહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૬ | સંખ્યાતભાગહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૭ | સંખ્યાતગુણહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૮ | અસંખ્યાતગુણહાનિ | ૧ સમય | અતર્મુહૂર્ત |

(૯) **સમય :** અપર્યાપ્તાવસ્થામાં રહેલા બધા જીવોને પ્રતિસમય અસંખ્યગુણ યોગવૃદ્ધિ હોય છે. તેથી અપર્યાપ્તાવસ્થાભાવી બધા યોગસ્થાનકો ઉપર જીવનું અવસ્થાન જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ૧ સમય હોય છે.

પર્યાપ્તાવસ્થામાં સર્વથી અલ્પ વીર્યવાળા પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદના જીવના જઘન્ય યોગસ્થાનકથી શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૪ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા□ જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૫ સમય સુધી અવસ્થિત હોય છે.

---

□ તેટલા એટલે સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ. ઉત્કૃષ્ટથી ૪ સમય અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અને ઉત્કૃષ્ટથી ૫ સમય અવસ્થિત રહેનારા યોગસ્થાનકો બંને સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ હોવા છતાં સરખા નથી હોતા, પણ વધુ-ઓછા હોય છે. એમ આગળ પણ જાણવું. તેથી જ આગળ કહેવાશે તે પ્રમાણે યોગસ્થાનકોનું અલ્પબહુત્વ થાય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૭ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૮ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૭ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૫ સમય સુધી અવસ્થિત હોય છે.

ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૪ સમય સુધી અવસ્થિત હોય છે.


ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૩ સમય સુધી અવસ્થિત હોય છે.


ત્યાર પછીના તેટલા જ યોગસ્થાનકો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨ સમય સુધી અવસ્થિત હોય છે.

**યોગસ્થાનકોનું અલ્પબહુત્વ :**

૮ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો સૌથી થોડા છે. (વધુ સમય અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અલ્પ હોય છે.)

તેના કરતા બંને બાજુના ૭ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અસંખ્યગુણ છે. (પરસ્પર તુલ્ય)


યોગસ્થાનકોને અવસ્થિત રહેવાના ઉત્કૃષ્ટ કાળની અપેક્ષાએ યવની આકૃતિ
૨
૩
૪
૫
૬
૭
૮
૭
૬
૫
૪
યોગસ્થાનકોને અવસ્થિત રહેવાનો ઉત્કૃષ્ટકાળ (સમય)
O = યોગસ્થાનક
અપર્યાપ્તા પ્રાયોગ્ય યોગસ્થાનકો


યોગસ્થાનકોનું અલ્પબહુત્વ
અસંખ્યગુણ
અસંખ્યગુણ
અસંખ્યગુણ
અસંખ્ય-ગુણ
અલ્પ
અસંખ્ય-ગુણ
અસંખ્યગુણ
અસંખ્યગુણ
અસંખ્યગુણ
અસંખ્યગુણ
અસંખ્યગુણ
૪ ૫ ૬ ૭ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨
યોગસ્થાનકોને અવસ્થિત રહેવાનો ઉત્કૃષ્ટકાળ (સમય)
O = યોગસ્થાનક
વજની આકૃતિ તેટલા તેટલા સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકોની અપેક્ષાએ છે

તેના કરતા બંને બાજુના ૬ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અસંખ્યગુણ છે. (પરસ્પર તુલ્ય)

તેના કરતા બંને બાજુના ૫ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અસંખ્યગુણ છે. (પરસ્પર તુલ્ય)

તેના કરતા બંને બાજુના ૪ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અસંખ્યગુણ છે. (પરસ્પર તુલ્ય)

તેના કરતા ૩ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અસંખ્યગુણ છે.

તેના કરતા ૨ સમય સુધી અવસ્થિત રહેનારા યોગસ્થાનકો અસંખ્યગુણ છે.

## (૧૦) જીવોના જઘન્ય-ઉત્કૃષ્ટ યોગનું અલ્પબહુત્વ :

| ક્રમ | જીવો | યોગ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૧ | લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદના જીવને પ્રથમ સમયે | જઘન્ય | સૌથી થોડો |
| ૨ | લબ્ધિ અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૩ | લબ્ધિ અપર્યાપ્તા બેઈન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૪ | લબ્ધિ અપર્યાપ્તા તેઈન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૫ | લબ્ધિ અપર્યાપ્તા ચઉરિન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૬ | લબ્ધિ અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૭ | લબ્ધિ અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૮ | લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદના જીવો | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૯ | લબ્ધિ અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૦ | પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદના જીવો | જઘન્ય | અસંખ્યગુણ |
| ૧૧ | પર્યાપ્તા બાદર એકેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |

| ક્રમ | જીવો | યોગ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૧૨ | પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદના જીવો | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૩ | પર્યાપ્તા બાદર એકેન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૪ | લબ્ધિ અપર્યાપ્તા બેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૫ | લબ્ધિ અપર્યાપ્તા તેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૬ | લબ્ધિ અપર્યાપ્તા ચઉરિન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૭ | લબ્ધિ અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૮ | લબ્ધિ અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૧૯ | □પર્યાપ્તા બેઈન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૨૦ | પર્યાપ્તા તેઈન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૨૧ | પર્યાપ્તા ચઉરિન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૨૨ | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૨૩ | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૨૪ | પર્યાપ્તા બેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |

□ અહીં પર્યાપ્તા એટલે કરણપર્યાપ્તા જાણવા. **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૩૮માં પાના નં. ૨૮** ઉપર કહ્યું છે કે - '(૧૮) અને (૧૯)ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા - કરણ અપર્યાપ્તા બેઈન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. (૧૯) અને (૨૦)ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા-કરણ અપર્યાપ્તા તેઈન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. (૨૦) અને (૨૧)ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા-કરણ અપર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. (૨૧) અને (૨૨) ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા-કરણ અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. (૨૨) અને (૨૩)ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા-કરણ અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. (૯) અને (૧૦)ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા-કરણ અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. (૧૦) અને (૧૧)ની વચ્ચે લબ્ધિ પર્યાપ્તા-કરણ અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ યોગ છે. સર્વત્ર જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગની વચ્ચે મધ્યમ યોગ છે.'

| ક્રમ | જીવો | યોગ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૨૫ | પર્યાપ્તા તેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૨૬ | પર્યાપ્તા ચઉરિન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૨૭ | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૨૮ | અનુત્તરવાસી દેવો | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૨૯ | ગ્રૈવેયકના દેવો | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૩૦ | અકર્મભૂમિના મનુષ્યો-તિર્યંચો | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૩૧ | આહારકશરીરી | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |
| ૩૨ | શેષ દેવ-નારક-મનુષ્ય-તિર્યંચ | ઉત્કૃષ્ટ | અસંખ્યગુણ |

અહીં બધે અસંખ્યગુણમાં ગુણકાર સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ જાણવો. ઉપરના ૩૨ જીવોના દરેકના કુલ વીર્યાણુઓનું અલ્પબહુત્વ પણ આ જ પ્રમાણે છે.

# ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓ

પૂર્વે કહ્યું હતું કે યોગ વડે જીવ પુદ્ગલોને ગ્રહણ કરે, પરિણમાવે અને અવલંબે. ઉત્કૃષ્ટ યોગવાળો જીવ ઘણા પુદ્ગલોને ગ્રહણ કરે, મધ્યમ યોગવાળો જીવ મધ્યમ પુદ્ગલોને ગ્રહણ કરે, જઘન્ય યોગવાળો જીવ થોડા પુદ્ગલોને ગ્રહણ કરે.

હવે ગ્રહણયોગ્ય-અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓની પ્રરૂપણા કરાય છે -

(૧) **અગ્રહણયોગ્ય વર્ગણા :** લોકમાં જેટલા ૧-૧ પરમાણુ છે તે અનંતા પરમાણુઓનો સમુદાય તે પહેલી વર્ગણા છે. ૨-૨ પરમાણુવાળા અનંતા સ્કંધોની બીજી વર્ગણા છે. ૩-૩ પરમાણુવાળા અનંતા સ્કંધોની ત્રીજી વર્ગણા છે. એમ ૧-૧ પરમાણુની વૃદ્ધિ કરતા સંખ્યાતા પરમાણુવાળા અનંતા સ્કંધોની સંખ્યાતી વર્ગણા છે. અસંખ્યાતા પરમાણુવાળા અનંતા સ્કંધોની અસંખ્યાતી વર્ગણા છે. અનંત પરમાણુવાળા અનંતા સ્કંધોની અનંતી વર્ગણા છે. આ બધી વર્ગણાઓ અલ્પ પરમાણુવાળી અને સ્થૂલ હોવાથી જીવને માટે અગ્રહણયોગ્ય છે. અનંતાનંત પરમાણુવાળા અનંતા સ્કંધોની અનંતાનંત વર્ગણાઓમાંથી જીવને માટે કેટલીક અગ્રહણયોગ્ય છે અને કેટલીક ગ્રહણયોગ્ય છે.

(૨) **ઔદારિકની ગ્રહણયોગ્ય વર્ગણા :** અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા પરમાણુવાળા સ્કંધોની વર્ગણા તે ઔદારિકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા□ છે. ત્યાર પછી ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં.** ૪૦ ઉપર કહ્યું છે કે, 'અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા પરમાણુવાળા સ્કંધોની વર્ગણા તે જઘન્ય આહારદ્રવ્ય વર્ગણા છે. આહારદ્રવ્ય

એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. ઔદારિકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

(૩) **અગ્રહણયોગ્ય વર્ગણા :** ઔદારિકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણવાથી જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી ઔદારિક માટે

---

વર્ગણા એટલે ઔદારિક, વૈક્રિય, આહારકને યોગ્ય વર્ગણા. તેના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ આહારદ્રવ્ય વર્ગણા છે. ઉત્કૃષ્ટ આહારદ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણવાથી જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણા છે. અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણા એટલે આહારદ્રવ્ય વર્ગણા પછીની અને તૈજસદ્રવ્ય વર્ગણાની પહેલાની વર્ગણાઓ. ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે.'

અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી વૈક્રિય માટે અગ્રહણયોગ્ય છે.

(૪) **વૈક્રિયની ગ્રહણયોગ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. વૈક્રિયની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

(૫) **અગ્રહણયોગ્ય વર્ગણા :** વૈક્રિયની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી વૈક્રિય માટે અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી આહારક માટે અગ્રહણયોગ્ય છે.

(૬) **આહારકની ગ્રહણયોગ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની આહારકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી

એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. આહારકની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

(૭) **અગ્રહણયોગ્ય વર્ગણા□ :** આહારકની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી આહારક માટે અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી તૈજસ માટે અગ્રહણયોગ્ય છે.

અહીં ઔદારિક, વૈક્રિય, આહારક યોગ્ય વર્ગણાઓના આંતરાઓમાં અગ્રહણયોગ્ય વર્ગણાઓ કર્મપ્રકૃતિચૂર્ણિકાર વગેરે નથી માનતા, જિનભદ્રગણિક્ષમાશ્રમણ વગેરે માને છે.

(૮) **તૈજસની ગ્રહણયોગ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. તૈજસની

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં.** ૪૦ ઉપર આને અગ્રહણયોગ્ય આહારદ્રવ્ય વર્ગણા કહી છે.

જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

(૯) **અગ્રહણયોગ્ય વર્ગણા**□ : તૈજસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી તૈજસ માટે અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી ભાષા માટે અગ્રહણયોગ્ય છે.

(૧૦) **ભાષાની ગ્રહણયોગ્ય વર્ગણા** : ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ભાષાની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ભાષાની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. ભાષાની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ભાષાની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

---

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં. ૪૦** ઉપર આને તૈજસની અગ્રહણયોગ્ય વર્ગણા કહી છે.

**(૧૧) અગ્રહણયોગ્ય વર્ગણા**Δ **:** ભાષાની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તર-વૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી ભાષા માટે અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી શ્વાસોચ્છ્વાસ માટે અગ્રહણયોગ્ય છે.

**(૧૨) શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય વર્ગણા**□ **:** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. શ્વાસોચ્છ્વાસની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

---

Δ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં.** ૪૦ ઉપર આને ભાષાની અગ્રહણયોગ્ય વર્ગણા કહી છે.

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટીપ્પણ ૪૪માં પાના નં.** ૩૩ ઉપર કહ્યું છે કે, 'કેટલાક એમ માને છે કે જે જીવને જે શરીર હોય તે જીવ તે શરીરવર્ગણાને જ શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી છોડે છે. એટલે કે શ્વાસોચ્છ્વાસ વર્ગણા જુદી નથી.'

**(૧૩) અગ્રહણયોગ્ય વર્ગણા□ :** શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી શ્વાસોચ્છ્વાસ માટે અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી મન માટે અગ્રહણયોગ્ય છે.

**(૧૪) મનની ગ્રહણયોગ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની મનની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. મનની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

**(૧૫) અગ્રહણયોગ્ય વર્ગણા△ :** મનની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા

---

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં. ૪૧** ઉપર આને શ્વાસોચ્છ્વાસની અગ્રહણયોગ્ય વર્ગણા કહી છે.

△ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં. ૪૧** ઉપર આને મનની અગ્રહણયોગ્ય વર્ગણા કહી છે.

જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અભવ્ય કરતા અનંતગુણ કે સિદ્ધના અનંતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ ઘણા પ્રદેશોવાળી અને સૂક્ષ્મ હોવાથી મન માટે અગ્રહણયોગ્ય છે, અલ્પ પ્રદેશોવાળી અને સ્થૂલ હોવાથી કર્મ માટે અગ્રહણયોગ્ય છે.

**(૧૬) કર્મની ગ્રહણયોગ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની કર્મની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા છે. ત્યાર પછી કર્મની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. કર્મની જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં તેનો અનંતમો ભાગ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની કર્મની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા છે.

સ્વતંત્ર પરમાણુમાં ૧ વર્ણ, ૧ ગન્ધ, ૧ રસ અને ૨ અવિરુદ્ધ સ્પર્શ હોય છે.

ઔદારિક, વૈક્રિય, આહારકની ગ્રહણયોગ્ય વર્ગણાઓ ૫ વર્ણવાળી, ૨ ગન્ધવાળી, ૫ રસવાળી અને ૮ સ્પર્શવાળી હોય છે.

તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન, કર્મની ગ્રહણયોગ્ય વર્ગણાઓ ૫ વર્ણવાળી, ૨ ગન્ધવાળી, ૫ રસવાળી અને ૪ સ્પર્શવાળી હોય છે. તેમાં મૃદુ સ્પર્શ અને લઘુ સ્પર્શ અવસ્થિત હોય છે અને સ્નિગ્ધ-ઉષ્ણ,

સ્નિગ્ધ-શીત, રૂક્ષ-ઉષ્ણ, રૂક્ષ-શીત - આ ચારમાંથી એક જોડકુ હોય છે.□

**વર્ગણાઓના પરમાણુઓનું તથા ક્ષેત્રાવગાહનાનું અલ્પબહુત્વ :**

Δ ઔદારિકની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ સૌથી થોડા છે, ક્ષેત્રની અવગાહના⊙ સૌથી વધુ છે.

તેના કરતા વૈક્રિયની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

તેના કરતા આહારકની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

તેના કરતા તૈજસની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

તેના કરતા ભાષાની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

---

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મ. કૃત ટીપ્પણ ૪૫માં પાના નં.** ૩૬ ઉપર કહ્યું છે કે, 'ભગવતી સૂત્રના મતે તૈજસવર્ગણા ૮ સ્પર્શવાળી છે અને કાર્મણવર્ગણા ૪ સ્પર્શવાળી છે.'

Δ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૧૮-૨૦ની ચૂર્ણિમાં પાના નં. ૪૧** ઉપર અને **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૫ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૧૪** ઉપર કહ્યું છે કે - 'ઔદારિકની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ સૌથી થોડા છે. તેના કરતા વૈક્રિયની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અસંખ્યગુણ છે. તેના કરતા આહારકની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અસંખ્યગુણ છે. ત્યાર પછી તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મની વર્ગણાઓમાં પરમાણુ ઉત્તરોત્તર અનંતગુણ-અનંતગુણ છે.'

⊙ ઔદારિકની ગ્રહણયોગ્ય વર્ગણાની નીચેની વર્ગણાઓ અને ધ્રુવાચિત્ત વગેરે વર્ગણાઓની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તેમની પરસ્પર કોઈ નિયત અવગાહના કે વૃદ્ધિ-હાનિ નથી.

તેના કરતા શ્વાસોચ્છ્વાસની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

તેના કરતા મનની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

તેના કરતા કર્મની ગ્રહણયોગ્ય વર્ગણામાં પરમાણુ અનંતગુણ છે, ક્ષેત્રની અવગાહના અસંખ્યાતમો ભાગ છે.

કર્મની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણા પછીની બધી વર્ગણાઓ જીવને અગ્રહણયોગ્ય છે. તે આ પ્રમાણે છે -

(૧૭) □**ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા :** કર્મની ઉત્કૃષ્ટ ગ્રહણયોગ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ હંમેશા મળે જ છે. જઘન્ય ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને સર્વ જીવ કરતા અનંતગુણથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા છે. આ વર્ગણાઓ હંમેશા લોકમાં હોય જ છે. તેથી તે ધ્રુવ છે. આ વર્ગણાઓને જીવ ક્યારેય ગ્રહણ કરતો નથી. તેથી તેને અચિત્ત કહેવાય છે.

(૧૮) △**અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ ધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે

---

**□ પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૬ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૧૪** ઉપર આને ધ્રુવવર્ગણા કહી છે.

**△ પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૬ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૧૪** ઉપર આને અધ્રુવવર્ગણા કહી છે.

તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને સર્વ જીવ કરતા અનંતગુણથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણા છે. આ વર્ગણાઓમાંથી કેટલીક વર્ગણાઓ ક્યારેક લોકમાં હોય, ક્યારેક ન પણ હોય. તેથી તે અધ્રુવ છે. આ વર્ગણાઓને જીવ ક્યારેય ગ્રહણ કરતો નથી. તેથી તેને અચિત્ત કહેવાય છે. આ વર્ગણાને સાન્તરનિરન્તર વર્ગણા પણ કહેવાય છે.

**(૧૯) પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ અધ્રુવાચિત્ત દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને સર્વ જીવ કરતા અનંતગુણથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણા છે. આ વર્ગણાઓ લોકમાં ક્યારેય હોતી નથી. તેથી ધ્રુવશૂન્ય છે. આગળ આવનારી દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણાઓની અપેક્ષાએ આ પ્રથમ છે. ધ્રુવશૂન્ય વર્ગણાઓ નિશ્ચિતપણે વિશ્વમાં નથી જ હોતી, છતાં પણ તેમની પછી આવનારી પ્રત્યેકશરીરી વર્ગણા, બાદરનિગોદ વર્ગણા, સૂક્ષ્મનિગોદ વર્ગણા, અચિત્તમહાસ્કંધ વર્ગણામાં રહેલા પરમાણુઓની સંખ્યાની મહત્તા બતાવવા તેમની પ્રરૂપણા કરી છે.

**(૨૦) પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે

આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા છે. પ્રત્યેકશરીરી જીવોના સત્તામાં રહેલ ઔદારિક શરીર નામકર્મ, વૈક્રિય શરીર નામકર્મ, આહારક શરીર નામકર્મ, તૈજસ શરીર નામકર્મ અને કાર્મણ શરીર નામકર્મના દરેક પ્રદેશ ઉપર વિસ્રસા પરિણામથી સર્વ જીવ કરતા અનંતગુણ પુદ્‌ગલો રહેલા છે. તે પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા કહેવાય છે.

આ વર્ગણાઓ કર્મપ્રદેશોને આશ્રયીને રહેલી છે. જઘન્ય કર્મદલિકો હોય ત્યારે જઘન્ય પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા હોય અને ઉત્કૃષ્ટ કર્મદલિકો હોય ત્યારે ઉત્કૃષ્ટ પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણા હોય. જઘન્ય યોગ હોય ત્યારે જઘન્ય કર્મપ્રદેશો હોય. ઉત્કૃષ્ટ યોગ હોય ત્યારે ઉત્કૃષ્ટ કર્મપ્રદેશો હોય. પ્રત્યેકશરીરી જીવોના જઘન્ય યોગ કરતા ઉત્કૃષ્ટ યોગ સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યથી ગુણિત છે. તેથી જઘન્ય પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુ કરતા ઉત્કૃષ્ટ પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યથી ગુણિત છે.

**(૨૧) દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા

પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને અસંખ્યલોકાકાશપ્રદેશથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણા છે. આ વર્ગણાઓ પણ ક્યારેય લોકમાં હોતી નથી. તેથી શૂન્ય છે. પૂર્વે કહેલી પ્રથમ ધ્રુવશૂન્ય વર્ગણાની અપેક્ષાએ અને આગળ આવનારી તૃતીય-ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણાઓની અપેક્ષાએ આ દ્વિતીય છે.

**(૨૨) બાદરનિગોદ વર્ગણા :** ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય બાદરનિગોદ વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ બાદરનિગોદ વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય બાદરનિગોદ વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ બાદરનિગોદ વર્ગણા છે. અહીં કારણ પ્રત્યેકશરીરી દ્રવ્ય વર્ગણાની જેમ જાણી લેવું.

બાદરનિગોદના જીવોના સત્તામાં રહેલ ઔદારિક શરીર નામકર્મ, તૈજસ શરીર નામકર્મ અને કાર્મણ શરીર નામકર્મના દરેક પ્રદેશ ઉપર વિસ્રસા પરિણામથી સર્વ જીવ કરતા અનંતગુણ પુદ્ગલો રહેલા છે. તે બાદરનિગોદ વર્ગણા છે. જો કે કેટલાક બાદર નિગોદના જીવોને કેટલોક કાળ સત્તામાં વૈક્રિય શરીર નામકર્મ અને આહારક શરીર નામકર્મ હોય છે છતાં પહેલા સમયથી જ તેની નિરંતર ઉદ્વલના ચાલુ હોવાથી તે અત્યંત અસાર હોય છે. તેથી તેની વિવક્ષા કરી નથી.

**(૨૩) તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ બાદર નિગોદ વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને અસંખ્યથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણા છે. અહીં ગુણકાર અસંખ્ય એ અંગુલપ્રમાણ ક્ષેત્રના આકાશપ્રદેશોના આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય જેટલા વર્ગમૂળ કરી ચરમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ છે. આ વર્ગણાઓ લોકમાં ક્યારેય હોતી નથી. તેથી શૂન્ય છે. પૂર્વે કહેલી પ્રથમ અને દ્વિતીય ધ્રુવશૂન્ય વર્ગણાઓની અપેક્ષાએ અને આગળ આવનારી ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણાની અપેક્ષાએ આ તૃતીય છે.

**(૨૪) સૂક્ષ્મનિગોદ વર્ગણા :** ઉત્કૃષ્ટ તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય સૂક્ષ્મનિગોદ વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદ વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય સૂક્ષ્મનિગોદ વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુને આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમયથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદ વર્ગણા છે. સૂક્ષ્મનિગોદના જીવોના સત્તામાં રહેલા ઔદારિક શરીર નામકર્મ, તૈજસ શરીર નામકર્મ અને કાર્મણ શરીર નામકર્મના દરેક પ્રદેશ ઉપર વિસ્રસા પરિણામથી સર્વ જીવ કરતા અનંતગુણ પુદ્ગલો રહેલા છે. તે સૂક્ષ્મનિગોદ વર્ગણા છે.

સૂક્ષ્મનિગોદ વર્ગણાઓ કર્મપ્રદેશોને આશ્રયીને રહેલી છે. તેથી જઘન્ય કર્મદલિકો હોય ત્યારે જઘન્ય સૂક્ષ્મનિગોદ વર્ગણાઓ હોય અને ઉત્કૃષ્ટ કર્મદલિકો હોય ત્યારે ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદ વર્ગણાઓ હોય. જઘન્ય યોગ હોય ત્યારે જઘન્ય કર્મદલિકો હોય અને ઉત્કૃષ્ટ યોગ હોય ત્યારે ઉત્કૃષ્ટ કર્મદલિકો હોય. સૂક્ષ્મનિગોદના જીવોના જઘન્ય યોગ કરતા ઉત્કૃષ્ટ યોગ આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ અસંખ્યથી ગુણિત છે. તેથી જઘન્ય સૂક્ષ્મનિગોદ વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુ કરતા ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદ વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુ આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ અસંખ્યથી ગુણિત છે.

**(૨૫) ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણા :** ઉત્કૃષ્ટ સૂક્ષ્મનિગોદ વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય શ્રેણિઓના આકાશપ્રદેશોથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણા છે. આ વર્ગણાઓ લોકમાં ક્યારેય હોતી નથી. તેથી શૂન્ય છે. પૂર્વે કહેલી પ્રથમ-દ્વિતીય-તૃતીય ધ્રુવશૂન્ય વર્ગણાઓની અપેક્ષાએ આ ચતુર્થ છે.

**(૨૬) અચિત્તમહાસ્કંધ વર્ગણા :** ઉત્કૃષ્ટ ચતુર્થ ધ્રુવશૂન્ય વર્ગણાના દરેક સ્કંધમાં રહેલા પરમાણુમાં ૧ પરમાણુ ઉમેરતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની જઘન્ય અચિત્તમહાસ્કંધ વર્ગણા છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ અચિત્તમહાસ્કંધ વર્ગણા સુધી એકોત્તરવૃદ્ધિવાળા પરમાણુવાળા સ્કંધોની વર્ગણાઓ છે. જઘન્ય અચિત્તમહાસ્કંધ

વર્ગણાના દરેક સ્કંધમાં રહેલ પરમાણુને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ગુણતા જે આવે તેટલા પરમાણુવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અચિત્તમહાસ્કંધ વર્ગણા છે. પર્વત, શિખર વગેરેને વિસ્રસા પરિણામથી આશ્રયીને રહેલા પુદ્ગલસ્કંધો તે અચિત્તમહાસ્કંધ વર્ગણા છે. જ્યારે ત્રસજીવો વધુ હોય ત્યારે આ વર્ગણાઓ થોડી હોય છે. જ્યારે ત્રસજીવો અલ્પ હોય ત્યારે આ વર્ગણાઓ વધુ હોય છે. આવું થવામાં તથાસ્વભાવ કારણ છે. અચિત્તમહાસ્કંધ વર્ગણાઓ ક્યારેક ૪ સમયમાં વિસ્રસા પરિણામથી ચૌદ રાજલોકવ્યાપી બની જાય છે.

પરમાણુ વર્ગણાથી ઉત્કૃષ્ટ અચિત્તમહાસ્કંધ વર્ગણા સુધીની દરેક વર્ગણાઓની ક્ષેત્રાવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. દરેક વર્ગણા અનંતાનંત પરમાણુવાળી અને સ્કંધોવાળી છે. દરેક વર્ગણા સકલલોકમાં રહેલી છે.

## ગ્રહણયોગ્ય - અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓ

| વર્ગણા ક્રમ | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૧ | અગ્રહણયોગ્ય | એક | અનંતાનંત | અંગુલ/અસંખ્ય |
| ૨ | ઔદારિકની ગ્રહણયોગ્ય | અભવ્ય કરતા અનંતગુણ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૩ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ ઔદારિક-ગ્રહણયોગ્ય૦ + ૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૪ | વૈક્રિયની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટઅગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |

| વર્ગણા ક્રમ | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૫ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ વૈક્રિય-ગ્રહણયોગ્ય૦ + ૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૬ | આહારકની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૭ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ આહારક-ગ્રહણયોગ્ય૦+૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૮ | તૈજસની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૯ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ તૈજસ-ગ્રહણયોગ્ય૦+૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૦ | ભાષાની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૧૧ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ ભાષાગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૨ | શ્વાસોચ્છ્‌વાસની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૧૩ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ શ્વાસોચ્છ્‌વાસ-ગ્રહણયોગ્ય૦+૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૪ | મનની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય૦ + ૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |

| વર્ગણા ક્રમ | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૧૫ | અગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ મન-ગ્રહણયોગ્ય૦ + ૧ | જઘન્ય x અભવ્ય કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૬ | કર્મની ગ્રહણયોગ્ય | ઉત્કૃષ્ટ અગ્રહણ-યોગ્ય૦+૧ | જઘન્ય + $\frac{\text{જઘન્ય}}{\text{અનંત}}$ | અંગુલ/અસંખ્ય |
| ૧૭ | ધ્રુવાચિત્ત દ્રવ્ય | ઉત્કૃષ્ટ કર્મગ્રહણ-યોગ્ય૦+૧ | જઘન્ય x સર્વ જીવ કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૮ | અધ્રુવાચિત્ત દ્રવ્ય | ઉત્કૃષ્ટ ધ્રુવાચિત્ત-દ્રવ્ય૦+૧ | જઘન્ય x સર્વ જીવ કરતાં અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૧૯ | પ્રથમ ધ્રુવશૂન્ય | ઉત્કૃષ્ટ અધ્રુવાચિત્ત-દ્રવ્ય૦+૧ | જઘન્ય x સર્વ જીવ કરતા અનંતગુણ | અંગુલ/અસંખ્ય |
| ૨૦ | પ્રત્યેકશરીરી દ્રવ્ય | ઉત્કૃષ્ટ પ્રથમ ધ્રુવશૂન્ય૦+૧ | જઘન્ય x $\frac{\text{સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંગુલ/અસંખ્ય |
| ૨૧ | દ્વિતીય ધ્રુવશૂન્ય | ઉત્કૃષ્ટપ્રત્યેકશરીરી-દ્રવ્ય૦+૧ | જઘન્ય x અસંખ્ય-લોકાકાશપ્રદેશ | અંગુલ/અસંખ્ય |
| ૨૨ | બાદરનિગોદ | ઉત્કૃષ્ટ દ્વિતીય ધ્રુવશૂન્ય૦+૧ | જઘન્ય x $\frac{\text{સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંગુલ/અસંખ્ય |
| ૨૩ | તૃતીય ધ્રુવશૂન્ય | ઉત્કૃષ્ટ બાદર-નિગોદ૦+૧ | જઘન્ય x $\frac{\text{અંગુલનું અસંખ્યાતમુ}^{\square}\text{ વર્ગમૂળ}}{\text{અસંખ્ય}}$ | અંગુલ/અસંખ્ય |

□ અસંખ્યાતમુ વર્ગમૂળ = આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય જેટલામુ વર્ગમૂળ

| વર્ગણા ક્રમ | વર્ગણાના નામ | જઘન્ય વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | ઉત્કૃષ્ટ વર્ગણાના દરેક સ્કંધના પરમાણુ | અવગાહના |
|---|---|---|---|---|
| ૨૪ | સૂક્ષ્મનિગોદ | ઉત્કૃષ્ટ તૃતીય ધ્રુવશૂન્ય૦+૧ | જઘન્ય x $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ | અંગુલ/અસંખ્ય |
| ૨૫ | ચતુર્થ ધ્રુવશૂન્ય | ઉત્કૃષ્ટ સૂક્ષ્મ-નિગોદ૦+૧ | જઘન્ય x $\frac{\text{પ્રતર}}{\text{અસંખ્ય}}$ | અંગુલ/અસંખ્ય |
| ૨૬ | અચિત્તમહાસ્કંધ | ઉત્કૃષ્ટ ચતુર્થ ધ્રુવશૂન્ય૦+૧ | જઘન્ય x $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંગુલ/અસંખ્ય |

એક પરમાણુ એક આકાશપ્રદેશમાં રહે છે. એક દ્વયણુક એક કે બે આકાશપ્રદેશમાં રહે છે. તે રીતે અસંખ્ય પરમાણુવાળો સ્કંધ એક કે બે કે ત્રણ કે..... યાવત્ અસંખ્ય આકાશપ્રદેશમાં રહે છે, અનંત પરમાણુવાળો સ્કંધ એક કે બે કે ત્રણ કે.....યાવત્ અસંખ્ય આકાશપ્રદેશમાં રહે છે.

જીવ પોતાની અવગાહનામાં રહેલા એક કે અનેક દલિકોને પોતાના બધા આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે.

---

$\Delta$ $\frac{\text{પ્રતર}}{\text{અસંખ્ય}}$ = પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલ અસંખ્ય સૂચિશ્રેણિઓના આકાશપ્રદેશો

# સ્નેહપ્રરૂપણા

પુદ્ગલદ્રવ્યોનો પરસ્પર સંબંધ સ્નેહથી (ચીકાશથી) થાય છે. તેથી હવે સ્નેહની પ્રરૂપણા કરાય છે.

સ્નેહપ્રરૂપણા ત્રણ પ્રકારે છે-

(૧) સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા

(૨) નામપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા

(૩) પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા

## ૧) સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા

પુદ્ગલોમાં ઉત્પન્ન થતા સ્વાભાવિક સ્નેહથી થતા સ્પર્ધકોની પ્રરૂપણા તે સ્નેહપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા. આ સ્નેહથી સ્કંધો બને છે. સ્નેહપ્રત્યયસ્પર્ધકોનો વિષય વાદળ વગેરે છે.

સર્વોત્કૃષ્ટ સ્નેહને કેવળીની બુદ્ધિથી છેદતા જેના બે વિભાગ ન થાય તેવો અંશ તે સ્નેહનો અવિભાગ છે. તેને સ્નેહાણુ પણ કહેવાય છે. સ્નેહના ૧ અવિભાગવાળા જેટલા પરમાણુઓ લોકમાં છે તેમનો સમુદાય તે પહેલી વર્ગણા છે. સ્નેહના બે અવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા છે. એમ સ્નેહના સંખ્યાતા અવિભાગવાળા પરમાણુઓની સંખ્યાતી વર્ગણાઓ છે. સ્નેહના અસંખ્યાતા અવિભાગવાળા પરમાણુઓની અસંખ્યાતી વર્ગણાઓ છે. સ્નેહના અનંતા અવિભાગવાળા પરમાણુઓની અનંતી વર્ગણાઓ છે. આ બધી વર્ગણાઓનું એક જ સ્પર્ધક છે. તેમની વચ્ચે કોઈ અંતર નથી.

અહીં બે પ્રકારની પ્રરૂપણા છે-

**(૧) અનંતરોપનિધા** - ઓછા સ્નેહવાળા પરમાણુ ઘણા હોય છે અને ઘણા સ્નેહવાળા પરમાણુ ઓછા હોય છે. તેથી પ્રથમ વર્ગણાથી અનંતી વર્ગણાઓ સુધી ઉત્તરોત્તર વર્ગણામાં પૂર્વ પૂર્વની વર્ગણા કરતા અસંખ્યાતભાગહીન પરમાણુઓ છે. ત્યાર પછીની અનંત વર્ગણાઓ સુધી ઉત્તરોત્તર વર્ગણાઓમાં પૂર્વ પૂર્વ વર્ગણા કરતા સંખ્યાતભાગહીન પરમાણુઓ છે. ત્યાર પછીની અનંત વર્ગણાઓ સુધી ઉત્તરોત્તર વર્ગણામાં પૂર્વ પૂર્વ વર્ગણા કરતા સંખ્યાતગુણહીન પરમાણુઓ છે. ત્યાર પછીની અનંત વર્ગણાઓ સુધી ઉત્તરોત્તર વર્ગણામાં પૂર્વ પૂર્વ વર્ગણા કરતા અસંખ્યગુણહીન પરમાણુઓ છે. □ત્યાર પછી ઉત્કૃષ્ટ વર્ગણા સુધી ઉત્તરોત્તર વર્ગણામાં પૂર્વ પૂર્વ વર્ગણા કરતા અનંતગુણહીન પરમાણુઓ છે.

**(૨) પરંપરોપનિધા** - અસંખ્યાતભાગહાનિની પ્રથમ વર્ગણા પછી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગી પછીની વર્ગણામાં પ્રથમ વર્ગણા કરતા દ્વિગુણહીન (અડધા) પરમાણુ છે. ત્યાર પછી ફરી તેટલી વર્ગણાઓ ઓળંગી પછીની વર્ગણામાં દ્વિગુણહીન પરમાણુ છે. એમ અસંખ્યાતભાગહાનિની ચરમ વર્ગણા સુધી જાણવું.

ત્યાર પછી સંખ્યાતભાગહાનિની સંખ્યાતી વર્ગણાઓ ઓળંગી પછીની વર્ગણામાં દ્વિગુણહીન પરમાણુ છે. ત્યાર પછી સંખ્યાતી વર્ગણાઓ ઓળંગી પછીની વર્ગણામાં દ્વિગુણહીન પરમાણુ છે. એમ સંખ્યાતભાગહાનિની ચરમ વર્ગણા સુધી જાણવું.

---

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૨ની ચૂર્ણિમાં પાના નં. ૫૪** ઉપર અહીં અસંખ્યગુણહીન પરમાણુઓવાળી વર્ગણાઓ સુધી કહ્યું છે. ત્યાર પછી અનંતગુણહીન પરમાણુઓવાળી વર્ગણાઓ કહી નથી.

ત્યાર પછીની ત્રણ પ્રકારની હાનિવાળી વર્ગણાઓમાં દ્વિગુણહીન પરમાણુઓવાળી વર્ગણાઓ મળતી નથી, કેમકે સંખ્યાતભાગહાનિની ચરમ વર્ગણા કરતા સંખ્યાતગુણહાનિની પ્રથમ વર્ગણામાં પણ ત્રણગુણહીન કે ચારગુણહીન વગેરે પરમાણુ હોય છે. તેથી મૂળથી બીજી રીતે પરંપરોપનિધા બતાવાય છે.

અસંખ્યાતભાગહાનિની પ્રથમ વર્ગણાના પરમાણુ કરતા અસંખ્યાતભાગહાનિની કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અસંખ્યાત-ભાગહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ સંખ્યાતભાગહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ સંખ્યાતગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અસંખ્યગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અનંતગુણહીન છે.

સંખ્યાતભાગહાનિની પ્રથમ વર્ગણાના પરમાણુ કરતા સંખ્યાતભાગહાનિની કેટલીક વર્ગણાઓમાં પરમાણુ સંખ્યાત-ભાગહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ સંખ્યાતગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અસંખ્યગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અનંતગુણહીન છે.

સંખ્યાતગુણહાનિની પ્રથમ વર્ગણાના પરમાણુ કરતા સંખ્યાતગુણહાનિની કેટલીક વર્ગણાઓમાં પરમાણુ સંખ્યાતગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અસંખ્યગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અનંતગુણહીન છે.


અસંખ્યગુણહાનિની પ્રથમ વર્ગણાના પરમાણુ કરતા અસંખ્યગુણહાનિની કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અસંખ્યગુણહીન છે, કેટલીક વર્ગણાઓમાં પરમાણુ અનંતગુણહીન છે.

અનંતગુણહાનિની પ્રથમ વર્ગણાના પરમાણુ કરતા અનંત-ગુણહાનિની બધી વર્ગણાઓમાં પરમાણુ અનંતગુણહીન છે.

## સ્નેહપ્રત્યયસ્પર્ધકની સ્થાપના

દરેક વર્ગણામાં રહેલા પરમાણુ ક્રમશઃ ઓછા થાય છે. ↓

દરેક પરમાણુમાં રહેલા સ્નેહાણુ ↓



ઉત્તરોત્તર અસંખ્યાત-ભાગહીન પરમાણુવાળી અનંત વર્ગણાઓ → સ્વપ્રથમ વર્ગણાની અપેક્ષાએ કેટલીક વર્ગણામાં અસંખ્યાતભાગહીન, કેટલીક વર્ગણામાં સંખ્યાતભાગહીન, કેટલીક વર્ગણામાં સંખ્યાતગુણહીન, કેટલીક વર્ગણામાં અસંખ્યગુણહીન, કેટલીક વર્ગણામાં અનંતગુણહીન પરમાણુ હોય.

ઉત્તરોત્તર સંખ્યાત-ભાગહીન પરમાણુવાળી અનંત વર્ગણાઓ → સ્વપ્રથમ વર્ગણાની અપેક્ષાએ કેટલીક વર્ગણામાં સંખ્યાતભાગહીન, કેટલીક વર્ગણામાં સંખ્યાતગુણહીન, કેટલીક વર્ગણામાં અસંખ્યગુણહીન, કેટલીક વર્ગણામાં અનંતગુણહીન પરમાણુ હોય.

ઉત્તરોત્તર સંખ્યાત-ગુણહીન પરમાણુવાળી અનંત વર્ગણાઓ → સ્વપ્રથમ વર્ગણાની અપેક્ષાએ કેટલીક વર્ગણામાં સંખ્યાતગુણહીન, કેટલીક વર્ગણામાં અસંખ્યગુણહીન, કેટલીક વર્ગણામાં અનંતગુણહીન પરમાણુ હોય.

ઉત્તરોત્તર અસંખ્ય ગુણહીન પરમાણુવાળી અનંત વર્ગણાઓ → સ્વપ્રથમ વર્ગણાની અપેક્ષાએ કેટલીક વર્ગણામાં અસંખ્યગુણહીન, કેટલીક વર્ગણામાં અનંતગુણહીન પરમાણુ હોય.

ઉત્તરોત્તર અનંત-ગુણહીન પરમાણુવાળી અનંત વર્ગણાઓ → સ્વપ્રથમ વર્ગણાની અપેક્ષાએ બધી વર્ગણામાં અનંતગુણહીન પરમાણુ હોય.

અલ્પબહુત્વ -

| ક્ર. | વર્ગણા | વર્ગણાનું અલ્પબહુત્વ | □પરમાણુનું અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૧ | અસંખ્યાતભાગહાનિવાળી વર્ગણા | સૌથી થોડી | સૌથી વધુ |
| ૨ | સંખ્યાતભાગહાનિવાળી વર્ગણા | અનંતગુણ | અનંતમો ભાગ |
| ૩ | સંખ્યાતગુણહાનિવાળી વર્ગણા | અનંતગુણ | અનંતમો ભાગ |
| ૪ | અસંખ્યગુણહાનિવાળી વર્ગણા | અનંતગુણ | અનંતમો ભાગ |
| ૫ | અનંતગુણહાનિવાળી વર્ગણા | અનંતગુણ | અનંતમો ભાગ |

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૨ની ચૂર્ણિમાં પાના નં. ૫૫** ઉપર અહીં દ્રવ્યાર્થથી (સ્કંધોનું) અને પ્રદેશાર્થથી (પરમાણુનું) અલ્પબહુત્વ આ જ પ્રમાણે કહ્યું છે, પછી દ્રવ્યાર્થ-પ્રદેશાર્થથી અલ્પબહુત્વ નીચે પ્રમાણે કહ્યું છે—

| ક્ર. | વર્ગણા | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | અનંતગુણહાનિવાળી વર્ગણા દ્રવ્યાર્થથી | અલ્પ |
| ૨ | અનંતગુણહાનિવાળી વર્ગણા પ્રદેશાર્થથી | અસંખ્યગુણ |
| ૩ | અસંખ્યગુણહાનિવાળી વર્ગણા દ્રવ્યાર્થથી | અનંતગુણ |
| ૪ | અસંખ્યગુણહાનિવાળી વર્ગણા પ્રદેશાર્થથી | અસંખ્યગુણ |
| ૫ | સંખ્યાતગુણહાનિવાળી વર્ગણા દ્રવ્યાર્થથી | અનંતગુણ |
| ૬ | સંખ્યાતગુણહાનિવાળી વર્ગણા પ્રદેશાર્થથી | અસંખ્યગુણ |
| ૭ | સંખ્યાતભાગહાનિવાળી વર્ગણા દ્રવ્યાર્થથી | અનંતગુણ |
| ૮ | સંખ્યાતભાગહાનિવાળી વર્ગણા પ્રદેશાર્થથી | અસંખ્યગુણ |
| ૯ | અસંખ્યાતભાગહાનિવાળી વર્ગણા દ્રવ્યાર્થથી | અનંતગુણ |
| ૧૦ | અસંખ્યાતભાગહાનિવાળી વર્ગણા પ્રદેશાર્થથી | અસંખ્યગુણ |

## ૨) નામપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા

પંદર પ્રકારના શરીરનામકર્મના ઉદયથી ગ્રહણ કરાયેલ અને ગ્રહણ કરાતી ઔદારિક વગેરે વર્ગણાઓના પરમાણુઓ બંધનનામ-કર્મના ઉદયથી ઉત્પન્ન થતા સ્નેહથી પરસ્પર બંધાય છે. તે સ્નેહથી થતા સ્પર્ધકોની પ્રરૂપણા તે નામપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા. આ સ્નેહથી શરીરપુદ્ગલોનો પરસ્પર સંબંધ થાય છે. અહીં છ દ્વાર છે. તે આ પ્રમાણે છે–

(૧) **અવિભાગ :** ઔદારિક વગેરે પાંચ શરીર યોગ્ય વર્ગણાઓના પરમાણુઓના સ્નેહને કેવલીની બુદ્ધિથી છેદતા જેના બે વિભાગ ન થાય તેવો અંશ તે સ્નેહનો અવિભાગ છે. એને ગુણપરમાણુ કે ભાવપરમાણુ કે સ્નેહાણુ પણ કહેવાય છે.

(૨) **વર્ગણા :** સ્નેહના ૧ અવિભાગવાળા પુદ્ગલોથી માંડીને અનંત અવિભાગવાળા પુદ્ગલો પંદરમાંથી એકેય બંધનનો વિષય બનતા નથી. સર્વ જીવ કરતા અનંતગુણ સ્નેહના અવિભાગવાળા પુદ્ગલોનો સમુદાય તે પ્રથમ વર્ગણા છે. ત્યાર પછી એકોત્તર-વૃદ્ધિવાળા સ્નેહના અવિભાગવાળા પુદ્ગલોની અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ છે.

(૩) **સ્પર્ધક :** અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી આ વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક છે.


(૪) **અંતર :** પહેલા સ્પર્ધક પછી એકોત્તરવૃદ્ધિવાળા અવિ-ભાગવાળા પુદ્ગલોની વર્ગણાઓ મળતી નથી. પહેલા સ્પર્ધકની ચરમવર્ગણાના દરેક પુદ્ગલમાં રહેલ અવિભાગમાં સર્વ જીવ કરતા અનંતગુણ અવિભાગ ઉમેરતા જે આવે તેટલા અવિભાગવાળા પુદ્ગલોની વર્ગણા તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા છે. પહેલા

સ્પર્ધકની ચરમ વર્ગણાના પુદ્‌ગલો અને બીજા સ્પર્ધકની પહેલી વર્ગણાના પુદ્‌ગલો વચ્ચે સર્વ જીવ કરતા અનંતગુણ અવિભાગોનું અંતર છે.

બીજા સ્પર્ધકની પહેલી વર્ગણાના દરેક પુદ્‌ગલમાં પહેલા સ્પર્ધકની પહેલી વર્ગણાના દરેક પુદ્‌ગલમાં રહેલ અવિભાગો કરતા દ્વિગુણ (બમણા) અવિભાગો છે. બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા પછી એકોત્તરવૃદ્ધિવાળા અવિભાગવાળા પુદ્‌ગલોની અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ છે. તેમનો સમુદાય તે બીજુ સ્પર્ધક છે. ત્યાર પછી સર્વ જીવ કરતા અનંતગુણ અવિભાગનું અંતર પડે છે. બીજા સ્પર્ધકની ચરમ વર્ગણાના દરેક પુદ્‌ગલમાં રહેલા અવિભાગમાં સર્વ જીવ કરતા અનંતગુણ અવિભાગ ઉમેરતા જે આવે તેટલા અવિભાગવાળા પુદ્‌ગલોની વર્ગણા તે ત્રીજા સ્પર્ધકની પહેલી વર્ગણા છે. તેના દરેક પુદ્‌ગલમાં પહેલા સ્પર્ધકની પહેલી વર્ગણાના દરેક પુદ્‌ગલમાં રહેલ અવિભાગો કરતા ત્રિગુણ અવિભાગો છે. ત્યારપછી એ જ ક્રમે ત્રીજું સ્પર્ધક, અંતર, ચોથું સ્પર્ધક, અંતર.... એમ છેલ્લા સ્પર્ધક સુધી જાણવું. કુલ સ્પર્ધકો અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા છે અને અંતર તેના કરતા ૧ ન્યૂન છે. જેટલામુ સ્પર્ધક હોય તેની પહેલી વર્ગણાના દરેક પુદ્‌ગલમાં પહેલા સ્પર્ધકની પહેલી વર્ગણાના દરેક પુદ્‌ગલમાં રહેલા અવિભાગો કરતા તેટલા ગુણ અવિભાગો હોય છે.

વર્ગણાઓમાં અવિભાગોની વૃદ્ધિ બે પ્રકારે છે :

(૧) અનંતરવૃદ્ધિ અને (૨) પરંપરવૃદ્ધિ.


શરીરસ્થાનની સ્થાપના
દરેક વર્ગણામાં રહેલા અનંત પરમાણુ ક્રમશઃ હીન થાય છે.
દરેક પરમાણુમાં રહેલા સ્નેહાણુ
બંધનને અયોગ્ય સર્વ જીવ કરતા અનંતગુણ વર્ગણાઓ
પહેલું સ્પર્ધક (અભવ્ય કરતા અનંતગુણ વર્ગણા)
સર્વજીવ કરતા અનંતગુણ સ્નેહાણુ
અંતર (સર્વ જીવ કરતા અનંતગુણ)
બીજું સ્પર્ધક (અભવ્ય કરતા અનંતગુણ વર્ગણા)
પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા કરતા દ્વિગુણ સ્નેહાણુ
અંતર (સર્વ જીવ કરતા અનંતગુણ)
ત્રીજું સ્પર્ધક (અભવ્ય કરતા અનંતગુણ વર્ગણા)
પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા કરતા ત્રિગુણ સ્નેહાણુ
અંતર (સર્વ જીવ કરતા અનંતગુણ)
ચોથું સ્પર્ધક (અભવ્ય કરતા અનંતગુણ વર્ગણા)
પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા કરતા ચારગુણા સ્નેહાણુ
અંતર (સર્વ જીવ કરતા અનંતગુણ)
પાંચમુ સ્પર્ધક (અભવ્ય કરતા અનંતગુણ વર્ગણા)
પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા કરતા પાંચગુણા સ્નેહાણુ

(૧) **અનંતરવૃદ્ધિ :** તે બે પ્રકારે છે-

(i) **એક અવિભાગની વૃદ્ધિ :** એક સ્પર્ધકની ઉત્તરોત્તર વર્ગણાના પુદ્ગલોમાં પૂર્વ પૂર્વ વર્ગણાના પુદ્ગલોની અપેક્ષાએ એક અવિભાગની વૃદ્ધિ હોય છે.

(ii) **અનંતાનંત અવિભાગની વૃદ્ધિ :** પછી પછીના સ્પર્ધકની પહેલી વર્ગણાના પુદ્ગલોમાં પૂર્વ પૂર્વ સ્પર્ધકની છેલ્લી વર્ગણાના પુદ્ગલોની અપેક્ષાએ અનંતાનંત અવિભાગની વૃદ્ધિ હોય છે.

(૨) **પરંપરવૃદ્ધિ :** પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાની અપેક્ષાએ તે જ સ્પર્ધકની વર્ગણાઓમાં અવિભાગોની અનંતભાગવૃદ્ધિ મળે, ત્યાર પછી સંખ્યાતા સ્પર્ધકો સુધીની વર્ગણાઓમાં અવિભાગોની સંખ્યાતગુણવૃદ્ધિ મળે, ત્યાર પછી અસંખ્યાતા સ્પર્ધકો સુધીની વર્ગણાઓમાં અવિભાગોની અસંખ્યગુણવૃદ્ધિ મળે, ત્યાર પછી અનંત સ્પર્ધકો સુધીની વર્ગણાઓમાં અવિભાગોની અનંતગુણવૃદ્ધિ મળે. પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાની અપેક્ષાએ કોઈ પણ વર્ગણામાં અવિભાગોની અસંખ્યાતભાગવૃદ્ધિ કે સંખ્યાતભાગવૃદ્ધિ મળતી નથી. બીજા સ્પર્ધકથી સંખ્યાતા સ્પર્ધકો સુધીના સ્પર્ધકોમાં પોત-પોતાની પ્રથમ વર્ગણાની અપેક્ષાએ પછીના સ્પર્ધકોની વર્ગણાઓમાં અવિભાગોની સંખ્યાતભાગવૃદ્ધિ મળે. અસંખ્યાતમા સ્પર્ધકથી અસંખ્યાતા સ્પર્ધકો સુધીના સ્પર્ધકોમાં પોતપોતાની પ્રથમ વર્ગણાની અપેક્ષાએ પછીના સ્પર્ધકોની વર્ગણાઓમાં અવિભાગોની અસંખ્યાતભાગવૃદ્ધિ મળે.

કર્મપ્રકૃતિની બન્ને ટીકાઓમાં અને પંચસંગ્રહની મલયગિરિ-મહારાજકૃત ટીકામાં અહીં પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાની અપેક્ષાએ છએ પ્રકારની વૃદ્ધિ કહી છે. તે પાઠો આ પ્રમાણે છે—

**'पारम्पर्येण पुनः प्रथमस्पर्धकसत्कप्रथमवर्गणापेक्षया षडपि वृद्ध्योऽवगन्तव्याः ।' - કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૩ની મલયગિરિ મહારાજ કૃત ટીકા. 'पारम्पर्येण तु प्रथमस्पर्धकप्रथमवर्गणापेक्षया षडपि वृद्ध्यो ज्ञेयाः ।' - કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૩ની મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત ટીકા. 'पारम्पर्येण पुनः प्रथमस्पर्धकसत्कप्रथमवर्गणापेक्षया षडपि वृद्ध्योऽवगन्तव्याः ।' - પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૩૦ની મલયગિરિ મહારાજ કૃત ટીકા.**□ પણ પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાની અપેક્ષાએ કોઈ પણ વર્ગણામાં અસંખ્યાતભાગવૃદ્ધિ અને સંખ્યાતભાગવૃદ્ધિ સંભવતી નથી. તેથી અમે અહીં ઉપર કહ્યા પ્રમાણે અસંખ્યાતભાગવૃદ્ધિ અને સંખ્યાતભાગવૃદ્ધિ બતાવી છે. તત્ત્વ કેવળીગમ્ય છે.

**(૫) શરીરસ્થાન :** પહેલા સ્પર્ધકથી માંડીને અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા સ્પર્ધકોનો સમુદાય તે પહેલું શરીરસ્થાન છે. ત્યાર પછી ઉત્તરોત્તર અનંતભાગઅધિક સ્પર્ધકવાળા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શરીરસ્થાન છે. આ શરીરસ્થાનોનો સમુદાય તે એક કંડક છે. ત્યાર પછીના શરીરસ્થાનમાં કંડકના ચરમ શરીરસ્થાન કરતા અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકો છે. ત્યાર પછીના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શરીરસ્થાનોમાં ઉત્તરોત્તર અનંતભાગઅધિક સ્પર્ધકો છે. તેમનો સમુદાય તે બીજું કંડક છે. ત્યાર પછીના શરીરસ્થાનમાં બીજા કંડકના ચરમ શરીરસ્થાન કરતા અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકો છે. ત્યાર

---

□ **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૩૦ની સ્વોપજ્ઞ ટીકા**માં કહ્યું છે કે **'परम्परातः पुनः सर्वा अपि वृद्धयो भवन्ति ।' –પાના નં. ૧૧૮.** અહીં માત્ર એટલું જ કહ્યું છે કે, 'પરંપરાથી છએ વૃદ્ધિઓ સંભવે છે.' કઇ વર્ગણાની અપેક્ષાએ છએ વૃદ્ધિઓ સંભવે છે ? એની અહીં સ્પષ્ટતા કરી નથી.

પછીના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ શરીરસ્થાનોમાં ઉત્તરોત્તર અનંતભાગઅધિક સ્પર્ધકો છે. તેમનો સમુદાય તે ત્રીજું કંડક છે. આમ અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનોથી અંતરિત અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો ત્યાં સુધી કહેવા જ્યાં સુધી અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો પણ ૧ કંડક (અંગુલનો અસંખ્યાતમો ભાગ) જેટલા થાય. ત્યાર પછી એક કંડક પ્રમાણ અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો છે. ત્યાર પછી સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ શરીરસ્થાન છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વે જેટલા શરીરસ્થાનો પસાર થયા તેટલા શરીરસ્થાનો ફરી થાય છે. ત્યાર પછી સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ બીજું શરીરસ્થાન આવે છે. આમ આ ક્રમે એક કંડક પ્રમાણ સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો થાય છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વેના શરીરસ્થાન સુધીના શરીરસ્થાનો આવે છે. ત્યાર પછી એક સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ શરીરસ્થાન આવે છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વે જેટલા શરીરસ્થાનો પસાર થયા તેટલા શરીરસ્થાનો આવે છે. ત્યાર પછી સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ બીજું શરીરસ્થાન આવે છે. આમ આ ક્રમે સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વેના શરીરસ્થાન સુધીના શરીરસ્થાનો આવે છે. ત્યાર પછી એક અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળુ શરીરસ્થાન આવે છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા અસંખ્યગુણઅધિક

સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વે જેટલા શરીરસ્થાનો પસાર થયા તેટલા શરીરસ્થાનો આવે છે. ત્યાર પછી અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળુ બીજું શરીરસ્થાન આવે છે. આમ આ ક્રમે અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વેના શરીરસ્થાન સુધીના શરીરસ્થાનો આવે છે. ત્યાર પછી એક અનંતગુણઅધિક સ્પર્ધકોવાળુ શરીરસ્થાન આવે છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વે જેટલા શરીરસ્થાન પસાર થયા તેટલા શરીરસ્થાનો આવે છે. ત્યાર પછી બીજું અનંતગુણઅધિક સ્પર્ધકોવાળુ શરીરસ્થાન આવે છે. આમ આ ક્રમે અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો પણ એક કંડક પ્રમાણ થાય છે. ત્યાર પછી મૂળથી માંડીને પહેલા અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનની પૂર્વેના શરીરસ્થાન સુધીના શરીરસ્થાનો આવે છે. અહીં પહેલુ ષટ્સ્થાનક પૂર્ણ થાય છે. આવા અસંખ્ય ષટ્સ્થાનકો છે. બધા ષટ્સ્થાનકોના બધા શરીરસ્થાનો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ છે.

**અસત્કલ્પનાએ શરીરસ્થાનોના ષટ્સ્થાનકની સ્થાપના** -

$$\text{કંડક} = \frac{\text{અંગુલ}}{\text{અસંખ્ય}} = ૨$$

૧ = *અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો.*

૨ = અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો.

૩ = સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો.

૪ = સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો.

૫ = અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો.

૬ = અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા શરીરસ્થાનો.

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૬ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૬ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | | | | | | | | | | |

**(૬) વર્ગણાગતપુદ્ગલસ્નેહાવિભાગસકલસમુદાય પ્રરૂપણા :** પ્રથમ શરીરસ્થાનની પ્રથમ વર્ગણાના બધા પુદ્ગલોમાં રહેલા સ્નેહના અવિભાગ થોડા છે. તેના કરતા બીજા શરીરસ્થાનની પ્રથમ વર્ગણાના બધા પુદ્ગલોમાં રહેલા સ્નેહના અવિભાગ અનંતગુણ છે. તેના કરતા ત્રીજા શરીરસ્થાનની પ્રથમ વર્ગણાના બધા પુદ્ગલોમાં રહેલા સ્નેહના અવિભાગ અનંતગુણ છે. એમ ચરમ શરીરસ્થાન સુધી ઉત્તરોત્તર શરીરસ્થાનની પ્રથમ વર્ગણાના બધા પુદ્ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ પૂર્વ પૂર્વના શરીરસ્થાનની પ્રથમ વર્ગણાના બધા પુદ્ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ કરતા અનંતગુણ છે.

### બન્ધનયોગ્ય શરીરપુદ્ગલોનું અલ્પબહુત્વ

| ક્રમ | બન્ધનયોગ્ય શરીરપુદ્ગલો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | ઔદારિક - ઔદારિક બન્ધનયોગ્ય પુદ્ગલો | સૌથી થોડા |
| ૨ | ઔદારિક - તૈજસ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૩ | ઔદારિક - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૪ | ઔદારિક - તૈજસ - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૫ | વૈક્રિય - વૈક્રિય બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૬ | વૈક્રિય - તૈજસ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૭ | વૈક્રિય - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |

| ક્રમ | બન્ધનયોગ્ય શરીરપુદ્ગલો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૮ | વૈક્રિય - તૈજસ - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૯ | આહારક - આહારાક બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૧૦ | આહારક - તૈજસ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૧૧ | આહારક - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૧૨ | આહારક - તૈજસ - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૧૩ | તૈજસ - તૈજસ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૧૪ | તૈજસ - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |
| ૧૫ | કાર્મણ - કાર્મણ બન્ધનયોગ્ય પુદ્ગલો | અનંતગુણ |

## 3) પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા

યોગના કારણે ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોમાં ઉત્પન્ન થયેલ સ્નેહથી થતા સ્પર્ધકોની પ્રરૂપણા તે પ્રયોગપ્રત્યયસ્પર્ધક પ્રરૂપણા. આ સ્નેહ કર્મપુદ્ગલોને આત્માની સાથે એકમેક કરે છે. અહીં છ દ્વાર છે. તે આ પ્રમાણે છે –

(૧) અવિભાગ, (૨) વર્ગણા, (૩) સ્પર્ધક, (૪) અંતર, (૫) સ્થાન, (૬) વર્ગણાગતપુદ્ગલસ્નેહાવિભાગસકલસમુદાય.

આ છએ દ્વાર નામપ્રત્યસ્પર્ધકની જેમ અહીં પણ જાણવા.

## સ્નેહના અવિભાગોનું અલ્પબહુત્વ

| ક્રમ | સ્નેહના અવિભાગ | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | સ્નેહપ્રત્યયસ્પર્ધકની જઘન્ય વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ | સૌથી થોડા |
| ૨ | સ્નેહપ્રત્યયસ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ | અનંતગુણ |
| ૩ | નામપ્રત્યયસ્પર્ધકની જઘન્ય વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ | અનંતગુણ |
| ૪ | નામપ્રત્યયસ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ | અનંતગુણ |
| ૫ | □પ્રયોગપ્રત્યયસ્પર્ધકની જઘન્ય વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ | અનંતગુણ |
| ૬ | પ્રયોગપ્રત્યયસ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ | અનંતગુણ |

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિની મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટીપ્પણ ૭૨માં પાના નં. ૫૪** ઉપર અહીંથી આગળ અલ્પબહુત્વ આ પ્રમાણે કહ્યું છે– 'નામપ્રત્યયસ્પર્ધકની ઉત્કૃષ્ટ વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ કરતા માત્ર યોગપ્રત્યયસ્પર્ધકની જઘન્ય વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ અનંતગુણ છે. તેના કરતા તેની ઉત્કૃષ્ટ વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ અસંખ્યગુણ છે. તેના કરતા સકાષયયોગપ્રત્યયસ્પર્ધકની જઘન્ય વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ અનંતગુણ છે. તેના કરતા તેની ઉત્કૃષ્ટ વર્ગણાના બધા પુદ્‌ગલોમાં રહેલ સ્નેહના અવિભાગ અનંતગુણ છે.'

## બંધના ચાર પ્રકાર

કોઈ મોદક વાયુ દૂર કરે, કોઈ મોદક પિત્ત દૂર કરે, કોઈ મોદક કફ દૂર કરે-એવો મોદકનો સ્વભાવ હોય છે. કોઈ મોદક ૧૫ દિવસ ટકે, કોઈ મોદક ૧ મહિનો ટકે - એ મોદકની સ્થિતિ છે. કોઈ મોદક અલ્પ ગળપણવાળો હોય, કોઈ મોદક વધુ ગળપણવાળો હોય - એ મોદકનો રસ છે. કોઈ મોદક નાનો હોય, કોઈ મોદક મોટો હોય - એ મોદકના પ્રદેશ છે.

બંધનકરણના સામર્થ્યથી બંધાતા કર્મપુદ્ગલોમાં પણ આ રીતે પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિ, રસ, પ્રદેશ હોય છે. કોઈ કર્મ જ્ઞાનને ઢાંકે, કોઈ કર્મ દર્શનને ઢાંકે - એ કર્મની પ્રકૃતિ છે. કોઈ કર્મ ૩૦ કોડાકોડી સારોપમ ટકે, કોઈ કર્મ ૭૦ કોડાકોડી સારોપમ ટકે - એ કર્મની સ્થિતિ છે. કોઈ કર્મ ૧ ઠાણીયા રસવાળુ હોય, કોઈ કર્મ ૨ ઠાણીયા રસવાળુ હોય - એ કર્મનો રસ છે. કોઈ કર્મના દળિયા થોડા હોય, કોઈ કર્મના દળિયા વધુ હોય - એ કર્મના પ્રદેશ છે.

દરેક કર્મમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ સંકીર્ણ (ભેગા) હોય છે, છતાં તેમને આ રીતે સ્પષ્ટ સમજી શકાય છે—

જે બંધમાં કર્મના સ્વભાવની જ વિવિક્ષા હોય, સ્થિતિ-રસ-પ્રદેશની વિવક્ષા ન હોય તે **પ્રકૃતિબંધ** છે.

જે બંધમાં કર્મની સ્થિતિની જ વિવક્ષા હોય, પ્રકૃતિ-રસ-પ્રદેશની વિવક્ષા ન હોય તે **સ્થિતિબંધ** છે.

જે બંધમાં કર્મના રસની જ વિવક્ષા હોય, પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશની વિવક્ષા ન હોય તે **રસબંધ** છે.

જે બંધમાં કર્મના પ્રદેશની જ વિવક્ષા હોય, પ્રકૃતિ-સ્થિતિ-રસની વિવક્ષા ન હોય તે **પ્રદેશબંધ** છે.

# પ્રકૃતિબંધ

કર્મની ૧૨૦ પ્રકૃતિઓનો બંધ તે પ્રકૃતિબંધ. પ્રકૃતિબંધના સ્વામી અને ભૂયસ્કાર વગેરે બંધ પાંચમા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

## પ્રકૃતિબંધના સાદ્યાદિ ભાંગા

**સામાન્યથી સર્વ મૂળપ્રકૃતિમાં અને ઉત્તરપ્રકૃતિમાં બંધના સાદ્યાદિ ભાંગા -**

(૧) **જઘન્ય પ્રકૃતિબંધ :** ૧૧મા, ૧૨મા, ૧૩મા ગુણઠાણે ૧ પ્રકૃતિ બંધાય છે તે જઘન્ય પ્રકૃતિબંધ છે.

(i) **સાદિ** - ૧૧મુ વગેરે ગુણઠાણુ પામે ત્યારે સાદિ.

(ii) **અધ્રુવ** - ૧૧મા ગુણઠાણેથી પડે કે ૧૩મા ગુણઠાણેથી ૧૪મા ગુણઠાણે જાય ત્યારે અધ્રુવ.

(૨) **અજઘન્ય પ્રકૃતિબંધ :** ૧૧મા ગુણઠાણેથી પડી મૂળપ્રકૃતિ ૬ વગેરે અને ઉત્તરપ્રકૃતિ ૧૭ વગેરે બાંધે તે અજઘન્ય પ્રકૃતિબંધ છે.

(i) **સાદિ** - ૧૧મા ગુણઠાણેથી પડીને બાંધે ત્યારે સાદિ

(ii) **અનાદિ** - ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને અનાદિ.

(iii) **ધ્રુવ** - અભવ્યને ધ્રુવ.

(iv) **અધ્રુવ** - ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે અધ્રુવ.

(૩) **ઉત્કૃષ્ટ પ્રકૃતિબંધ** - મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય મૂળપ્રકૃતિ ૮ અને ઉત્તરપ્રકૃતિ ૭૪ બાંધે તે ઉત્કૃષ્ટ પ્રકૃતિબંધ છે.

(i) **સાદિ** - જ્યારે બાંધે ત્યારે સાદિ.

(ii) **અધ્રુવ** - ઉત્કૃષ્ટ બંધથી પડી અનુત્કૃષ્ટ બાંધે ત્યારે અધ્રુવ.

(૪) **અનુત્કૃષ્ટ પ્રકૃતિબંધ** - પરિણામ ઘટવાથી મૂળપ્રકૃતિ ૮થી ઓછી બાંધે અને ઉત્તરપ્રકૃતિ ૭૪થી ઓછી બાંધે તે અનુત્કૃષ્ટ પ્રકૃતિબંધ છે.

(i) **સાદિ** - ઉત્કૃષ્ટથી પડી અનુત્કૃષ્ટ બાંધે ત્યારે સાદિ.

(ii) **અધ્રુવ** - ફરી ઉત્કૃષ્ટ બાંધે ત્યારે અધ્રુવ.

**દરેક મૂળપ્રકૃતિમાં બંધના સાદ્યાદિ ભાંગા -**

(૧) **આયુષ્ય** - તેનો બંધ સાદિ-અધ્રુવ છે, અધ્રુવબંધી હોવાથી.

(૨) **વેદનીય** - (i) **અનાદિ** - અનાદિકાળથી સદા બંધાતુ હોવાથી.

(ii) **ધ્રુવ** - અભવ્યને.

(iii) **અધ્રુવ** - ભવ્યને ૧૪મુ ગુણઠાણુ પામે ત્યારે.

(૩-૮) **શેષ ૬** - (i) **સાદિ** - ૧૦મા - ૧૧મા ગુણઠાણેથી પડે તેને.

(ii) **અનાદિ**-૧૦મુ-૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને.

(iii) **ધ્રુવ** - અભવ્યને.

(iv) **અધ્રુવ**-ભવ્યને ૧૦મુ-૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે.

**દરેક ઉત્તરપ્રકૃતિમાં બંધના સાદ્યાદિ ભાંગા-**

(૧-૪૭) **ધ્રુવબંધી ૪૭** -

(i) **સાદિ** - પોતપોતાના અબંધસ્થાનેથી પડેલાને.

(ii) **અનાદિ** - અબંધસ્થાન નહીં પામેલાને.

(iii) **ધ્રુવ** - અભવ્યને.

(iv) **અધ્રુવ** - ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે.

(૪૮-૧૨૦) **અધ્રુવબંધી ૭૩** -

(i) **સાદિ** - અધ્રુવબંધી હોવાથી.

(ii) **અધ્રુવ** - અધ્રુવબંધી હોવાથી.

## મૂળપ્રકૃતિમાં બંધના સાદ્યાદિ ભાંગા

| મૂળપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|
| આયુષ્ય | અધ્રુબંધી હોવાથી | – | – | અધ્રુબંધી હોવાથી |
| વેદનીય | – | અનાદિકાળથી બંધાવાથી | અભવ્યને | ભવ્યને ૧૪મા ગુણઠાણુ પામે ત્યારે |
| જ્ઞાનાવરણ | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે |
| દર્શનાવરણ | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે |
| નામ | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે |
| ગોત્ર | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે |
| અંતરાય | ૧૧મા ગુણઠાણાથી પડેલાને | ૧૧મુ ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ૧૧મુ ગુણઠાણુ પામે ત્યારે |
| મોહનીય | ૧૦મા ગુણઠાણાથી પડેલાને | ૧૦મુ ગુણઠાણુ નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને ૧૦મુ ગુણઠાણુ પામે ત્યારે |

## ઉત્તરપ્રકૃતિમાં બંધના સાદ્યાદિ ભાંગા

| ઉત્તરપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|
| મિથ્યાત્વ મોહનીય | ઉપરના ગુણઠાણાથી પડી ૧લા ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધ-સ્થાન પામે ત્યારે |
| થિણદ્ધિ ૩, અનંતાનુ-બંધી ૪ | ઉપરના ગુણઠાણાથી પડી ૨જા ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |

| ઉત્તરપ્રકૃતિ | સાદિ | અનાદિ | ધ્રુવ | અધ્રુવ |
|---|---|---|---|---|
| અપ્રત્યાખ્યાનાવરણીય ૪ | ઉપરના ગુણઠાણાથી પડી ૪થા ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| પ્રત્યાખ્યાનાવરણીય ૪ | ઉપરના ગુણઠાણાથી પડી ૫મા ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| નિદ્રા, પ્રચલા | ઉપરના ગુણઠાણાથી પડી ૮/૧ ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| તૈજસશરીર, કાર્મણશરીર, અગુરુલઘુ, ઉપઘાત, વર્ણાદિ ૪ | ઉપરના ગુણઠાણાથી પડી ૮/૬ ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| ભય, જુગુપ્સા | ઉપરના ગુણઠાણાથી પડી ૮/૭ ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| સંજ્વલન ૪ | ઉપરના ગુણઠાણાથી પડી ૯મા ગુણઠાણાના તે તે ભાગે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪ અંતરાય ૫ | ૧૧મા ગુણઠાણાથી પડી ૧૦મા ગુણઠાણે આવેલાને | અબંધસ્થાન નહીં પામેલાને | અભવ્યને | ભવ્યને અબંધસ્થાન પામે ત્યારે |
| અધ્રુવબંધી ૭૩ | અધ્રુવબંધી હોવાથી | – | – | અધ્રુવબંધી હોવાથી |

## પ્રકૃતિબંધના સ્વામી

(૧) **તેઉકાય - વાયુકાય** - નરક ૩, દેવ ૩, મનુષ્ય ૩, વૈક્રિય ૨, આહારક ૨, જિન, ઉચ્ચગોત્ર - આ ૧૫ સિવાયની ૧૦૫ પ્રકૃતિ બાંધે.

(૨) **શેષ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય** - નરક ૩, દેવ ૩, વૈક્રિય ૨, આહારક ૨, જિન - આ ૧૧ સિવાયની ૧૦૯ પ્રકૃતિ બાંધે.

(૩) **પંચેન્દ્રિય તિર્યંચ** - આહારક ૨, જિન - આ ૩ સિવાયની ૧૧૭ પ્રકૃતિ બાંધે.

(૪) **દેવ** - નરક ૩, દેવ ૩, વૈક્રિય ૨, આહારક ૨, સૂક્ષ્મ ૩, વિકલેન્દ્રિય ૩ - આ ૧૬ સિવાયની ૧૦૪ પ્રકૃતિ બાંધે.

(૫) **નારક** - નરક ૩, દેવ ૩, વૈક્રિય ૨, આહારક ૨, સ્થાવર ૪, જાતિ ૪, આતપ - આ ૧૯ સિવાયની ૧૦૧ પ્રકૃતિ બાંધે.

(૬) **મનુષ્ય** - ૧૨૦ પ્રકૃતિ બાંધે.

# પ્રદેશબંધ

## કર્મપ્રદેશોની વહેંચણી

**મૂળપ્રકૃતિમાં** -

૮ મૂળપ્રકૃતિના બંધક જીવે એક અધ્યવસાયથી બાંધેલ કર્મદલિકના ૮ ભાગ થાય છે.

૭ મૂળપ્રકૃતિના બંધક જીવે એક અધ્યવસાયથી બાંધેલ કર્મદલિકના ૭ ભાગ થાય છે.

૬ મૂળપ્રકૃતિના બંધક જીવે એક અધ્યવસાયથી બાંધેલ કર્મદલિકના ૬ ભાગ થાય છે.

આ ભાગો બંધાતી મૂળપ્રકૃતિને આપે છે.

૧ મૂળપ્રકૃતિના બંધક જીવે એક અધ્યવસાયથી બાંધેલ કર્મદલિકના ભાગ થતા નથી. તે બધા કર્મદલિકો બંધાતી મૂળપ્રકૃતિને આપે છે.

**ઉત્તરપ્રકૃતિમાં** -

દરેક મૂળપ્રકૃતિના ભાગે આવેલા દલિકનો અનંતમો ભાગ તે મૂળપ્રકૃતિની બંધાતી સર્વઘાતી પ્રકૃતિને આપે. દરેક મૂળપ્રકૃતિના ભાગે આવેલા દલિકોના અનંતમા ભાગના દલિકો જ ખૂબ સ્નિગ્ધ હોય છે. તે જ સર્વઘાતી પ્રકૃતિને યોગ્ય છે. તેથી અનંતમો ભાગ સર્વઘાતી પ્રકૃતિને આપે. શેષ દલિકના ભાગ કરીને મૂળપ્રકૃતિની બંધાતી શેષ ઉત્તરપ્રકૃતિઓને આપે.

જ્ઞાનાવરણીય કર્મના ભાગે આવેલા દલિકનો અનંતમો ભાગ કેવળજ્ઞાનાવરણને આપે. શેષ દલિકના ચાર ભાગ કરી ૧-૧ ભાગ શેષ ચાર જ્ઞાનાવરણને આપે.

દર્શનાવરણીય કર્મના ભાગે આવેલા દલિકના અનંતમા ભાગના ૬ ભાગ કરી ૧-૧ ભાગ કેવળદર્શનાવરણ અને નિદ્રા ૫ ને આપે. શેષ દલિકના ૩ ભાગ કરી ૧-૧ ભાગ શેષ ૩ દર્શનાવરણને આપે.

અંતરાય કર્મના ભાગે આવેલા દલિકના ૫ ભાગ કરી ૧-૧ ભાગ પાંચ અંતરાયકર્મોને આપે.

મોહનીય કર્મના ભાગે આવેલા દલિકના અનંતમા ભાગના બે ભાગ કરી એક ભાગ દર્શનમોહનીયને આપે અને એક ભાગ ચારિત્રમોહનીયને આપે. દર્શનમોહનીયના ભાગે આવેલ બધુ દલિક મિથ્યાત્વ મોહનીયને આપે. ચારિત્ર મોહનીયના ભાગે આવેલ દલિકના ૧૨ ભાગ કરી ૧-૧ ભાગ પહેલા ૧૨ કષાયોને આપે. શેષ દલિકના બે ભાગ કરી એક ભાગ કષાયમોહનીયને આપે અને એક ભાગ નોકષાયમોહનીયને આપે. કષાયમોહનીયના ભાગે આવેલ દલિકના ચાર ભાગ કરી ૧-૧ ભાગ સંજ્વલન ચારને આપે. નોકષાયમોહનીયના ભાગે આવેલ દલિકના ૫ ભાગ કરી ૧ ભાગ ૧ વેદને, ૨ ભાગ ૧ યુગલને, ૧ ભાગ ભયને અને ૧ ભાગ જુગુપ્સાને આપે.

વેદનીયકર્મ, ગોત્રકર્મ અને આયુષ્યકર્મના ભાગે આવેલ બધુ દલિક પોતપોતાની બંધાતી એક પ્રકૃતિને આપે.

નામકર્મના ભાગે આવેલ દલિકના ૧૪ પિંડપ્રકૃતિ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ત્રસ ૧૦ + સ્થાવર ૧૦ = ૪૨ પ્રકૃતિમાંથી જેટલી પ્રકૃતિ બંધાતી હોય તેટલા ભાગ કરી ૧-૧ ભાગ તેમને આપે. શરીરનામકર્મ, બંધન-નામકર્મ, સંઘાતનનામકર્મના ભાગે આવેલા દલિકના જેટલા શરીર-નામકર્મ, બંધનનામકર્મ, સંઘાતનનામકર્મ બંધાતા હોય તેટલા ભાગ કરી ૧-૧ ભાગ તેમને આપે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ભાગે આવેલ દલિકના ક્રમશઃ ૫, ૨, ૫, ૮ ભાગ કરી ૧-૧ ભાગ ઉત્તરભેદોને આપે.

શરીરનામકર્મ એકસાથે ત્રણ (ઔદારિક શરીરનામકર્મ-તૈજસશરીરનામકર્મ-કાર્મણશરીરનામકર્મ અથવા વૈક્રિયશરીરનામકર્મ-

તૈજસશરીરનામકર્મ-કાર્મણશરીરનામકર્મ) અથવા ચાર (વૈક્રિયશરીરનામકર્મ-આહારકશરીરનામકર્મ-તૈજસશરીરનામકર્મ-કાર્મણશરીરનામકર્મ) બંધાય છે. સંઘાતનનામકર્મ પણ એ જ રીતે એકસાથે ત્રણ કે ચાર બંધાય છે. બંધનનામકર્મ એકસાથે સાત(ઔદારિકના ૪ - તૈજસના ૩ અથવા વૈક્રિયના ૪ - તૈજસના ૩) અથવા અગીયાર (વૈક્રિયના ૪ - આહારકના ૪ - તૈજસના ૩) બંધાય છે.

જે પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય તેના ભાગનું દલિક સજાતીય પ્રકૃતિને આપે. જ્યારે બધી સજાતીય પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય ત્યારે તે દલિક મૂળપ્રકૃતિ અંતર્ગત વિજાતીય પ્રકૃતિને આપે. જ્યારે મૂળપ્રકૃતિની બધી ઉત્તરપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય ત્યારે તે દલિક અન્ય મૂળપ્રકૃતિને આપે.

## કર્મપ્રદેશોની વહેંચણીનું અલ્પબહુત્વ

**મૂળપ્રકૃતિમાં** - વેદનીય સિવાયના કર્મોમાં જેની સ્થિતિ વધુ હોય તેને વધુ દલિકો આપે, જેની સ્થિતિ ઓછી હોય તેને ઓછા દલિકો આપે. વેદનીયને સૌથી વધુ દલિકો આપે, કેમકે તે સિવાય તેનો અનુભવ સ્પષ્ટ ન થાય.

| મૂળપ્રકૃતિ | કર્મપ્રદેશોનું અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| આયુષ્ય | સૌથી થોડા | સ્થિતિ અલ્પ હોવાથી |
| નામ, ગોત્ર | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોવાથી |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોવાથી |
| મોહનીય | વિશેષાધિક | ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોવાથી |
| વેદનીય | વિશેષાધિક | સ્પષ્ટ અનુભવ થાય તે માટે |

**ઉત્તરપ્રકૃતિમાં** -

**ઉત્કૃષ્ટપદે** - ઉત્કૃષ્ટયોગ હોય, અન્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશસંક્રમ હોય અને અલ્પ પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે ઉત્કૃષ્ટ દલિક મળે છે. ત્યારે અલ્પબહુત્વ આ પ્રમાણે હોય છે -

**(૧) જ્ઞાનાવરણ** -

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| કેવળજ્ઞાનાવરણ | અલ્પ | સર્વઘાતી હોવાથી |
| મન:પર્યવજ્ઞાનાવરણ | અનંતગુણ | દેશઘાતી હોવાથી |
| અવધિજ્ઞાનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| શ્રુતજ્ઞાનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| મતિજ્ઞાનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |

**(૨) દર્શનાવરણ□** -

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| પ્રચલા | અલ્પ | સર્વઘાતી હોવાથી |
| નિદ્રા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રચલાપ્રચલા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| નિદ્રાનિદ્રા | વિશેષાધિક | તથાસ્વભાવ |

**□ પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૦** ઉપર દર્શનાવરણમાં કર્મપ્રદેશોની વહેંચણીનું ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ આ પ્રમાણે કહ્યું છે - 'નિદ્રાને અલ્પ, તેના કરતા પ્રચલાને વિશેષાધિક, તેના કરતા પ્રચલાપ્રચલાને વિશેષાધિક, તેના કરતા નિદ્રાનિદ્રાને વિશેષાધિક, તેના કરતા થિણદ્ધિને વિશેષાધિક, તેના કરતા કેવળદર્શનાવરણને વિશેષાધિક, તેના કરતા અવધિદર્શનાવરણને અનંતગુણ, તેના કરતા અચક્ષુદર્શનાવરણને વિશેષાધિક, તેના કરતા ચક્ષુદર્શનાવરણને વિશેષાધિક.'

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| થિણદ્ધિ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કેવળદર્શનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અવધિદર્શનાવરણ | અનંતગુણ | દેશઘાતી હોવાથી |
| અચક્ષુદર્શનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ચક્ષુદર્શનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૩) વેદનીય -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| અસાતા | અલ્પ | ૭ કે ૮ ના બંધકને |
| સાતા | વિશેષાધિક | ૬ના બંધકને |

(૪) મોહનીય -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| અપ્રત્યાખ્યાનાવરણીય માન | અલ્પ | સર્વઘાતી હોવાથી |
| અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અપ્રત્યાખ્યાનાવરણીય માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અપ્રત્યાખ્યાનાવરણીય લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય માન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી માન | વિશેષાધિક | તથાસ્વભાવ |

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| અનંતાનુબંધી ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| મિથ્યાત્વ મોહનીય | વિશેષાધિક | દર્શન મોહનીયનું બધુ દલિક મળતું હોવાથી |
| જુગુપ્સા | અનંતગુણ | દેશઘાતી હોવાથી |
| ભય | વિશેષાધિક | તથાસ્વભાવ |
| હાસ્ય-શોક | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| રતિ-અરતિ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| સ્ત્રીવેદ-નપુંસકવેદ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| સંજ્વલન ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| સંજ્વલન માન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પુરુષવેદ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| સંજ્વલન માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| સંજ્વલન લોભ | □અસંખ્યગુણ | મોહનીયનું બધું દલિક મળતું હોવાથી |

□ કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૮ની ચૂર્ણિમાં પાના નં. ૭૩ ઉપર અહીં સંખ્યાતગુણ કહ્યું છે.

**(૫) આયુષ્ય** - ચારે આયુષ્યમાં પરસ્પર તુલ્ય.

**(૬) નામ** -

(૧) ગતિ -

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| દેવગતિ, નરકગતિ | અલ્પ (પરસ્પર તુલ્ય) | ૨૮ના બંધકને |
| મનુષ્યગતિ | વિશેષાધિક | ૨૫ના બંધકને |
| તિર્યંચગતિ | વિશેષાધિક | ૨૩ના બંધકને |

(૨) જાતિ -

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ | અલ્પ (પરસ્પર તુલ્ય) | ૨૫ના બંધકને |
| એકેન્દ્રિયજાતિ | વિશેષાધિક | ૨૩ના બંધકને |

**(૩-૪) શરીર, સંઘાતન** -

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| આહારક શરીર-સંઘાતન | અલ્પ | ૩૦ના બંધકને |
| વૈક્રિય શરીર-સંઘાતન | વિશેષાધિક | ૨૮ના બંધકને |
| ઔદારિક શરીર-સંઘાતન | વિશેષાધિક | ૨૩ના બંધકને |
| તૈજસ શરીર-સંઘાતન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કાર્મણ શરીર-સંઘાતન | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૫) બંધન -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| આહારક આહારક બંધન | અલ્પ | ૩૦ના બંધકને |
| આહારક તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| આહારક કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| આહારક તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય વૈક્રિય બંધન | વિશેષાધિક | ૨૮ના બંધકને |
| વૈક્રિય તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ઔદારિક ઔદારિક બંધન | વિશેષાધિક | ૨૩ના બંધકને |
| ઔદારિક તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ઔદારિક કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ઔદારિક તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| તૈજસ તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કાર્મણ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૬) **સંસ્થાન** -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| મધ્યમ ચાર સંસ્થાન | અલ્પ (પરસ્પર તુલ્ય) | ૨૯ના બંધકને |
| સમચતુરસ્ર સંસ્થાન | વિશેષાધિક | ૨૮ના બંધકને |
| હુંડક સંસ્થાન | વિશેષાધિક | ૨૩ના બંધકને |

**(૭) અંગોપાંગ -**

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| આહારક અંગોપાંગ | અલ્પ | ૩૦ના બંધકને |
| વૈક્રિય અંગોપાંગ | વિશેષાધિક | ૨૮ના બંધકને |
| ઔદારિક અંગોપાંગ | વિશેષાધિક | ૨૫ના બંધકને |

**(૮) સંઘયણ□ -**

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| પહેલા પાંચ સંઘયણ | અલ્પ (પરસ્પર તુલ્ય) | ૨૯ના બંધકને |
| સેવાર્ત સંઘયણ | વિશેષાધિક | ૨૫ના બંધકને |

**(૯) વર્ણ -**

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| કૃષ્ણવર્ણ | અલ્પ | તથાસ્વભાવ |
| નીલવર્ણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| રક્તવર્ણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પીતવર્ણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| શ્વેતવર્ણ | વિશેષાધિક | તથાસ્વભાવ |

□ **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૧** ઉપર આ અલ્પબહુત્વ આ પ્રમાણે કહ્યું છે - 'છેલ્લા પાંચ સંઘયણને અલ્પ, તેના કરતા પહેલા સંઘયણને વિશેષાધિક.'

(૧૦) ગંધ□ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| સુરભિગંધ | અલ્પ | તથાસ્વભાવ |
| દુરભિગંધ | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૧૧) રસ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| કટુરસ | અલ્પ | તથાસ્વભાવ |
| તિક્તરસ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કષાયરસ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અમ્લરસ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| મધુરરસ | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૧૨) સ્પર્શ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| કર્કશસ્પર્શ, ગુરુસ્પર્શ | અલ્પ (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| સ્નિગ્ધસ્પર્શ, ઉષ્ણસ્પર્શ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |

---

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૮ની ચૂર્ણિમાં પાના નં. ૭૪** ઉપર ગંધનું અલ્પબહુત્વ, આ પ્રમાણે કહ્યું છે - 'દુરભિગંધને અલ્પ, તેના કરતા સુરભિગંધને વિશેષાધિક'. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૧** ઉપર પણ ગંધનું અલ્પબહુત્વ આ પ્રમાણે કહ્યું છે - 'દુરભિગંધને અલ્પ, તેના કરતા સુરભિગંધને વિશેષાધિક.'

(૧૩) **આનુપૂર્વી** - ગતિની જેમ△

(૧૪) **ખગતિ** -

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| સુખગતિ, કુખગતિ | પરસ્પર તુલ્ય | ૨૮ના બંધકને |

(૧૫)

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| આતપ, ઉદ્યોત | પરસ્પર તુલ્ય | ૨૬ના બંધકને |

(૧૬)

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| ત્રસ | અલ્પ | ૨૫ના બંધકને |
| સ્થાવર | વિશેષાધિક | ૨૩ના બંધકને |

(૧૭)□

| **પ્રકૃતિ** | **અલ્પબહુત્વ** | **હેતુ** |
|---|---|---|
| સૂક્ષ્મ | અલ્પ | તથાસ્વભાવ |
| બાદર | વિશેષાધિક | તથાસ્વભાવ |

△ **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૧** ઉપર દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વીમાં ઉત્કૃષ્ટપદે અલ્પબહુત્વ ઉત્તરોત્તર વિશેષાધિક કહ્યું છે.

□ **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૧ની સ્વોપજ્ઞટીકામાં પાના નં. ૧૨૧** ઉપર આ અલ્પબહુત્વ આ પ્રમાણે કહ્યું છે કે, 'બાદરને અલ્પ, તેના કરતા સૂક્ષ્મને વિશેષાધિક'. **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૮ની ચૂર્ણિમાં પાના નં. ૭૪** ઉપર કહ્યું છે કે, 'ઉત્કૃષ્ટપદે સૂક્ષ્મ-બાદર બંનેને પરસ્પર તુલ્ય દલિક મળે. (૨૩ના બંધકને.)'

(૧૮)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| પર્યાપ્ત | અલ્પ | ૨૫ના બંધકને |
| અપર્યાપ્ત | વિશેષાધિક | ૨૩ના બંધકને |

(૧૯)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| પ્રત્યેક□ | અલ્પ | તથાસ્વભાવ |
| સાધારણ | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૨૦)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| સ્થિર | અલ્પ | ૨૫ના બંધકને |
| અસ્થિર | વિશેષાધિક | ૨૩ના બંધકને |

(૨૧)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| શુભ | અલ્પ | ૨૫ના બંધકને |
| અશુભ | વિશેષાધિક | ૨૩ના બંધકને |

(૨૨)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| સુભગ | અલ્પ | ૨૫ના બંધકને |
| દુર્ભગ | વિશેષાધિક | ૨૩ના બંધકને |

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૮ની ચૂર્ણિમાં પાના નં. ૭૪** ઉપર કહ્યું છે કે, 'ઉત્કૃષ્ટપદે પ્રત્યેક-સાધારણ બંનેને પરસ્પર તુલ્ય દલિક મળે (૨૩ના બંધકને)'

(૨૩)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| સુસ્વર, દુઃસ્વર | પરસ્પર તુલ્ય | ૨૮ના બંધકને |

(૨૪)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| આદેય | અલ્પ | ૨૫ના બંધકને |
| અનાદેય | વિશેષાધિક | ૨૩ના બંધકને |

(૨૫)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| અયશ | અલ્પ | ૨૩ના બંધકને |
| યશ | સંખ્યાતગુણ□ | ૧૦મા ગુણઠાણે મૂળપ્રકૃતિ ૬ ના બંધકને અને નામના ૧ ના બંધકને નામકર્મનું બધુ દલિક મળતું હોવાથી. |

(૨૬) નિર્માણ, ઉચ્છ્વાસ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ, જિનમાં અલ્પબહુત્વ નથી, કેમકે આ અલ્પબહુત્વ સજાતીય કે વિજાતીય પ્રકૃતિની અપેક્ષાએ છે. આ ૬ પ્રકૃતિઓ સજાતીય નથી, કેમકે તે એક પિંડપ્રકૃતિના પેટાભેદરૂપ નથી, અને વિજાતીય પણ નથી, કેમકે એકસાથે બંધાય છે. તેથી તેમાં અલ્પબહુત્વ નથી.

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૨૮ની ચૂર્ણિમાં પાના નં. ૭૪** ઉપર અહીં અસંખ્યગુણ કહ્યું છે. તેનું કારણ એવું હોઈ શકે કે યશને ૧૦મા ગુણઠાણે નામકર્મના બધા દલિકો મળે છે.

(૭) ગોત્ર -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| નીચગોત્ર | અલ્પ | ૭ કે ૮ ના બંધકને |
| ઉચ્ચગોત્ર | વિશેષાધિક | ૬ના બંધકને |

(૮) અંતરાય -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| દાનાંતરાય | અલ્પ | તથાસ્વભાવ |
| લાભાંતરાય | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ભોગાંતરાય | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ઉપભોગાંતરાય | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વીર્યાંતરાય | વિશેષાધિક | તથાસ્વભાવ |

**જઘન્યપદે** - જઘન્ય યોગ હોય, અન્ય પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશસંક્રમ હોય અને વધુ પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે જઘન્ય દલિક મળે. ત્યારે અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

**(૧) જ્ઞાનાવરણ** - ઉત્કૃષ્ટપદના જ્ઞાનાવરણના અલ્પબહુત્વની સમાન.

**(૨) દર્શનાવરણ**□ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| નિદ્રા | અલ્પ | સર્વઘાતી હોવાથી |
| પ્રચલા | વિશેષાધિક | તથાસ્વભાવ |

□ **કર્મપ્રકૃતિ** બંધનકરણ ગાથા ૨૮ની **મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. ૮૦** ઉપર અને **પંચસંગ્રહ** બંધનકરણ ગાથા **૪૧ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૩૭** ઉપર દર્શનાવરણમાં

(પાના નં. ૯૦ ઉપર ચાલુ)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| નિદ્રાનિદ્રા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રચલાપ્રચલા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| થિણદ્ધિ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કેવળદર્શનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અવધિદર્શનાવરણ | અનંતગુણ | દેશઘાતી હોવાથી |
| અચક્ષુદર્શનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ચક્ષુદર્શનાવરણ | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૩) **વેદનીય** - અલ્પબહુત્વ નથી. (૭ના બંધકને સાતા-અસાતાને પરસ્પર તુલ્ય દલિકો મળતા હોવાથી.)

(૪) **મોહનીય** -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| અપ્રત્યાખ્યાનાવરણીય માન | અલ્પ | સર્વઘાતી હોવાથી |
| અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અપ્રત્યાખ્યાનાવરણીય માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અપ્રત્યાખ્યાનાવરણીય લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય માન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| પ્રત્યાખ્યાનાવરણીય માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |

(પાના નં. ૮૯ની ફૂટનોટ ચાલુ)
કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદના અલ્પબહુત્વની સમાન કહ્યું છે. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૪૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૧** ઉપર દર્શનાવરણમાં કર્મપ્રદેશોની વહેંચણીનું જઘન્યપદે અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદના અલ્પબહુત્વની સમાન કહ્યું છે, પણ ત્યાં ઉત્કૃષ્ટપદના અલ્પબહુત્વમાં ભિન્નતા છે જે પાના નં. ૭૯ ઉપર જણાવી છે.

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| પ્રત્યાખ્યાનાવરણીય લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી માન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| અનંતાનુબંધી લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| મિથ્યાત્વ મોહનીય | વિશેષાધિક | તથાસ્વભાવ |
| જુગુપ્સા | અનંતગુણ | દેશઘાતી હોવાથી |
| ભય | વિશેષાધિક | તથાસ્વભાવ |
| હાસ્ય, શોક | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| રતિ, અરતિ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| ત્રણ વેદ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ (૨૨ના બંધકને વારાફરતી બંધાય) |
| સંજ્વલન માન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| સંજ્વલન ક્રોધ | વિશેષાધિક | તથાસ્વભાવ |
| સંજ્વલન માયા | વિશેષાધિક | તથાસ્વભાવ |
| સંજ્વલન લોભ | વિશેષાધિક | તથાસ્વભાવ |

**(૫) આયુષ્ય -**

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય | અલ્પ (પરસ્પર તુલ્ય) | અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયને |
| દેવાયુષ્ય, નરકાયુષ્ય | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયને |

(૬) નામ -

(૧) ગતિ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| તિર્યંચગતિ | અલ્પ | ૩૦ના બંધકને |
| મનુષ્યગતિ | વિશેષાધિક | ૨૯ના બંધકને |
| દેવગતિ | અસંખ્યગુણ | ૨૮ના બંધક કરણ અપર્યાપ્તા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ યુગલિકને |
| નરકગતિ | અસંખ્યગુણ | પર્યાપ્તા અસંજ્ઞીને |

(૨) જાતિ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ | અલ્પ (પરસ્પર તુલ્ય) | ૩૦ના બંધકને |
| એકેન્દ્રિયજાતિ | વિશેષાધિક | ૨૬ના બંધકને |

(૩-૪) શરીર, સંઘાતન□ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| ઔદારિક શરીર-સંઘાતન | અલ્પ | ૩૦ના બંધકને |
| તૈજસ શરીર-સંઘાતન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કાર્મણ શરીર-સંઘાતન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય શરીર-સંઘાતન | અસંખ્યગુણ | ૨૮ના બંધક કરણ અપર્યાપ્તા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ યુગલિકને |
| આહારક શરીર-સંઘાતન | અસંખ્યગુણ | ૩૧ના બંધક અપ્રમત્તયતિને |

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિના મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૭૪માં પાના નં. ૭૦** ઉપર કહ્યું છે કે, 'બંધનનો સમાવેશ શરીરમાં કર્યો હોવાથી તેના અલ્પબહુત્વની ચિંતા કરી નથી.' (પાના નં. ૯૩ ઉપર ચાલુ)

## (૫) અંગોપાંગ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| ઔદારિક અંગોપાંગ | અલ્પ | ૩૦ના બંધકને |
| વૈક્રિય અંગોપાંગ | અસંખ્યગુણ | ૨૮ના બંધક કરણ અપર્યાપ્તા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ યુગલિકને |
| આહારક અંગોપાંગ | અસંખ્યગુણ | ૩૧ના બંધક અપ્રમત્તયતિને |

---

(પાના નં. ૯૨ની ફૂટનોટ ચાલુ)

બંધનનું અલ્પબહુત્વ આ રીતે બતાવી શકાય -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| ઔદારિક ઔદારિક બંધન | અલ્પ | ૩૦ના બંધકને |
| ઔદારિક તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ઔદારિક કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| ઔદારિક તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| તૈજસ તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| કાર્મણ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય વૈક્રિય બંધન | અસંખ્યગુણ | ૨૮ના બંધક કરણ અપર્યાપ્તા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ યુગલિકને |
| વૈક્રિય તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| વૈક્રિય તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| આહારક આહારક બંધન | અસંખ્યગુણ | ૩૧ના બંધક અપ્રમત્તયતિને |
| આહારક તૈજસ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| આહારક કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |
| આહારક તૈજસ કાર્મણ બંધન | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૬) આનુપૂર્વી□ -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| નરકાનુપૂર્વી, દેવાનુપૂર્વી | અલ્પ (પરસ્પર તુલ્ય) | તથાસ્વભાવ |
| મનુષ્યાનુપૂર્વી | વિશેષાધિક | તથાસ્વભાવ |
| તિર્યંચાનુપૂર્વી | વિશેષાધિક | તથાસ્વભાવ |

(૭)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| ત્રસ | અલ્પ | ૩૦ના બંધકને |
| સ્થાવર | વિશેષાધિક | ૨૬ના બંધકને |

(૮)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| બાદર | અલ્પ | ૩૦ના બંધકને |
| સૂક્ષ્મ | વિશેષાધિક | ૨૫ના બંધકને |

(૯)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| પર્યાપ્ત | અલ્પ | ૩૦ના બંધકને |
| અપર્યાપ્ત | વિશેષાધિક | ૨૫ના બંધકને |

(૧૦)

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| પ્રત્યેક | અલ્પ | ૩૦ના બંધકને |
| સાધારણ | વિશેષાધિક | ૨૬ના બંધકને |

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિના મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૭૪માં પાના નં. ૬૯** ઉપર કહ્યું છે કે, 'આનુપૂર્વીનું જઘન્યપદે અલ્પબહુત્વ ગતિના જઘન્યપદના અલ્પબહુત્વની જેમ જાણવું.'

નામકર્મની શેષ પ્રકૃતિઓમાં અલ્પબહુત્વ નથી.□

(૭) **ગોત્ર** - અલ્પબહુત્વ નથી. (૭ના બંધકને ઉચ્ચગોત્ર-નીચગોત્રને પરસ્પર તુલ્ય દલિકો મળતા હોવાથી.)

(૮) **અંતરાય** - ઉત્કૃષ્ટપદના અલ્પબહુત્વની જેમ.

પ્રદેશબંધના સાદ્યાદિ ભાંગા અને સ્વામિત્વ પાંચમા કર્મગ્રન્થમાંથી જાણી લેવા.

---

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિના મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૭૪માં પાના નં. ૭૦-૭૧** ઉપર કહ્યું છે કે, 'વર્ણાદિ ૨૦માં જઘન્યપદે અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદના અલ્પબહુત્વની જેમ સંભવી શકે, પણ ચૂર્ણિકારે ન કહ્યું હોવાથી સંભવતું નહીં હોય. અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, જિન - આ પ્રકૃતિઓ અપ્રતિપક્ષી હોવાથી અલ્પબહુત્વ નથી. આતપ-ઉદ્યોતનું જઘન્યપદે અલ્પબહુત્વ આ રીતે સંભવી શકે -

| પ્રકૃતિ | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| ઉદ્યોત | અલ્પ | ૩૦ના બંધકને |
| આતપ | વિશેષાધિક | ૨૬ના બંધકને |

છતાં ચૂર્ણિકારે કોઈપણ કારણથી તેની વિવક્ષા કરી નથી. શેષ ૨૬ પ્રકૃતિઓના જઘન્યપદે પ્રદેશ પ્રતિપક્ષી પ્રકૃતિની તુલ્ય હોવાથી તેમાં અલ્પબહુત્વ નથી.'

# રસબંધ

રસબંધ કાષાયિક અધ્યવસાયથી થાય છે. તે કાષાયિક અધ્યવસાયો બે પ્રકારના છે - શુભ અને અશુભ. શુભ અધ્યવસાયથી શુભ રસ બંધાય છે. અશુભ અધ્યવસાયથી અશુભ રસ બંધાય છે. શુભ અધ્યવસાયો અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા છે. અશુભ અધ્યવસાયો પણ અસંખ્યલોકાકાશપ્રદેશ જેટલા છે. અશુભ અધ્યવસાયો કરતા શુભ અધ્યવસાયો વિશેષાધિક છે, એટલે કે ક્ષપકશ્રેણિના અધ્યવસાયો જેટલા અધિક છે. ક્ષપકશ્રેણિના અધ્યવસાયો શુભ જ છે. શેષ અધ્યવસાયો વિશુદ્ધિવાળા ચઢતા જીવની અપેક્ષાએ શુભ છે, સંક્લેશવાળા પડતા જીવની અપેક્ષાએ અશુભ છે. તેથી શુભ અધ્યવસાયો અશુભ અધ્યવસાયો કરતા ક્ષપકશ્રેણિના અધ્યવસાયો જેટલા અધિક છે.

કર્મવર્ગણામાં રહેલા કર્મપરમાણુઓ નીરસ અને એકસરખા હોય છે. જીવ જે સમયે તેમને ગ્રહણ કરે છે તે જ સમયે તેમાં વિચિત્ર સ્વભાવ અને કાષાયિક અધ્યવસાયથી રસ પેદા કરે છે. અહીં ૧૪ દ્વારો છે. તે આ પ્રમાણે છે -

(૧) **અવિભાગ** - જીવે કર્મપરમાણુમાં પેદા કરેલ રસને કેવળીની બુદ્ધિથી છેદતા જેના બે વિભાગ ન થાય તેવો રસનો અંશ તે રસનો અવિભાગ (રસાણુ) છે. જઘન્યથી પણ દરેક કર્મપરમાણુમાં સર્વ જીવ કરતા અનંતગુણ રસના અવિભાગ હોય છે. જીવ બધા કર્મપરમાણુમાં રસના ભિન્ન ભિન્ન અવિભાગ પેદા કરે છે, સરખા નહીં. ઓછા રસવાળા પરમાણુ ઘણા છે. વધુ રસવાળા પરમાણુ ઓછા છે.

(૨) **વર્ગણા** - સૌથી અલ્પ રસના અવિભાગવાળા કર્મપરમાણુઓનો સમુદાય તે પહેલી વર્ગણા છે. ત્યાર પછી એકોત્તરવૃદ્ધિવાળા રસના અવિભાગવાળા અલ્પ-અલ્પ પરમાણુઓની અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ છે. પ્રથમ વર્ગણામાં કર્મપરમાણુ સૌથી વધુ છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ વર્ગણા સુધી ઉત્તરોત્તર વર્ગણામાં વિશેષહીન વિશેષહીન કર્મપરમાણુ છે.

(૩) **સ્પર્ધક** - અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક છે.


(૪) **અંતર** - પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણા પછી એકોત્તરવૃદ્ધિવાળા રસના અવિભાગવાળા પરમાણુઓની વર્ગણા મળતી નથી, પણ સર્વ જીવ કરતા અનંતગુણ જેટલા અધિક અવિભાગવાળા પરમાણુઓની વર્ગણા મળે છે. તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા છે. પહેલા સ્પર્ધકની ચરમ વર્ગણા અને બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા વચ્ચે સર્વ જીવ કરતા અનંતગુણ રસના અવિભાગોનું અંતર છે. બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા પછી એકોત્તરવૃદ્ધિવાળા રસના અવિભાગવાળા પરમાણુની અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓ છે. તેમનો સમુદાય તે બીજુ સ્પર્ધક. ત્યાર પછી પૂર્વે કહ્યા પ્રમાણે અંતર, ત્રીજુ સ્પર્ધક, અંતર, ચોથું સ્પર્ધક... જાણવા.

(૫) **રસબંધસ્થાન** - એક કાષાયિક અધ્યવસાયસ્થાનથી ગ્રહણ કરાયેલા કર્મપરમાણુઓના રસસ્પર્ધકોનો સમુદાય તે એક રસબંધસ્થાન છે. અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા સ્પર્ધકોનો સમુદાય તે જઘન્ય રસબંધસ્થાન છે.

(૬) **કંડક** - પહેલા રસબંધસ્થાનના ચરમ સ્પર્ધકની ચરમ વર્ગણાના પરમાણુ અને બીજા રસબંધસ્થાનના પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણાના પરમાણુ વચ્ચે સર્વ જીવ કરતા અનંતગુણ અવિભાગોનું અંતર છે. એમ આગળના રસબંધસ્થાનોમાં પણ જાણવું. પહેલા રસબંધસ્થાન કરતા બીજા રસબંધસ્થાનમાં અનંતભાગઅધિક સ્પર્ધકો છે. એમ ઉત્તરોત્તર અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનો અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ છે. તેમનો સમુદાય તે એક કંડક છે.

(૭) **ષટ્સ્થાનક** - ઉત્તરોત્તર અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો પછી અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ રસબંધસ્થાન છે. ત્યાર પછી અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ બીજું રસબંધસ્થાન છે. આ ક્રમે અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ પહેલું રસબંધસ્થાન છે. ત્યાર પછી પહેલા સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી બીજું સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ રસબંધસ્થાન છે. આ ક્રમે સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી પહેલા સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ પહેલું રસબંધસ્થાન છે. ત્યાર પછી પહેલા સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી

## રસબંધસ્થાનની સ્થાપના



સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ બીજું રસબંધસ્થાન છે. આ ક્રમે સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા પહેલા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી અસંખ્યગુણ-અધિક સ્પર્ધકોવાળુ પહેલું રસબંધસ્થાન છે. ત્યાર પછી પહેલા અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળુ બીજું રસબંધસ્થાન છે. આ ક્રમે અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી પ્રથમ અસંખ્યગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી અનંતગુણઅધિક સ્પર્ધકોવાળુ પહેલું રસબંધસ્થાન છે. ત્યાર પછી અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા પહેલા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. ત્યાર પછી અનંતગુણઅધિક સ્પર્ધકોવાળું બીજું રસબંધસ્થાન છે. આ ક્રમે અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા કંડક પ્રમાણ રસબંધસ્થાનો છે. ત્યાર પછી અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા પ્રથમ રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો છે. અહીં એક ષટ્સ્થાનક પૂર્ણ થાય છે. રસબંધસ્થાનોમાં ષટ્સ્થાનકની સ્થાપના પૂર્વે બતાવેલ શરીરસ્થાનોના ષટ્સ્થાનકની સ્થાપનાની જેમ જાણવી.

અહીં અનંતભાગવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિમાં અનંત એટલે સર્વ જીવ પ્રમાણ અનંત સમજવું, અસંખ્યાતભાગવૃદ્ધિ અને અસંખ્યગુણવૃદ્ધિમાં અસંખ્ય એટલે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અસંખ્ય સમજવું, સંખ્યાતભાગવૃદ્ધિ અને સંખ્યાતગુણવૃદ્ધિમાં સંખ્યાત એટલે ઉત્કૃષ્ટ સંખ્યાત સમજવું.

પહેલા ષટ્સ્થાનક પછી એ જ ક્રમે બીજું ષટ્સ્થાનક છે. એમ અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ ષટ્સ્થાનકો છે.

પ્રથમ રસબંધસ્થાનમાં અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્ધકો છે. તેને સર્વ જીવ પ્રમાણ અનંતથી ભાગી ન શકાય. એમ અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના બધા રસબંધસ્થાનોના સ્પર્ધકોને સર્વ જીવ પ્રમાણ અનંતથી ભાગી ન શકાય. તેથી અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનો ન મળે. છતાં અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પછીના રસબંધસ્થાનોમાં, બીજા વગેરે ષટ્સ્થાનકોના રસબંધસ્થાનોમાં અને સંયમશ્રેણિ વગેરેના ષટ્સ્થાનકોમાં સ્પર્ધકોને સર્વ જીવ પ્રમાણ અનંતથી ભાગી શકાય છે. આ ષટ્સ્થાનકપ્રરૂપણા સંયમશ્રેણિ વગેરેમાં રહેલા ષટ્સ્થાનકોમાં પણ વ્યાપક છે. તેથી બહુલતાએ બધા સ્થાનોના સ્પર્ધકોને સર્વ જીવ પ્રમાણ અનંતથી ભાગી શકાય છે. તેથી ત્યાં અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા સ્થાનો મળે છે. રસબંધના પ્રથમ ષટ્સ્થાનકના અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાનોના સ્પર્ધકોને જઘન્ય અનંતથી ભાગવા. એ રીતે ત્યાં પણ અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધસ્થાનો મળે છે.

(૮) **અધસ્તનપ્રરૂપણા** - વિવક્ષિતસ્થાનની નીચેના સ્થાનોની પ્રરૂપણા તે અધસ્તનપ્રરૂપણા.

**અનંતર માર્ગણા** - પ્રથમ અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનની નીચે કંડક પ્રમાણ અનંતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ સંખ્યાતભાગ-વૃદ્ધસ્થાનની નીચે કંડક પ્રમાણ અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક પ્રમાણ સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો

છે. પ્રથમ અસંખ્યગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક પ્રમાણ સંખ્યાતગુણ-વૃદ્ધસ્થાનો છે. પ્રથમ અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક પ્રમાણ અસંખ્યગુણવૃદ્ધસ્થાનો છે.

**એકાન્તરિત માર્ગણા** - પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધસ્થાનની નીચે □કંડક$^2$ + કંડક પ્રમાણ અનંતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક$^2$ + કંડક પ્રમાણ અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ અસંખ્યગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક$^2$ + કંડક પ્રમાણ સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક$^2$ + કંડક પ્રમાણ સંખ્યાતગુણવૃદ્ધસ્થાનો છે.

**દ્વયન્તરિત માર્ગણા** - પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધસ્થાનની નીચે ∆કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક પ્રમાણ અનંતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ અસંખ્યગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક પ્રમાણ અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક પ્રમાણ સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો છે.

**ત્ર્યન્તરિતમાર્ગણા** - પ્રથમ અસંખ્યગુણવૃદ્ધસ્થાનની નીચે ⊙કંડક$^4$ + ૩ કંડક$^3$ + ૩ કંડક$^2$ + કંડક પ્રમાણ અનંતભાગવૃદ્ધસ્થાનો છે. પ્રથમ અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે કંડક$^4$ + ૩ કંડક$^3$ + ૩ કંડક$^2$ + કંડક પ્રમાણ અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો છે.

---

□ કંડક X (કંડક) + કંડક = કંડક$^2$ + કંડક

∆ કંડક X (કંડક$^2$ + કંડક) + કંડક$^2$ + કંડક = કંડક$^3$ + કંડક$^2$ + કંડક$^2$ + કંડક = કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક

⊙ કંડક X (કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક) + કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક = કંડક$^4$ + ૨ કંડક$^3$ + કંડક$^2$ + કંડક$^3$ + ૨ કંડક$^2$ + કંડક = કંડક$^4$ + ૩ કંડક$^3$ + ૩ કંડક$^2$ + કંડક

**ચતુરન્તરિતમાર્ગણા** - પ્રથમ અનંતગુણવૃદ્ધસ્થાનની નીચે □કંડક$^{૫}$ + ૪ કંડક$^{૪}$ + ૬ કંડક$^{૩}$ + ૪ કંડક$^{૨}$ + કંડક પ્રમાણ અનંતભાગવૃદ્ધસ્થાનો છે.

## (૯) વૃદ્ધિ-હાનિ -

### રસબંધસ્થાનોની વૃદ્ધિ-હાનિનો જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ

| ક્રમ | રસબંધસ્થાનોની વૃદ્ધિ-હાનિ | જઘન્યકાળ | ઉત્કૃષ્ટકાળ |
|---|---|---|---|
| ૧ | અનંતગુણવૃદ્ધિ | ૧ સમય | અંતર્મુહૂર્ત$^{\Delta}$ |
| ૨ | અસંખ્યગુણવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૩ | સંખ્યાતગુણવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૪ | સંખ્યાતભાગવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૫ | અસંખ્યાતભાગવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૬ | અનંતભાગવૃદ્ધિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૭ | અનંતગુણહાનિ | ૧ સમય | અંતર્મુહૂર્ત$^{\Delta}$ |
| ૮ | અસંખ્યગુણહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૯ | સંખ્યાતગુણહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |

□ કંડક x (કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક) + કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૫}$ + ૩ કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + કંડક$^{૨}$ + કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૫}$ + ૪ કંડક$^{૪}$ + ૬ કંડક$^{૩}$ + ૪ કંડક$^{૨}$ + કંડક

$\Delta$ સમ્યક્ત્વ પામતા અનંતગુણવૃદ્ધિ હોય અને સમ્યક્ત્વ વમતા અનંતગુણહાનિ હોય, માટે ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત કહ્યો છે.

| ક્રમ | રસબંધસ્થાનોની વૃદ્ધિ-હાનિ | જઘન્યકાળ | ઉત્કૃષ્ટકાળ |
|---|---|---|---|
| ૧૦ | સંખ્યાતભાગહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૧૧ | અસંખ્યાતભાગહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |
| ૧૨ | અનંતભાગહાનિ | ૧ સમય | આવલિકા/અસંખ્ય |

(૧૦) **સમય** - પ્રથમ રસબંધસ્થાનથી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૪ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૫ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૭ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૮ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૭ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૫ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૪ સમય સુધી હોય છે. ત્યાર પછીના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૩ સમય સુધી હોય છે. ત્યાર પછીના

અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨ સમય સુધી હોય છે.

**(૧૧) યવમધ્ય** - ૮ સમયવાળા રસબંધસ્થાનો તે યવમધ્ય છે.

**આનુપૂર્વીથી** - નીચેના ૪ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા નીચેના ૫ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. નીચેના ૫ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા નીચેના ૬ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. નીચેના ૬ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા નીચેના ૭ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. નીચેના ૭ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ૮ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. ૮ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ઉપરના ૭ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. ઉપરના ૭ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ઉપરના ૬ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. ઉપરના ૬ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ઉપરના ૫ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. ઉપરના ૫ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ઉપરના ૪ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. ઉપરના ૪ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ૩ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે. ૩ સમયવાળા ચરમ રસબંધસ્થાન કરતા ૨ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ છે.

**પશ્ચાનુપૂર્વીથી** - ૨ સમયવાળા પ્રથમ રસબંધસ્થાનો કરતા ૩ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. ૩ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા ઉપરના ૪ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. ઉપરના ૪ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા ઉપરના ૫ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. ઉપરના ૫ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા ઉપરના ૬

સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. ઉપરના ૬ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા ઉપરના ૭ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. ઉપરના ૭ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા ૮ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. ૮ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા નીચેના ૭ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. નીચેના ૭ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા નીચેના ૬ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. નીચેના ૬ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા નીચેના ૫ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે. નીચેના ૫ સમયવાળા પ્રથમ રસબંધસ્થાન કરતા નીચેના ૪ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન છે.

આમ નીચેના ૪ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણહીન જ છે. ૨ સમયવાળા બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ જ છે. શેષ નીચેના ૫ સમયવાળા રસબંધસ્થાનોથી ઉપરના ૩ સમયવાળા રસબંધસ્થાનો સુધીના બધા રસબંધસ્થાનો અનંતગુણવૃદ્ધ પણ છે અને અનંતગુણહીન પણ છે.

**અલ્પબહુત્વ** -

| **રસબંધસ્થાનો** | **અલ્પબહુત્વ** |
|---|---|
| ૮ સમયવાળા રસબંધસ્થાનો | સૌથી થોડા |
| બંને બાજુના ૭ સમયવાળા રસબંધસ્થાનો | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| બંને બાજુના ૬ સમયવાળા રસબંધસ્થાનો | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| બંને બાજુના ૫ સમયવાળા રસબંધસ્થાનો | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| બંને બાજુના ૪ સમયવાળા રસબંધસ્થાનો | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) |
| ૩ સમયવાળા રસબંધસ્થાનો | અસંખ્યગુણ |
| ૨ સમયવાળા રસબંધસ્થાનો | અસંખ્યગુણ |

□**રસબંધસ્થાનોની સંખ્યા** - ૧ સમયમાં સૂક્ષ્મ અગ્નિકાયમાં ઉત્પન્ન થતા જીવો થોડા છે. તે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ છે. તેના કરતા અગ્નિકાયમાં પૂર્વે ઉત્પન્ન થયેલા જીવો અસંખ્યગુણ છે. તેના કરતા અગ્નિકાયની કાયસ્થિતિ અસંખ્યગુણ છે. તેના કરતા રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

**(૧૨) ઓજો-યુગ્મ** - ઓજ એટલે એકી સંખ્યા. યુગ્મ એટલે બેકી સંખ્યા. જે સંખ્યાને ૪ થી ભાગતા શેષ ૧ રહે તે સંખ્યાને કલ્યોજ કહેવાય છે. દા.ત., ૧૩. જે સંખ્યાને ૪ થી ભાગતા શેષ ૨ રહે તે સંખ્યાને દ્વાપરયુગ્મ કહેવાય છે. દા.ત., ૧૪. જે સંખ્યાને ૪ થી ભાગતા શેષ ૩ રહે તે સંખ્યાને ત્રેતૌજ (ત્ર્યોજ) કહેવાય છે. દા.ત., ૧૫. જે સંખ્યાને ૪ થી ભાગતા શેષ ૦ રહે તે સંખ્યાને કૃતયુગ્મ કહેવાય છે. દા.ત., ૧૬.

રસના અવિભાગ$^{\Delta}$, રસબંધસ્થાન અને કંડકની સંખ્યા કૃતયુગ્મ સંખ્યા છે.

**(૧૩) પર્યવસાન** - રસબંધના ષટ્સ્થાનકમાં પૂર્વે કહ્યા મુજબ અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનો ૧ કંડક પ્રમાણ થયા પછી મૂળથી પ્રથમ અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનો ફરી આવે. ત્યાં ષટ્સ્થાનક પૂરું થાય છે. ષટ્સ્થાનકનું ચરમ રસબંધસ્થાન તે અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાન છે. તેને ષટ્સ્થાનકનું પર્યવસાન કહેવાય છે. પછી પછીના ષટ્સ્થાનકનું

□ રસબંધસ્થાનોના ઉત્કૃષ્ટકાળની અપેક્ષાએ યવની આકૃતિની સ્થાપના અને રસબંધસ્થાનોની સંખ્યાની અપેક્ષાએ વજ્રની આકૃતિની સ્થાપના પૂર્વે યોગસ્થાનમાં બતાવેલ યવની આકૃતિની સ્થાપના અને વજ્રની આકૃતિની સ્થાપના પ્રમાણે જાણવી.

Δ અહીં રસના અવિભાગોનો અર્થ એક વર્ગણામાં રહેલા કુલ રસના અવિભાગો અને એક રસબંધસ્થાનમાં રહેલા કુલ રસના અવિભાગો એવો સંભવે છે.

પ્રથમ રસબંધસ્થાન પૂર્વ પૂર્વ ષટ્સ્થાનકના ચરમ રસબંધસ્થાન કરતા અનંતભાગવૃદ્ધ હોય છે. (કેટલાક અનંતગુણવૃદ્ધ કહે છે.)

**(૧૪) અલ્પબહુત્વ** - તે બે રીતે છે -

(૧) **અનંતરોપનિધાથી અલ્પબહુત્વ** - પૂર્વ પૂર્વ રસબંધસ્થાનોની અપેક્ષાએ ઉત્તરોત્તર છ પ્રકારની વૃદ્ધિવાળા રસબંધસ્થાનોનું અલ્પબહુત્વ તે અનંતરોપનિધાથી અલ્પબહુત્વ છે.

એક ષટ્સ્થાનકમાં અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનો કંડક પ્રમાણ છે.

એક ષટ્સ્થાનકમાં અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાનો કંડક x (કંડક) + કંડક = કંડક$^{૨}$ + કંડક પ્રમાણ છે.

એક ષટ્સ્થાનકમાં સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનો કંડક x (કંડક$^{૨}$ + કંડક) + કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૩}$ + કંડક$^{૨}$ + કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૩}$ + ૨ કંડક$^{૨}$ + કંડક પ્રમાણ છે.

એક ષટ્સ્થાનકમાં સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કંડક x (કંડક$^{૩}$ + ૨ કંડક$^{૨}$ + કંડક) + કંડક$^{૩}$ + ૨ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૪}$ + ૨ કંડક$^{૩}$ + કંડક$^{૨}$ + કંડક$^{૩}$ + ૨ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક પ્રમાણ છે.

એક ષટ્સ્થાનકમાં અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કંડક x (કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક) + કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૫}$ + ૩ કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + કંડક$^{૨}$ + કંડક$^{૪}$ + ૩ કંડક$^{૩}$ + ૩ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૫}$ + ૪ કંડક$^{૪}$ + ૬ કંડક$^{૩}$ + ૪ કંડક$^{૨}$ + કંડક પ્રમાણ છે.

એક ષટ્સ્થાનકમાં અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કંડક x (કંડક$^{૫}$ + ૪ કંડક$^{૪}$ + ૬ કંડક$^{૩}$ + ૪ કંડક$^{૨}$ + કંડક) + કંડક$^{૫}$ + ૪ કંડક$^{૪}$ + ૬ કંડક$^{૩}$ + ૪ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૬}$ + ૪ કંડક$^{૫}$ +

૬ કંડક$^{૪}$ + ૪ કંડક$^{૩}$ + કંડક$^{૨}$ + કંડક$^{૫}$ + ૪ કંડક$^{૪}$ + ૬ કંડક$^{૩}$ + ૪ કંડક$^{૨}$ + કંડક = કંડક$^{૬}$ + ૫ કંડક$^{૫}$ + ૧૦ કંડક$^{૪}$ + ૧૦ કંડક$^{૩}$ + ૫ કંડક$^{૨}$ + કંડક પ્રમાણ છે.

**એક ષટ્સ્થાનકના રસબંધસ્થાનોનું અનંતરોપનિધાથી અલ્પબહુત્વ -**

| એક ષટ્સ્થાનકના રસબંધસ્થાનો | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| અનંતગુણવૃદ્ધસ્થાનો | સૌથી થોડા | કંડક પ્રમાણ હોવાથી |
| અસંખ્યગુણવૃદ્ધસ્થાનો | અસંખ્યગુણ | કંડક + ૧ ગુણા હોવાથી |
| સંખ્યાતગુણવૃદ્ધસ્થાનો | અસંખ્યગુણ | કંડક + ૧ ગુણા હોવાથી |
| સંખ્યાતભાગવૃદ્ધસ્થાનો | અસંખ્યગુણ | કંડક + ૧ ગુણા હોવાથી |
| અસંખ્યાતભાગવૃદ્ધસ્થાનો | અસંખ્યગુણ | કંડક + ૧ ગુણા હોવાથી |
| અનંતભાગવૃદ્ધસ્થાનો | અસંખ્યગુણ | કંડક + ૧ ગુણા હોવાથી |

(૨) **પરંપરોપનિધાથી અલ્પબહુત્વ** - પ્રથમ રસબંધસ્થાનની અપેક્ષાએ છ પ્રકારની વૃદ્ધિવાળા રસબંધસ્થાનોનું અલ્પબહુત્વ તે પરંપરોપનિધાથી અલ્પબહુત્વ છે.

પ્રથમ રસબંધસ્થાનની અપેક્ષાએ ત્યાર પછીના (કંડક–૧) રસબંધસ્થાનો અનંતભાગવૃદ્ધ છે. તે સૌથી થોડા છે.

પ્રથમ અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનથી માંડીને પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના બધા રસબંધસ્થાનો પ્રથમ રસબંધસ્થાનની અપેક્ષાએ અસંખ્યાતભાગવૃદ્ધ છે. પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનની પૂર્વે કંડક પ્રમાણ મૂળ અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો છે અને કંડક$^{૨}$ + કંડક પ્રમાણ મૂળ અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો છે. વળી પરંપરોપનિધાથી

અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો (કંડક—૧) પ્રમાણ છે. પહેલા રસબંધસ્થાનની અપેક્ષાએ વિચારણા થતી હોવાથી પહેલા રસબંધસ્થાનની પણ ગણતરી કરવાની નથી. તેથી પરંપરોપનિધાથી અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો (કંડક$^{૨}$ + કંડક) + કંડક – કંડક = કંડક$^{૨}$ + કંડક = કંડક (કંડક + ૧) પ્રમાણ છે. તેથી પરંપરોપનિધાથી અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કરતા પરંપરોપનિધાથી અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો અસંખ્યગુણ છે. $\left[\frac{\text{કંડક (કંડક} \quad \text{૧)}}{\text{(કંડક} \quad \text{૧)}} \text{ ગુણ છે.}\right]$

પ્રથમ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનથી માંડીને ઉત્કૃષ્ટ સંખ્યાતમા મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનની પૂર્વેના રસબંધસ્થાન સુધીના બધા રસબંધસ્થાનો પ્રથમ રસબંધસ્થાનની અપેક્ષાએ સંખ્યાતભાગવૃદ્ધ છે. આ રસબંધસ્થાનોમાં ઉત્કૃષ્ટ સંખ્યાત—૧ જેટલા મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો છે, (ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x કંડક જેટલા મૂળ અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો છે અને (ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x કંડક x (કંડક + ૧) જેટલા મૂળ અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો છે. તેથી પરંપરોપનિધાથી સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો (ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) + [(ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x કંડક] + [(ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x કંડક x (કંડક + ૧)] = (ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) + [(ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x કંડક] + [(ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x (કંડક$^{૨}$ + કંડક)] = (ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x (૧ + કંડક + કંડક$^{૨}$ + કંડક) = (ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x (કંડક$^{૨}$ + ૨ કંડક + ૧) = [(ઉત્કૃષ્ટ સંખ્યાત—૧) x (કંડક + ૧)$^{૨}$] પ્રમાણ છે.

પરંપરોપનિધાથી અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કંડક x (કંડક +૧) જેટલા છે. તેથી પરંપરોપનિધાથી અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કરતા પરંપરોપનિધાથી સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો સંખ્યાતગુણ છે, એટલે કે

$$\left[\frac{(\text{ઉત્કૃષ્ટ સંખ્યાત}-૧) \times (\text{કંડક} + ૧)^{૨}}{\text{કંડક}\ (\text{કંડક} + ૧)} \text{ ગુણ} = \frac{(\text{ઉત્કૃષ્ટ સંખ્યાત}-૧) \times (\text{કંડક} + ૧)}{\text{કંડક}} \text{ ગુણ છે.}\right]$$

પ્રથમ મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનથી માંડીને ઉત્કૃષ્ટ સંખ્યાતમુ મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન એ પ્રથમ રસબંધસ્થાન કરતા સાધિકદ્વિગુણવૃદ્ધ છે. ત્યાર પછી ફરી ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન જઈને છેલ્લુ (ઉત્કૃષ્ટ સંખ્યાતમુ) મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન એ પ્રથમ રસબંધસ્થાન કરતા સાધિકત્રિગુણવૃદ્ધ છે. ત્યાર પછી ફરી ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન જઈને છેલ્લુ (ઉત્કૃષ્ટ સંખ્યાતમુ) મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન એ પ્રથમ રસબંધસ્થાન કરતા સાધિકચતુર્ગુણવૃદ્ધ છે. એમ ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો જઈ-જઈને છેલ્લા (ઉત્કૃષ્ટ સંખ્યાતમા) મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો પ્રથમ રસબંધસ્થાન કરતા સાધિકપાંચગુણવૃદ્ધ, સાધિકછગુણવૃદ્ધ વગેરે ત્યાં સુધી જાણવા યાવત્ પ્રથમ રસબંધસ્થાન કરતા ઉત્કૃષ્ટસંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાન આવે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રમાણ મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન જઈને છેલ્લુ (ઉત્કૃષ્ટ સંખ્યાતમુ) મૂળ સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાન એ પ્રથમ રસબંધસ્થાન કરતા અસંખ્યગુણવૃદ્ધ છે. પરંપરોપનિધાથી પ્રથમ સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનથી માંડીને પરંપરોપનિધાથી છેલ્લા સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાન સુધીના બધા રસબંધસ્થાનો પરંપરોપનિધાથી સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનો છે. માટે પરંપરોપનિધાથી સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો કરતા પરંપરોપનિધાથી સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનો સંખ્યાતગુણ છે.

પરંપરોપનિધાથી પ્રથમ અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાન પછીના મૂળ પ્રથમ અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનની પહેલાના બધા અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો, અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો, સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો, સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનો, અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાનો એ પરંપરોપનિધાથી અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાનો છે. તેથી પરંપરોપનિધાથી સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનો કરતા પરંપરોપનિધાથી અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

મૂળ પ્રથમ અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનથી માંડીને ષટ્સ્થાનકની સમાપ્તિ સુધીના બધા રસબંધસ્થાનો પ્રથમ રસબંધસ્થાનની અપેક્ષાએ અનંતગુણવૃદ્ધ છે. મૂળ પ્રથમ અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનની પહેલા જેટલા રસબંધસ્થાનો પસાર થયા તેટલા રસબંધસ્થાનો દરેક મૂળ અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનના આંતરામાં છે. આ આંતરા કંડક પ્રમાણ છે. તેથી પરંપરોપનિધાથી અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાનો કરતા પરંપરોપનિધાથી અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

**એક ષટ્સ્થાનકના રસબંધસ્થાનોનું પરંપરોપનિધાથી અલ્પબહુત્વ-**

| **એક ષટ્સ્થાનકના રસબંધસ્થાનો** | **અલ્પબહુત્વ** |
|---|---|
| અનંતભાગવૃદ્ધ રસબંધસ્થાનો | સૌથી થોડા |
| અસંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો | અસંખ્યગુણ |
| સંખ્યાતભાગવૃદ્ધ રસબંધસ્થાનો | સંખ્યાતગુણ |
| સંખ્યાતગુણવૃદ્ધ રસબંધસ્થાનો | સંખ્યાતગુણ |
| અસંખ્યગુણવૃદ્ધ રસબંધસ્થાનો | અસંખ્યગુણ |
| અનંતગુણવૃદ્ધ રસબંધસ્થાનો | અસંખ્યગુણ |

## રસબંધસ્થાનોને બાંધનારા જીવોની પ્રરૂપણા

અહીં ૮ દ્વારો છે. તે આ પ્રમાણે છે -

(૧) **દરેક રસબંધસ્થાનમાં જીવોનું પ્રમાણ** - સ્થાવર જીવોને બંધપ્રાયોગ્ય દરેક રસબંધસ્થાનને બાંધનારા અનંત સ્થાવર જીવો છે. ત્રસ જીવોને બંધપ્રાયોગ્ય દરેક રસબંધસ્થાનને બાંધનારા જઘન્યથી ૧ અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ ત્રસ જીવો છે.

(૨) **અંતર** - સ્થાવર જીવોને બંધપ્રાયોગ્ય બધા રસબંધસ્થાનો અસંખ્ય છે અને સ્થાવર જીવો અનંત છે. તેથી તે બધા રસબંધસ્થાનો હંમેશા સ્થાવરજીવો વડે બંધાય છે. તેથી તે રસબંધસ્થાનોમાં અંતર નથી. ત્રસ જીવોને બંધપ્રાયોગ્ય રસબંધસ્થાનોમાં જઘન્યથી ૧ રસબંધસ્થાનનું અને ઉત્કૃષ્ટથી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનોનું અંતર છે. (એટલે કે વિવક્ષિત સમયે એટલા રસબંધસ્થાનો બંધાતા નથી.)

(૩) **નિરંતર** - સ્થાવર જીવોને બંધપ્રાયોગ્ય બધા રસબંધસ્થાનો નિરંતર બંધાય છે. ત્રસજીવોને બંધપ્રાયોગ્ય રસબંધસ્થાનોમાં જઘન્યથી ૨ રસબંધસ્થાનો અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો પ્રમાણ રસબંધસ્થાનો નિરંતર બંધાય છે, કેમકે ત્રસ જીવો થોડા છે અને રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

(૪) **કાળ** - સ્થાવર જીવોને પ્રાયોગ્ય દરેક રસબંધસ્થાન ભિન્ન ભિન્ન સ્થાવર જીવો વડે નિરંતર બંધાય છે. ત્રસજીવોને પ્રાયોગ્ય દરેક રસબંધસ્થાન ભિન્ન ભિન્ન ત્રસ જીવો વડે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો સુધી નિરંતર બંધાય છે.

(૫) **વૃદ્ધિ** - તે બે રીતે છે -

**અનંતરોપનિધા** - જઘન્ય રસબંધસ્થાનથી ૮ સમયવાળા ચરમ રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનોને બાંધનારા જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ૮ સમયવાળા ચરમ રસબંધસ્થાનથી ૨ સમયવાળા ચરમ રસબંધસ્થાન સુધીના રસબંધસ્થાનોને બાંધનારા જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

**પરંપરોપનિધા** - જઘન્ય રસબંધસ્થાનથી અસંખ્યલોકાકાશ-પ્રદેશ પ્રમાણ રસબંધસ્થાન ઓળંગીને પછીના રસબંધસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણવૃદ્ધ (બમણા) છે. ફરી તેટલા રસબંધસ્થાન ઓળંગીને પછીના રસબંધસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણવૃદ્ધ છે. એમ ૮ સમયવાળા ચરમ રસબંધસ્થાન સુધી બંધક જીવોની દ્વિગુણવૃદ્ધિ કહેવી. ત્યાર પછી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાનો પછીના રસબંધસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણહીન (અડધા) છે. ત્યાર પછી ફરી તેટલા રસબંધસ્થાનો પછીના રસબંધસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણહીન છે. એમ પોતપોતાને (સ્થાવર જીવો અને ત્રસ જીવોને) પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ રસબંધસ્થાન સુધી બંધક જીવોની દ્વિગુણહાનિ કહેવી.

જો કે વિવક્ષિત સમયે ત્રસ જીવોને બંધ પ્રાયોગ્ય નિરંતર રસબંધસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમયો પ્રમાણ હોવાથી તેમને બાંધનારા ત્રસ જીવોની એક પણ દ્વિગુણવૃદ્ધિ કે દ્વિગુણહાનિ ઘટી ન શકે, કેમકે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાન ઓળંગીને પછીના રસબંધસ્થાનને બાંધનારા જીવો દ્વિગુણવૃદ્ધ કે દ્વિગુણહીન કહ્યા છે. પણ અહીં ત્રણે કાળના જીવોની અપેક્ષાએ દ્વિગુણવૃદ્ધિ કે દ્વિગુણહાનિની વિવક્ષા કરી છે. તેથી ત્રણે કાળની અપેક્ષાએ બધા રસબંધસ્થાનો ત્રસ જીવોને બંધ પ્રાયોગ્ય


બને. તેથી ત્રણે કાળની અપેક્ષાએ વિચારતા અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ રસબંધસ્થાન ઓળંગીને પછીના રસબંધસ્થાનને બાંધનારા જીવોની દ્વિગુણવૃદ્ધિ કે દ્વિગુણહાનિ ઘટી શકે.

ત્રસ જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોમાં દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો અને દ્વિગુણહીન રસબંધસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો પ્રમાણ છે.

સ્થાવર જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોમાં દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો અને દ્વિગુણહીન રસબંધસ્થાનો ત્રસ જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોના બે દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો કે બે દ્વિગુણહીન રસબંધસ્થાનોના આંતરામાં રહેલા રસબંધસ્થાનો કરતા અસંખ્યગુણ છે.

ત્રસ જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોમાં દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો અને દ્વિગુણહીન રસબંધસ્થાનો અલ્પ છે. તેના કરતા ત્રસ જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોના બે દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો કે બે દ્વિગુણહીન રસબંધસ્થાનોના આંતરામાં રહેલા રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

**રસબંધસ્થાન બાંધનાર જીવો**




**• • • = રસબંધસ્થાન બાંધનાર જીવો**

**આ યવની આકૃતિ રસબંધસ્થાન બાંધનારા જીવોની અપેક્ષાએ અને રસબંધસ્થાનને અવસ્થિત રહેવાના ઉત્કૃષ્ટકાળની અપેક્ષાએ છે.**

સ્થાવર જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોના બે દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો કે બે દ્વિગુણહીન રસબંધસ્થાનોના આંતરામાં રહેલા રસબંધસ્થાનો અલ્પ છે. તેના કરતા સ્થાવર જીવોને પ્રાયોગ્ય રસબંધસ્થાનોમાં દ્વિગુણવૃદ્ધ રસબંધસ્થાનો અને દ્વિગુણહીન રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

(૬) **યવમધ્ય** - ૮ સમયવાળા રસબંધસ્થાનો તે યવમધ્ય છે. તે શેષ બધા રસબંધસ્થાનોના અસંખ્યાતમા ભાગ જેટલા છે. યવમધ્યની નીચેના (૪ થી ૭ સમયવાળા) રસબંધસ્થાનો અલ્પ છે. તેના કરતા યવમધ્યની ઉપરના (૭ થી ૨ સમયવાળા) રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

એટલે કે, ૮ સમયવાળા રસબંધસ્થાનો અલ્પ છે. તેના કરતા યવમધ્યની નીચેના (૪ થી ૭ સમયવાળા) રસબંધસ્થાનો અસંખ્યગુણ છે. તેના કરતા યવમધ્યની ઉપરના (૭ થી ૨ સમયવાળા) રસબંધસ્થાનો અસંખ્યગુણ છે.

(૭) **સ્પર્શના** - એક જીવે ભૂતકાળમાં જે રસબંધસ્થાન જેટલો કાળ બાંધ્યું હોય તે જીવને આશ્રયીને તે રસબંધસ્થાનનો તેટલો સ્પર્શનાકાળ છે.

| સ્પર્શનાકાળ | અલ્પબહુત્વ |
|---|---|
| ભૂતકાળમાં એક જીવને ૨ સમયવાળા રસબંધસ્થાનોનો સ્પર્શનાકાળ | અલ્પ |
| ભૂતકાળમાં એક જીવને નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોનો સ્પર્શનાકાળ | અસંખ્યગુણ |
| ભૂતકાળમાં એક જીવને ઉપરના ૪ સમયવાળા રસબંધસ્થાનોનો સ્પર્શનાકાળ | તુલ્ય |
| ભૂતકાળમાં એક જીવને ૮ સમયવાળા રસબંધસ્થાનોનો સ્પર્શનાકાળ | અસંખ્યગુણ |

| **સ્પર્શનાકાળ** | **અલ્પબહુત્વ** |
|---|---|
| ભૂતકાળમાં એક જીવને ૩ સમયવાળા રસબંધસ્થાનોનો સ્પર્શનાકાળ | અસંખ્યગુણ |
| ભૂતકાળમાં એક જીવને નીચેના ૫, ૬, ૭ સમયવાળા રસબંધસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ | અસંખ્યગુણ (સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય) |
| ભૂતકાળમાં એક જીવને ઉપરના ૫, ૬, ૭ સમયવાળા રસબંધસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ | તુલ્ય (સ્વસ્થાનમાં પરસ્પર તુલ્ય) |
| ભૂતકાળમાં એક જીવને ઉપરના ૭ થી ૨ સમયવાળા રસબંધસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ | વિશેષાધિક |
| ભૂતકાળમાં એક જીવને □નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોથી ઉપરના ૫ સમયવાળા રસબંધસ્થાનો સુધીના રસબંધસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ | વિશેષાધિક |

□ **કર્મપ્રકૃતિ બંધનકરણની ગાથા ૫૧ અને તેની ચૂર્ણિમાં પાના નં. ૧૧૫** ઉપર અહીં કંડકની નીચેના રસબંધસ્થાનો વિશેષાધિક કહ્યા છે. **કર્મપ્રકૃતિ બંધનકરણની ગાથા ૫૧ની બંને ટીકાઓમાં** અહીં 'કંડકની નીચેના રસબંધસ્થાનો'નો અર્થ 'ઉપરના ૪ સમયવાળા રસબંધસ્થાનોના સમૂહરૂપ કંડકથી નીચેના રસબંધસ્થાનો' એવો કર્યો છે, એટલે કે નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોથી ઉપરના ૫ સમયવાળા રસબંધસ્થાનો સુધીના રસબંધસ્થાનો. **પંચસંગ્રહ બંધનકરણની ગાથા ૬૯માં પાના નં. ૧૨૯** ઉપર અહીં કંડકની નીચેના રસબંધસ્થાનો વિશેષાધિક કહ્યા છે. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૬૯ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૨૯** ઉપર 'કંડકની નીચેના રસબંધસ્થાનો'નો અર્થ

(પાના નં. ૧૧૮ ઉપર ચાલુ)

| સ્પર્શનાકાળ | અલ્પબહુત્વ |
|---|---|
| ભૂતકાળમાં ∆એક જીવને સર્વ રસબંધસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ | વિશેષાધિક |

(૮) **અલ્પબહુત્વ** - રસબંધસ્થાનોને બાંધનારા જીવોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| જીવો | અલ્પબહુત્વ |
|---|---|
| ૨ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | અલ્પ |
| નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | અસંખ્યગુણ |
| ઉપરના ૪ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | તુલ્ય |
| ૮ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | અસંખ્યગુણ |
| ૩ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | અસંખ્યગુણ |
| નીચેના ૫,૬,૭ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | અસંખ્યગુણ |

(પાના નં. ૧૧૭ની ફૂટનોટ ચાલુ)
'ઉપરના કંડકની નીચેના રસબંધસ્થાનો' એમ કહી એનો ભાવાર્થ 'જઘન્ય ૪, ૫, ૬, ૭, ૮ સમયવાળા રસબંધસ્થાનો' એમ કર્યો છે. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૬૯ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૫૭** ઉપર 'કંડકની નીચેના રસબંધસ્થાનો'નો અર્થ 'ઉપરના ૪ સમયવાળા રસબંધસ્થાનોના સમૂહરૂપ કંડકથી નીચેના રસબંધસ્થાનો' એમ કર્યો છે, એટલે કે નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોથી ઉપરના ૫ સમયવાળા રસબંધસ્થાનો સુધીના રસબંધસ્થાનો.

∆ જો ૪ સમયવાળા વગેરે રસબંધસ્થાનોમાં ત્રસયોગ્ય રસબંધસ્થાનો અને સ્થાવરયોગ્ય રસબંધસ્થાનો નિયત જ હોત તો સ્પર્શનાકાળના અલ્પબહુત્વમાં ત્રસયોગ્ય રસબંધસ્થાનોના સ્પર્શનાકાળથી સ્થાવરયોગ્ય રસબંધસ્થાનોનો સ્પર્શનાકાળ અનંતગુણ કહ્યો હોત. તે કહ્યો નથી, એ બતાવે છે કે ત્રસયોગ્ય રસબંધસ્થાનો અને સ્થાવરયોગ્ય રસબંધસ્થાનો નિયત નથી, પણ બધા રસબંધસ્થાનોને ત્રસ-સ્થાવર જીવો પોતપોતાની યોગ્યતાને અનુરૂપ બાંધે છે.

| જીવો | અલ્પબહુત્વ |
|---|---|
| ઉપરના ૫,૬,૭ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | તુલ્ય |
| ઉપરના ૭ થી ૨ સમયવાળા રસબંધસ્થાનોને બાંધનારા જીવો | વિશેષાધિક |
| □નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોથી ઉપરના ૫ સમયવાળા રસબંધસ્થાનો સુધીના રસબંધસ્થાનોને બાંધનારા જીવો | વિશેષાધિક |
| સર્વ રસબંધસ્થાનોને બાંધનારા જીવો | વિશેષાધિક |

## રસબંધના અધ્યવસાયસ્થાનો

જઘન્ય સ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી જેટલા સમય છે તેટલા સ્થિતિસ્થાનો છે. તેમને બાંધવામાં કારણભૂત અસંખ્યલોકાકાશપ્રદેશ-પ્રમાણ કષાયોદયસ્થાનો છે. તેમને સ્થિતિબંધઅધ્યવસાયસ્થાન કે

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૫૧માં પાના નં. ૧૧૫** ઉપર કહ્યું છે કે, 'રસબંધના અધ્યવસાયસ્થાનોમાં જીવોનું અલ્પબહુત્વ સ્પર્શનાકાળના અલ્પબહુત્વની સમાન છે.' **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૫૧ની ચૂર્ણિમાં પાના નં. ૧૧૬** ઉપર અહીં કંડકની નીચેના રસબંધસ્થાનોને બાંધનારા જીવો વિશેષાધિક કહ્યા છે. **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૫૧ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૧૬** ઉપર અહીં નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોથી માંડીને ઉપરના ૫ સમયવાળા રસબંધસ્થાનો સુધીના રસબંધસ્થાનોને બાંધનારા જીવો વિશેષાધિક કહ્યા છે. **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૫૧ની મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત ટીકામાં પાના નં. ૧૧૭** ઉપર અહીં કંડકની નીચેના બધા રસબંધસ્થાનો વિશેષાધિક કહ્યા છે, પણ કંડકની સ્પષ્ટ વ્યાખ્યા કરી નથી. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૭૦માં પાનાં નં. ૧૩૦** ઉપર કહ્યું છે કે, 'રસબંધસ્થાનોમાં જીવોનું અલ્પબહુત્વ સ્પર્શનાકાળના અલ્પબહુત્વની જેમ કહેવું.' **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૭૦ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૧૩૦** ઉપર અહીં ઉપરના કંડકની નીચેના રસબંધસ્થાનોને બાંધનારા જીવો વિશેષાધિક કહ્યા છે, પણ ત્યાં ઉપરના કંડકની સ્પષ્ટ વ્યાખ્યા કરી નથી. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૭૦ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૫૭** ઉપર અહીં નીચેના ૪ સમયવાળા રસબંધસ્થાનોથી માંડીને ઉપરના ૫ સમયવાળા રસબંધસ્થાનો સુધીના રસબંધસ્થઆનોને બાંધનારા જીવો વિશેષાધિક કહ્યા છે.

પરિણામસ્થાન પણ કહેવાય છે. દરેક સ્થિતિસ્થાનમાં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ કષાયોદયસ્થાન છે. દરેક કષાયોદયસ્થાનમાં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ કૃષ્ણાદિ લેશ્યાના પરિણામવિશેષરૂપ રસબંધના અધ્યવસાયસ્થાનો છે. તેમને રસબંધસ્થાન કે સંક્લેશ-વિશુદ્ધિસ્થાન પણ કહેવાય છે.

**કષાયોદયસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની વૃદ્ધિ -**

**અનંતરોપનિધા -**

૮૭□ **અશુભ પ્રકૃતિઓમાં** - જઘન્ય કષાયોદયસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો અલ્પ (અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ) છે. તેના કરતા બીજા કષાયોદયસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. તેના કરતા ત્રીજા કષાયોદયસ્થાનમાં રસ-બંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. એમ ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાન સુધી ઉત્તરોત્તર કષાયોદયસ્થાનમાં પૂર્વ-પૂર્વના કષાયોદયસ્થાન કરતા વિશેષાધિક રસબંધાધ્યવસાયસ્થાનો છે.


Δ૬૯ **શુભપ્રકૃતિઓમાં** - ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાનમાં રસ-બંધાધ્યવસાયસ્થાનો અલ્પ (અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ) છે. તેના કરતા દ્વિચરમ કષાયોદયસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો

---


□ ૮૭ અશુભ પ્રકૃતિઓ = જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, અસાતા, મિથ્યાત્વમોહનીય, કષાય ૧૬, નોકષાય ૯, નરકાયુષ્ય, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, છેલ્લા ૫ સંઘયણ, છેલ્લા ૫ સંસ્થાન, અશુભ વર્ણાદિ ૯, કુખગતિ, ઉપઘાત, સ્થાવર ૧૦, નીચગોત્ર, અંતરાય ૫. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધાતી ન હોવાથી તેમની અહીં ગણતરી કરી નથી.

Δ ૬૯ શુભ પ્રકૃતિઓ = સાતા, દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્ય ૨, દેવ ૨, પંચેન્દ્રિયજાતિ, શરીર ૫, અંગોપાંગ ૩, સંઘાતન ૫, બંધન ૧૫, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, શુભ વર્ણાદિ ૧૧, સુખગતિ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, જિન, ત્રસ ૧૦, ઉચ્ચગોત્ર.

## ૮૭ અશુભપ્રકૃતિઓમાં કષાયોદયસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો




## ૬૯ શુભપ્રકૃતિઓમાં કષાયોદયસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો



વિશેષાધિક છે. તેના કરતા ત્રિચરમ કષાયોદયસ્થાનમાં રસ-બંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. એમ જઘન્ય કષાયોદયસ્થાન સુધી પૂર્વ પૂર્વના કષાયોદયસ્થાનમાં ઉત્તરોત્તર કષાયોદયસ્થાન કરતા વિશેષાધિક રસબંધાધ્યવસાયસ્થાનો છે.

**પરંપરોપનિધા** -

**૮૭ અશુભપ્રકૃતિઓમાં** - જઘન્ય કષાયોદયસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા જઘન્ય કષાયોદયસ્થાનથી માંડીને અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાનો ઓળંગીને પછીના કષાયોદયસ્થાનમાં રહેલ રસબંધાધ્યવસાયસ્થાનો દ્વિગુણવૃદ્ધ (બમણા) છે. ત્યાર પછી ફરી તેટલા કષાયોદયસ્થાનો ઓળંગીને પછીના કષાયોદયસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો દ્વિગુણવૃદ્ધ છે. એમ ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાન સુધી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાનોના આંતરે આંતરે દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-સ્થાનોવાળા કષાયોદયસ્થાનો છે. દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-સ્થાનોવાળા કષાયોદયસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો પ્રમાણ છે. તે અલ્પ છે. તેના કરતા દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનોવાળા બે કષાયોદયસ્થાનોની વચ્ચેના કષાયોદયસ્થાનો અસંખ્યગુણ છે. (અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ હોવાથી.)

**૬૯ શુભપ્રકૃતિઓમાં** - ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાનની પૂર્વે અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાન ઓળંગીને પૂર્વેના કષાયોદયસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો દ્વિગુણવૃદ્ધ (બમણા) છે. ત્યાર પૂર્વે ફરી તેટલા કષાયોદયસ્થાનો ઓળંગીને

પૂર્વેના કષાયોદયસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો દ્વિગુણવૃદ્ધ છે. એમ જઘન્ય કષાયોદયસ્થાન સુધી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાનોના આંતરે આંતરે દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનોવાળા કષાયોદયસ્થાનો છે. દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનોવાળા કષાયોદયસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો પ્રમાણ છે. તે અલ્પ છે. તેના કરતા દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનોવાળા બે કષાયોદયસ્થાનોની વચ્ચેના કષાયોદયસ્થાનો અસંખ્યગુણ છે. (અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ હોવાથી.)


**સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની વૃદ્ધિ -**

**અનંતરોપનિધા -**


**આયુષ્ય વિના ૮૬ અશુભપ્રકૃતિઓમાં** - જઘન્ય સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો અલ્પ (અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ) છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. તેના કરતા ત્રીજા સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ-પૂર્વના સ્થિતિસ્થાન કરતા વિશેષાધિક રસબંધાધ્યવસાયસ્થાનો છે.

**આયુષ્ય વિના ૬૬ શુભપ્રકૃતિઓમાં** - ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો અલ્પ (અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ) છે. તેના કરતા દ્વિચરમ સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. તેના કરતા ત્રિચરમ સ્થિતિસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. એમ જઘન્ય સ્થિતિસ્થાન સુધી પૂર્વ-પૂર્વના સ્થિતિસ્થાનમાં ઉત્તરોત્તર સ્થિતિસ્થાન કરતા વિશેષાધિક રસબંધાધ્યવસાયસ્થાનો છે.

## આયુષ્ય વિના ૮૯ અશુભપ્રકૃતિના સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો




## આયુષ્ય વિના ૬૬ શુભપ્રકૃતિના સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો



પરંપરોપનિધા -

**આયુષ્ય વિના ૮૬ અશુભપ્રકૃતિઓમાં** - જઘન્ય સ્થિતિસ્થાનથી માંડીને □પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો ઓળંગીને પછીના સ્થિતિસ્થાનમાં જઘન્ય સ્થિતિસ્થાન કરતા દ્વિગુણવૃદ્ધ (બમણા) રસબંધાધ્યવસાયસ્થાનો છે. ત્યાર પછી ફરી તેટલા સ્થિતિસ્થાનો ઓળંગીને પછીના સ્થિતિસ્થાનમાં દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનો છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોના આંતરે આંતરે દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-સ્થાનોવાળા સ્થિતિસ્થાનો છે. દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનોવાળા સ્થિતિસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમયો પ્રમાણ છે. તે અલ્પ છે. તેના કરતા દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-સ્થાનોવાળા બે સ્થિતિસ્થાનોની વચ્ચેના સ્થિતિસ્થાનો અસંખ્યગુણ છે. (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી.)

**આયુષ્ય વિના ૬૬ શુભપ્રકૃતિઓમાં** - ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી માંડીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની પૂર્વેના સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન કરતા દ્વિગુણવૃદ્ધ (બમણા) રસબંધાધ્યવસાયસ્થાનો છે. ત્યાર પૂર્વે ફરી તેટલા સ્થિતિસ્થાનો ઓળંગી પૂર્વેના સ્થિતિસ્થાનમાં દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાયસ્થાનો છે. એમ જઘન્ય સ્થિતિસ્થાન સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોના આંતરે આંતરે દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-સ્થાનોવાળા સ્થિતિસ્થાનો છે. દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-


---

□ અહીં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ એટલે અદ્ધાપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સમજવો, ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ નહીં, કેમકે ક્ષેત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બધા સ્થિતિસ્થાનો કરતા અસંખ્યગુણ હોવાથી અહીં અનુપયોગી છે. અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં પણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીના સમયો જેટલા આકાશપ્રદેશો હોવાથી ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બધા સ્થિતિસ્થાનો કરતા અસંખ્યગુણ છે.

સ્થાનોવાળા સ્થિતિસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમયો પ્રમાણ છે. તે અલ્પ છે. તેના કરતા દ્વિગુણવૃદ્ધ રસબંધાધ્યવસાય-સ્થાનોવાળા બે સ્થિતિસ્થાનોની વચ્ચેના સ્થિતિસ્થાનો અસંખ્યગુણ છે. (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી)

**ચાર આયુષ્યના સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો** - ચારે આયુષ્યના જઘન્ય સ્થિતિસ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ-પૂર્વ સ્થિતિસ્થાન કરતા અસંખ્યગુણ રસબંધાધ્યવસાયસ્થાનો છે.

**ચાર આયુષ્યના સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો**




**રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ-**

પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોનું પછી પછીના સ્થિતિસ્થાનમાં ખેંચાવું તે રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ છે.

રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવા કર્મપ્રકૃતિઓના ચાર વિભાગ કરવા. તે આ પ્રમાણે -

(૧) **અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓ-૫૫** - ઘાતી ૪૫ (જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, મોહનીય ૨૬, અંતરાય ૫), ઉપઘાત, અશુભ વર્ણાદિ ૯ (કૃષ્ણવર્ણ, નીલવર્ણ, દુરભિગંધ, તિક્તરસ, કટુરસ, ગુરુસ્પર્શ, કર્કશસ્પર્શ, રૂક્ષસ્પર્શ, શીતસ્પર્શ)

(૨) **અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓ-૪૬** - શરીર ૫, સંઘાતન ૫, બંધન ૧૫, અંગોપાંગ ૩, શુભવર્ણાદિ ૧૧ (રક્તવર્ણ, પીતવર્ણ, શ્વેતવર્ણ, સુરભિગંધ, કષાયરસ, અમ્લરસ, મધુરરસ, લઘુસ્પર્શ, મૃદુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, ઉષ્ણસ્પર્શ), પરાઘાત, જિન, નિર્માણ, અગુરુલઘુ, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત.

(૩) **પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ-૧૬** - સાતા, દેવ ૨, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, સુખગતિ, સ્થિર ૬, ઉચ્ચગોત્ર.

(૪) **પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓ-૨૮** - અસાતા, નરક ૨, જાતિ ૪, છેલ્લા ૫ સંઘયણ, છેલ્લા ૫ સંસ્થાન, કુખગતિ, સ્થાવર ૧૦.

તિર્યંચ ૨, નીચગોત્ર, ત્રસ ૪ ની અનુકૃષ્ટિ અલગથી બતાવાશે. આયુષ્યમાં અનુકૃષ્ટિ નથી. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધાતી નથી. માટે આ બધી પ્રકૃતિઓની ઉપરના ચાર વિભાગમાં ગણતરી કરી નથી.

સાતા, મનુષ્ય ૨, દેવ ૨, તિર્યંચ ૨, પંચેન્દ્રિયજાતિ, ૧લુ સંઘયણ, ૧લુ સંસ્થાન, સુખગતિ, ત્રસ ૧૦, ગોત્ર ૨ = ૨૩ પ્રકૃતિઓ સિવાયની બધી પ્રકૃતિઓમાં ગ્રન્થિદેશે રહેલા અભવ્યના જઘન્ય સ્થિતિસ્થાનથી ઉપરના સ્થિતિસ્થાનોમાં અનુકૃષ્ટિ જાણવી, કેમકે અભવ્યના જઘન્ય સ્થિતિસ્થાનથી ઉપરના સ્થિતિસ્થાનો એક જીવની અપેક્ષાએ કાળભેદથી અને અનેકજીવની અપેક્ષાએ એક સમયે નિરંતર બંધાય છે. અભવ્યના જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના સ્થિતિસ્થાનો નિરંતર બંધાતા નથી, પણ તેમાં વચ્ચે મોટા મોટા આંતરા હોય છે. તેથી તેમને અહીં લીધા નથી. ઉપર કહેલી ૨૩ પ્રકૃતિઓની

અનુકૃષ્ટિ ગ્રન્થિદેશે રહેલા અભવ્યના જઘન્ય સ્થિતિસ્થાનથી નીચેના પોતાના જઘન્ય સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં પણ જાણવી.

**૫૫ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ -**

જઘન્ય સ્થિતિસ્થાનમાં મળતા રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો બીજા સ્થિતિસ્થાનમાં મળે છે. બીજા સ્થિતિસ્થાનમાં પહેલા સ્થિતિસ્થાનના છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. બીજા સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો ત્રીજા સ્થિતિસ્થાનમાં મળે છે. ત્રીજા સ્થિતિસ્થાનમાં બીજા સ્થિતિસ્થાનના છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક-એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. જઘન્ય સ્થિતિસ્થાનથી માંડીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં જઘન્ય સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. ત્યાર પછીના સ્થિતિસ્થાનમાં બીજા સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. ત્યાર પછીના સ્થિતિસ્થાનમાં ત્રીજા સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. આ રીતે પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. આ 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે. ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક છે.

## અસત્કલ્પનાએ ૫૫ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ (તદેકદેશ અન્યાનિ ચ)

| | | | | |
|---|---|---|---|---|
| ઉત્કૃષ્ટ → | ૧૫ | ૧૦૬ થી ૧૭૧ | ૬૬ | ← ૧૨મા |
| | ૧૪ | ૯૨ થી ૧૫૩ | ૬૨ | ← ૧૧મા |
| | ૧૩ | ૭૯ થી ૧૩૬ | ૫૮ | ← ૧૦મા |
| | ૧૨ | ૬૭ થી ૧૨૦ | ૫૪ | ← ૯મા |
| | ૧૧ | ૫૬ થી ૧૦૫ | ૫૦ | ← ૮મા |
| | ૧૦ | ૪૬ થી ૯૧ | ૪૬ | ← ૭મા |
| | ૯ | ૩૭ થી ૭૮ | ૪૨ | ← ૬ઠ્ઠા |
| | ૮ | ૨૯ થી ૬૬ | ૩૮ | ← ૫મા |
| | ૭ | ૨૨ થી ૫૫ | ૩૪ | ← ૪થા |
| | ૬ | ૧૬ થી ૪૫ | ૩૦ | ← ૩જા |
| | ૫ | ૧૧ થી ૩૬ | ૨૬ | ← ૨જા |
| | ૪ | ૭ થી ૨૮ | ૨૨ | ← ૧લા |
| | ૩ | ૪ થી ૨૧ | ૧૮ | |
| | ૨ | ૨ થી ૧૫ | ૧૪ | |
| જઘન્ય → | ૧ | ૧ થી ૧૦ | ૧૦ | |

(૧૨માથી ૧લા સુધી) સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાય-સ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

↑ સ્થિતિસ્થાનો

↑ રસબંધાધ્યવસાયસ્થાનો

↑ તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો (ઉત્તરોત્તર વિશેષાધિક)

$$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} = ૪$$

## ૪૬ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ -

ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં મળતા રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો

દ્વિચરમ સ્થિતિસ્થાનમાં મળે છે. દ્વિચરમ સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. દ્વિચરમ સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો ત્રિચરમ સ્થિતિસ્થાનમાં મળે છે. ત્રિચરમ સ્થિતિસ્થાનમાં દ્વિચરમ સ્થિતિસ્થાનના છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાય-સ્થાનો પણ મળે છે. એમ જઘન્ય સ્થિતિસ્થાન સુધી પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનમાં ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક-એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાય-સ્થાનો મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી માંડીને નીચે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. ત્યાર પૂર્વેના સ્થિતિસ્થાનમાં દ્વિચરમ સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. ત્યાર પૂર્વેના સ્થિતિસ્થાનમાં ત્રિચરમ સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. આ રીતે જઘન્ય સ્થિતિસ્થાન સુધી રસબંધાધ્યવસાય-સ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. આ 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે. ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો કરતા પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે.

## અસત્કલ્પનાએ ૪૬ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ (તદેકદેશ અન્યાનિ ચ)

| | સ્થિતિસ્થાનો | રસબંધાધ્યવસાયસ્થાનો | તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો (પૂર્વ પૂર્વમાં વિશેષાધિક) | |
|---|---|---|---|---|
| ઉત્કૃષ્ટ → | ૧૫ | ૧ થી ૧૦ | ૧૦ | |
| | ૧૪ | ૨ થી ૧૫ | ૧૪ | |
| | ૧૩ | ૪ થી ૨૧ | ૧૮ | |
| | ૧૨ | ૭ થી ૨૮ | ૨૨ | ← ૧૫મા |
| | ૧૧ | ૧૧ થી ૩૬ | ૨૬ | ← ૧૪મા |
| | ૧૦ | ૧૬ થી ૪૫ | ૩૦ | ← ૧૩મા |
| | ૯ | ૨૨ થી ૫૫ | ૩૪ | ← ૧૨મા |
| | ૮ | ૨૯ થી ૬૬ | ૩૮ | ← ૧૧મા |
| | ૭ | ૩૭ થી ૭૮ | ૪૨ | ← ૧૦મા |
| | ૬ | ૪૬ થી ૯૧ | ૪૬ | ← ૯મા |
| | ૫ | ૫૬ થી ૧૦૫ | ૫૦ | ← ૮મા |
| | ૪ | ૬૭ થી ૧૨૦ | ૫૪ | ← ૭મા |
| | ૩ | ૭૯ થી ૧૩૬ | ૫૮ | ← ૬ઠ્ઠા |
| | ૨ | ૯૨ થી ૧૫૩ | ૬૨ | ← ૫મા |
| જઘન્ય → | ૧ | ૧૦૬ થી ૧૭૧ | ૬૬ | ← ૪થા |

(← ૧૫મા થી ← ૪થા :) સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} = ૪$

### ૧૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ -

સાતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૧૫ કોડાકોડી સાગરોપમ)માં રહેલા બધા રસબંધાધ્યવસાયસ્થાનો દ્વિચરમ સ્થિતિસ્થાનમાં મળે છે. દ્વિચરમ સ્થિતિસ્થાનમાં નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. દ્વિચરમ સ્થિતિસ્થાનમાં રહેલા બધા રસબંધાધ્યવસાયસ્થાનો

ત્રિચરમ સ્થિતિસ્થાનમાં મળે છે. ત્રિચરમ સ્થિતિસ્થાનમાં નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. એમ પ્રતિપક્ષી પ્રકૃતિ (અસાતા)ના જઘન્ય સ્થિતિસ્થાનની સમાન સ્થિતિસ્થાન સુધી પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનમાં ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના બધા રસબંધાધ્યવસાય-સ્થાનો મળે છે અને નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. સાતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી પ્રતિપક્ષી પ્રકૃતિ (અસાતા)ના જઘન્ય સ્થિતિસ્થાન સુધી સાતા અસાતા સાથે પરાવર્તન પામી પામીને બંધાય છે. આ સ્થિતિસ્થાનો સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ છે. તેમને આક્રાંત સ્થિતિસ્થાનો પણ કહેવાય છે. સાતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની ઉપરના અસાતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૩૦ કોડાકોડી સાગરોપમ) સુધીના સ્થિતિસ્થાનો અસાતાના જ બંધયોગ્ય છે. અસાતાના જઘન્ય સ્થિતિસ્થાન (અભવ્ય યોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમ)ની નીચેના સાતાના જઘન્ય સ્થિતિસ્થાન (૧૨ મુહૂર્ત) સુધીના સ્થિતિસ્થાનો સાતાના જ બંધયોગ્ય છે. (સાતા માટે પ્રતિપક્ષી પ્રકૃતિ અસાતા છે. એમ અન્ય પ્રકૃતિઓ માટે જાણી લેવું. પ્રતિપક્ષી પ્રકૃતિનું જઘન્ય સ્થિતિસ્થાન અભવ્ય યોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમનું છે, કેમકે તે પ્રકૃતિમાં અભવ્યયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમથી માંડીને ઉપરના સ્થિતિસ્થાનોમાં જ અનુકૃષ્ટિ થાય છે.) આ 'તાનિ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

પ્રતિપક્ષી પ્રકૃતિ (અસાતા)ના જઘન્ય સ્થિતિસ્થાનની સમાન સાતાના સ્થિતિસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો તેની નીચેના સ્થિતિસ્થાનમાં મળે છે અને નવા રસબંધાધ્યવસાય-સ્થાનો પણ મળે છે. છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા નવા રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. તે સ્થિતિસ્થાનમાં રહેલા

## અસત્કલ્પનાએ ૧૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ (તાનિ અન્યાનિ ચ + તદેકદેશ અન્યાનિ ચ)

| | | સ્થિતિસ્થાનો | રસબંધાધ્યવસાયસ્થાનો | તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો | | |
|---|---|---|---|---|---|---|
| | પ્રતિપક્ષીપ્રકૃતિનું → ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન | ૨૮ | | | | |
| | | ૨૭ | | | | |
| | | ૨૬ | | | | |
| | | ૨૫ | | | | |
| | | ૨૪ | | | | |
| | | ૨૩ | | | | |
| | | ૨૨ | | | | |
| | | ૨૧ | | | | |
| તાનિ અન્યાનિ ચ | ઉત્કૃષ્ટ → | ૨૦ | ૧ થી ૨૭ | ૨૭ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો → | ૧૯ | ૧ થી ૩૧ | ૩૧ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૮ | ૧ થી ૩૫ | ૩૫ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૭ | ૧ થી ૩૯ | ૩૯ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૬ | ૧ થી ૪૩ | ૪૩ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૫ | ૧ થી ૪૭ | ૪૭ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૪ | ૧ થી ૫૧ | ૫૧ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૩ | ૧ થી ૫૫ | ૫૫ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૨ | ૧ થી ૫૯ | ૫૯ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૧ | ૧ થી ૬૩ | ૬૩ | | |
| તાનિ અન્યાનિ ચ | આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૦ | ૧ થી ૬૭ | ૬૭ | | |
| તાનિ અન્યાનિ ચ | પ્રતિપક્ષીપ્રકૃતિનું જઘન્ય સ્થિતિસ્થાન → | ૯ | ૧ થી ૭૧ | ૭૧ | | |
| તદેકદેશ અન્યાનિ ચ | (અભવ્ય યોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમ) | ૮ | ૫ થી ૭૯ | ૭૫ | પલ્યોપમ/અસંખ્ય ના અસંખ્ય બહુભાગ | પલ્યોપમ/અસંખ્ય |
| તદેકદેશ અન્યાનિ ચ | અનાક્રાંત સ્થિતિસ્થાનો → | ૭ | ૧૦ થી ૮૮ | ૭૯ | | |
| તદેકદેશ અન્યાનિ ચ | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૬ | ૧૬ થી ૯૮ | ૮૩ | | |
| તદેકદેશ અન્યાનિ ચ | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૫ | ૨૩ થી ૧૦૯ | ૮૭ | | ←૨૦માથી ૧૫મા |
| તદેકદેશ અન્યાનિ ચ | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૪ | ૪૮ થી ૧૩૮ | ૯૧ | પલ્યોપમ/અસંખ્ય નો | ←૧૪માથી ૯મા |
| તદેકદેશ અન્યાનિ ચ | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૩ | ૭૨ થી ૧૬૬ | ૯૫ | | ←૮મા |
| તદેકદેશ અન્યાનિ ચ | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૨ | ૮૦ થી ૧૭૮ | ૯૯ | અસંખ્યાતમો | ←૭મા |
| તદેકદેશ અન્યાનિ ચ | જઘન્ય → | ૧ | ૮૯ થી ૧૯૧ | ૧૦૩ | ભાગ | ←૬ઠ્ઠા |

(કુલ રસબંધાધ્યવસાયસ્થાનો પૂર્વપૂર્વમાં વિશેષાધિક)

←૨૦માથી ૧૫મા … ←૬ઠ્ઠા : સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ = ૬

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ના અસંખ્ય બહુભાગ = ૪

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ નો અસંખ્યાતમો ભાગ = ૨

રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો તેની નીચેના સ્થિતિસ્થાનમાં મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. એમ સાતાના જઘન્ય સ્થિતિસ્થાન સુધી નીચે નીચેના સ્થિતિસ્થાનમાં ઉપર ઉપરના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક-એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા પણ રસબંધાધ્યવસાયસ્થાનો મળે છે. પ્રતિપક્ષી પ્રકૃતિ (અસાતા)ના જઘન્ય સ્થિતિસ્થાનની તુલ્ય સાતાના સ્થિતિસ્થાનથી માંડીને નીચે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં પ્રતિપક્ષી પ્રકૃતિના જઘન્ય સ્થિતિસ્થાનની તુલ્ય સાતાના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. તેની નીચેના સ્થિતિસ્થાનમાં પ્રતિપક્ષી પ્રકૃતિના જઘન્ય સ્થિતિસ્થાનની તુલ્ય સાતાના સ્થિતિસ્થાનની નીચેના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. એમ સાતાના જઘન્ય સ્થિતિસ્થાન સુધી રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. આ 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે. (સાતાનું જઘન્ય સ્થિતિસ્થાન ૧૨ મુહૂર્તનું છે. એમ શેષ પ્રકૃતિઓનું યથાયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન જાણી લેવું.)

આમ સાતાની અનુકૃષ્ટિ 'તાનિ અન્યાનિ ચ' અને 'તદેકદેશ અન્યાનિ ચ' એમ બે પ્રકારની છે.

ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો કરતા પૂર્વપૂર્વના સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે.

સાતાની અનુકૃષ્ટિની જેમ શેષ ૧૫ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પણ જાણવી.

**૨૮ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ -**

અસાતાના જઘન્ય સ્થિતિસ્થાન (અભવ્યયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમ)માં રહેલા બધા રસબંધાધ્યવસાયસ્થાનો ત્યાર પછીના સ્થિતિસ્થાનમાં મળે છે. ત્યાં નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. બીજા સ્થિતિસ્થાનના બધા રસબંધાધ્યવસાયસ્થાનો ત્રીજા સ્થિતિસ્થાનમાં મળે છે. ત્યાં નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ આક્રાંત સ્થિતિસ્થાનો સુધી (એટલે કે અભવ્યયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમથી ૧૫ કોડાકોડી સાગરોપમ સુધી, એટલે કે પ્રતિપક્ષી પ્રકૃતિ (સાતા)ના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની સમાન સ્થિતિસ્થાન સુધી) ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનના બધા રસબંધાધ્યવસાયસ્થાનો મળે છે અને નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. આ 'તાનિ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

આક્રાંત સ્થિતિસ્થાનો પછીના સ્થિતિસ્થાનમાં ૧૫ કોડાકોડી સાગરોપમના સ્થિતિસ્થાનમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. તે સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો તેની ઉપરના સ્થિતિસ્થાનમાં મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. એમ અસાતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૩૦ કોડાકોડી સાગરોપમ) સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોમાંથી એક-એક અસંખ્યાતમો ભાગ મૂકી શેષ બધા રસબંધાધ્યવસાયસ્થાનો મળે છે અને છોડેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક નવા રસબંધાધ્યવસાયસ્થાનો પણ મળે છે. ૧૫ કોડાકોડી સાગરોપમના

## અસત્કલ્પનાએ ૨૮ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાય-સ્થાનોની અનુકૃષ્ટિ (તાનિ અન્યાનિ ચ + તદેકદેશ અન્યાનિ ચ)

સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાય-સ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

| | સ્થિતિસ્થાનો | રસબંધાધ્યવસાય-સ્થાનો | તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો (ઉત્તરોત્તર વિશેષાધિક) | | |
|---|---|---|---|---|---|
| ઉત્કૃષ્ટ → | ૨૮ | ૮૯ થી ૧૯૧ | ૧૦૩ | | ←૨૩મા |
| અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૨૭ | ૮૦ થી ૧૭૮ | ૯૯ | પલ્યોપમનો / અસંખ્ય | ←૨૨મા |
| | ૨૬ | ૭૨ થી ૧૬૬ | ૯૫ | અસંખ્યાતમો | ←૨૧મા |
| | ૨૫ | ૪૮ થી ૧૩૮ | ૯૧ | ભાગ | ←૧૫માથી ૨૦મા |
| | ૨૪ | ૨૩ થી ૧૦૯ | ૮૭ | | ←૯માથી ૧૪મા |
| | ૨૩ | ૧૬ થી ૯૮ | ૮૩ | પલ્યોપમના / અસંખ્ય | પલ્યોપમ / અસંખ્ય |
| | ૨૨ | ૧૦ થી ૮૮ | ૭૯ | અસંખ્ય | |
| | ૨૧ | ૫ થી ૭૯ | ૭૫ | બહુભાગ | |
| પ્રતિપક્ષીપ્રકૃતિનું ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન → | ૨૦ | ૧ થી ૭૧ | ૭૧ | | |
| આક્રાંત સ્થિતિસ્થાનો | ૧૯ | ૧ થી ૬૭ | ૬૭ | | |
| | ૧૮ | ૧ થી ૬૩ | ૬૩ | | |
| | ૧૭ | ૧ થી ૫૯ | ૫૯ | | |
| | ૧૬ | ૧ થી ૫૫ | ૫૫ | | |
| | ૧૫ | ૧ થી ૫૧ | ૫૧ | | |
| | ૧૪ | ૧ થી ૪૭ | ૪૭ | | |
| | ૧૩ | ૧ થી ૪૩ | ૪૩ | | |
| | ૧૨ | ૧ થી ૩૯ | ૩૯ | | |
| | ૧૧ | ૧ થી ૩૫ | ૩૫ | | |
| | ૧૦ | ૧ થી ૩૧ | ૩૧ | | |
| જઘન્ય → (અભવ્ય યોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમ) | ૯ | ૧ થી ૨૭ | ૨૭ | | |
| | ૮ | | | | |
| | ૭ | | | | |
| | ૬ | | | | |
| | ૫ | | | | |
| | ૪ | | | | |
| | ૩ | | | | |
| | ૨ | | | | |
| પ્રતિપક્ષીપ્રકૃતિનું જઘન્ય સ્થિતિસ્થાન → | ૧ | | | | |

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ = ૬

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ના અસંખ્ય બહુભાગ = ૪

$\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ નો અસંખ્યાતમો ભાગ = ૨

સ્થિતિસ્થાનથી માંડીને ઉપર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોમાંના છેલ્લા સ્થિતિસ્થાનમાં ૧૫ કોડાકોડી સાગરોપમના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. ત્યાર પછીના સ્થિતિસ્થાનમાં ૧૫ કોડાકોડી સાગરોપમના સ્થિતિસ્થાનની ઉપરના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પૂર્ણ થાય છે. એમ અસાતાના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી અનુકૃષ્ટિ જાણવી. આ 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

આમ અસાતાની અનુકૃષ્ટિ 'તાનિ અન્યાનિ ચ' અને 'તદેકદેશ અન્યાનિ ચ' એમ બે પ્રકારની છે.

ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનો પૂર્વપૂર્વના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક છે.

અસાતાની અનુકૃષ્ટિની જેમ શેષ ૨૭ પ્રકૃતિઓની અનુકૃષ્ટિ પણ જાણવી.

**તિર્યંચ ૨ અને નીચગોત્રના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ-**

તિર્યંચ ૨ અને નીચગોત્રની જઘન્ય સ્થિતિ સમ્યક્ત્વ પામવાને અભિમુખ સાતમી નારકીનો જીવ બાંધે છે. તે જઘન્ય સ્થિતિસ્થાનથી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન (અંતઃકોડાકોડી સાગરોપમ)ની નીચેના સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોના રસબંધાધ્યવસાયસ્થાનોની 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

ત્યાર પછી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન (અંતઃકોડાકોડી સાગરોપમ)થી મનુષ્ય ૨ ના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૧૫ કોડાકોડી સાગરોપમ)ની તુલ્ય સ્થિતિસ્થાન સુધીના સાગરોપમ શતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિસ્થાનો તિર્યંચ-૨ ના મનુષ્ય-૨ની સાથે આક્રાંત સ્થિતિસ્થાનો છે. નીચગોત્રના અભવ્યયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમના સ્થિતિસ્થાનથી ઉચ્ચગોત્રના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૧૦ કોડાકોડી સાગરોપમ)ની તુલ્ય સ્થિતિસ્થાન સુધીના સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિસ્થાનો નીચગોત્રના ઉચ્ચગોત્રની સાથે આક્રાંત સ્થિતિસ્થાનો છે. આ આક્રાંત સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની 'તાનિ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

## અસત્કલ્પનાએ તિર્યંચ ૨ અને નીચગોત્રના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ
### (તદેકદેશ અન્યાનિ ચ + તાનિ અન્યાનિ ચ + તદેકદેશ અન્યાનિ ચ)

| વિભાગ | સ્થિતિસ્થાનો | રસબંધાધ્યવસાયસ્થાનો | | | કુલ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| તદેકદેશ અન્યાનિ ચ; ઉત્કૃષ્ટ → | ૪૦ | ૩૫૬ | થી | ૭૦૩ | ૩૪૮ | ← ૩૩મા |
| | ૩૯ | ૩૪૭ | થી | ૬૮૮ | ૩૪૦ | ← ૩૨મા |
| | ૩૮ | ૩૩૮ | થી | ૬૬૯ | ૩૩૨ | ← ૩૧મા |
| | ૩૭ | ૩૨૯ | થી | ૬૫૨ | ૩૨૪ | ← ૩૦મા |
| | ૩૬ | ૩૨૦ | થી | ૬૩૫ | ૩૧૬ | ← ૨૯મા |
| અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૩૫ | ૨૫૬ | થી | ૫૬૫ | ૩૦૮ | ← ૨૧માથી ૨૮મા |
| | ૩૪ | ૧૯૧ | થી | ૪૯૦ | ૩૦૦ | ← ૧૩માથી ૨૦મા |
| | ૩૩ | ૭૩ | થી | ૩૬૪ | ૨૯૨ | ← ૫માથી ૧૨મા |
| | ૩૨ | ૭૨ | થી | ૩૫૫ | ૨૮૪ | |
| | ૩૧ | ૭૧ | થી | ૩૪૬ | ૨૭૬ | |
| | ૩૦ | ૭૦ | થી | ૩૩૭ | ૨૬૮ | |
| પ્રતિપક્ષીપ્રકૃતિનું ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન → | ૨૯ | ૬૯ | થી | ૩૨૮ | ૨૬૦ | |
| તાનિ અન્યાનિ ચ; આક્રાંત સ્થિતિસ્થાનો | ૨૮ | ૬૮ | થી | ૩૧૯ | ૨૫૨ | |
| | ૨૭ | ૬૮ | થી | ૩૧૧ | ૨૪૪ | |
| | ૨૬ | ૬૮ | થી | ૩૦૩ | ૨૩૬ | |
| | ૨૫ | ૬૮ | થી | ૨૯૫ | ૨૨૮ | |
| | ૨૪ | ૬૮ | થી | ૨૮૭ | ૨૨૦ | |
| | ૨૩ | ૬૮ | થી | ૨૭૯ | ૨૧૨ | |
| | ૨૨ | ૬૮ | થી | ૨૭૧ | ૨૦૪ | |
| | ૨૧ | ૬૮ | થી | ૨૬૩ | ૧૯૬ | |
| | ૨૦ | ૬૮ | થી | ૨૫૫ | ૧૮૮ | |
| | ૧૯ | ૬૮ | થી | ૨૪૭ | ૧૮૦ | |
| | ૧૮ | ૬૮ | થી | ૨૩૯ | ૧૭૨ | |
| | ૧૭ | ૬૮ | થી | ૨૩૧ | ૧૬૪ | |
| | ૧૬ | ૬૮ | થી | ૨૨૩ | ૧૫૬ | |
| | ૧૫ | ૬૮ | થી | ૨૧૫ | ૧૪૮ | |
| | ૧૪ | ૬૮ | થી | ૨૦૭ | ૧૪૦ | |
| અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન (અંતઃકોડાકોડી સાગરોપમ) → | ૧૩ | ૬૮ | થી | ૧૯૯ | ૧૩૨ | |
| તદેકદેશ અન્યાનિ ચ; અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૧૨ | ૬૭ | થી | ૧૯૦ | ૧૨૪ | |
| | ૧૧ | ૫૬ | થી | ૧૭૧ | ૧૧૬ | ← ૪થા |
| | ૧૦ | ૪૬ | થી | ૧૫૩ | ૧૦૮ | ← ૩જા |
| | ૯ | ૩૭ | થી | ૧૩૬ | ૧૦૦ | ← ૨જા |
| | ૮ | ૨૯ | થી | ૧૨૦ | ૯૨ | ← ૧લા |
| | ૭ | ૨૨ | થી | ૧૦૫ | ૮૪ | |
| | ૬ | ૧૬ | થી | ૯૧ | ૭૬ | |
| | ૫ | ૧૧ | થી | ૭૮ | ૬૮ | |
| | ૪ | ૭ | થી | ૬૬ | ૬૦ | |
| | ૩ | ૪ | થી | ૫૫ | ૫૨ | |
| | ૨ | ૨ | થી | ૪૫ | ૪૪ | |
| જઘન્ય → | ૧ | ૧ | થી | ૩૬ | ૩૬ | |

૩૩માથી ૫મા સુધી: સ્થિતિસ્થાનોના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

૪થાથી ૧લા સુધી: સ્થિતિસ્થાનોના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

સ્થિતિસ્થાન ૩૭–૩૪: પલ્યોપમનો અસંખ્ય અસંખ્યાતમો ભાગ

સ્થિતિસ્થાન ૩૩–૨૯: પલ્યોપમના અસંખ્ય અસંખ્ય બહુભાગ

(બંને મળી) પલ્યોપમ / અસંખ્ય

પલ્યોપમ / અસંખ્ય = ૮

પલ્યોપમ / અસંખ્ય ના અસંખ્ય બહુભાગ = ૫

પલ્યોપમ / અસંખ્ય નો અસંખ્યાતમો ભાગ = ૩

પ્રથમ સ્તંભ ↑ સ્થિતિસ્થાનો; વચ્ચેના સ્તંભ ↑ રસબંધાધ્યવસાયસ્થાનો; છેલ્લો સ્તંભ ↑ તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો (ઉત્તરોત્તર વિશેષાધિક)

આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપર ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૨૦ કોડાકોડી સાગરોપમ) સુધી રસબંધાધ્યવસાયસ્થાનોની 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે. તિર્યંચ ૨માં સમયાધિક ૧૫ કોડાકોડી સાગરોપમથી ૨૦ કોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિસ્થાનોમાં અને નીચગોત્રમાં સમયાધિક ૧૦ કોડાકોડી સાગરોપમથી ૨૦ કોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

આમ તિર્યંચ ૨ અને નીચગોત્રમાં પહેલા 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે, પછી 'તાનિ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે, પછી 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનો પૂર્વપૂર્વના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનો કરતા વિશેષાધિક છે.

**ત્રસ ૪ના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ -**

ત્રસ ૪ ના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન (૨૦ કોડાકોડી સાગરોપમ)થી ૧૮ કોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિસ્થાનોમાં 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે. સૂક્ષ્મ ૩નું ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન ૧૮ કોડાકોડી સાગરોપમનું છે. સ્થાવર નામકર્મનું ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન ૨૦ કોડાકોડી સાગરોપમનું છે, પણ સમયાધિક ૧૮ કોડાકોડી સાગરોપમથી ૨૦ કોડાકોડી સાગરોપમ સુધીનો સ્થિતિબંધ ત્રસનામકર્મનો ઈશાન દેવલોક સુધીના દેવો સિવાયના ત્રણે ગતિના જીવો કરે છે અને સ્થાવર નામકર્મનો ઈશાન દેવલોક સુધીના દેવો જ કરે છે. આમ સમયાધિક ૧૮ કોડાકોડી સાગરોપમથી ૨૦ કોડાકોડી સાગરોપમ સુધીના ત્રસનામકર્મ અને સ્થાવરનામકર્મના સ્થિતિબંધના બંધક જીવો જુદા જુદા છે. આમ ત્રસ ૪ ના ૨૦ કોડાકોડી સાગરોપમથી સમયાધિક ૧૮ કોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિસ્થાનો અનાક્રાંત સ્થિતિસ્થાનો હોવાથી તેમાં રસબંધાધ્યવસાયસ્થાનોની 'તદેકદેશ અન્યાનિ ચ' અનૃકૃષ્ટિ છે.

## અસત્કલ્પનાએ ત્રસ-૪ના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ
## (તદેકદેશ અન્યાનિ ચ + તાનિ અન્યાનિ ચ + તદેકદેશ અન્યાનિ ચ)

| વિભાગ | | સ્થિતિસ્થાનો | રસબંધાધ્યવસાયસ્થાનો | | | તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો | |
|---|---|---|---|---|---|---|---|
| તદેકદેશ અન્યાનિ ચ | ઉત્કૃષ્ટ → (૨૦ કોડાકોડી સાગરોપમ) | ૪૦ | ૧ | થી | ૩૬ | ૩૬ | |
| | | ૩૯ | ૨ | થી | ૪૫ | ૪૪ | |
| | | ૩૮ | ૪ | થી | ૫૫ | ૫૨ | |
| | | ૩૭ | ૭ | થી | ૬૬ | ૬૦ | |
| | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૩૬ | ૧૧ | થી | ૭૮ | ૬૮ | |
| | | ૩૫ | ૧૬ | થી | ૯૧ | ૭૬ | |
| | | ૩૪ | ૨૨ | થી | ૧૦૫ | ૮૪ | |
| | | ૩૩ | ૨૯ | થી | ૧૨૦ | ૯૨ | ←૪૦મા |
| | | ૩૨ | ૩૭ | થી | ૧૩૬ | ૧૦૦ | ←૩૯મા |
| | | ૩૧ | ૪૬ | થી | ૧૫૩ | ૧૦૮ | ←૩૮મા |
| | | ૩૦ | ૫૬ | થી | ૧૭૧ | ૧૧૬ | ←૩૭મા |
| | ૧૮ કોડાકોડી | ૨૯ | ૬૭ | થી | ૧૯૦ | ૧૨૪ | |
| તાનિ અન્યાનિ ચ | સાગરોપમ → | ૨૮ | ૬૮ | થી | ૧૯૯ | ૧૩૨ | |
| | | ૨૭ | ૬૮ | થી | ૨૦૭ | ૧૪૦ | |
| | | ૨૬ | ૬૮ | થી | ૨૧૫ | ૧૪૮ | |
| | | ૨૫ | ૬૮ | થી | ૨૨૩ | ૧૫૬ | |
| | | ૨૪ | ૬૮ | થી | ૨૩૧ | ૧૬૪ | |
| | | ૨૩ | ૬૮ | થી | ૨૩૯ | ૧૭૨ | |
| | | ૨૨ | ૬૮ | થી | ૨૪૭ | ૧૮૦ | |
| | આક્રાંત સ્થિતિસ્થાનો | ૨૧ | ૬૮ | થી | ૨૫૫ | ૧૮૮ | |
| | | ૨૦ | ૬૮ | થી | ૨૬૩ | ૧૯૬ | |
| | | ૧૯ | ૬૮ | થી | ૨૭૧ | ૨૦૪ | |
| | | ૧૮ | ૬૮ | થી | ૨૭૯ | ૨૧૨ | |
| | | ૧૭ | ૬૮ | થી | ૨૮૭ | ૨૨૦ | |
| | | ૧૬ | ૬૮ | થી | ૨૯૫ | ૨૨૮ | |
| | | ૧૫ | ૬૮ | થી | ૩૦૩ | ૨૩૬ | |
| | અભવ્ય યોગ્ય | ૧૪ | ૬૮ | થી | ૩૧૧ | ૨૪૪ | |
| તદેકદેશ અન્યાનિ ચ | અંતઃકોડાકોડી → | ૧૩ | ૬૮ | થી | ૩૧૯ | ૨૫૨ | |
| | સાગરોપમ | ૧૨ | ૬૯ | થી | ૩૨૮ | ૨૬૦ | |
| | | ૧૧ | ૭૦ | થી | ૩૩૭ | ૨૬૮ | |
| | | ૧૦ | ૭૧ | થી | ૩૪૬ | ૨૭૬ | |
| | | ૯ | ૭૨ | થી | ૩૫૫ | ૨૮૪ | |
| | | ૮ | ૭૩ | થી | ૩૬૪ | ૨૯૨ | ←૩૬માથી૨૯મા |
| | અનાક્રાંત સ્થિતિસ્થાનો | ૭ | ૧૯૧ | થી | ૪૯૦ | ૩૦૦ | ←૨૮માથી૨૧મા |
| | | ૬ | ૨૫૬ | થી | ૫૬૫ | ૩૦૮ | ←૨૦માથી૧૩મા |
| | | ૫ | ૩૨૦ | થી | ૬૩૫ | ૩૧૬ | ←૧૨મા |
| | | ૪ | ૩૨૯ | થી | ૬૫૨ | ૩૨૪ | ←૧૧મા |
| | | ૩ | ૩૩૮ | થી | ૬૬૯ | ૩૩૨ | ←૧૦મા |
| | | ૨ | ૩૪૭ | થી | ૬૮૮ | ૩૪૦ | ←૯મા |
| | જઘન્ય → | ૧ | ૩૫૬ | થી | ૭૦૩ | ૩૪૮ | ←૮મા |

(←૪૦મા થી ←૩૭મા) સ્થિતિસ્થાનોના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

સ્થિતિસ્થાન ૨૬–૨૫: $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} = 8$ (૮)

સ્થિતિસ્થાન ૨૩–૨૨: $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ના અસંખ્ય બહુભાગ = ૫

સ્થિતિસ્થાન ૨૦–૧૯: $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ નો અસંખ્યાતમો ભાગ = ૩

સ્થિતિસ્થાન ૧૨–૮: પલ્યોપમના / અસંખ્ય અસંખ્ય બહુભાગ

સ્થિતિસ્થાન ૭–૩: પલ્યોપમનો / અસંખ્ય અસંખ્યાતમો ભાગ

સ્થિતિસ્થાન ૧૩–૧: $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$

(←૩૬માથી૨૯મા થી ←૮મા) સ્થિતિસ્થાનોના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ સંપૂર્ણ

સ્થિતિસ્થાનો ↑   રસબંધાધ્યવસાયસ્થાનો ↑   ↑ તે તે સ્થિતિસ્થાનના કુલ રસબંધાધ્યવસાયસ્થાનો (ઉત્તરોત્તર વિશેષાધિક)

૧૮ કોડાકોડી સાગરોપમથી અભવ્યયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિસ્થાનો ત્રસ ૪ ના સ્થાવર ૪ સાથેના આક્રાંત સ્થિતિસ્થાનો છે. તેમાં રસબંધાધ્યવસાયસ્થાનોની 'તાનિ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

અભવ્યયોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમની નીચેના સ્થિતિ-સ્થાનથી જઘન્ય સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

આમ ત્રસ ૪ માં પહેલા 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે, પછી 'તાનિ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે, પછી 'તદેકદેશ અન્યાનિ ચ' અનુકૃષ્ટિ છે.

ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનો કરતા પૂર્વ પૂર્વના સ્થિતિસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે.

## રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા


**સામાન્યથી** - અશુભ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિસ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાન કરતા ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં અનંતગુણ રસ હોય છે. શુભપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી જઘન્ય સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોમાં ઉત્તરોત્તર સ્થિતિસ્થાન કરતા પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનમાં અનંતગુણ રસ હોય છે.

**વિશેષથી** -

### ૫૫ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા -

જઘન્ય સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અલ્પ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા ત્રીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સ્થિતિસ્થાનો સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનનો જઘન્ય રસ પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા અનંતગુણ છે. $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ૧ નિવર્તન કંડક. નિવર્તન કંડકના ચરમ

## અસત્કલ્પનાએ ૫૫ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા




સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા કંડકની ઉપરના પહેલા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા નીચેના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા કંડકની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા નીચેના ત્રીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો

જઘન્ય રસ અને નીચેના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા છેલ્લા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસ સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે.


**૪૬ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા** -

(અહીં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી જઘન્ય સ્થિતિસ્થાન તરફ જવાનું હોવાથી બધી ગણતરીઓ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન તરફના સ્થિતિસ્થાનોથી શરૂ કરવી અને જઘન્ય સ્થિતિસ્થાન તરફના સ્થિતિસ્થાનોમાં પૂરી કરવી.)

ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અલ્પ છે. તેના કરતા દ્વિચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા ત્રિચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનો સુધી પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ ઉત્તરોત્તર સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા અનંતગુણ છે. કંડકના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા કંડકની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા દ્વિચરમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા કંડકની નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા ત્રિચરમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી નીચેના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ પૂર્વપૂર્વમાં અનંતગુણ છે. જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્યરસ કરતા નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે.

ત્યાર પછી જઘન્ય સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ રસ સુધી પૂર્વ પૂર્વ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે.

## અસત્કલ્પનાએ ૪૬ અપરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા




**૧૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા -**

(અહીં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી જઘન્ય સ્થિતિસ્થાન તરફ જવાનું હોવાથી બધી ગણતરીઓ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન તરફના સ્થિતિસ્થાનોથી શરૂ કરવી અને જઘન્ય સ્થિતિસ્થાન તરફના સ્થિતિસ્થાનોમાં પૂરી કરવી.)

ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી માંડીને આક્રાંત સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અલ્પ (પરસ્પર તુલ્ય) છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા તેની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. આ કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનો સાકારોપયોગથી જ બંધાતા હોવાથી □સાકારોપયોગ સ્થિતિસ્થાનો કહેવાય છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા દ્વિચરમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા ત્રિચરમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોના એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. ત્યાર પછી સાકારોપયોગ સ્થિતિસ્થાનોની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની નીચેના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. ત્યાર પછી સાકારોપયોગ સ્થિતિસ્થાનોની નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની નીચેના ત્રીજા કંડક પ્રમાણ

□ **કર્મપ્રકૃતિ મૂળ અને ચૂર્ણિના મુનિચન્દ્રસૂરિ મહારાજ કૃત ટિપ્પણ ૧૦૦માં પાના નં. ૧૨૦ ઉપર** કહ્યું છે કે, 'આ સ્થિતિસ્થાનોમાં વર્તમાન જીવ તીવ્ર પરિણામવાળો હોય છે.'

## અસત્કલ્પનાએ ૧૬ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા




સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. આમ સાકારોપયોગ સ્થિતિસ્થાનોની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોના ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની નીચેના કંડક-કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. આમ સાકારોપયોગ સ્થિતિસ્થાનોની નીચેના કંડકના બાકી રહેલ અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ કહેવાઈ જાય ત્યાં સુધી જાણવું. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. ત્યાર પછી જઘન્ય સ્થિતિસ્થાન સુધી ચરમ કંડક પ્રમાણ સ્થિતિ-સ્થાનોના શેષ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે.

**૨૮ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા -**

જઘન્ય સ્થિતિસ્થાનથી માંડીને બધા આક્રાંત સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અલ્પ (પરસ્પર તુલ્ય) છે. ત્યાર પછીના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા તેના પછીના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ

સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોના જઘન્ય સ્થિતિસ્થાનથી એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોના જઘન્ય સ્થિતિસ્થાનની ઉપરના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોના જઘન્ય સ્થિતિસ્થાનની ઉપરના ત્રીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોના જઘન્ય સ્થિતિસ્થાનથી ઉપરના કંડક-કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ કહેવાઈ જાય ત્યાં સુધી જાણવું. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના જઘન્યરસ સુધી આક્રાંત

## અસત્કલ્પનાએ ૨૮ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા




સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના એક એક સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના એક એક સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના શેષ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે.

## તિર્યંચ ૨ અને નીચગોત્રમાં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા-

□સમ્યક્ત્વાભિમુખ સાતમી નારકીના જીવના જઘન્ય સ્થિતિસ્થાન (અંતઃકોડાકોડી સાગરોપમ)નો જઘન્ય રસ અલ્પ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા ત્રીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના

□ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનથી નીચેના તિર્યંચ ૨ અને નીચગોત્રના સ્થિતિસ્થાનો સામાન્ય સંજ્ઞી પંચેન્દ્રિય જીવ બાંધે નહીં. સમ્યક્ત્વાભિમુખ સાતમી નારકીનો જીવ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિબંધ કરતા ઓછો સ્થિતિબંધ કરે પણ તે દરેક અંતર્મુહૂર્તે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ન્યૂન થતો હોવાથી બધા સ્થિતિસ્થાનો બંધાતા નથી. છતાં પણ સમ્યક્ત્વાભિમુખ સાતમી નારકીના જીવના જઘન્ય સ્થિતિસ્થાનથી અભવ્યના જઘન્ય સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનો નિરંતર બંધાય છે એમ કલ્પીને અહીં તીવ્રતા-મંદતા બતાવી છે અને પૂર્વે અનુકૃષ્ટિ બતાવી છે.

## અસત્કલ્પનાએ તિર્યંચ ૨ અને નીચગોત્રના રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા



સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી જઘન્ય સ્થિતિસ્થાનથી કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને જઘન્ય સ્થિતિસ્થાનની ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ હજી કહેવાયો નથી. અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનનો જઘન્યરસ અનંતગુણ છે. આક્રાંત સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિસ્થાન સુધીના બધા આક્રાંત સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય રસ તુલ્ય છે. આક્રાંત સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા ત્યાર પછીના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા ત્યાર પછીના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ એક કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોના પ્રથમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ


સ્થિતિસ્થાનોની ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોના કંડક-કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અને બધા આક્રાંત સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ કહેવાઈ જાય ત્યાં સુધી જાણવું. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીના ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના શેષ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ ઉત્તરોત્તર અનંતગુણ છે.

**ત્રસ ૪માં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા -**

(અહીં ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી જઘન્ય સ્થિતિસ્થાન તરફ જવાનું હોવાથી બધી ગણતરીઓ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન તરફના સ્થિતિસ્થાનોથી શરૂ કરવી અને જઘન્ય સ્થિતિસ્થાન તરફના સ્થિતિસ્થાનોમાં પૂરી કરવી.)

ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અલ્પ છે. તેના કરતા દ્વિચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા

## અસત્કલ્પનાએ ત્રસ-૪ ના રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા



ત્રિચરમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની નીચેના સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનથી કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ હજી કહેવાયો નથી. આક્રાંત સ્થિતિસ્થાનની ઉપરના સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા આક્રાંત સ્થિતિસ્થાનના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. આક્રાંત સ્થિતિસ્થાનના ચરમ સ્થિતિસ્થાન સુધીના સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ આક્રાંત સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ તુલ્ય છે. આક્રાંત સ્થિતિસ્થાનોનું ચરમ સ્થિતિસ્થાન એ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાન છે. તેના જઘન્ય રસ કરતા તેની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા તેની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. એમ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચે કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. ત્યાર પછી આક્રાંત સ્થિતિસ્થાનોની ઉપરના (અનાક્રાંત સ્થિતિસ્થાનોમાં રહેલા) કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. ત્યાર પછી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના પ્રથમ સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોના પ્રથમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. ત્યાર

પછી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા આક્રાંત સ્થિતિસ્થાનોના બીજા કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. એમ અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોના ઉપરથી એક-એક કંડક પ્રમાણ સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. એમ અભવ્ય-યોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોનો જઘન્ય રસ અને આક્રાંત સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ કહેવાઈ જાય ત્યાં સુધી જાણવું. ત્યાર પછી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના ચરમ સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. તેના કરતા અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિ-સ્થાનની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અનંતગુણ છે. તેના કરતા અભવ્ય યોગ્ય જઘન્ય સ્થિતિ-સ્થાનની નીચેના બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. એમ જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય રસ સુધી અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિસ્થાનની નીચેના કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો જઘન્ય રસ અને અભવ્યયોગ્ય જઘન્ય સ્થિતિ-સ્થાનની નીચેના એક-એક સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે. જઘન્ય સ્થિતિસ્થાનના જઘન્ય રસ કરતા જઘન્ય સ્થિતિ-સ્થાનની ઉપરના ચરમ કંડક પ્રમાણ સ્થિતિસ્થાનોના પ્રથમ સ્થિતિ-સ્થાનનો ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. ત્યાર પછી જઘન્ય સ્થિતિસ્થાન સુધીના શેષ સ્થિતિસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ પૂર્વ પૂર્વમાં અનંતગુણ છે.

રસબંધના સાદ્યાદિ ભાંગા, સ્વામિત્વ, ઘાતીસંજ્ઞા, સ્થાનસંજ્ઞા અને શુભાશુભ પ્રરૂપણા પાંચમા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

# સ્થિતિબંધ

અહીં ચાર દ્વાર છે. તે આ પ્રમાણે છે -

(૧) **સ્થિતિસ્થાન** - જઘન્ય સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી જેટલા સમય છે તેટલા સ્થિતિસ્થાનો છે.

**જીવોને વિષે સ્થિતિસ્થાનો અને સંક્લેશસ્થાનોનું અલ્પબહુત્વ -**

| ક્રમ | જીવો | સ્થિતિસ્થાનો | સંક્લેશસ્થાન/ વિશુદ્ધિસ્થાન |
|---|---|---|---|
| ૧ | અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | અલ્પ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\text{પ્રમાણ}\right)$ | અલ્પ |
| ૨ | અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\text{પ્રમાણ}\right)$ | □અસંખ્યગુણ |
| ૩ | પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\text{પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૪ | પર્યાપ્તા બાદર એકેન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\text{પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૫ | અપર્યાપ્તા બેઈન્દ્રિય | અસંખ્યગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૬ | પર્યાપ્તા બેઈન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૭ | અપર્યાપ્તા તેઈન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |

□ અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયના જઘન્ય સ્થિતિસ્થાન કરતા ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનમાં અસંખ્યગુણ સંક્લેશસ્થાનો છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયના સ્થિતિસ્થાનો કરતા સંખ્યાતગુણ સ્થિતિસ્થાનોવાળા અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયના સંક્લેશસ્થાનો અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયના સંક્લેશસ્થાનો કરતા અસંખ્યગુણ હોય, એ બરાબર છે. એમ આગળ પણ જાણવું.

| ક્રમ | જીવો | સ્થિતિસ્થાનો | સંક્લેશસ્થાન/ વિશુદ્ધિસ્થાન |
|---|---|---|---|
| ૮ | પર્યાપ્તા તેઈન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{ પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૯ | અપર્યાપ્તા ચઉરિન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{ પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૧૦ | પર્યાપ્તા ચઉરિન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{ પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૧૧ | અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{ પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૧૨ | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | સંખ્યાતગુણ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}\text{ પ્રમાણ}\right)$ | અસંખ્યગુણ |
| ૧૩ | અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | સંખ્યાતગુણ | અસંખ્યગુણ |
| ૧૪ | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | સંખ્યાતગુણ (અંતર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ) | અસંખ્યગુણ |

**સ્થિતિ** - તે બે પ્રકારે છે -

**(૧) કર્મરૂપે રહેવા રૂપ સ્થિતિ** - આ સ્થિતિને આશ્રયીને અહીં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાશે.

**(૨) અનુભવવા યોગ્ય સ્થિતિ** - કર્મરૂપે રહેવા રૂપ સ્થિતિમાંથી અબાધાકાળ પસાર થઈ જતા જે શેષ રહે તે અનુભવવા યોગ્ય સ્થિતિ છે. કર્મ જેટલો કાળ પોતાના ઉદયથી જીવને બાધા ન કરે તેને અબાધાકાળ કહેવાય છે. જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમ કર્મરૂપે રહેવા રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે તે કર્મનો તેટલા સો વરસ ઉત્કૃષ્ટ અબાધાકાળ હોય છે. જિનનામકર્મ અને આહારક રની ઉત્કૃષ્ટ અબાધા અંતર્મુહૂર્ત છે. દેવ, નારકી, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચોને આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા ૬ માસ

હોય છે. શેષ જીવોને આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા સ્વભવનો ત્રીજો ભાગ હોય છે. બાંધેલ સ્થિતિમાંથી અબાધાકાળ હીન કરી શેષ સ્થિતિમાં કર્મદલિકની નિષેકરચના થાય છે.

## સામાન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિ -

| ક્રમ | પ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્કૃષ્ટ અબાધા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, અંતરાય ૫, અસાતા = ૨૦ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૩,૦૦૦ વર્ષ |
| ૨ | સ્ત્રીવેદ, મનુષ્ય ૨, સાતા = ૪ | ૧૫ કોડાકોડી સાગરોપમ | ૧,૫૦૦ વર્ષ |
| ૩ | મિથ્યાત્વ મોહનીય | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૭,૦૦૦ વર્ષ |
| ૪ | ૧૬ કષાય | ૪૦ કોડાકોડી સાગરોપમ | ૪,૦૦૦ વર્ષ |
| ૫ | શોક, અરતિ, ભય, જુગુપ્સા, નપુંસકવેદ, નરક ૨, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, વૈક્રિય ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, હુંડક, સેવાર્ત, વર્ણાદિ ૪, કુખગતિ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, ત્રસ ૪, અસ્થિર ૬, સ્થાવર, નીચગોત્ર = ૪૩ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૨,૦૦૦ વર્ષ |
| ૬ | પુરુષવેદ, હાસ્ય, રતિ, દેવ ૨, ૧લુ સંસ્થાન, ૧લુ સંઘયણ, સુખગતિ, સ્થિર ૬, ઉચ્ચગોત્ર = ૧૫ | ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧,૦૦૦ વર્ષ |

| ક્રમ | પ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્કૃષ્ટ અબાધા |
|---|---|---|---|
| ૭ | ૨જુ સંસ્થાન, ૨જુ સંઘયણ = ૨ | ૧૨ કોડાકોડી સાગરોપમ | ૧,૨૦૦ વર્ષ |
| ૮ | ૩જુ સંસ્થાન, ૩જુ સંઘયણ = ૨ | ૧૪ કોડાકોડી સાગરોપમ | ૧,૪૦૦ વર્ષ |
| ૯ | ૪થુ સંસ્થાન, ૪થુ સંઘયણ = ૨ | ૧૬ કોડાકોડી સાગરોપમ | ૧,૬૦૦ વર્ષ |
| ૧૦ | ૫મુ સંસ્થાન, ૫મુ સંઘયણ, વિકલેન્દ્રિયજાતિ ૩, સૂક્ષ્મ ૩ = ૮ | ૧૮ કોડાકોડી સાગરોપમ | ૧,૮૦૦ વર્ષ |
| ૧૧ | જિન, આહારક ૨ = ૩ | □અંતઃકોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૨ | દેવાયુષ્ય, નરકાયુષ્ય = ૨ | ૩૩ સાગરોપમ + $\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ | $\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ |
| ૧૩ | મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય = ૨ | ૩ પલ્યોપમ + $\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ | $\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ |

□ **પંચસંગ્રહના પાંચમા દ્વારની ગાથા ૪૨ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં પાના નં. ૨૨૩ ઉપર** કહ્યું છે કે - 'અનિકાચિત જિનનામકર્મ અને આહારક ૨ ની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ છે. અલ્પનિકાચિત જિનનામકર્મ અને આહારક ૨ ની ઉત્કૃષ્ટસ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમનો સંખ્યાતમો ભાગ છે. સુનિકાચિત જિનનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ + ૨(ન્યૂન પૂર્વક્રોડવર્ષ) છે. સુનિકાચિત આહારક ૨ ની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.'

ઉપર ચારે પરભવાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અબાધા કહી તે પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયની સમજવી. શેષ જીવોને પરભવાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અબાધા નીચે પ્રમાણે છે -

| ક્રમ | જીવો | પરભવાયુષ્યની | |
|---|---|---|---|
| | | ઉત્કૃષ્ટ સ્થિતિ | ઉત્કૃષ્ટ અબાધા |
| ૧ | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} + \frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ | $\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ |
| ૨ | પર્યાપ્તા એકેન્દ્રિય, અપર્યાપ્તા એકેન્દ્રિય, પર્યાપ્તા વિકલેન્દ્રિય, અપર્યાપ્તા વિકલેન્દ્રિય, અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય, અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | પૂર્વક્રોડ વર્ષ + $\frac{\text{સ્વભવ}}{૩}$ | $\frac{\text{સ્વભવ}}{૩}$ |

**સામાન્યથી જઘન્ય સ્થિતિ -**

| ક્રમ | પ્રકૃતિ | જઘન્ય સ્થિતિ | જઘન્ય અબાધા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, સંજ્વલન લોભ = ૧૫ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૨ | સાતા | ૧૨ મુહૂર્ત□ | અંતર્મુહૂર્ત |

□ સાતાની સકાષાયિક જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્ત છે. સાતાની અકાષાયિક જઘન્ય સ્થિતિ ૧૧મા થી ૧૩મા ગુણઠાણે ૨ સમયની છે.

| ક્રમ | પ્રકૃતિ | જઘન્યસ્થિતિ | જઘન્યઅબાધા |
|---|---|---|---|
| ૩ | યશ, ઉચ્ચગોત્ર = ૨ | ૮ મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪ | સંજ્વલન ક્રોધ | ૨ માસ | અંતર્મુહૂર્ત |
| ૫ | સંજ્વલન માન | ૧ માસ | અંતર્મુહૂર્ત |
| ૬ | સંજ્વલન માયા | ૧૫ દિવસ | અંતર્મુહૂર્ત |
| ૭ | પુરુષવેદ | ૮ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૮ | તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય = ૨ | ક્ષુલ્લકભવ$^{\Delta}$ | અંતર્મુહૂર્ત |
| ૯ | દેવાયુષ્ય, નરકાયુષ્ય = ૨ | ૧૦,૦૦૦ વર્ષ | અંતર્મુહૂર્ત |
| ૧૦ | જિન, આહારક ૨ = ૩ | અંતઃકોડાકોડી સાગરોપમ$^{\odot}$ | અંતર્મુહૂર્ત |

$\Delta$ ૨૫૬આવલિકા = ૧ ક્ષુલ્લકભવ

૧ મુહૂર્ત = ૩,૭૭૩ શ્વાસોચ્છ્વાસ

૧ મુહૂર્ત = ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા = ૬૫,૫૩૬ ક્ષુલ્લકભવ

૧ શ્વાસોચ્છ્વાસ = ૧૭ $\frac{૧૩૯૫}{૩૭૭૩}$ ક્ષુલ્લકભવ

બધા ઔદારિક શરીરીઓની આયુષ્યની જઘન્ય સ્થિતિ ક્ષુલ્લકભવ છે, એમ **ભગવતીસૂત્ર**માં કહ્યું છે. ક્ષુલ્લકભવ પ્રમાણ આયુષ્યની જઘન્ય સ્થિતિ વનસ્પતિકાયમાં જ હોય, એમ **આવશ્યકસૂત્રની ટીકા**માં કહ્યું છે. તે મતાંતર સમજવો.

$\odot$ જિનનામકર્મ અને આહારક ૨ ની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ બંને અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવા છતાં ઉત્કૃષ્ટ સ્થિતિ કરતા જઘન્ય સ્થિતિ સંખ્યાતગુણહીન છે. **પંચસંગ્રહના પાંચમા દ્વારની ગાથા ૪૬-૪૭**માં જિનનામકર્મની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને આહારક ૨ ની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત કહી છે.

## શેષ પ્રકૃતિઓની સામાન્યથી જઘન્ય સ્થિતિ

### કર્મપ્રકૃતિમતે -

$$\text{શેષ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ} = \frac{\text{સ્વવર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિ}}{\text{મિથ્યાત્વ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ}} - \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$$

વર્ગ ૯ છે. તે આ પ્રમાણે છે - જ્ઞાનાવરણીય વર્ગ, દર્શનાવરણીય વર્ગ, વેદનીય વર્ગ, દર્શનમોહનીય વર્ગ, ચારિત્રમોહનીય વર્ગ, નોકષાય મોહનીય વર્ગ, નામ વર્ગ, ગોત્ર વર્ગ, અંતરાય વર્ગ.

| ક્રમ | પ્રકૃતિ | જઘન્ય સ્થિતિ | જઘન્યઅબાધા |
|---|---|---|---|
| ૧ | નિદ્રા ૫, અસાતા = ૬ | $\frac{૩}{૭}$ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંતર્મુહૂર્ત |
| ૨ | મિથ્યાત્વ મોહનીય | ૧ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંતર્મુહૂર્ત |
| ૩ | અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૧૨ | $\frac{૪}{૭}$ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંતર્મુહૂર્ત |
| ૪ | પુરુષવેદ વિના નોકષાય ૮, વૈક્રિય ૬ - આહારક ૨ - યશ - જિન વિના શેષ નામની ૭૩, નીચગોત્ર = ૮૨ | $\frac{૨}{૭}$ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંતર્મુહૂર્ત |
| ૫ | વૈક્રિય ૬ | $\frac{૨૦૦૦}{૭}$ સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ | અંતર્મુહૂર્ત |

**પંચસંગ્રહમતે -**

$$\text{શેષ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ} = \frac{\text{પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ}}{\text{મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ}}$$

| ક્રમ | પ્રકૃતિ | જઘન્ય સ્થિતિ | જઘન્ય અબાધા |
|---|---|---|---|
| ૧ | નિદ્રા ૫, અસાતા = ૬ | $\frac{૩}{૭}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૨ | મિથ્યાત્વમોહનીય | ૧ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૩ | અનંતાનુબંધી ૪, અપ્રત્યાખ્યા-નાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ = ૧૨ | $\frac{૪}{૭}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૪ | સૂક્ષ્મ ૩, વિકલેન્દ્રિયજાતિ ૩, ૫મુ સંસ્થાન, ૫મુ સંઘયણ = ૮ | $\frac{૯}{૩૫}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૫ | સ્ત્રીવેદ, મનુષ્ય ૨ = ૩ | $\frac{૩}{૧૪}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૬ | હાસ્ય, રતિ, શુક્લવર્ણ, સુરભિગંધ, મધુરરસ, મૃદુસ્પર્શ, લઘુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, ૧લુ સંસ્થાન, ૧લુ સંઘયણ, સુખગતિ, સ્થિર ૫ = ૧૭ | $\frac{૧}{૭}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૭ | ૨જુ સંસ્થાન, ૨જુ સંઘયણ = ૨ | $\frac{૬}{૩૫}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૮ | ૩જુ સંસ્થાન, ૩જુ સંઘયણ = ૨ | $\frac{૧}{૫}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |

| ક્રમ | પ્રકૃતિ | જઘન્ય સ્થિતિ | જઘન્ય અબાધા |
|---|---|---|---|
| ૯ | ૪થુ સંસ્થાન, ૪થુ સંઘયણ = ૨ | $\frac{૮}{૩૫}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૦ | અરતિ, શોક, ભય, જુગુપ્સા, નપુંસકવેદ, તિર્યંચ ૨, એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, તૈજસ શરીર, કાર્મણ શરીર, હુંડક, સેવાર્ત, શેષ વર્ણાદિ ૧૩, કુખગતિ, જિન વિના પ્રત્યેકની ૭, ત્રસ ૪, સ્થાવર, અસ્થિર ૬, નીચગોત્ર = ૪૮ | $\frac{૨}{૭}$ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૧૧ | વૈક્રિય ૬ | $\frac{૨૦૦૦}{૭}$ સાગરોપમ − $\frac{પલ્યોપમ}{અસંખ્ય}$ | અંતર્મુહૂર્ત |

## વિશેષથી ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ -

## એકેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ -

એકેન્દ્રિય ૧૨૫ પ્રકૃતિઓ બાંધે છે. કુલ ૧૫૮ પ્રકૃતિઓ છે. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધાતી નથી. ૧૫ બંધન અને ૫ સંઘાતનનો શરીરમાં સમાવેશ કર્યો છે. દેવાયુષ્ય, નરકાયુષ્ય, આહારક ૨, વૈક્રિય ૬, જિન આ ૧૧ પ્રકૃતિઓ એકેન્દ્રિય બાંધતા નથી. તેથી એકેન્દ્રિય ૧૫૮ − (૨ + ૧૫ + ૫ + ૧૧) = ૧૫૮ − ૩૩ = ૧૨૫ પ્રકૃતિઓ બાંધે છે.

| ક્રમ | પ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯Δ, વેદનીય ૨, અંતરાય ૫ = ૨૧ | $\frac{૩}{૭}$ સાગરોપમ | $\frac{૩}{૭}$ સાગરોપમ − $\frac{પલ્યોપમ}{અસંખ્ય}$ |
| ૨ | મિથ્યાત્વ મોહનીય | ૧ સાગરોપમ | ૧ સાગરોપમ − $\frac{પલ્યોપમ}{અસંખ્ય}$ |
| ૩ | ૧૬ કષાય | $\frac{૪}{૭}$ સાગરોપમ | $\frac{૪}{૭}$ સાગરોપમ − $\frac{પલ્યોપમ}{અસંખ્ય}$ |
| ૪ | ૯ નોકષાય, વૈક્રિય ૬ - આહારક ૨ - જિન વિના નામની ૭૪, ગોત્ર ૨ = ૮૫ | $\frac{૨}{૭}$ સાગરોપમ | $\frac{૨}{૭}$ સાગરોપમ − $\frac{પલ્યોપમ}{અસંખ્ય}$ |
| ૫ | તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય = ૨ | પૂર્વક્રોડવર્ષ + $\frac{સ્વભવ}{૩}$ | ક્ષુલ્લકભવ |

**બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ -**

એકેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિને ૨૫,૫૦,૧૦૦, ૧૦૦૦ થી ગુણતા ક્રમશઃ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે છે. બેઇન્દ્રિય,

---

Δ **પંચસંગ્રહના પાંચમા દ્વારની ગાથા ૫૪ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં** કહ્યું છે કે એકેન્દ્રિયને નિદ્રા ૫ વગેરે પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ પંચસંગ્રહમતે કર્મપ્રકૃતિઓની સામાન્યથી જઘન્ય સ્થિતિ કહી તે મુજબ જાણવી. તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉમેરતા એકેન્દ્રિયની તે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે.

તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરતા ક્રમશઃ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ આવે છે.□

વિકલેન્દ્રિય ૧૨૫ પ્રકૃતિઓ બાંધે છે. તે એકેન્દ્રિયને બંધયોગ્ય ૧૨૫ પ્રકૃતિઓની સમાન છે, પણ એકેન્દ્રિયજાતિની બદલે બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ કે ચઉરિન્દ્રિયજાતિ બાંધે છે. વિકલેન્દ્રિયને મનુષ્યાયુષ્ય - તિર્યંચાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ એકેન્દ્રિયની જેમ જાણવી. વિકલેન્દ્રિયને શેષ ૧૨૩ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ ઉપર કહ્યા મુજબ જાણવી.

અસંજ્ઞી પંચેન્દ્રિય ૧૩૩ પ્રકૃતિઓ બાંધે છે. કુલ ૧૫૮ પ્રકૃતિઓ છે. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધાતી નથી. ૧૫ બંધન અને ૫ સંઘાતનનો શરીરમાં સમાવેશ કર્યો છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો આહારક ૨ અને જિનનામકર્મ બાંધતા નથી. તેથી અસંજ્ઞી પંચેન્દ્રિય ૧૫૮ – (૨ + ૧૫ + ૫ + ૩) = ૧૫૮ – ૨૫ = ૧૩૩ પ્રકૃતિઓ બાંધે છે. તેમને મનુષ્યાયુષ્ય - તિર્યંચાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ એકેન્દ્રિયની જેમ જાણવી. દેવાયુષ્ય - નરકાયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} + \frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}$ અને જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. વૈક્રિય ૬ ની ઉત્કૃષ્ટ સ્થિતિ $\frac{૨૦૦૦}{૭}$ સાગરોપમ અને જઘન્ય સ્થિતિ $\frac{૨૦૦૦}{૭}$

□ **પંચસંગ્રહના પાંચમા દ્વારની ગાથા ૫૫** માં કહ્યું છે કે એકેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિને ૨૫,૫૦,૧૦૦,૧૦૦૦ થી ગુણતા ક્રમશઃ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે છે અને એકેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિને ૨૫,૫૦, ૧૦૦,૧૦૦૦ થી ગુણતા ક્રમશઃ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયની કર્મપ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ આવે છે.

સાગરોપમ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ છે. શેષ ૧૨૩ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ ઉપર કહ્યા મુજબ જાણવી.

**સંજ્ઞી પંચેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અને જઘન્ય સ્થિતિ –**

સંજ્ઞી પંચેન્દ્રિયને કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ કર્મપ્રકૃતિઓની સામાન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે મુજબ જાણવી. જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, પુરુષવેદ, સંજ્વલન ૪, સાતા, યશ, ઉચ્ચગોત્ર, આયુષ્ય ૪, જિન, આહારક ૨ - આ ૨૯ પ્રકૃતિઓની સંજ્ઞી પંચેન્દ્રિયને જઘન્ય સ્થિતિ કર્મપ્રકૃતિઓની સામાન્યથી જઘન્ય સ્થિતિ કહી તે મુજબ જાણવી. શેષ પ્રકૃતિઓની સંજ્ઞી પંચેન્દ્રિયને જઘન્ય સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ છે.

**સ્થિતિબંધનું અલ્પબહુત્વ -**

| ક્રમ | જીવો | સ્થિતિબંધ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળા | જઘન્ય | અલ્પ (અંતર્મુહૂર્ત) |
| ૨ | પર્યાપ્તા બાદર એકેન્દ્રિય | જઘન્ય | અસંખ્યગુણ |
| ૩ | પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૪ | અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૫ | અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૬ | અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૭ | અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૮ | પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૯ | પર્યાપ્તા બાદર એકેન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૧૦ | પર્યાપ્તા બેઈન્દ્રિય | જઘન્ય | સંખ્યાતગુણ (ન્યૂન ૨૫ ગુણ) |

| ક્રમ | જીવો | સ્થિતિબંધ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૧૧ | અપર્યાપ્તા બેઈન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૧૨ | અપર્યાપ્તા બેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૧૩ | પર્યાપ્તા બેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૧૪ | પર્યાપ્તા તેઈન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૧૫ | અપર્યાપ્તા તેઈન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૧૬ | અપર્યાપ્તા તેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૧૭ | પર્યાપ્તા તેઈન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૧૮ | પર્યાપ્તા ચઉરિન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૧૯ | અપર્યાપ્તા ચઉરિન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૨૦ | અપર્યાપ્તા ચઉરિન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૨૧ | પર્યાપ્તા ચઉરિન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૨૨ | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | સંખ્યાતગુણ (ન્યૂન ૧૦ ગુણા) |
| ૨૩ | અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | વિશેષાધિક |
| ૨૪ | અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૨૫ | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | વિશેષાધિક |
| ૨૬ | સંયત | ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણ (અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ) |
| ૨૭ | દેશવિરતિ | જઘન્ય | સંખ્યાતગુણ |
| ૨૮ | દેશવિરતિ | ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણ |
| ૨૯ | પર્યાપ્તા અવિરત સમ્યગ્દષ્ટિ | જઘન્ય | સંખ્યાતગુણ |
| ૩૦ | અપર્યાપ્તા અવિરત સમ્યગ્દષ્ટિ | જઘન્ય | સંખ્યાતગુણ |
| ૩૧ | અપર્યાપ્તા અવિરત સમ્યગ્દષ્ટિ | ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણ |

| ક્રમ | જીવો | સ્થિતિબંધ | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| ૩૨ | પર્યાપ્તા અવિરત સમ્યગ્દષ્ટિ | ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણ |
| ૩૩ | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | સંખ્યાતગુણ |
| ૩૪ | અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | જઘન્ય | સંખ્યાતગુણ |
| ૩૫ | અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણ |
| ૩૬ | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ઉત્કૃષ્ટ | સંખ્યાતગુણ (૭૦ કોડાકોડી સાગરોપમ) |

પર્યાપ્તા બેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા પર્યાપ્તા તેઈન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ **કર્મપ્રકૃતિની ચૂર્ણિ અને કર્મપ્રકૃતિની મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત ટીકા**માં વિશેષાધિક કહ્યો છે, જ્યારે **કર્મપ્રકૃતિની મલયગિરિ મહારાજ કૃત ટીકા**માં સંખ્યાતગુણ કહ્યો છે. પર્યાપ્તા બેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પર્યાપ્તા એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા ૨૫ ગુણ છે. પર્યાપ્તા તેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પર્યાપ્તા એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા ૫૦ ગુણ છે. તેથી પર્યાપ્તા બેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા પર્યાપ્તા તેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બમણો છે. પર્યાપ્તા તેઈન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ તો પર્યાપ્તા તેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા ન્યૂન છે. તેથી પર્યાપ્તા બેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા પર્યાપ્તા તેઈન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક હોય, એ બરાબર લાગે છે.

પર્યાપ્તા તેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ **કર્મપ્રકૃતિની ચૂર્ણિ અને કર્મપ્રકૃતિની મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કૃત ટીકા**માં વિશેષાધિક કહ્યો છે, જ્યારે **કર્મપ્રકૃતિની મલયગિરિ મહારાજ કૃત ટીકા**માં સંખ્યાતગુણ કહ્યો છે. પર્યાપ્તા તેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પર્યાપ્તા

એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા ૫૦ ગુણ છે. પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પર્યાપ્તા એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા ૧૦૦ ગુણ છે. તેથી પર્યાપ્તા તેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બમણો છે. પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ પર્યાપ્તા ચઉરિન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા ન્યૂન છે. તેથી પર્યાપ્તા તેઈન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા પર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક હોય, એ બરાબર લાગે છે.

(૨) **નિષેક** - અબાધાહીન સ્થિતિમાં કર્મદલિકોની રચનાને નિષેક કહેવાય છે. આયુષ્યકર્મમાં પહેલી સ્થિતિથી જ કર્મદલિકોની નિષેકરચના થાય છે, કેમકે આયુષ્યકર્મમાં પરભવની અબાધા હોય છે.

**અનંતરોપનિધા** - પ્રથમ સ્થિતિમાં ઘણુ દલિક ગોઠવે છે. તેના કરતા બીજી સ્થિતિમાં વિશેષહીન દલિક ગોઠવે છે. તેના કરતા ત્રીજી સ્થિતિમાં વિશેષહીન દલિક ગોઠવે છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી ઉત્તરોત્તર સ્થિતિમાં વિશેષહીન દલિક ગોઠવે છે.

**પરંપરોપનિધા** - પ્રથમ સ્થિતિથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિઓ ઓળંગીને પછીની સ્થિતિમાં પ્રથમ સ્થિતિના દલિકો કરતા દ્વિગુણહીન (અડધા) દલિકો છે. ત્યાર પછી ફરી તેટલી સ્થિતિઓ ઓળંગીને પછીની સ્થિતિમાં દ્વિગુણહીન દલિકો છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી જાણવું. ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં દ્વિગુણહીન સ્થાનો $\frac{\sqrt{\text{પલ્યોપમ}}}{\text{અસંખ્ય}}$ જેટલા છે. દ્વિગુણહીન સ્થાનો અલ્પ

છે. તેના કરતા બે દ્વિગુણહીન સ્થાનોના આંતરામાં રહેલા નિષેકસ્થાનો અસંખ્યગુણ ($\sqrt{\text{પલ્યોપમ}}$ ગુણ) છે.

(૩) **અબાધાકંડક** - આયુષ્ય વિના શેષ કર્મોમાં

ઉત્કૃષ્ટ સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલી સ્થિતિ સુધી ઉત્કૃષ્ટ અબાધા હોય છે.

ઉત્કૃષ્ટ સ્થિતિ – $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ – ૧ સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)$ જેટલી સ્થિતિ સુધી ઉત્કૃષ્ટ અબાધા – ૧ સમય અબાધા હોય છે.

ઉત્કૃષ્ટ સ્થિતિ – ૨ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)$ – ૧ સ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ – ૩ $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)$ જેટલી સ્થિતિ સુધી ઉત્કૃષ્ટ અબાધા – ૨ સમય અબાધા હોય છે.

આમ સ્થિતિમાં જેટલા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ ઓછા થાય, અબાધામાં તેટલા સમય ઓછા થાય. $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ સુધી અબાધા એક સરખી રહે છે.

આમ ત્યાં સુધી જાણવું કે જઘન્ય સ્થિતિમાં જઘન્ય અબાધા થાય. આ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ એ એક અબાધાકંડક છે.

$$\text{અબાધાકંડક} = \frac{\text{ઉત્કૃષ્ટ સ્થિતિબંધ} \quad \text{જઘન્ય સ્થિતિબંધ}}{\text{ઉત્કૃષ્ટ અબાધા} \quad \text{જઘન્ય અબાધા}} = \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$$

## (૪) અલ્પબહુત્વ -

**પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય અને અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં આયુષ્ય સિવાયના ૭ કર્મોમાં અલ્પબહુત્વ -**

| | | | |
|---|---|---|---|
| ૧ | જઘન્ય અબાધા | અલ્પ | (અંતર્મુહૂર્ત) |
| ૨,૩ | અબાધાસ્થાન, કંડકસ્થાન | અસંખ્યગુણ (પરસ્પર તુલ્ય) | (ઉત્કૃષ્ટ અબાધા − જઘન્ય અબાધા + ૧) |
| ૪ | ઉત્કૃષ્ટ અબાધા | વિશેષાધિક | (અબાધાસ્થાન + જઘન્ય અબાધા−૧) |
| ૫ | નિષેકના દ્વિગુણહાનિસ્થાનો | અસંખ્યગુણ | $\left(\frac{\sqrt{\text{પલ્યોપમ}}}{\text{અસંખ્ય}}\right)^{\square}$ |
| ૬ | એક દ્વિગુણહાનિના અંતરમાં રહેલા નિષેકસ્થાનો | અસંખ્યગુણ | $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)^{\Delta}$ |
| ૭ | અર્થેન કંડક⊙ | અસંખ્યગુણ | $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)$ (ઉપરના કરતા મોટો) |

□ **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૦૧ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં.** ૧૩૮ ઉપર નિષેકના દ્વિગુણહાનિસ્થાનો $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ કહ્યા છે.

Δ આ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ એ પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળ પ્રમાણ જાણવો.

*પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળો કરી તે બધાને ભેગા કરવાથી સમયોનું જે પ્રમાણ આવે તે પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળનું પ્રમાણ જાણવું.*

⊙ અર્થેન કંડક $= \frac{\text{ઉત્કૃષ્ટ સ્થિતિબંધ} \quad \text{જઘન્ય સ્થિતિબંધ}}{\text{ઉત્કૃષ્ટ અબાધા} \quad \text{જઘન્ય અબાધા}} = \frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}} =$ અબાધાકંડક.

**પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૦૨**માં અહીં અર્થેન કંડકની બદલે અબાધાકંડકસ્થાનો કહ્યા છે. **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૦૨ની બંને ટીકાઓમાં પાના નં.** ૮૪ ઉપર અબાધાકંડકસ્થાનોનો અર્થ અબાધાસ્થાન + કંડકસ્થાન એવો કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| ૮ | જઘન્ય સ્થિતિબંધ | અસંખ્યગુણ | (અંતઃકોડાકોડી સાગરોપમ) |
| ૯ | સ્થિતિસ્થાન | સંખ્યાતગુણ (જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયના સાધિક ૨૯ ગુણ, મોહનીયના સાધિક ૬૯ ગુણ, નામ-ગોત્રના સાધિક ૧૯ ગુણ). | (ઉત્કૃષ્ટ સ્થિતિબંધ – જઘન્ય સ્થિતિબંધ + ૧) |
| ૧૦ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | વિશેષાધિક | (સ્થિતિસ્થાન + જઘન્ય સ્થિતિબંધ – ૧) |

## શેષ જીવોમાં ૭ કર્મોમાં અલ્પબહુત્વ -

| | | | |
|---|---|---|---|
| ૧,૨ | અબાધાસ્થાન, કંડકસ્થાન | અલ્પ | $\left(\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}\right)$ (પરસ્પર તુલ્ય) |
| ૩ | જઘન્ય અબાધા | અસંખ્યગુણ | (અંતર્મુહૂર્ત) |
| ૪ | ઉત્કૃષ્ટ અબાધા | વિશેષાધિક | (જઘન્ય અબાધા + $\frac{\text{આવલિકા}}{\text{અસંખ્ય}}$ – ૧) |
| ૫ | નિષેકના દ્વિગુણહાનિસ્થાનો | અસંખ્યગુણ | $\left(\frac{\sqrt{\text{પલ્યોપમ}}}{\text{અસંખ્ય}}\right)$ |
| ૬ | એક દ્વિગુણહાનિના અંતરમાં રહેલા નિષેકસ્થાનો | અસંખ્યગુણ | $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)$ |

| | | | |
|---|---|---|---|
| ૭ | અર્થેન કંડક□ | અસંખ્યગુણ | - |
| ૮ | સ્થિતિસ્થાન | અસંખ્યગુણ | $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)^{\Delta}$ |
| ૯ | જઘન્ય સ્થિતિબંધ | અસંખ્યગુણ⊙ | |
| ૧૦ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | વિશેષાધિક | (જઘન્ય સ્થિતિબંધ + સ્થિતિસ્થાન - ૧) |

**પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આયુષ્યમાં અલ્પબહુત્વ -**

| | | | |
|---|---|---|---|
| ૧ | જઘન્ય અબાધા | અલ્પ | (અંતર્મુહૂર્ત) |
| ૨ | જઘન્ય સ્થિતિબંધ | સંખ્યાતગુણ | (ક્ષુલ્લકભવ) |
| ૩ | અબાધાસ્થાન | સંખ્યાતગુણ | $\left(\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩} - \text{અંતર્મુહૂર્ત} + ૧\right)$ |
| ૪ | ઉત્કૃષ્ટ અબાધા | વિશેષાધિક | $\left(\frac{\text{પૂર્વક્રોડવર્ષ}}{૩}\right)$ |
| ૫ | નિષેકના દ્વિગુણહાનિસ્થાનો | અસંખ્યગુણ | $\left(\frac{\sqrt{\text{પલ્યોપમ}}}{\text{અસંખ્ય}}\right)$ |

---

□ **પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૦૪ની બંને ટીકાઓમાં પાના નં. ૮૫** ઉપર અહીં અબાધાકંડકસ્થાનો કહ્યા છે.

Δ એકેન્દ્રિયના સ્થિતિસ્થાનો $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ છે, શેષ જીવોના સ્થિતિસ્થાનો $\frac{\text{પલ્યોપમ}}{\text{સંખ્યાત}}$ પ્રમાણ છે.

⊙ એકેન્દ્રિયના સ્થિતિસ્થાનો કરતા એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યગુણ છે. શેષ જીવોના સ્થિતિસ્થાનો કરતા શેષ જીવોનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ છે.

| | | | |
|---|---|---|---|
| ૬ | એક દ્વિગુણહાનિના અંતરમાં રહેલ નિષેકસ્થાનો | અસંખ્યગુણ | $\left(\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}\right)^{\Delta}$ |
| ૭ | સ્થિતિસ્થાન | અસંખ્યગુણ | (૩૩ સાગરોપમ – ક્ષુલ્લકભવ + ૧) |
| ૮ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | વિશેષાધિક | (૩૩ સાગરોપમ) |

**શેષ જીવોમાં આયુષ્યમાં અલ્પબહુત્વ -**

| | | | |
|---|---|---|---|
| ૧ | જઘન્ય અબાધા | અલ્પ | (અંતર્મુહૂર્ત) |
| ૨ | જઘન્ય સ્થિતિબંધ | સંખ્યાતગુણ | (ક્ષુલ્લકભવ) |
| ૩ | અબાધાસ્થાન | સંખ્યાતગુણ | $\left(\frac{\text{૨૨,૦૦૦}}{\text{૩}}\right.$ વર્ષ – અંતર્મુહૂર્ત + ૧$\left.\right)$ |
| ૪ | ઉત્કૃષ્ટ અબાધા | વિશેષાધિક | $\left(\frac{\text{૨૨,૦૦૦}}{\text{૩}}\right.$ વર્ષ$\left.\right)$ |
| ૫ | સ્થિતિસ્થાન | સંખ્યાતગુણ | (પૂર્વક્રોડ વર્ષ – ક્ષુલ્લકભવ + ૧) |
| ૬ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | વિશેષાધિક | (પૂર્વક્રોડ વર્ષ) |

## સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો

અહીં ૩ દ્વાર છે. તે આ પ્રમાણે છે - (૧) સ્થિતિસમુદાહાર, (૨) પ્રકૃતિસમુદાહાર, (૩) જીવસમુદાહાર.

સમુદાહાર એટલે પ્રતિપાદન.

**(૧) સ્થિતિસમુદાહાર** - સ્થિતિસ્થાનોને વિષે સ્થિતિબંધના અધ્યવસાયોનું પ્રતિપાદન તે સ્થિતિસમુદાહાર.

---

$\Delta$ આ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ એ પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળ પ્રમાણ જાણવો.

અહીં ૩ દ્વાર છે. તે આ પ્રમાણે છે -

**(i) પ્રગણના-** દરેક સ્થિતિસ્થાનમાં તેના બંધમાં કારણભૂત કાષાયિક અધ્યવસાયો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ છે.□

**(a) અનંતરોપનિધા** - આયુષ્ય વિના સાત કર્મોમાં -

જઘન્ય સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો અલ્પ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો વિશેષાધિક છે. તેના કરતા ત્રીજા સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો વિશેષાધિક છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ-પૂર્વ સ્થિતિસ્થાન કરતા વિશેષાધિક કાષાયિક અધ્યવસાયો છે.

**આયુષ્યમાં** -

જઘન્ય સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો અલ્પ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણ છે. તેના કરતા ત્રીજા સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણ છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં પૂર્વ-પૂર્વ સ્થિતિસ્થાન કરતા અસંખ્યગુણ કાષાયિક અધ્યવસાયો છે.

**(b) પરંપરોપનિધા** - આયુષ્ય વિના સાત કર્મોમાં -

જઘન્ય સ્થિતિસ્થાનથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાન ઓળંગીને પછીના સ્થિતિસ્થાનમાં જઘન્ય સ્થિતિસ્થાનના કાષાયિક અધ્યવસાયો કરતા દ્વિગુણ (બમણા) કાષાયિક અધ્યવસાયો છે. ત્યાર પછી ફરી તેટલા સ્થિતિસ્થાનો ઓળંગી પછીના સ્થિતિસ્થાનમાં દ્વિગુણ કાષાયિક અધ્યવસાયો છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી જાણવું.

---

□ **કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૮૭ની ચૂર્ણિમાં પાના નં. ૧૮૬** ઉપર આ વાત સાત કર્મો માટે કહી છે.

બે [Δ]દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનોના અંતરમાં રહેલા સ્થિતિસ્થાનો પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળ[⊙] પ્રમાણ છે.

દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનો અંગુલના પ્રથમ વર્ગમૂળના છેદનકોના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશ પ્રમાણ છે.

છેદનકો એટલે અડધા અડધા ભાગો. અંગુલના પ્રથમ વર્ગમૂળના જેટલા અડધા અડધા ભાગ થાય તેના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશપ્રમાણ દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનો છે.

દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનો અલ્પ છે. તેના કરતા બે દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનોના અંતરમાં રહેલા સ્થિતિસ્થાનો અસંખ્યગુણ છે.

**(ii) અનુકૃષ્ટિ** - બધા કર્મોના ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં નવા નવા કાષાયિક અધ્યવસાયો હોય છે. તેથી કાષાયિક અધ્યવસાયોની અનુકૃષ્ટિ નથી.

**(iii) તીવ્રતા-મંદતા** - બધા કર્મોમાં જઘન્ય સ્થિતિસ્થાનનો જઘન્ય કાષાયિક અધ્યવસાય સર્વથી મંદ છે. તેના કરતા જઘન્ય સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ કાષાયિક અધ્યવસાય અનંતગુણ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનનો જઘન્ય કાષાયિક અધ્યવસાય અનંતગુણ છે. તેના કરતા બીજા સ્થિતિસ્થાનનો ઉત્કૃષ્ટ કાષાયિક અધ્યવસાય અનંતગુણ છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાનના ઉત્કૃષ્ટ કાષાયિક અધ્યવસાય સુધી જાણવું.

**(૨) પ્રકૃતિસમુદાહાર** - કર્મપ્રકૃતિઓને વિષે સ્થિતિબંધના કાષાયિક અધ્યવસાયોનું પ્રતિપાદન તે પ્રકૃતિસમુદાહાર.

---

**Δ પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૦૬ની સ્વોપજ્ઞ ટીકામાં પાના નં. ૮૭** ઉપર દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનો પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળ પ્રમાણ કહ્યા છે અને બે દ્વિગુણવૃદ્ધ સ્થિતિસ્થાનોના અંતરમાં રહેલા સ્થિતિસ્થાનોનું પ્રમાણ કહ્યું **નથી.**

⊙ પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળ પણ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ જ છે.

અહીં બે દ્વારો છે. તે આ પ્રમાણે છે -

**(i) પ્રમાણ** - દરેક પ્રકૃતિમાં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ સ્થિતિબંધના કાષાયિક અધ્યવસાયો છે.

**(ii) અલ્પબહુત્વ** - ૮ કર્મોમાં સ્થિતિબંધના કાષાયિક અધ્યવસાયોનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે -

| પ્રકૃતિ | કાષાયિક અધ્યવસાયોનું અલ્પબહુત્વ |
|---|---|
| આયુષ્ય | અલ્પ |
| નામ, ગોત્ર | અસંખ્યગુણ□ (પરસ્પર તુલય) |
| જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય | અસંખ્યગુણ$^{\Delta}$ (પરસ્પર તુલ્ય) |
| કષાય મોહનીય | અસંખ્યગુણ$^{\Delta}$ |
| દર્શન મોહનીય | અસંખ્યગુણ$^{\Delta}$ |

□ જો કે આયુષ્યના ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો ઉત્તરોત્તર અસંખ્યગુણ છે અને નામ-ગોત્રના ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં કાષાયિક અધ્યવસાયો ઉત્તરોત્તર વિશેષાધિક છે, છતાં આયુષ્યના જઘન્ય સ્થિતિસ્થાનમાં બહુ થોડા કાષાયિક અધ્યવસાયો છે અને નામ-ગોત્રના જઘન્ય સ્થિતિસ્થાનમાં ઘણા બધા કાષાયિક અધ્યવસાયો છે. વળી આયુષ્યના સ્થિતિસ્થાનો અલ્પ છે અને નામ-ગોત્રના સ્થિતિસ્થાનો ઘણા છે. તેથી આયુષ્યના કાષાયિક અધ્યવસાયો અલ્પ છે અને નામ-ગોત્રના કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણ છે.

$\Delta$ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસ્થાન પછી કાષાયિક અધ્યવસાયો દ્વિગુણવૃદ્ધ થાય છે. તેથી ૧ પલ્યોપમને અંતે પણ કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણવૃદ્ધ થાય છે. તો પછી ૧૦ કોડાકોડી સાગરોપમને અંતે અને ૩૦ કોડાકોડી સાગરોપમને અંતે તો કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણવૃદ્ધ થાય એ યુક્ત છે. નામ-ગોત્ર કરતા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાયના સ્થિતિસ્થાનો ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલા અધિક છે, તેમના કરતા કષાય મોહનીયના સ્થિતિસ્થાનો ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલા અધિક છે, તેમના કરતા દર્શન મોહનીયના સ્થિતિસ્થાનો ૩૦ કોડાકોડી સાગરોપમ જેટલા અધિક છે. માટે નામ-ગોત્ર કરતા જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયના કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણ છે, તેમના કરતા કષાય મોહનીયના કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણ છે, તેમના કરતા દર્શન મોહનીયના કાષાયિક અધ્યવસાયો અસંખ્યગુણ છે.

(૩) **જીવસમુદાહાર** - સ્થિતિસ્થાનોને વિષે તેને બાંધનારા જીવોનું પ્રતિપાદન તે જીવસમુદાહાર છે.

દૂધ વગેરેનો અને લિંબડા વગેરેનો સ્વાભાવિક રસ તે ૧ ઠાણિયો રસ છે. દૂધ વગેરેના અને લિંબડા વગેરેના સ્વાભાવિક રસના ૩ ભાગ કરી તેમાંથી ૨ ભાગ ઉકાળી ૧ ભાગ શેષ રહે તે ૨ ઠાણિયો રસ છે. દૂધ વગેરેના અને લિંબડા વગેરેના સ્વાભાવિક રસના ૪ ભાગ કરી તેમાંથી ત્રણ ભાગ ઉકાળી ૧ ભાગ શેષ રહે તે ૩ ઠાણિયો રસ છે. દૂધ વગેરેના અને લિંબડા વગેરેના સ્વાભાવિક રસના ૫ ભાગ કરી તેમાંથી ૪ ભાગ ઉકાળી ૧ ભાગ શેષ રહે તે ૪ ઠાણિયો રસ છે. ૧, ૨, ૩, ૪ ઠાણિયા રસોના અવાંતર ભેદો પણ અસંખ્ય છે.

શુભ પ્રકૃતિઓનો ૨, ૩, ૪ ઠાણિયો રસ શેરડી, દૂધ વગેરેના ૨, ૩, ૪ ઠાણિયા રસ જેવો છે. અશુભ પ્રકૃતિઓનો ૧, ૨, ૩, ૪ ઠાણિયો રસ લિંબડાના ૧, ૨, ૩, ૪ ઠાણિયા રસ જેવો છે. એક ઠાણિયા રસ કરતા બે ઠાણિયો રસ અનંતગુણ છે. બે ઠાણિયા રસ કરતા ત્રણ ઠાણિયો રસ અનંતગુણ છે. ત્રણ ઠાણિયા રસ કરતા ચાર ઠાણિયો રસ અનંતગુણ છે. શુભપ્રકૃતિઓનો એક ઠાણિયો રસ બંધાતો નથી. કેવળજ્ઞાનાવરણ-કેવળદર્શનાવરણ વિના આવરણ ૭, અંતરાય ૫, સંજ્વલન ૪, પુરુષવેદ - આ ૧૭ પ્રકૃતિઓનો ૧, ૨, ૩, ૪ ઠાણિયો રસ બંધાય છે. શેષ શુભાશુભ પ્રકૃતિઓનો ૨, ૩, ૪ ઠાણિયો રસ બંધાય છે, ૧ ઠાણિયો રસ બંધાતો નથી.

૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓની □જઘન્ય સ્થિતિ બાંધતો જીવ

---

□ અહીં જઘન્ય સ્થિતિ એટલે પર્યાપ્તા અભવ્ય સંજ્ઞી પંચેન્દ્રિયની જઘન્ય સ્થિતિ સમજવી.

Δપરાવર્તમાન શુભપ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે અને પરાવર્તમાન અશુભપ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધે, મધ્યમ સ્થિતિ બાંધતો જીવ પરાવર્તમાન શુભ-અશુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધે, ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો જીવ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધે અને પરાવર્તમાન અશુભપ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે.

પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ - ૩૪ :– સાતા, નરકાયુષ્ય વિના આયુષ્ય ૩, દેવ ૨, મનુષ્ય ૨, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક ૨, વૈક્રિય ૨, આહારક ૨, ૧લુ સંસ્થાન, ૧લુ સંઘયણ, સુખગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, જિન, ત્રસ ૧૦, ઉચ્ચગોત્ર.

પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓ :– ૩૯ – અસાતા, હાસ્ય, રતિ, શોક, અરતિ, વેદ ૩, નરકાયુષ્ય, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, છેલ્લા પાંચ સંસ્થાન, છેલ્લા પાંચ સંઘયણ, કુખગતિ, સ્થાવર ૧૦, નીચગોત્ર.

સર્વવિશુદ્ધ જીવો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે છે. તેઓ ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધે છે. મધ્યમ પરિણામવાળા જીવો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધે છે. તેઓ ધ્રુવબંધી પ્રકૃતિઓની મધ્યમ સ્થિતિ બાંધે છે. સંક્લિષ્ટ પરિણામવાળા જીવો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધે છે. તેઓ ધ્રુવબંધી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે.

Δ અહીં પરાવર્તમાન પ્રકૃતિઓ એટલે ધ્રુવબંધી સિવાયની પ્રકૃતિઓ સમજવી. તે બે પ્રકારની છે શુભ અને અશુભ.

તદ્યોગ્ય સર્વવિશુદ્ધ જીવો પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધે છે. તેઓ સ્વવિશુદ્ધિ અનુસાર ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધે છે, સર્વજઘન્ય સ્થિતિ બાંધતા નથી, કેમકે ધ્રુવબંધી પ્રકૃતિઓની સર્વજઘન્ય સ્થિતિ એકાંત વિશુદ્ધિમાં બંધાય છે અને એકાંત વિશુદ્ધિમાં પરાવર્તમાન અશુભપ્રકૃતિ બંધાતી નથી. મધ્યમ પરિણામવાળા જીવો પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધે છે. તેઓ ધ્રુવબંધી પ્રકૃતિઓની મધ્યમ સ્થિતિ બાંધે છે. સંક્લિષ્ટ પરિણામવાળા જીવો પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે છે. તેઓ ધ્રુવબંધી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે.

**અનંતરોપનિધા** - પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, બીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્રીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ સાગરોપમ શતપૃથક્ત્વ (ઘણા સાગરોપમ) પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ત્યાર પછી સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વયોગ્ય જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, બીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્રીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ત્યાર પછી સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વયોગ્ય જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, બીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્રીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વયોગ્ય જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, બીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્રીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ત્યાર પછી સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વયોગ્ય જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, બીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્રીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ત્યાર પછી સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની સ્વયોગ્ય જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો અલ્પ છે, બીજી સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્રીજી

સ્થિતિ બાંધનારા જીવો વિશેષાધિક છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષાધિક છે. ત્યાર પછી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓના બંધક જીવો ઉત્તરોત્તર વિશેષહીન છે.

**પરંપરોપનિધા -**

પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા અને ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધનારા જીવો કરતા જઘન્ય સ્થિતિથી માંડીને પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળના સમય પ્રમાણ સ્થિતિઓ ઓળંગી પછીની સ્થિતિ બાંધનારા જીવો દ્વિગુણ (બમણા) છે. ત્યાર પછી ફરી તેટલી સ્થિતિઓ ઓળંગી પછીની સ્થિતિ બાંધનારા જીવો દ્વિગુણ છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓ સુધી જાણવું. ત્યાર પછી પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળના સમય પ્રમાણ સ્થિતિઓ ઓળંગી પછીની સ્થિતિ બાંધનારા જીવો દ્વિગુણવૃદ્ધિની ચરમસ્થિતિ કરતા દ્વિગુણહીન (અડધા) છે. ત્યાર પછી ફરી તેટલી સ્થિતિઓ ઓળંગી પછીની સ્થિતિ બાંધનારા જીવો દ્વિગુણહીન છે. એમ સાગરોપમશતપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિઓ સુધી જાણવું.

આ જ રીતે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધનારા, ૨ ઠાણિયો રસ બાંધનારા અને પરાવર્તમાન અશુભ-પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધનારા, ૩ ઠાણિયો રસ બાંધનારા, ૪ ઠાણિયો રસ બાંધનારા જીવોમાં પરંપરોપનિધા જાણવી.

દરેકમાં દ્વિગુણવૃદ્ધિસ્થાનો-દ્વિગુણહાનિસ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ છે. તે અલ્પ છે. તેના કરતા બે દ્વિગુણવૃદ્ધિસ્થાનો કે બે દ્વિગુણહાનિ-

સ્થાનોના અંતરમાં રહેલા સ્થિતિસ્થાનો અસંખ્યગુણ છે. તે પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળના સમય પ્રમાણ છે.

પરાવર્તમાન શુભ-અશુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ સાકારોપયોગ (તીવ્રકષાયપરિણામ)થી પણ બંધાય છે અને અનાકારોપયોગ (મંદકષાયપરિણામ)થી પણ બંધાય છે. પરાવર્તમાન શુભ-અશુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ અને ૪ ઠાણિયો રસ સાકારોપયોગથી જ બંધાય છે.

## સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ□

| ક્રમ | સ્થિતિસ્થાનો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૪ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સ્થિતિસ્થાનો | અલ્પ |
| ૨ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૪ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૩ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૪ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૫ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની નીચેના એકાંત સાકારોપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૬ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સાકાર-અનાકાર ઉપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |

□**પંચસંગ્રહ બંધનકરણ ગાથા ૧૧૨ની સ્વોપજ્ઞ ટીકામાં** આ અલ્પબહુત્વમાં ઘણા સ્થાનો નથી કહ્યા. તેથી તે અશુદ્ધ હોય એમ લાગે છે.

| ક્રમ | સ્થિતિસ્થાનો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૭ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના સાકાર-અનાકાર ઉપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૮ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ | સંખ્યાતગુણ |
| ૯ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ | વિશેષાધિક |
| ૧૦ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની નીચેના એકાંત સાકારોપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૧૧ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સાકાર-અનાકાર ઉપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૧૨ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના સાકાર-અનાકાર ઉપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૧૩ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના એકાંત સાકારોપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૧૪ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૧૫ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૧૬ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૪ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |

| ક્રમ | સ્થિતિસ્થાનો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧૭ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૪ ઠાણિયા રસના યવમધ્યની ઉપરની ડાયસ્થિતિ□ | સંખ્યાતગુણ |
| ૧૮ | અંતઃકોડાકોડી સાગરોપમ | સંખ્યાતગુણ |
| ૧૯ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યની ઉપરના એકાંત સાકારોપયોગથી બંધાતા સ્થિતિસ્થાનો | સંખ્યાતગુણ |
| ૨૦ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | વિશેષાધિક |
| ૨૧ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓની બદ્ધ ડાયસ્થિતિ$^{\Delta}$ | વિશેષાધિક |
| ૨૨ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | વિશેષાધિક |

## પરાવર્તમાન શુભ-અશુભ પ્રકૃતિઓના ૨, ૩, ૪ ઠાણિયા રસ બાંધનારા જીવોનું અલ્પબહુત્વ -

| ક્રમ | જીવો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૧ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા જીવો | અલ્પ |
| ૨ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધનારા જીવો | સંખ્યાતગુણ |

□ જે સ્થિતિસ્થાનથી કૂદકો મારીને અપવર્તનાકરણ વડે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તે સ્થિતિસ્થાનને ડાયસ્થિતિ કહેવાય છે.

$\Delta$ ડાયસ્થિતિથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીની સ્થિતિ તે બદ્ધ ડાયસ્થિતિ કહેવાય છે. બદ્ધ ડાયસ્થિતિ = સકલ કર્મ સ્થિતિ – અંતઃકોડાકોડી સાગરોપમ, કેમકે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવ મધ્યમ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરીને ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે, મધ્યમ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કર્યા પૂર્વે નહીં. ૧૮મા સ્થાનમાં કહેલ ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડી સાગરોપમ આ મધ્યમ અંતઃકોડાકોડી સાગરોપમ કરતા સંખ્યાતગુણ સંભવે છે.

| ક્રમ | જીવો | અલ્પબહુત્વ |
|---|---|---|
| ૩ | પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધનારા જીવો | સંખ્યાતગુણ |
| ૪ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધનારા જીવો | સંખ્યાતગુણ |
| ૫ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા જીવો | સંખ્યાતગુણ |
| ૬ | પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધનારા જીવો | વિશેષાધિક |

સ્થિતિબંધના સાદ્યાદિ ભાંગા અને સ્વામિત્વ પાંચમા કર્મગ્રંથમાંથી જાણી લેવા.

## કર્મપ્રકૃતિ બંધનકરણનો પદાર્થસંગ્રહ સમાપ્ત

• • •

# પરિશિષ્ટ-૧

(૧) ઔદારિક ૨ = ઔદારિક શરીર□, ઔદારિક અંગોપાંગ. આ જ રીતે વૈક્રિય ૨, આહારક ૨ માટે સમજવું.

(૨) જાતિ ૪ = એકેન્દ્રિયજાતિ, બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિય-જાતિ, ચઉરિન્દ્રિયજાતિ.

(૩) થિણદ્ધિ ૩ = નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ.

(૪) અનંતાનુબંધી ૪ = અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ. આ જ રીતે અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય ૪ અને સંજ્વલન ૪ વિષે જાણવું.

(૫) નિદ્રા ૨ = નિદ્રા, પ્રચલા.

(૬) વૈક્રિય ૮ = દેવ ૩, નરક ૩, વૈક્રિય ૨.

(૭) દેવ ૩ = દેવગતિ, દેવાનુપૂર્વી, દેવાયુષ્ય.

(૮) નરક ૩ = નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ય. આ જ રીતે તિર્યંચ ૩ અને મનુષ્ય ૩ માટે સમજવું.

(૯) સ્થાવર ૪ = સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ.

(૧૦) દુર્ભગ ૩ = દુર્ભગ, દુસ્વર, અનાદેય.

(૧૧) અસ્થિર ૨ = અસ્થિર, અશુભ.

(૧૨) વર્ણાદિ ૪ = વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ.

(૧૩) હાસ્ય ૪ = હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા.

(૧૪) દેવ ૨ = દેવગતિ, દેવાનુપૂર્વી. આ મુજબ નરક ૨, મનુષ્ય ૨, તિર્યંચ ૨ માટે જાણવું.

---

□ અહીં ઔદારિક શરીરથી ઔદારિક શરીર નામકર્મ સમજવું. આ રીતે અહીં બીજા કર્મો માટે દરેકની પાછળ કર્મ શબ્દ લખ્યો નથી, પણ સમજી લેવો.

(૧૫) સૂક્ષ્મ ૩ = સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ.

(૧૬) હાસ્ય ૬ = હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા.

(૧૭) અગુરુલઘુ ૪ = અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ.

(૧૮) ત્રસ ૩ = ત્રસ, બાદર, પર્યાપ્ત.

(૧૯) સ્થાવર ૨ = સ્થાવર, સૂક્ષ્મ.

(૨૦) આતપ ૨ = આતપ, ઉદ્યોત.

(૨૧) પ્રત્યેક ૩ = પ્રત્યેક, સ્થિર, શુભ.

(૨૨) ખગતિ ૨ = શુભવિહાયોગતિ, અશુભવિહાયોગતિ.

(૨૩) અસ્થિર ૬ = અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ.

(૨૪) ત્રસ ૪ = ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક.

(૨૫) સુભગ ૪ = સુભગ, સુસ્વર, આદેય, યશ.

(૨૬) સંજ્વલન ૩ = સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા.

(૨૭) નિદ્રા ૫ = નિદ્રા, પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ.

(૨૮) સ્થિર ૬ = સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ.

(૨૯) વિકલેન્દ્રિયજાતિ ૩ = બેઈન્દ્રિયજાતિ, તેઈન્દ્રિયજાતિ, ચઉરિન્દ્રિયજાતિ.

(૩૦) અસ્થિર ૨ = અસ્થિર, અશુભ.

• • •

# કર્મપ્રકૃતિ બંધનકરણ

## *મૂળગાથા અને શબ્દાર્થ*

**सिद्धं सिद्धत्थसुयं, वंदिय णिद्धोयसव्वकम्ममलं ।**
**कम्मट्ठगस्स करणट्ठ-गुदयसंताणि वोच्छामि ॥ १ ॥**

સિદ્ધ થયેલા, જેમણે બધા કર્મોના મળને ધોઇ નાખ્યો છે એવા, સિદ્ધાર્થરાજાના પુત્ર (એવા શ્રીવર્ધમાનસ્વામી)ને વંદના કરીને આઠ કર્મોના આઠ કરણો અને ઉદય-સત્તા હું કહીશ. (૧)

**बंधण संकमणुव्वट्टणा य, अववट्टणा उदीरणया ।**
**उवसामणा निहत्ती, निकायणा च त्ति करणाइं ॥ २ ॥**

(૧) બંધનકરણ, (૨)સંક્રમણકરણ, (૩) ઉદ્વર્તનાકરણ, (૪) અપવર્તનાકરણ, (૫) ઉદીરણાકરણ, (૬) ઉપશમનાકરણ, (૭) નિધત્તિકરણ અને (૮) નિકાચનાકરણ- આ (આઠ) કારણો છે. (૨)

**विरियंतरायदेसक्खयेण, सव्वक्खयेण वा लद्धी ।**
**अभिसंधिजमियरं वा, तत्तो विरियं सलेसस्स ॥ ३ ॥**

વીર્યાંતરાયકર્મના દેશક્ષયથી કે સર્વક્ષયથી જીવોની વીર્યલબ્ધિ ઉત્પન્ન થાય છે. તે વીર્યલબ્ધિથી સલેશ્ય જીવને અભિસંધિજ (બુદ્ધિપૂર્વકનું) અને અનભિસંધિજ (ઇરાદા વિનાનુ) વીર્ય પ્રાપ્ત થાય છે. (૩)

**परिणामालंबणगहण-साहणं तेण लद्धनामतिगं ।**
**कज्जब्भासन्नोन्नप्पवेस-विसमीकयपएसं ॥ ४ ॥**

તે વીર્ય (ઔદારિક વગેરે શરીરો પ્રાયોગ્ય પુદ્ગલોના) પરિણામ, આલંબન અને ગ્રહણમાં સાધનભૂત છે. તેથી (મન-

વચન-કાયાના આલંબનથી પ્રવર્તતા) તે વીર્યને (મનોયોગ-વચનયોગ-કાયયોગ એમ) ત્રણ નામ મળ્યા છે. કાર્યનું નજીકપણું અને જીવપ્રદેશોનો પરસ્પર પ્રવેશ-આ બન્નેને લીધે જીવપ્રદેશોમાં તે વીર્યની વિષમતા હોય છે. (૪)

**अविभागवग्गफड्डुग-अंतरठाणं अणंतरोवणिहा ।**
**जोगे परंपरावुड्ढि-समयजीवप्पबहुगं च ॥ ५ ॥**

યોગના વિષયમાં (૧) અવિભાગ, (૨) વર્ગણા, (૩) સ્પર્ધક, (૪) અંતર, (૫) સ્થાન, (૬) અનંતરોપનિધા, (૭) પરંપરોપનિધા, (૮) વૃદ્ધિ, (૯) સમય અને (૧૦) જીવોનું અલ્પબહુત્વ - (આ દસ અર્થાધિકારો છે.) (૫)

**पण्णाछेयणछिन्ना, लोगासंखेज्जगप्पएससमा ।**
**अविभागा एक्केक्के, होंति पएसे जहन्नेणं ॥ ६ ॥**

વીર્યના અવિભાગો કેવલીની પ્રજ્ઞારૂપી શસ્ત્રથી છેદાયેલા છે. એક એક જીવપ્રદેશ ઉપર જઘન્યથી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ વીર્યના અવિભાગો હોય છે. (૬)

**जेसिं पएसाण समा, अविभागा सव्वतो य थोवतमा ।**
**ते वग्गणा जहन्ना, अविभागहिया परंपरओ ॥ ७ ॥**

જે જીવપ્રદેશોના વીર્યના અવિભાગો સૌથી થોડા અને સમાન છે તે જઘન્ય વર્ગણા છે. ત્યારપછી વીર્યના એક એક અધિક અવિભાગવાળી વર્ગણાઓ છે. (૭)

**सेढिअसंखियमित्ता, फड्डुगमेत्तो अणंतरा नत्थि ।**
**जाव असंखा लोगा, तो बीयाई य पुव्वसमा ॥ ८ ॥**

શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલ આકાશપ્રદેશ પ્રમાણ વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક છે. ત્યાર પછી વીર્યના એક-એક અધિક અવિભાગવાળા જીવપ્રદેશો નથી. યાવત્ વીર્યના અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધિક અવિભાગવાળા જીવપ્રદેશોનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા છે. ત્યાર પછી બીજી વગેરે વર્ગણાઓ પૂર્વના સ્પર્ધકની જેમ છે. (૮)

**सेढिअसंखिअमित्ताइं, फड्डुगाइं जहन्नगं ठाणं ।**
**फड्डुगपरिवुड्ढि अओ, अंगुलभागो असंखतमो ॥ ९ ॥**

શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ સ્પર્ધકો તે જઘન્ય યોગસ્થાન છે. ત્યાર પછીના યોગસ્થાનોમાં અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ સ્પર્ધકોની વૃદ્ધિ થાય છે. (૯)

**सेढिअसंखियभागं, गंतुं गंतुं हवंति दुगुणाइं ।**
**पल्लासंखियभागो, नाणागुणहाणिठाणाणि ॥ १० ॥**

શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ યોગસ્થાનો જઈ જઈને સ્પર્ધકો બમણા થાય છે. જુદા જુદા દ્વિગુણહાનિસ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ છે. (૧૦)

**वुड्ढिहाणिचउक्कं, तम्हा कालोत्थ अंतिमिल्लाणं ।**
**अंतोमुहुत्तमावलि-असंखभागो य सेसाणं ॥ ११ ॥**

વૃદ્ધિ અને હાનિ ચાર પ્રકારની છે (-અસંખ્યાતભાગ વૃદ્ધિ-હાનિ, સંખ્યાતભાગ વૃદ્ધિ-હાનિ, સંખ્યાતગુણ વૃદ્ધિ-હાનિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ-હાનિ). તેમાંથી છેલ્લી વૃદ્ધિ-હાનિનો (ઉત્કૃષ્ટ) કાળ અંતર્મુહૂર્ત છે અને શેષ વૃદ્ધિ-હાનિનો (ઉત્કૃષ્ટ) કાળ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે. (૧૧)

**चतुराई जावट्ठग-मित्तो जाव दुगं ति समयाणं ।**
**पज्जत्तजहन्नाओ, जावुक्कोसं ति उक्कोसो ॥ १२ ॥**

પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદના જીવના જઘન્ય યોગસ્થાનથી માંડીને ઉત્કૃષ્ટ યોગસ્થાન સુધીના યોગસ્થાનો ઉપર જીવોને અવસ્થિત રહેવાના સમયોની ૪ થી માંડીને ૮ સુધી વૃદ્ધિ થાય છે અને ત્યારપછી ૨ સુધી હાનિ થાય છે. આ ઉત્કૃષ્ટ કાળ છે. (૧૨)

**एगसमयं जहन्नं, ठाणाणप्पाणि अट्ठ समयाणि ।**
**उभओ असंखगुणियाणि, समयसो ऊणठाणाणि ॥१३॥**

યોગસ્થાનો ઉપર જીવોને અવસ્થિત રહેવાનો જઘન્યકાળ ૧ સમય છે. યોગસ્થાનોમાં સૌથી થોડા ૮ સમયવાળા યોગસ્થાનો છે. બન્ને બાજુ ૧-૧ સમય ન્યૂન કાળવાળા યોગસ્થાનો અસંખ્યગુણ છે. (૧૩)

**सव्वत्थोवो जोगो, साहारणसुहुमपढमसमयम्मि ।**
**बायरबियतियचउर-मणसन्नपज्जत्तगजहन्नो ॥ १४ ॥**

લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદના જીવને પહેલા સમયે જઘન્ય યોગ સૌથી થોડો હોય છે. ત્યાર પછી અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય, અપર્યાપ્ત બેઈન્દ્રિય, અપર્યાપ્ત તેઈન્દ્રિય, અપર્યાપ્ત ચઉરિન્દ્રિય, અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય યોગ ક્રમશઃ અસંખ્યગુણ છે. (૧૪)

**आइदुगुक्कोसो सिं, पज्जत्तजहन्नगेयरे य कमा ।**
**उक्कोसजहन्नियरो, असमत्तियरे असंखगुणो ॥ १५ ॥**

પહેલા બે (અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય, અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય)નો ઉત્કૃષ્ટ યોગ, પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય અને પર્યાપ્ત

બાદર એકેન્દ્રિયનો જઘન્ય યોગ અને ઉત્કૃષ્ટ યોગ, અપર્યાપ્ત બેઈન્દ્રિય - અપર્યાપ્ત તેઈન્દ્રિય - અપર્યાપ્ત ચઉરિન્દ્રિય - અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય - અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ, પર્યાપ્ત બેઈન્દ્રિય - પર્યાપ્ત તેઈન્દ્રિય - પર્યાપ્ત ચઉરિન્દ્રિય - પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્યયોગ અને ઉત્કૃષ્ટયોગ ક્રમશઃ અસંખ્યગુણ છે. (૧૫)

**अमणाणुत्तरगेविज्ज-भोगभूमिगयतइयतणुगेसु ।**
**कमसो असंखगुणिओ, सेसेसु य जोग उक्कोसो ॥ १६ ॥**

પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ યોગ કરતા અનુત્તરોપપાતિક દેવો, ગ્રૈવેયક દેવો, યુગલિક તિર્યંચો-મનુષ્યો, આહારકશરીરી અને શેષ દેવો-નારકો-તિર્યંચો-મનુષ્યોનો ઉત્કૃષ્ટ યોગ ક્રમશઃ અસંખ્યગુણ છે. (૧૬)

**जोगेहिं तयणुरूवं, परिणमइ गिण्हिऊण पंचतणू ।**
**पाउग्गे चालंबइ, भासाणुमणत्तणे खंधे ॥ १७ ॥**

યોગો વડે યોગોને અનુરૂપ પુદ્‌ગલસ્કંધોને ગ્રહણ કરીને ઔદારિક વગેરે પાંચ શરીરરૂપે પરિણમાવે છે અને ભાષા-શ્વાસોચ્છ્‌વાસ-મનને પ્રાયોગ્ય પુદ્‌ગલસ્કંધોને ગ્રહણ કરી પરિણમાવીને અવલંબે છે. (૧૭)

**परमाणुसंखऽसंखाऽ-णंतपएसा अभव्वणंतगुणा ।**
**सिद्धाणणंतभागो, आहारगवग्गणा तितणू ॥ १८ ॥**

**अग्गहणंतरियाओ, तेयगभासामणे य कम्मे य ।**
**धुवअधुवअच्चित्ता, सुन्नाचउअंतरेसुप्पिं ॥ १९ ॥**

**पत्तेगतणुसु बायर-सुहुमनिगोए तहा महाखंधे ।**
**गुणनिप्फन्नसनामा, असंखभागंगुलवगाहो ॥ २० ॥**

એક એક પરમાણુનો સમુદાય, સંખ્યાતા પ્રદેશવાળા સ્કંધોનો સમુદાય, અસંખ્ય પ્રદેશવાળા સ્કંધોનો સમુદાય અને અનંત પ્રદેશવાળા સ્કંધોનો સમુદાય તે વર્ગણાઓ છે. અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા પ્રદેશોના સમુદાયરૂપ વર્ગણાઓ ઔદારિક શરીર-વૈક્રિય શરીર-આહારક શરીર એ ત્રણ શરીરોની ગ્રહણયોગ્ય વર્ગણાઓ છે. તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણની ગ્રહણયોગ્ય વર્ગણાઓ અગ્રહણયોગ્ય વર્ગણાઓથી અંતરિત છે. ત્યાર પછી ધ્રુવાચિત્ત વર્ગણા, અધ્રુવાચિત્તવર્ગણા અને ચાર ધ્રુવ શૂન્યવર્ગણાઓ છે. ચાર ધ્રુવશૂન્યવર્ગણાઓના આંતરામાં અને ઉપર પ્રત્યેકશરીરી વર્ગણા, બાદરનિગોદવર્ગણા, સૂક્ષ્મનિગોદવર્ગણા અને મહાસ્કંધવર્ગણા ક્રમશઃ છે. આ વર્ગણાઓના નામ તેમના ગુણોથી બનેલા છે. આ વર્ગણાઓની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે. (૧૮, ૧૯, ૨૦)

**एगमवि गहणदव्वं, सव्वप्पणयाइ जीवदेसम्मि ।**
**सव्वप्पणया सव्वत्थ, वावि सव्वे गहणखंधे ॥ २१ ॥**

એક જીવપ્રદેશમાં રહેલા એક પણ ગ્રહણયોગ્ય દ્રવ્યને જીવ બધા આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે. સર્વ જીવપ્રદેશોમાં રહેલા બધા ગ્રહણયોગ્ય સ્કંધોને જીવ બધા આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે. (૨૧)

**नेहप्पच्चयफड्डगमेगं, अविभागवग्गणाणंता ।**
**हस्सेण बहू बद्धा, असंखलोगे दुगुणहीणा ॥ २२ ॥**

સ્નેહપ્રત્યયસ્પર્ધક એક છે. તેમાં અવિભાગોની વર્ગણાઓ અનંત છે. અલ્પ સ્નેહથી બંધાયેલા પુદ્ગલો ઘણા છે.

અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ વર્ગણાઓ ઓળંગીને પુદ્ગલો દ્વિગુણહીન (અડધા) થાય છે. (૨૨)

**नामप्पओगपच्चयगेसु वि, नेया अणंतगुणणाए ।**
**धणिया देसगुणा सिं, जहन्नजिट्ठे सगे कट्टु ॥ २३ ॥**

નામપ્રત્યયસ્પર્ધકોમાં અને પ્રયોગપ્રત્યયસ્પર્ધકોમાં પણ સ્નેહપ્રત્યયસ્પર્ધકોની જેમ અવિભાગોની વર્ગણા વગેરે જાણવું. સ્નેહપ્રત્યયસ્પર્ધક, નામપ્રત્યયસ્પર્ધક અને પ્રયોગપ્રત્યયસ્પર્ધકની દરેકની પોતાની જઘન્ય-ઉત્કૃષ્ટ વર્ગણાઓ બુદ્ધિથી જુદી કરીને તેમાં રહેલા સકલપુદ્ગલગતસ્નેહના અવિભાગો અનંતગુણાકારવડે જાણવા. (૨૩)

**मूलुत्तरपगईणं, अणुभागविसेसओ हवइ भेओ ।**
**अविसेसियरसपगई उ, पगइबंधो मुणेयव्वो ॥ २४ ॥**

મૂલપ્રકૃતિઓ અને ઉત્તરપ્રકૃતિઓનો પ્રકૃતિભેદ સ્વભાવવિશેષથી થાય છે. જેમાં રસના સ્વભાવ, સ્થિતિ વગેરેની વિવક્ષા નથી કરી એવો બંધ તે પ્રકૃતિબંધ જાણવો. (૨૪)

**जं सव्वघातिपत्तं, सगकम्मपएसणंतिमो भागो ।**
**आवरणाण चउद्धा, तिहा य अह पंचहा विग्घे ॥ २५ ॥**

સર્વઘાતીપ્રકૃતિને મળેલું જે કર્મદલિક છે તે પોતાની મૂળપ્રકૃતિના ભાગે આવેલા કર્મપ્રદેશોના અનંતમા ભાગરૂપ છે. જ્ઞાનાવરણ અને દર્શનાવરણનાં શેષ કર્મદલિકોના ક્રમશઃ ચાર અને ત્રણ ભાગ કરાય છે. અંતરાયકર્મના ભાગે આવેલ મૂળભાગના પાંચ ભાગ કરાય છે. (૨૫)

**मोहे दुहा चउद्धा य, पंचहा वा वि बज्झमाणीणं ।**
**वेयणियाउयगोएसु, बज्झमाणीण भागो सिं ॥ २६ ॥**

મોહનીયકર્મમાં અનંતમો ભાગ સર્વઘાતીપ્રકૃતિને આપ્યા પછી શેષ કર્મદલિકના બે ભાગ કરાય છે. એક ભાગના ચાર ભાગ કરી બંધાતી કષાયપ્રકૃતિઓને અપાય છે, બીજા ભાગના પાંચ ભાગ કરી બંધાતી નોકષાયપ્રકૃતિઓને અપાય છે. વેદનીયકર્મ, આયુષ્યકર્મ અને ગોત્રકર્મમાં તેમનો મૂળભાગ બંધાતી પ્રકૃતિને અપાય છે. (૨૬)

**पिंडपगईसु बज्झंतिगाण, वण्णरसगंधफासाणं ।**
**सव्वासिं संघाए, तणुम्मि य तिगे चउक्के वा ॥ २७ ॥**

નામકર્મના મૂળભાગના ભાગ કરી પિંડપ્રકૃતિમાં જે બંધાતી હોય તેમને અપાય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ભાગે આવેલા કર્મદલિકો તેમના સર્વ પેટાભેદોને અપાય છે. સંઘાતનનામકર્મ અને શરીરનામકર્મને ભાગે આવેલા કર્મદલિકોના ત્રણ કે ચાર ભાગ કરી ત્રણ કે ચાર પ્રકૃતિઓને અપાય છે. (૨૭)

**सत्तेक्कारविगप्पा, बंधणनामाण मूलपगईणं ।**
**उत्तरसगपगईण य, अप्पबहुत्ता विसेसो सिं ॥ २८ ॥**

બંધનનામકર્મના ભાગે આવેલા દલિકોના સાત કે અગીયાર ભાગ કરી સાત કે અગીયાર પ્રકૃતિઓને અપાય છે. મૂળપ્રકૃતિઓ અને પોતાની ઉત્તરપ્રકૃતિઓના ભાગોનો વિશેષ તેમના અલ્પબહુત્વમાંથી જાણવો. (૨૮)

**गहणसमयम्मि जीवो, उप्पाएई गुणे सपच्चयओ ।**
**सव्वजियाणंतगुणे, कम्मपएसेसु सव्वेसुं ॥ २९ ॥**

યોગ્ય કર્મપુદ્ગલોને ગ્રહણ કરવાના સમયે જીવ પોતાના શુભ કે અશુભ અધ્યવસાયથી બધા કર્મપ્રદેશોમાં સર્વ જીવો કરતા અનંતગુણ ગુણોને (રસના અવિભાગોને) ઉત્પન્ન કરે છે. (૨૯)

**सव्वप्पगुणा ते पढम-वग्गणा सेसिया विसेसूणा ।**
**अविभागुत्तरियाओ, सिद्धाणमणंतभागसमा ॥ ३० ॥**

સૌથી અલ્પ ગુણો(રસના અવિભાગ)વાળા કર્મપુદ્ગલો તે પહેલી વર્ગણા છે. શેષ વર્ગણાઓ કર્મપુદ્ગલોની અપેક્ષાએ વિશેષન્યૂન છે. આ વર્ગણાઓ રસના એક-એક અધિક અવિભાગવાળી છે અને સિદ્ધોના અનંતમા ભાગ જેટલી છે. (૩૦)

**फड्डगमणंतगुणियं, सव्वजिएहिं पि अंतरं एवं ।**
**सेसाणि वग्गणाणं, समाणि ठाणं पढममेत्तो ॥ ३१ ॥**

અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલી વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક છે. સર્વ જીવો કરતા અનંતગુણ રસના અવિભાગોનું અંતર છે. એમ શેષ સ્પર્ધકો અને અંતરો જાણવા. એક સ્પર્ધકની વર્ગણાઓની સમાન (અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધોના અનંતમા ભાગ જેટલા) સ્પર્ધકો તે પહેલું રસબંધાધ્યવસાયસ્થાન છે. (૩૧)

**एत्तो अंतरतुल्लं अंतर-मणंतभागुत्तरं बिइयमेवं ।**
**अंगुलअसंखभागो, अणंतभागुत्तरं कंडं ॥ ३२ ॥**

પહેલા રસબંધાધ્યવસાયસ્થાન પછી પૂર્વે કહેલા અંતરની તુલ્ય અંતર છે. ત્યાર પછી અનંતભાગઅધિક સ્પર્ધકોવાળુ બીજુ રસબંધધ્યવસાયસ્થાન છે. એમ અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશપ્રમાણ રસબંધાધ્યવસાયસ્થાનો ઉત્તરોત્તર

અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા છે. તેમનો સમુદાય તે એક કંડક છે. (૩૨)

**एक्कं असंखभागेण-णंतभागुत्तरं पुणो कंडं ।**
**एवं असंखभागुत्तराणि, जा पुव्वतुल्लाणि ॥ ३३ ॥**

ત્યાર પછી અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળું રસબંધાધ્યવસાયસ્થાન છે. ત્યાર પછી ફરી ઉત્તરોત્તર અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા એક કંડકપ્રમાણ રસબંધાધ્યવસાયસ્થાનો છે. એમ યાવત્ અસંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનો પૂર્વે કહેલ કંડક તુલ્ય થાય ત્યાં સુધી જાણવું. (૩૩)

**एक्कं संखेज्जुत्तरमेत्तो-ऽतीयाणऽतिच्छिया बिइयं ।**
**ताणि वि पढमसमाइं, संखेज्जगुणोत्तरं एक्कं ॥ ३४ ॥**

ત્યાર પછી એક કંડકપ્રમાણ અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનો કહીને સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ એક રસબંધાધ્યવસાયસ્થાન છે. ત્યાર પછી મૂળથી જેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગ્યા તેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગીને સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ બીજુ રસબંધાધ્યવસાયસ્થાન છે. તે પણ પહેલા કંડક જેટલા છે. ત્યાર પછી પૂર્વના ક્રમે સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળુ રસબંધાધ્યવસાયસ્થાન કહેવાનું હોય ત્યારે તેના સ્થાને સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ એક રસબંધાધ્યવસાયસ્થાન કહેવું. (૩૪)

**एत्तो तीयाणि अइच्छियाण, बिइयमवि ताणि पढमस्स ।**
**तुल्लाणऽसंखगुणियं, एक्कं तीयाणऽइक्कम्म ॥ ३५ ॥**

**बिइयं ताणि समाइं, पढमस्साणंतगुणियमेगं तो ।**
**तीयाणऽतिच्छियाणं, ताणि वि पढमस्स तुल्लाणि ॥ ३६ ॥**

ત્યાર પછી મૂળથી જેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગ્યા તેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગીને સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળું બીજું રસબંધાધ્યવસાયસ્થાન છે. તે પણ અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનોના કંડકની તુલ્ય છે. ત્યાર પછી પૂર્વક્રમે સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ રસબંધાધ્યવસાયસ્થાન કહેવાનું હોય ત્યારે તેના સ્થાને અસંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ એક રસબંધાધ્યવસાયસ્થાન છે. ત્યાર પછી મૂળથી જેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગ્યા તેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગીને અસંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ બીજું રસબંધાધ્યવસાયસ્થાન છે. તે પણ અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનોના કંડકની તુલ્ય છે. ત્યાર પછી પૂર્વક્રમે અસંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળુ રસબંધાધ્યવસાયસ્થાન કહેવાનું હોય ત્યારે તેના સ્થાને અનંતગુણઅધિક સ્પર્ધકોવાળુ એક રસબંધાધ્યવસાયસ્થાન છે. ત્યાર પછી મૂળથી જેટલા રસ-બંધાધ્યવસાયસ્થાનો ઓળંગ્યા તેટલા રસબંધાધ્યવસાયસ્થાનો ઓળંગીને અનંતગુણઅધિક સ્પર્ધકોવાળુ બીજુ રસબંધાધ્યવસાય-સ્થાન છે. તે પણ અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાય-સ્થાનોના કંડકની તુલ્ય છે. ત્યાર પછી પૂર્વક્રમે અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાન સિવાયના બધા રસ-બંધાધ્યવસાયસ્થાનો છે. આ પહેલુ ષટ્સ્થાનક છે. (૩૫,૩૬)

**सव्वजियाणमसंखेज्ज-लोगसंखेज्जगस्स जेट्ठस्स ।**
**भागो तिसु गुणणा, तिसु छट्ठाणमसंखिया लोगा ॥ ३७ ॥**

પહેલી ત્રણ વૃદ્ધિઓમાં અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ અને સંખ્યાતમો ભાગ અને પછીની ત્રણ વૃદ્ધિઓમાં અનંત,

અસંખ્ય અને સંખ્યાતરૂપ ગુણાકાર ક્રમશઃ સર્વજીવોનો, અસંખ્ય લોકાકાશપ્રદેશોનો અને ઉત્કૃષ્ટ સંખ્યાતનો છે. ષટ્સ્થાનકો અસંખ્ય-લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. (૩૭)

**वुड्ढीहाणीछक्कं, तम्हा दोण्हं पि अंतिमिल्लाणं ।**
**अंतोमुहुत्तमावलि-असंखभागो य सेसाणं ॥ ३८ ॥**

રસબંધાધ્યવસાયસ્થાનની વૃદ્ધિ-હાનિ છ પ્રકારની છે (-અનંતભાગ વૃદ્ધિ-હાનિ,અસંખ્યાતભાગ વૃદ્ધિ-હાનિ, સંખ્યાત-ભાગ વૃદ્ધિ-હાનિ, સંખ્યાતગુણ વૃદ્ધિ-હાનિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ-હાનિ, અનંતગુણ વૃદ્ધિ-હાનિ). તેમાંથી છેલ્લી બે વૃદ્ધિ-હાનિનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત છે અને શેષ વૃદ્ધિ-હાનિનો ઉત્કૃષ્ટ કાળ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે. (૩૮)

**चउराई जावट्ठगमेत्तो, जावं दुगं ति समयाणं ।**
**ठाणाणं उक्कोसो, जहण्णओ सव्वहिं समओ ॥ ३९ ॥**

રસબંધાધ્યવસાયસ્થાનો ઉપર જીવોને અવસ્થિત રહેવાના ઉત્કૃષ્ટ કાળના સમયોની ચારથી માંડીને આઠ સુધી વૃદ્ધિ થાય છે અને ત્યાંથી બે સુધી હાનિ થાય છે. બધા રસબંધાધ્યવસાયસ્થાનો ઉપર જીવોને અવસ્થિત રહેવાનો જઘન્ય કાળ ૧ સમય છે. (૩૯)

**दुसु जवमज्झं थोवाणि, अट्ठसमयाणि दोसु पासेसु ।**
**समऊणियाणि कमसो, असंखगुणियाणि उप्पिं च ॥ ४०॥**

યવમધ્ય રસબંધાધ્યવસાયસ્થાનો (૮ સમયવાળા રસ-બંધાધ્યવસાયસ્થાનો) અનંતગુણવૃદ્ધિમાં અને અનંતગુણહાનિમાં મળે છે. ૮ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાનો સૌથી થોડા છે. બન્ને બાજુ ૧-૧ સમય ન્યૂન કાળવાળા રસબંધાધ્યવસાયસ્થાનો અને

ઉપરના (૩ સમયવાળા અને ૨ સમયવાળા) રસબંધાધ્યવસાયસ્થાનો ક્રમશઃ અસંખ્યગુણ છે. (૪૦)

**सुहुमगणिपवेसणया, अगणिक्काया य तेसिं कायठिई ।**
**कमसो असंखगुणिया य-ऽज्झवसाणाणि अणुभागे ॥४१॥**

એક સમયમાં સૂક્ષ્મ અગ્નિકાયમાં પ્રવેશનારા જીવો થોડા છે, તેના કરતા અગ્નિકાયમાં રહેલા જીવો, તેમની કાયસ્થિતિ અને રસબંધાધ્યવસાયસ્થાનો ક્રમશઃ અસંખ્યગુણ છે. (૪૧)

**कडजुम्मा अविभागा, ठाणाइं कंडगाणि चऽणुभागे ।**
**पज्जवसाणमणंत-गुणाओ उप्पिं णऽणंतगुणं ॥ ४२ ॥**

રસના અવિભાગો, રસબંધાધ્યવસાયસ્થાનો અને કંડક કૃતયુગ્મસંખ્યાવાળા છે. અનંતગુણ અધિક સ્પર્ધકોવાળા છેલ્લા રસબંધાધ્યવસાયસ્થાન પછી બધા રસબંધાધ્યવસાયસ્થાન જઈને અનંતગુણ અધિક સ્પર્ધકોવાળુ રસબંધાધ્યવસાયસ્થાન ન આવે. તેથી તે છેલ્લુ સ્થાન તે ષટ્સ્થાનકનું પર્યવસાન છે. (૪૨)

**अप्पबहुमणंतरओ, असंखगुणियाणणंतगुणमादि ।**
**तव्विवरीयमियरओ, संखेज्जक्खेसु संखगुणं ॥ ४३ ॥**

અનંતરોપનિધાથી અલ્પબહુત્વ આ પ્રમાણે છે - અનંતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનોથી શરૂ કરીને શેષ ૫ વૃદ્ધિવાળા રસબંધાધ્યવસાયસ્થાનો ક્રમશઃ અસંખ્યગુણ છે. પરંપરોપનિધાથી અલ્પબહુત્વ આનાથી વિપરીત છે, એટલે કે અનંતભાગઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનોથી શરૂ કરીને પછી પછીની વૃદ્ધિવાળા રસબંધાધ્યવસાયસ્થાનો ક્રમશઃ અસંખ્યગુણ છે, પણ સંખ્યાતભાગઅધિક સ્પર્ધકોવાળા રસ-

બંધાધ્યવસાયસ્થાનો અને સંખ્યાતગુણઅધિક સ્પર્ધકોવાળા રસબંધાધ્યવસાયસ્થાનો સંખ્યાતગુણ છે. (૪૩)

**थावरजीवाणंता, एक्केक्के तसजिया असंखेज्जा ।**
**लोगा सिमसंखेज्जा, अंतरमह थावरे णत्थि ॥ ४४ ॥**

સ્થાવર જીવોને પ્રાયોગ્ય દરેક રસબંધાધ્યવસાયસ્થાન ઉપર અનંતા સ્થાવર જીવો છે. ત્રસ જીવોને પ્રાયોગ્ય દરેક રસબંધાધ્યવસાયસ્થાન ઉપર ઉત્કૃષ્ટથી અસંખ્ય ત્રસ જીવો છે. ત્રસ જીવોને પ્રાયોગ્ય રસબંધાધ્યવસાયસ્થાનોમાં ઉત્કૃષ્ટથી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધાધ્યવસાયસ્થાનોનું અંતર છે. સ્થાવર જીવોને પ્રાયોગ્ય રસબંધાધ્યવસાયસ્થાનોમાં અંતર નથી. (૪૪)

**आवलिअसंखभागो, तसा निरंतरमहेगठाणंमि ।**
**नाणा जीवा एवइकालं, एगिंदिया निच्चं ॥ ४५ ॥**

ત્રસ જીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ રસબંધાધ્યવસાયસ્થાનો નિરંતર બાંધે છે. ત્રસ જીવોને પ્રાયોગ્ય દરેક રસબંધાધ્યવસાયસ્થાનને ત્રસજીવો ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી બાંધે છે. સ્થાવર જીવોને પ્રાયોગ્ય દરેક રસબંધાધ્યવસાયસ્થાનને એકેન્દ્રિય જીવો હંમેશા બાંધે છે. (૪૫)

**थोवा जहन्नठाणे जा, जवमज्झं विसेसओ अहिया ।**
**एत्तो हीणा उक्कोसगंति, जीवा अणंतरओ ॥ ४६ ॥**

અનંતરોપનિધાથી જઘન્ય રસબંધાધ્યવસાયસ્થાનને બાંધનારા જીવો થોડા છે, ત્યાર પછી યવમધ્ય સુધીના રસબંધાધ્યવસાયસ્થાનોને બાંધનારા જીવો વિશેષાધિક છે, ત્યાર પછી ઉત્કૃષ્ટ

રસબંધાધ્યવસાયસ્થાન સુધીના રસબંધાધ્યવસાયસ્થાનોને બાંધનારા જીવો વિશેષહીન છે. (૪૬)

**गंतूणमसंखिज्जे लोगे, दुगुणाणि जाव जवमज्झं ।**
**एत्तो य दुगुणहीणा, एवं उक्कोसगं जाव ॥ ४७ ॥**

યવમધ્ય સુધી અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધાધ્યવસાયસ્થાનો જઈને પછીના રસબંધાધ્યવસાયસ્થાનને બાંધનારા જીવો બમણા છે. યવમધ્ય પછી એટલા રસબંધાધ્યવસાયસ્થાનો જઈને પછીના રસબંધાધ્યવસાયસ્થાનને બાંધનારા જીવો અડધા છે. એમ ઉત્કૃષ્ટ રસબંધાધ્યવસાયસ્થાન સુધી જાણવું. (૪૭)

**नाणंतराणि आवलिय-असंखभागो तसेसु इयरेसु ।**
**एगंतरा असंखिय-गुणाइ नाणंतराइं तु ॥ ४८ ॥**

ત્રસજીવોને પ્રાયોગ્ય રસબંધાધ્યવસાયસ્થાનોની બે દ્વિગુણવૃદ્ધિ કે બે દ્વિગુણહાનિના અંતરમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ છે. સ્થાવર જીવોને પ્રાયોગ્ય દ્વિગુણવૃદ્ધ કે દ્વિગુણહીન રસબંધાધ્યવસાયસ્થાનોના નાના અંતરો ત્રસ જીવોની બે દ્વિગુણવૃદ્ધિ કે બે દ્વિગુણહાનિના એક અંતરમાં રહેલા રસબંધાધ્યવસાયસ્થાનો કરતા અસંખ્યગુણ છે. (૪૮)

**फासणकालोऽतीए, थोवो उक्कोसगे जहन्ने उ ।**
**होइ असंखेज्जगुणो य, कंडगे तत्तिओ चेव ॥ ४९ ॥**

**जवमज्झकंडगोवरि, हेट्ठा जवमज्झओ असंखगुणो ।**
**कमसो जवमज्झुवरिं, कंडगहेट्ठा य तावइओ ॥ ५० ॥**

**जवमज्झुवरि विसेसो, कंडगहेट्ठा य सव्वहिं चेव ।**
**जीवप्पाबहुमेवं, अज्झवसाणेसु जाणेज्जा ॥ ५१ ॥**

ભૂતકાળમાં એક જીવને ઉત્કૃષ્ટ (૨ સમયવાળા) રસબંધાધ્યવસાયસ્થાનોનો સ્પર્શનાકાળ અલ્પ છે. જઘન્ય (શરૂઆતના ૪ સમયવાળા) રસબંધાધ્યવસાયસ્થાનોનો સ્પર્શનાકાળ અસંખ્યગુણ છે. કંડક (ઉપરના ૪ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાનો)નો સ્પર્શનાકાળ તેટલો જ છે. યવમધ્ય (૮ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાનો)નો સ્પર્શનાકાળ, કંડકની ઉપરના (૩ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાનોનો) સ્પર્શનાકાળ, યવમધ્યની નીચેના (૫ સમયવાળા, ૬ સમયવાળા, ૭ સમયવાળા) રસબંધાધ્યવસાયસ્થાનોનો સ્પર્શનાકાળ ક્રમશઃ અસંખ્યગુણ છે. યવમધ્યની ઉપરના અને કંડકની નીચેના (૫ સમયવાળા, ૬ સમયવાળા, ૭ સમયવાળા) રસબંધાધ્યવસાયસ્થાનોનો સ્પર્શનાકાળ તેટલો જ છે. યવમધ્યની ઉપરના (૭ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાનથી ૨ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાન સુધીના) રસબંધાધ્યવસાયસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ, કંડકની નીચેના (ઉપરના ૫ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાનથી નીચેના ૪ સમયવાળા રસબંધાધ્યવસાયસ્થાન સુધીના) રસબંધાધ્યવસાયસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ અને સર્વ રસબંધાધ્યવસાયસ્થાનોનો સમુદિત સ્પર્શનાકાળ ક્રમશઃ વિશેષાધિક છે. રસબંધાધ્યવસાયસ્થાનોને બાંધનારા જીવોનું અલ્પબહુત્વ પણ આ પ્રમાણે જાણવું. (૪૯, ૫૦, ૫૧)

**एक्केक्कम्मि कसायोदयम्मि, लोगा असंखिया होंति ।**
**ठिइबंधट्ठाणेसु वि, अज्झवसाणाण ठाणाणि ॥ ५२ ॥**

દરેક કષાયોદયસ્થાનમાં અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ રસબંધાધ્યવસાયસ્થાનો છે. દરેક સ્થિતિબંધસ્થાનમાં પણ અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ કષાયોદયસ્થાનો છે. (૫૨)

**थोवाणि कसाउदये, अज्झवसाणाणि सव्वडहरम्मि ।**
**बिइयाइ विसेसहियाणि, जाव उक्कोसगं ठाणं ॥ ५३ ॥**

સર્વજઘન્ય કષાયોદયસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો અલ્પ છે. બીજા વગેરે ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાન સુધીના કષાયોદયસ્થાનોમાં વિશેષાધિક રસબંધાધ્યવસાયસ્થાનો છે. (૫૩)

**गंतूणमसंखेज्जे लोगे, दुगुणाणि जाव उक्कोसं ।**
**आवलिअसंखभागो, नाणागुणवुड्ढिठाणाणि ॥ ५४ ॥**

ઉત્કૃષ્ટ કષાયોદયસ્થાન સુધી અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ કષાયોદયસ્થાનો જઈને બમણા રસબંધાધ્યવસાયસ્થાનો છે. નાનાદ્વિગુણવૃદ્ધિસ્થાનો આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ છે. (૫૪)

**सव्वासुभपगईणं, सुभपगईणं विवज्जयं जाण ।**
**ठिइबंधट्ठाणेसु वि आउगवज्जाण पगडीणं ॥ ५५ ॥**

ઉપર કહી તે કષાયોદયસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની વૃદ્ધિ બધી અશુભપ્રકૃતિઓની જાણવી. શુભપ્રકૃતિઓમાં આનાથી વિપરિત જાણવું. આયુષ્ય સિવાયની પ્રકૃતિઓની સ્થિતિબંધસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનંતર વૃદ્ધિ પણ આ પ્રમાણે જાણવી. (૫૫)

**पल्लासंखियभागं, गंतुं दुगुणाणि आउगाणं तु ।**
**थोवाणि पढमबंधे, बिइयाइ असंखगुणियाणि ॥ ५६ ॥**

પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ સ્થિતિબંધસ્થાનો જઈને પછીના સ્થિતિબંધસ્થાનમાં બમણા રસબંધાધ્યવસાયસ્થાનો છે. આયુષ્યમાં પહેલા સ્થિતિબંધસ્થાનમાં રસબંધાધ્યવસાયસ્થાનો અલ્પ છે, બીજા વગેરે સ્થિતિબંધસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનો અસંખ્યગુણ છે. (૫૬)

**घाईणमसुभवण्णरस-गंधफासे जहन्नठिइबंधे ।**
**जाणज्झवसाणाइं, तदेगदेसो य अन्नाणि ॥ ५७ ॥**

**पल्लासंखियभागो जावं, बिइयस्स होइ बिइयम्मि ।**
**आ उक्कस्सा एवं, उवघाए वा वि अणुकड्डि ॥ ५८ ॥**

ઘાતી પ્રકૃતિઓ અને અશુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શમાં જઘન્ય સ્થિતિબંધસ્થાનમાં જે રસબંધાધ્યવસાયસ્થાનો છે તેના એક ભાગના રસબંધાધ્યવસાયસ્થાનો અને બીજા રસબંધાધ્યવસાયસ્થાનો બીજા સ્થિતિબંધસ્થાનમાં છે. આમ પહેલા સ્થિતિબંધસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ સ્થિતિબંધસ્થાનો સુધી થાય છે. બીજા સ્થિતિબંધસ્થાનના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ સ્થિતિબંધસ્થાનોની ઉપરના બીજા સ્થિતિબંધસ્થાન સુધી થાય છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાન સુધી રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. આ પ્રમાણે ઉપઘાતમાં પણ રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. (૫૭, ૫૮)

**पराघाउज्जोउस्सासायव-धुवनामतणुउवंगाणं ।**
**पडिलोमं सायस्स उ, उक्कोसे जाणि समऊणे ॥ ५९ ॥**

**ताणि य अन्नाणेवं, ठिइबंधो जा जहन्नगमसाए ।**
**हेट्ठुज्जोयसमेवं, परित्तमाणीण उ सुभाणं ॥ ६० ॥**

પરાઘાત, ઉદ્યોત, ઉચ્છ્વાસ, આતપ, નામની ધ્રુવબંધી પ્રકૃતિઓ, શરીર નામકર્મ, (સંઘાતન નામકર્મ, બંધન નામકર્મ), અંગોપાંગ નામકર્મમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ વિપરીત રીતે છે. સાતાવેદનીયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાનમાં જેટલા રસબંધાધ્યવસાયસ્થાનો છે સમય ન્યૂન સ્થિતિબંધસ્થાનમાં તેટલા અને બીજા રસબંધાધ્યવસાયસ્થાનો છે. એમ અસાતાના જઘન્ય સ્થિતિબંધસ્થાન સુધી જાણવું. તેની નીચે રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ ઉદ્યોતની જેમ જાણવી. આ પ્રમાણે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. (૫૯, ૬૦)

**जाणि असायजहन्ने, उदहिपुहुत्तं ति ताणि अन्नाणि ।**
**आवरणसमुप्पेवं, परित्तमाणीणमसुभाणं ॥ ६१ ॥**

અસાતાના જઘન્ય સ્થિતિબંધસ્થાનમાં જે રસબંધાધ્યવસાયસ્થાનો છે સાગરોપમશતપૃથક્ત્વ સુધીના સ્થિતિબંધસ્થાનોમાં તે રસબંધાધ્યવસાયસ્થાનો અને અન્ય રસબંધાધ્યવસાયસ્થાનો છે. તેની ઉપરના સ્થિતિબંધસ્થાનોમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ આવરણ (જ્ઞાનાવરણ-દર્શનાવરણ)ની જેમ જાણવી. આ પ્રમાણે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ જાણવી. (૬૧)

**से काले सम्मत्तं, पडिवज्जंतस्स सत्तमखिईए ।**
**जो ठिइबंधो हस्सो, इत्तो आवरणतुल्लो उ ॥ ६२ ॥**

**जा अभवियपाउग्गा, उप्पिमसायसमया उ आ जेट्ठा ।**
**एसा तिरियगतिदुगे, नीयागोए य अणुकड्ढी ॥ ६३ ॥**

પછીના સમયે સમ્યક્ત્વ પામનારા સાતમી નારકીના જીવના જઘન્ય સ્થિતિબંધસ્થાનથી અભવ્યપ્રાયોગ્ય જઘન્ય સ્થિતિબંધસ્થાન સુધી રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ આવરણની સમાન સમજવી. તેની ઉપર ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાન સુધી રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ અસાતાની સમાન સમજવી. આ તિર્યંચગતિ ૨ અને નીચગોત્રમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ છે. (૬૨, ૬૩)

**तसबायरपज्जत्तग-पत्तेगाण परघायतुल्लाओ ।**
**जाव अट्ठारसकोडाकोडी, हेट्ठा य साएणं ॥ ६४ ॥**

ત્રસ નામકર્મ, બાદર નામકર્મ, પર્યાપ્ત નામકર્મ અને પ્રત્યેક નામકર્મમાં રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ ઉપરના સ્થિતિબંધસ્થાનથી ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી પરાઘાતની સમાન છે, તેની નીચે સાતાની સમાન છે. (૬૪)

**तणुतुल्ला तित्थयरे, अणुकड्ढी तिव्वमंदया एत्तो ।**
**सव्वपगईण नेया, जहन्नयाई अणंतगुणा ॥ ६५ ॥**

તીર્થંકરનામકર્મના રસબંધાધ્યવસાયસ્થાનોની અનુકૃષ્ટિ શરીરનામકર્મની સમાન છે. હવે રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા કહેવાની છે. બધી પ્રકૃતિઓમાં રસબંધાધ્યવસાયસ્થાનોની તીવ્રતા-મંદતા જઘન્ય રસબંધાધ્યવસાયસ્થાનથી માંડીને ઉત્કૃષ્ટ રસબંધાધ્યવસાયસ્થાન સુધી ઉત્તરોત્તર અનંતગુણ છે. (૬૫)

**निव्वत्तणा उ एक्किक्कस्से, हेट्ठोवरिं तु जेट्ठियरो ।**
**चरमठिईणुक्कोसो, परित्तमाणीण उ विसेसो ॥ ६६ ॥**

નિવર્તનકંડકના ચરમસ્થિતિબંધસ્થાનના જઘન્ય રસ કરતા પ્રથમ સ્થિતિબંધસ્થાનમાં ઉત્કૃષ્ટ રસ અનંતગુણ છે. ત્યાર પછી નીચેના અને ઉપરના એક એક સ્થિતિબંધસ્થાનનો અનુક્રમે ઉત્કૃષ્ટ રસ અને જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ છે. એક કંડક પ્રમાણ છેલ્લા સ્થિતિબંધસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ નિરંતર અનંતગુણ છે. પરાવર્તમાન પ્રકૃતિઓની તીવ્રતા-મંદતામાં ભેદ છે. (૬૬)

**ताणन्नाणि त्ति परं, असंखभागाहि कंडगेक्काणं ।**
**उक्कोसियरे नेया, जा तक्कंडकोवरि समत्ती ॥ ६७ ॥**

તાનિ અન્યાનિ ચ અનુકૃષ્ટિવાળા સ્થિતિબંધસ્થાનો પછી નિવર્તનકંડકના અસંખ્ય બહુભાગ પ્રમાણ સ્થિતિબંધસ્થાનોનો જઘન્ય રસ અનંતગુણ છે. ત્યાર પછી નીચેના ૧-૧ કંડક પ્રમાણ સ્થિતિબંધસ્થાનો અને ઉપરના એક-એક સ્થિતિબંધસ્થાનનો અનુક્રમે ઉત્કૃષ્ટ રસ અને જઘન્ય રસ ક્રમશઃ અનંતગુણ છે. ત્યાર પછી જઘન્ય રસવાળા સ્થિતિસ્થાનોના કંડકની ઉપરના સ્થિતિસ્થાનોના જઘન્ય-રસની સમાપ્તિ થાય ત્યાં સુધી નીચેના ૧-૧ સ્થિતિબંધસ્થાનનો ઉત્કૃષ્ટ રસ અને ઉપરના ૧-૧ સ્થિતિબંધસ્થાનનો જઘન્ય રસ ઉત્તરોત્તર અનંતગુણ છે. (ત્યાર પછી ઉપરના કંડક પ્રમાણ સ્થિતિબંધસ્થાનોનો ઉત્કૃષ્ટ રસ નિરંતર અનંતગુણ છે.) (૬૭)

**ठिइबंधट्ठाणाइं, सुहुमअपज्जत्तगस्स थोवाइं ।**
**बायरसुहुमेयरबिति-चउरिंदियअमणसन्नीणं ॥ ६८ ॥**

**संखेज्जगुणाणि कमा, असमत्तियरे य बिंदियाइम्मि ।**
**नवरमसंखेज्जगुणाणि, संकिलेसा य सव्वत्थ ॥ ६९ ॥**

અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયના સ્થિતિબંધસ્થાનો અલ્પ છે. અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય, પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય, પર્યાપ્ત બાદર એકેન્દ્રિય, અપર્યાપ્ત બેઈન્દ્રિય, અપર્યાપ્ત તેઈન્દ્રિય, અપર્યાપ્ત ચઉરિન્દ્રિય, અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત બેઈન્દ્રિય, પર્યાપ્ત તેઈન્દ્રિય, પર્યાપ્ત ચઉરિન્દ્રિય, પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયના સ્થિતિબંધસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણ છે, પણ અપર્યાપ્ત બેઈન્દ્રિયના સ્થિતિબંધસ્થાનો અસંખ્યગુણ છે. સંક્લેશસ્થાનો સર્વત્ર અસંખ્યગુણ છે. (૬૮, ૬૯)

**एमेव विसोहीओ य, विग्घावरणेसु कोडिकोडीओ ।**
**उदही तीसमसाते च-ऽद्धं थीमणुयदुगसाए ॥ ७० ॥**

વિશુદ્ધિસ્થાનો એ જ પ્રમાણે (સંક્લેશસ્થાનોની જેમ) છે. અંતરાય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અસાતામાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. સ્ત્રીવેદ, મનુષ્ય ૨, સાતામાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તેનાથી અડધો (૧૫ કોડાકોડી સાગરોપમ) છે. (૭૦)

**तिविहे मोहे सत्तरि, चत्तालीसा य वीसई य कमा ।**
**दस पुरिसे हासरई-देवदुगे खगइचेट्ठाए ॥ ७१ ॥**

ત્રણ પ્રકારના મોહનીયકર્મમાં (દર્શનમોહનીય, કષાય-મોહનીય, નોકષાયમોહનીયમાં) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ ૭૦ કોડાકોડી સાગરોપમ, ૪૦ કોડાકોડી સાગરોપમ અને ૨૦ કોડાકોડી સાગરોપમ છે. પુરુષવેદ, હાસ્ય, રતિ, દેવ ૨, સુખગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૧૦ કોડાકોડી સાગરોપમ છે. (૭૧)

**थिरसुभपंचगउच्चे, चेवं संठाणसंघयणमूले ।**
**तब्बीयाइ बिवुड्डी, अट्ठारस सुहुमविगलतिगे ॥ ७२ ॥**

સ્થિર, શુભ ૫, ઉચ્ચગોત્ર, મૂળ સંસ્થાન (સમચતુરસ્ર સંસ્થાન) અને મૂળ સંઘયણ (વજ્રઋષભનારાચ સંઘયણ)માં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ આ જ પ્રમાણે (૧૦ કોડાકોડી સાગરોપમ) છે. બીજા વગેરે સંસ્થાન અને સંઘયણમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં ૨ કોડાકોડી સાગરોપમની વૃદ્ધિ છે. સૂક્ષ્મ ૩, વિકલેન્દ્રિય ૩ માં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૧૮ કોડાકોડી સાગરોપમ છે. (૭૨)

**तित्थगराहारदुगे, अंतो वीसं सनिच्चनामाणं ।**
**तेत्तीसुदही सुरनारयाउ, सेसाउ पल्लतिगं ॥ ७३ ॥**

જિનનામકર્મ અને આહારક ૨નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ છે. નીચગોત્ર અને નામકર્મની શેષ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૨૦ કોડાકોડી સાગરોપમ છે. દેવાયુષ્ય અને નરકાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩૩ સાગરોપમ છે. શેષ ૨ આયુષ્યોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૩ પલ્યોપમ છે. (૭૩)

**आउचउक्कुक्कोसो, पल्लासंखेज्जभागममणेसुं ।**
**सेसाण पुव्वकोडी, साउतिभागो अबाहा सिं ॥ ७४ ॥**

અસંજ્ઞી પંચેન્દ્રિયને ચારે આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પલ્યોપમ/અસંખ્ય છે, શેષ જીવોને પરભવના આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પૂર્વક્રોડવર્ષ છે. તેમને પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ અબાધા છે. (૭૪)

**वाससहस्समबाहा, कोडाकोडीदसगस्स सेसाणं ।**
**अणुवाओ अणुवट्टण-गाउसु छम्मासिगुक्कोसो ॥ ७५ ॥**

૧૦ કોડાકોડી સાગરોપમના ઉત્કૃષ્ટ સ્થિતિબંધવાળી પ્રકૃતિઓની અબાધા ૧,૦૦૦ વર્ષ છે. શેષ પ્રકૃતિઓની અબાધા માટે ત્રિરાશિ કરવી. અનપર્વતનીયાયુષ્યવાળા જીવોને આયુષ્યની ઉત્કૃષ્ટ અબાધા ૬ માસ છે. (૭૫)

**भिन्नमुहुत्तं आवरणविग्घ-दंसणचउक्कलोभंते ।**
**बारससायमुहुत्ता, अट्ठ य जसकित्तिउच्चेसु ॥ ७६ ॥**

જ્ઞાનાવરણ ૫, અંતરાય ૫, દર્શનાવરણ ૪, સંજ્વલન-લોભનો જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત છે. સાતાનો જઘન્ય સ્થિતિબંધ ૧૨ મુહૂર્ત છે. યશ અને ઉચ્ચગોત્રનો જઘન્ય સ્થિતિબંધ ૮ મુહૂર્ત છે. (૭૬)

**दो मासा अद्धद्धं, संजलणे पुरिस अट्ठवासाणि ।**
**भिन्नमुहुत्तमबाहा, सव्वासिं सव्वहिं हस्से ॥ ७७ ॥**

સંજ્વલન ૩ નો જઘન્ય સ્થિતિબંધ ક્રમશઃ ૨ માસ, તેના અડધા (૧ માસ) અને તેના અડધા (૧૫ દિવસ) છે. પુરુષવેદનો જઘન્ય સ્થિતિબંધ ૮ વર્ષ છે. બધી પ્રકૃતિઓની જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત છે. (૭૭)

**खुड्डागभवो आउसु, उववायाउसु समा दससहस्सा**
**उक्कोसा संखेज्जगुणहीण-माहारतित्थयरे ॥ ७८ ॥**

મનુષ્યાયુષ્ય-તિર્યંચાયુષ્યનો જઘન્ય સ્થિતિબંધ ક્ષુલ્લકભવ છે. ઉપપાત આયુષ્ય (દેવાયુષ્ય-નરકાયુષ્ય)નો જઘન્ય સ્થિતિબંધ ૧૦,૦૦૦ વર્ષ છે. આહારક ૨ અને જિનનામકર્મનો જઘન્ય સ્થિતિબંધ તેમના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતા સંખ્યાતગુણહીન છે. (૭૮)

**वग्गुक्कोसठिईणं, मिच्छत्तुक्कोसगेण जं लद्धं ।**
**सेसाणं तु जहन्नो, पल्लासंखेज्जगेणूणो ॥ ७९ ॥**

વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિથી ભાગતા જે મળે તે પલ્યોપમ/અસંખ્ય ન્યૂન એ શેષ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ છે. (૭૯)

**एसेगिंदियडहरो, सव्वासिं ऊणसंजुओ जेट्ठो ।**
**पणवीसा पन्नासा, सयं सहस्सं च गुणकारो ॥ ८० ॥**

**कमसो विगलअसन्नीण, पल्लसंखेज्जभागहा इयरो ।**
**विरए देसजइदुगे, सम्मचउक्के य संखगुणो ॥ ८१ ॥**

**सन्निपज्जत्तियरे, अब्भितरओ उ कोडिकोडीए ।**
**ओघुक्कोसो सन्निस्स, होइ पज्जत्तगस्सेव ॥ ८२ ॥**

એકેન્દ્રિયને બધી પ્રકૃતિઓનો આ જઘન્ય સ્થિતિબંધ છે અને ન્યૂનથી યુક્ત જઘન્ય સ્થિતિબંધ એ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ માટે ક્રમશઃ ૨૫, ૫૦, ૧૦૦ અને ૧૦૦૦ ગુણાકાર છે. તેમના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાંથી પલ્યોપમ/સંખ્યાત ન્યૂન કરતા જઘન્ય સ્થિતિબંધ આવે. સંયતનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, દેશવિરતનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, પર્યાપ્ત અવિરત સમ્યગ્દષ્ટિનો જઘન્ય સ્થિતિબંધ, અપર્યાપ્ત અવિરત સમ્યગ્દષ્ટિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, પર્યાપ્ત અવિરત સમ્યગ્દષ્ટિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ, અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાતગુણ છે. આ બધો સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ

પ્રમાણ છે. ઓઘથી જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો તે જ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. (૮૦, ૮૧, ૮૨)

**मोत्तूण सगमबाहं, पढमाइ ठिईइ बहुतरं दव्वं ।**
**एत्तो विसेसहीणं, जावुक्कोसं ति सव्वेसिं ॥ ८३ ॥**

બધી પ્રકૃતિઓનું અબાધાને છોડીને પહેલી સ્થિતિમાં ઘણું બધુ દ્રવ્ય નાંખે. અહીંથી ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી ઉત્તરોત્તર વિશેષહીન દ્રવ્ય નાંખે. (૮૩)

**पल्लासंखियभागं, गंतुं दुगुणूणमेवमुक्कोसा ।**
**नाणंतराणि पल्लस्स, मूलभागो असंखतमो ॥ ८४ ॥**

પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિઓ જઈને દલિકો દ્વિગુણહીન થાય છે. એમ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી જાણવું. નાના દ્વિગુણહાનિસ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. (૮૪)

**मोत्तूण आउगाइं, समए समए अबाहहाणीए ।**
**पल्लासंखियभागं, कंडं कुण अप्पबहुमेसिं ॥ ८५ ॥**

**बंधाबाहाणुक्कस्सियरं, कंडकअबाहबंधाणं ।**
**ठाणाणि एक्कनाणंतराणि, अत्थेणकंडं च ॥ ८६ ॥**

આયુષ્ય સિવાયના કર્મોમાં અબાધાની ૧-૧ સમય હાનિ થવા પર ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી પલ્યોપમ/અસંખ્ય પ્રમાણ કંડકની હાનિ કરવી. ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધ, ઉત્કૃષ્ટ અને જઘન્ય અબાધા, કંડકસ્થાનો, અબાધાસ્થાનો, સ્થિતિબંધસ્થાનો, દ્વિગુણહાનિનું એક અંતર, દ્વિગુણહાનિના નાના અંતર (દ્વિગુણહાનિસ્થાનો) અને

અર્થેન કંડક [ (ઉત્કૃષ્ટ સ્થિતિ – જઘન્ય સ્થિતિ) ÷ (ઉત્કૃષ્ટ અબાધા– જઘન્ય અબાધા) ] - આ પદાર્થોનું અલ્પબહુત્વ કહેવું. (૮૫, ૮૬)

**ठिइबंधे ठिइबंधे, अज्झवसाणाणसंखिया लोगा ।**
**हस्सा विसेसवुड्डी, आऊणमसंखगुणवुड्डी ॥ ८७ ॥**

દરેક સ્થિતિબંધસ્થાન ઉપર અસંખ્યલોકાકાશપ્રદેશપ્રમાણ સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો છે. જઘન્ય સ્થિતિબંધસ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાન સુધી સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનોની આયુષ્ય સિવાયના સાત કર્મોમાં વિશેષાધિક વૃદ્ધિ છે અને આયુષ્યમાં અસંખ્યગુણ વૃદ્ધિ છે. (૮૭)

**पल्लासंखियभागं, गंतुं दुगुणाणि जाव उक्कोसा ।**
**नाणंतराणि अंगुलमूल-च्छेयणमसंखतमो ॥ ८८ ॥**

ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્થાન સુધી પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમય પ્રમાણ સ્થિતિબંધસ્થાનો જઈને દ્વિગુણવૃદ્ધિસ્થાનો આવે છે. નાના દ્વિગુણવૃદ્ધિસ્થાનો અંગુલના પ્રથમ વર્ગમૂળના છેદનકોના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. (૮૮)

**ठिइदीहयाइ कमसो, असंखगुणिया अणंतगुणणाए ।**
**पढमजहण्णुक्कस्सं, बितियजहन्नाइ आचरमा ॥ ८९ ॥**

કર્મોની સ્થિતિની લંબાઈ પ્રમાણે તેમના સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો ક્રમશઃ અસંખ્યગુણ છે. પ્રથમ સ્થિતિબંધસ્થાનના જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધાધ્યવસાયસ્થાન, બીજા સ્થિતિબંધસ્થાનનું જઘન્ય સ્થિતિબંધાધ્યવસાયસ્થાન વગેરે ચરમ સ્થિતિબંધસ્થાનના ઉત્કૃષ્ટ સ્થિતિબંધાધ્યવસાયસ્થાન સુધી ઉત્તરોત્તર અનંતગુણ છે. (૮૯)

**बंधंता धुवपगडी, परित्तमाणिगसुभाण तिविहरसं ।**
**चउतिगबिट्ठाणगयं, विवरीयतिगं च असुभाणं ॥ ९०॥**

૪૭ ધ્રુવબંધી પ્રકૃતિ બાંધતા જીવો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૪ ઠાણિયો, ૩ ઠાણિયો અને ૨ ઠાણિયો એમ ત્રણ પ્રકારનો રસ બાંધે છે અને પરાવર્તમાન અશુભપ્રકૃતિઓનો વિપરીત ત્રિકવાળો (૨ ઠાણિયો, ૩ ઠાણિયો અને ૪ ઠાણિયો) રસ બાંધે છે. (૯૦)

**सव्वविसुद्धा बंधंति, मज्झिमा संकिलिट्ठतरगा य ।**
**धुवपगडिजहन्नठिइं, सव्वविसुद्धा उ बंधंति ॥ ९१ ॥**

**तिट्ठाणे अजहण्णं, बिट्ठाणे जेट्ठगं सुभाण कमा ।**
**सट्ठाणे उ जहन्नं, अजहन्नुक्कोसमियरासिं ॥ ९२ ॥**

પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો સર્વવિશુદ્ધ જીવો ૪ ઠાણિયો રસ બાંધે છે, મધ્યમપરિણામવાળા જીવો ૩ ઠાણિયો રસ બાંધે છે અને સંક્લિષ્ટપરિણામવાળા જીવો ૨ ઠાણિયો રસ બાંધે છે. સર્વવિશુદ્ધ જીવો પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધે છે અને ધ્રુવબંધી પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બાંધે છે. પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૩ ઠાણિયો રસ બાંધનારા જીવો ધ્રુવબંધી પ્રકૃતિઓની અજઘન્ય (મધ્યમ) સ્થિતિ બાંધે છે. પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો રસ બાંધનારા જીવો ધ્રુવબંધી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ૨ ઠાણિયો, ૩ ઠાણિયો, ૪ ઠાણિયો રસ બાંધનારા જીવો સ્વવિશુદ્ધિ અનુસારે ધ્રુવબંધી પ્રકૃતિઓની ક્રમશઃ જઘન્ય, અજઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. (૯૧, ૯૨)

**थोवा जहन्नियाए, होंति विसेसाहिओदहिसयाइं ।**
**जीवा विसेसहीणा, उदहिसयपुहुत्तिमो जाव ॥ ९३ ॥**

અનંતરોપનિધાથી પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા જીવો ધ્રુવબંધી પ્રકૃતિની જઘન્ય સ્થિતિમાં થોડા છે, સેંકડો સાગરોપમ સુધી ઉત્તરોત્તર સ્થિતિમાં વિશેષાધિક છે, ત્યાર પછી સેંકડો સાગરોપમ સુધી ઉત્તરોત્તર સ્થિતિમાં વિશેષહીન છે. (૯૩)

**एवं तिट्ठाणकरा, बिट्ठाणकरा य आसुभुक्कोसा ।**
**असुभाणं बिट्ठाणे, तिचउट्ठाणे य उक्कोसा ॥ ९४ ॥**

એ પ્રમાણે પરાવર્તમાન શુભપ્રકૃતિઓના ૩ ઠાણિયા અને ૨ ઠાણિયા રસ બાંધનારા જીવો પરાવર્તમાન શુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી પ્રત્યેક સ્થિતિએ વિશેષાધિક અને વિશેષહીન જાણવા, અને પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા, ૩ ઠાણિયા અને ૪ ઠાણિયા રસ બાંધનારા જીવો પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી પ્રત્યેક સ્થિતિએ વિશેષાધિક અને વિશેષહીન જાણવા. (૯૪)

**पल्लासंखियमूलानि, गंतुं दुगुणा य दुगुणहीणा य ।**
**नाणंतराणि पल्लस्स, मूलभागो असंखतमो ॥ ९५ ॥**

પરંપરોપનિધાથી પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો ૪ ઠાણિયો રસ બાંધનારા જીવો ધ્રુવબંધી પ્રકૃતિની પલ્યોપમના અસંખ્ય વર્ગમૂળોના સમય પ્રમાણ સ્થિતિઓ જઈને દ્વિગુણવૃદ્ધ અને દ્વિગુણહીન છે. નાના દ્વિગુણવૃદ્ધિ-દ્વિગુણહાનિ સ્થાનો પલ્યોપમના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં રહેલા સમયો પ્રમાણ છે. (૯૫)

**अणागारप्पाउग्गा, बिट्ठाणगया उ दुविहपगडीणं ।**
**सागारा सव्वत्थ वि, हिट्ठा थोवाणि जवमज्झा ॥ ९६ ॥**

**ठाणाणि चउट्ठाणा, संखेज्जगुणाणि उवरिमेमेव ।**
**तिट्ठाणे बिट्ठाणे, सुभाणमेगंतमीसाणि ॥ ९७ ॥**

**उवरिं मिस्साणि जहन्नगो, सुभाणं तओ विसेसहिओ ।
होइ असुभाण जहण्णो, संखेज्जगुणाणि ठाणाणि ॥ ९८॥**

**बिठाणे जवमज्झा, हेट्ठा एगंतमीसगाणुवरिं ।
एवं तिचउट्ठाणे, जवमज्झाओ य डायठिई ॥ ९९ ॥**

**अंतोकोडाकोडी, सुभबिट्ठाणजवमज्झओ उवरिं ।
एगंतगा विसिट्ठा, सुभजिट्ठा डायठिइजेट्ठा ॥ १०० ॥**

પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ અને અશુભ પ્રકૃતિઓનો અનાકારોપયોગપ્રાયોગ્ય રસ ૨ ઠાણિયો જ છે, સાકારોપયોગ-પ્રાયોગ્ય રસ ૨ ઠાણિયો, ૩ ઠાણિયો અને ૪ ઠાણિયો છે. પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૪ ઠાણિયા રસના યવમધ્યથી નીચેના સ્થિતિસ્થાનો થોડા છે. તેના કરતા પરાવર્તમાન શુભ-પ્રકૃતિઓના ૪ ઠાણિયા રસના યવમધ્યથી ઉપરના સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે. એ જ પ્રમાણે પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસના યવમધ્યથી નીચેના સ્થિતિસ્થાનો અને ઉપરના સ્થિતિસ્થાનો તથા ૨ ઠાણિયા રસના યવમધ્યથી નીચેના એકાંત સાકારોપયોગપ્રાયોગ્ય સ્થિતિસ્થાનો અને મિશ્ર (સાકાર-અનાકારોપયોગ પ્રાયોગ્ય) સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણ છે. તેના કરતા પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યથી ઉપરના મિશ્ર સ્થિતિસ્થાનો, પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાતગુણ છે. તેના કરતા પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક છે. તેના કરતા પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યથી નીચેના એકાંત સાકારોપયોગપ્રાયોગ્ય સ્થિતિસ્થાનો, મિશ્ર સ્થિતિસ્થાનો, યવમધ્યથી ઉપરના મિશ્ર સ્થિતિસ્થાનો અને એકાંત સાકારોપયોગપ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણ છે. એ જ પ્રમાણે પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સ્થિતિસ્થાનો અને ઉપરના સ્થિતિસ્થાનો તથા

૪ ઠાણિયા રસના યવમધ્યની નીચેના સ્થિતિસ્થાનો અને યવમધ્યથી ઉપરની ડાયસ્થિતિ ક્રમશઃ સંખ્યાતગુણ છે. તેના કરતા અંતઃકોડાકોડી સાગરોપમ અને પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા રસના યવમધ્યથી ઉપરના એકાંત સાકારોપયોગપ્રાયોગ્ય સ્થિતિસ્થાનો ક્રમશઃ સંખ્યાતગુણ છે. તેના કરતા પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, બદ્ધ ડાયસ્થિતિ અને પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ક્રમશઃ વિશેષાધિક છે. (૯૬,૯૭, ૯૮, ૯૯, ૧૦૦)

**संखेज्जगुणा जीवा, कमसो एएसु दुविहपगईणं ।**
**असुभाणं तिट्ठाणे, सव्वुवरि विसेसओ अहिया ॥ १०१ ॥**

બન્ને પ્રકારની પ્રકૃતિઓના ક્રમશઃ આ સ્થિતિસ્થાનોને બાંધનારા જીવો સંખ્યાતગુણ છે, પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૩ ઠાણિયા રસને બાંધનારા જીવો સૌથી ઉપર છે અને વિશેષાધિક છે. (પરાવર્તમાન શુભ પ્રકૃતિઓના ૪ ઠાણિયા, ૩ ઠાણિયા, ૨ ઠાણિયા રસને બાંધનારા જીવો અને પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓના ૨ ઠાણિયા, ૪ ઠાણિયા રસને બાંધનારા જીવો ક્રમશઃ સંખ્યાતગુણ છે. ત્યાર પછી પરાવર્તમાન અશુભપ્રકૃતિઓના ૩ ઠાણિયા રસને બાંધનારા જીવો વિશેષાધિક છે.) (૧૦૧)

**एवं बंधणकरणे, परूविए सह हि बंधसयगेणं ।**
**बंधविहाणाहिगमो, सुहमभिगंतुं लहुं होइ ॥ १०२ ॥**

આ પ્રમાણે બંધશતકની સાથે બંધનકરણની પ્રરૂપણા કરે છતે પૂર્વમાં રહેલા બંધવિધાનનો સુખેથી જાણવા ઈચ્છાયેલો બોધ શીઘ્ર થાય છે. (૧૦૨)

**કર્મપ્રકૃતિ બંધનકરણના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત**

આ સંપૂર્ણ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ લખાયુ હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છામિ દુક્કડમ્' દઉં છું.

• • •

# ઉપકારી ઉપકાર તમારો કદિય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ.પ્રવર્ત્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

પૂ.સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

પૂ.સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

## સુકૃતની કમાણી કરનાર પુણ્યશાળી પરિવાર

પદાર્થપ્રકાશ ભાગ ૧૦ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ **'હેમસુકૃતનિધિ'**માંથી

**શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ ખંભાતવાળાએ લીધેલ છે.**

હ. પુત્રવધૂ રમાબેન પુંડરીકભાઈ, પૌત્રવધૂ ખ્યાતિ શર્મેશકુમાર, મલય-દર્શી,
પૌત્રી પ્રેરણા દેવેશકુમાર, મેઘ-કુંજીતા, પૌત્રી પ્રીતિ રાજેશકુમાર, દેવાંશ-નિર્જરા.

સંપત્તિનો સદ્વ્યય કરનાર સૌભાગ્યશાળી પરિવારની
અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

MULTY GRAPHICS
(022) 23873222 23884222